
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# અધ્યાત્મસાર

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# અધ્યાત્મસાર

## શબ્દશઃ વિવેચન

## અધિકાર ૧૨ થી ૧૪ ❖ ભાગ-૩

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

શ્રીમતી પારૂલબેન હેમંતભાઈ પરીખ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# અધ્યાત્મસાર ભાગ-૩ શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. ૨૫૩૪ ❖ વિ. સં. ૨૦૬૪ ✦✦ આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : દ્વિતીય ❖ નકલ : ૨૦૦

**મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦**

卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

**શ્રી મહાવીર શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટ - વડાલાએ જ્ઞાનખાતામાંથી લાભ લીધેલ છે.**

૩૨૮, કાત્રક રોડ, વડાલા, મુંબઈ-૩૧. ટે. : ૨૪૧૩૩૫૧૮, ૨૪૧૫૨૭૨૭

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✽ મુદ્રક ✽

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યંક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

## અધ્યાત્મસાર : અધિકાર-૧૨થી ૧૪ની

# પ્રસ્તાવના

આત્માના સ્વના ભાવોમાં સ્થિર થવાની પ્રક્રિયા તે અધ્યાત્મ છે અને તેના ઉપાયોના સારભૂત ભાવો પ્રસ્તુત ગ્રંથમાં દર્શાવવામાં આવ્યા છે તેથી આ ગ્રંથનું નામ "અધ્યાત્મસાર" સાર્થ છે.

ગ્રંથકારશ્રીએ સૌ પ્રથમ અધ્યાત્મનું મહત્ત્વ બતાવીને તેનું સ્વરૂપ બતાવ્યું. ત્યારબાદ સાધકને અધ્યાત્મની વૃદ્ધિમાં બાધક એવા દંભભાવનો ત્યાગ કરવાનું બતાવ્યું. દંભના ત્યાગપૂર્વક કરાતી પ્રવૃત્તિને દૃઢ કરવા અર્થે ભવના સ્વરૂપનું ચિંતવન આવશ્યક છે તેથી ભવનું સ્વરૂપ દર્શાવ્યું. આ ચાર અધિકારોનો એક પ્રબંધ છે.

ભવના સ્વરૂપના ચિંતવનથી કેવા જીવોમાં વૈરાગ્ય પ્રગટ થઈ શકે છે તે બતાવી વૈરાગ્યના ભેદો અને વૈરાગ્યના વિષયો બતાવ્યા. આ ત્રણ અધિકારોનો બીજો પ્રબંધ છે.

આ બન્ને પ્રબંધનો સમાવેશ ભાગ-૧માં કરવામાં આવ્યો.

વૈરાગ્યને સ્થિર કરવા માટે મમતાત્યાગની આવશ્યકતા છે તેથી મમતાનો ત્યાગ કરવાનું બતાવી તેનાથી સમતા કેવી રીતે પ્રગટે છે તે બતાવ્યું. ત્યારપછી ધર્માનુષ્ઠાનના પાંચ પ્રકાર બતાવી સમતાના બળથી જ ધર્માનુષ્ઠાન પરિશુદ્ધ થાય છે તે બતાવ્યું અને ધર્માનુષ્ઠાનને પરિશુદ્ધ કરવા માટે મનઃશુદ્ધિ આવશ્યક છે તેથી મનઃશુદ્ધિનો અધિકાર બતાવ્યો. આ ચાર અધિકારોનો ત્રીજો પ્રબંધ છે. આ ત્રીજા પ્રબંધનો સમાવેશ ભાગ-૨માં કરવામાં આવ્યો.

હવે પ્રસ્તુત પુસ્તકમાં ચોથો પ્રબંધ બતાવેલ છે.

ત્રીજા પ્રબંધમાં મનઃશુદ્ધિ નામનો છેલ્લો અધિકાર બતાવેલ અને તે મનઃશુદ્ધિ સમ્યક્ત્વથી થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ મિથ્યાત્વના ત્યાગથી થાય છે. મિથ્યાત્વનો ત્યાગ કરવા અર્થે અસદ્ગ્રહનો ત્યાગ આવશ્યક છે તેથી ત્રીજા પ્રબંધમાં બતાવેલ મનઃશુદ્ધિ સાથે સંકળાયેલા અને એક પ્રઘટ્ટથી સંબદ્ધ એવા સમ્યક્ત્વાદિ ત્રણ અધિકારોનો આ ચોથો પ્રબંધ છે.

**પ્રસ્તુત પુસ્તકમાં બતાવાયેલ ત્રણ અધિકારોનું સંક્ષિપ્ત સ્વરૂપ :-**

**અધિકાર-૧૨ : સમ્યક્ત્વ અધિકાર :-**

સદનુષ્ઠાનની નિષ્પત્તિ માટે મનશુદ્ધિ આવશ્યક છે, અને મનશુદ્ધિ માટે મનશુદ્ધિ અધિકારમાં બતાવ્યા પ્રમાણે ઉચિત યત્ન કરવામાં આવે તોપણ જો સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઈ હોય તો ચિત્તમાં વિપર્યાસ હોવાથી પરમાર્થથી મનશુદ્ધિ થાય નહીં. માટે સદનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરનાર આરાધક જીવે જેમ સદનુષ્ઠાન કરતાં પૂર્વે મનશુદ્ધિમાં યત્ન કરવો આવશ્યક છે, તેમ મનશુદ્ધિમાં યત્ન કરતાં પૂર્વે સમ્યક્ત્વને પ્રગટ કરવા માટે યત્ન કરવો આવશ્યક છે. તેથી મનશુદ્ધિનો અધિકાર બતાવ્યા પછી સમ્યક્ત્વનો અધિકાર બતાવે છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર યત્નપૂર્વક કરાયેલી મનશુદ્ધિ પણ મોહગર્ભવાળી છે અને સમ્યક્ત્વથી યુક્ત સર્વ ક્રિયાઓ મોક્ષફળવાળી છે.

જેમ,

આંધળો માણસ શત્રુનો જય કરવા માટે ઉદ્યમ કરે, શરીરબળ ઘણું હોય, યુદ્ધમાં કુશળ હોય તોપણ શત્રુને જીતી શકે નહીં.

તેમ,

કોઈ જીવ કલ્યાણનો અર્થી હોય, બુદ્ધિમાન હોય, સત્ક્રિયાઓમાં દૃઢ યત્ન કરનારો હોય, આમ છતાં અતીન્દ્રિય પદાર્થોમાં ભગવાનના વચનાનુસાર બોધ ન હોય તો દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પ્રગટ થયેલ નથી. તેથી તે આંધળા જેવો છે અને મનશુદ્ધિપૂર્વક સદનુષ્ઠાનમાં યત્ન કરે તોપણ અનાદિકાળથી સ્થિર થયેલા મોહનું ઉન્મૂલન કરવા સમર્થ બનતો નથી, અને જો તે જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તો ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા પ્રગટે અને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોય તો સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનને જાણવા ઉદ્યમ કરે અને ભગવાને બતાવેલા માર્ગનું સેવન પણ અપ્રમાદભાવથી ભગવાનના વચનાનુસાર કરીને મોહનો અવશ્ય જય કરી શકે છે. માટે અનુષ્ઠાનની સમ્યક્ નિષ્પત્તિમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ પ્રબળ કારણ છે.

ત્યાં જિજ્ઞાસા થાય કે સમ્યક્ત્વ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે ? તેથી ગ્રંથકારે બતાવ્યું કે ભગવાનના શાસનમાં તત્ત્વની શ્રદ્ધા એ સમ્યક્ત્વ કહેવાયું છે, અને "સર્વ જીવોને હણવા જોઈએ નહીં." એ તત્ત્વ છે, આમ છતાં એટલા વચનમાત્રથી

નવે તત્ત્વોની પ્રાપ્તિ કઈ રીતે થાય છે ? અને ભગવાનના વચનને પ્રમાણભૂત કેમ સ્વીકારવું જોઈએ ? તેનું વિસ્તારથી વર્ણન સમ્યક્ત્વના અધિકારમાં બતાવ્યું છે.

તેમાં યુક્તિ આપતાં બતાવ્યું કે અહિંસા ધર્મરૂપે સર્વ દર્શનકારોને સમાન રીતે માન્ય છે, આમ છતાં શુદ્ધ અહિંસાનું સ્વરૂપ ભગવાનના શાસનમાં જ સંભવે છે, અન્ય દર્શનમાં સંભવતું નથી, અને શુદ્ધ અહિંસાના પાલનમાં પાંચે મહાવ્રતોનો કઈ રીતે અંતર્ભાવ પામે છે ? અને પાંચે મહાવ્રતોનું સમ્યક્ પાલન કઈ રીતે સર્વ કર્મોના નાશનું કારણ છે ? તે વિસ્તારથી સમ્યક્ત્વના અધિકારમાં બતાવ્યું છે.-

વળી, ભગવાનના શાસનમાં અનુબંધવાળી અહિંસાના સ્વરૂપને બતાવવા માટે કયા કયા અનુષ્ઠાનમાં કઈ કઈ પ્રવૃત્તિ હિંસાના અનુબંધવાળી છે કે અહિંસાના અનુબંધવાળી છે, તેની વિસ્તારથી ચર્ચા સમ્યક્ત્વના અધિકારમાં કરી છે, જેથી આવા સેંકડો ભાંગાથી હિંસાનું અને અહિંસાનું વર્ણન જેમાં છે તે ભગવાનના શાસનમાં સ્થિર શ્રદ્ધા થાય તો તત્ત્વનો બળવાન રાગ અને અતત્ત્વનો બળવાન દ્વેષ પ્રગટે છે, અને તત્ત્વના રાગવાળું શુદ્ધ ચિત્ત મનશુદ્ધિ માટે યત્ન કરે તો સદનુષ્ઠાનમાં અપ્રમાદથી ઉદ્યમ કરીને શીઘ્ર સદનુષ્ઠાનના ફળને પ્રાપ્ત કરે છે.

**અધિકાર-૧૩ : મિથ્યાત્વત્યાગ અધિકાર :-**

પૂર્વના અધિકારમાં મનશુદ્ધિનું પ્રબળ કારણ સમ્યક્ત્વ છે, તે બતાવીને સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો. તેથી મનશુદ્ધિનો અર્થી જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિના ઉપાયમાં યત્ન કરે તો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે. આમ છતાં સત્તામાં રહેલું મિથ્યાત્વમોહનીય કર્મ સમ્યક્ત્વની શુદ્ધિમાં વિઘ્નભૂત બને અને સમ્યક્ત્વની મલિનતા પણ કરે. તેથી શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થે મિથ્યાત્વનો ત્યાગ કરવો આવશ્યક છે, અને તેના માટે મિથ્યાત્વનાં છ સ્થાનોનું સ્વરૂપ મિથ્યાત્વત્યાગ અધિકારમાં બતાવેલ છે; અને તે સ્થાનો કઈ રીતે દોષયુક્ત છે, તે અનેક યુક્તિઓથી બતાવીને મિથ્યાત્વનાં તે છ સ્થાનોથી વિપરીત એવાં સમ્યક્ત્વનાં છ સ્થાનોમાં ઉદ્યમ કરવામાં આવે તો પ્રગટ થયેલું સમ્યક્ત્વ શુદ્ધ બને છે, અને મિથ્યાત્વના સંસ્કારોથી મિથ્યાત્વનો ઉદય થવાની સંભાવના દૂર થાય છે, તેમ બતાવેલ છે.

(૧) "આત્મા નથી" એમ નાસ્તિક કહે છે.

(૨) "આત્મા નિત્ય નથી" પરંતુ ક્ષણિક છે, એમ બૌદ્ધ દર્શનવાળા કહે છે.

(૩-૪) "આત્મા કર્તા નથી-ભોક્તા નથી" એમ સાંખ્ય દર્શનવાળા કહે છે.

(૫) કેટલાક દર્શનકારો શુભ-અશુભ ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસાર જ છે, પરંતુ "મોક્ષ નથી" એમ માને છે.

(૬) "મોક્ષ છે પરંતુ મોક્ષનો ઉપાય નથી" એમ કહીને કેટલાક વિચારકો મોક્ષ પ્રયત્નસાધ્ય નથી, ઉચિતકાળે સ્વાભાવિક મોક્ષ થાય છે એમ સ્વીકારે છે, અને મોક્ષમાર્ગનો અપલાપ કરે છે.

આ છએ સ્થાનોની માન્યતા યુક્તિ વગરની છે. તેનું વિસ્તારથી વર્ણન મિથ્યાત્વત્યાગ અધિકારમાં કરેલ છે, જેનું સમ્યક્ રીતે ચિંતવન કરવામાં આવે તો શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવથી આ છએ સ્થાનો આત્માના હિતની પ્રવૃત્તિનો નાશ કરનારાં છે અને સંસારની વૃદ્ધિનાં કારણ છે, તેવો બોધ થાય, અને મિથ્યાત્વનાં છ સ્થાનો સુષુપ્ત રીતે પણ અંતરમાં પ્રવર્તે નહીં તો સમ્યક્ત્વના અધિકારમાં બતાવેલા બોધથી પ્રગટ થયેલું સમ્યક્ત્વ સ્થિર ભાવને પામે છે, અને યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ થાય છે. માટે કલ્યાણના અર્થી જીવે જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિના ઉપાયમાં ઉદ્યમ કરવો આવશ્યક છે, તેમ મિથ્યાત્વના ત્યાગમાં ઉદ્યમ કરવો પણ આવશ્યક છે.

**અધિકાર-૧૪ : અસદ્ગ્રહત્યાગ અધિકાર :-**

અનાદિકાળનો સ્થિર થયેલો અસદ્ગ્રહ જીવને મિથ્યાત્વત્યાગમાં બાધક છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિના અર્થીએ જેમ મિથ્યાત્વના ત્યાગમાં ઉદ્યમ કરવો આવશ્યક છે, તેમ મિથ્યાત્વના પ્રાણસ્વરૂપ અસદ્ગ્રહના ત્યાગમાં પણ ઉદ્યમ કરવો આવશ્યક છે.

શાસ્ત્રવચન, શાસ્ત્રવચનને અનુસરનારી યુક્તિ, અને શાસ્ત્રવચન અનુસાર અનુભવને છોડીને સ્વમતિ અનુસાર શાસ્ત્રનો અર્થ કરવામાં આવે, કે શાસ્ત્રવચનને જોડવામાં આવે તે સર્વ અસદ્ગ્રહ છે.

વળી, તત્ત્વાતત્ત્વની વિચારણાની ઉપેક્ષાની વૃત્તિ, અને પોતાને અંતરંગ રીતે જે પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ થાય તે પ્રકારે પ્રવૃત્તિ કરવાની મનોવૃત્તિ, તે પણ અસદ્ગ્રહ છે.

આ અસદ્ગ્રહ જેટલો દૃઢ હોય તેટલું સંસારમાં પરિભ્રમણ અધિક; અને આ અસદ્ગ્રહ અત્યંત શિથિલ થાય છે, ત્યારે યોગની પ્રથમની ચાર દૃષ્ટિઓ પ્રગટે છે.

જ્યારે અસદ્ગ્રહ સર્વથા દૂર થાય છે, ત્યારે દૃષ્ટિવાદના ઉપદેશ પ્રમાણે પ્રવૃત્તિ કરાવે તેવી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પ્રગટે છે, અને કોઈક રીતે પ્રગટ થયેલી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ અસદ્ગ્રહનો ઉદ્ભવ થાય તો નાશ પામે છે. આથી જ ભાવથી ચારિત્રને પામેલા જમાલિ આદિ અસદ્ગ્રહને કારણે નિહ્નવો થયા.

અસદ્ગ્રહના ત્યાગ અર્થે પ્રસ્તુત અધિકારમાં અસદ્ગ્રહથી કયા કયા અનર્થો થાય છે તે બતાવેલ છે, અને કોઈ સાધક મહાસંયમાદિ પાળતા હોય તોપણ અસદ્ગ્રહથી તેમનું સંયમ નિષ્ફળ જાય છે ઇત્યાદિ બતાવીને અસદ્ગ્રહના ત્યાગનો ઉપદેશ આપેલ છે, જેથી કલ્યાણના અર્થી જીવો નિપુણ પ્રજ્ઞાથી પોતાને અસદ્તત્ત્વનો આગ્રહ ન થાય, પરંતુ ભગવાને બતાવેલા સદ્તત્ત્વનો આગ્રહ થાય તેવો યત્ન કરે, જેથી "આત્મા છે" ઇત્યાદિ મિથ્યાત્વનાં છ સ્થાનોથી વિપરીત સ્થાનો સ્વીકારવાને કારણે મિથ્યાત્વનો ઉદય ન થાય.

પ્રસ્તુત ગ્રંથની આટલી બાબતોનો પ્રસ્તુત પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આ વિવેચન કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.

**શ્રાવણ સુદ-૩ વિ.સં. ૨૦૭૨,** — **પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૫-૮-૨૦૧૬, શુક્રવાર.**
**(પ્રાવચનિકપ્રભાવક પૂ. શ્રી મોહજિતવિજયજી**
**મ.સા.ની સ્વર્ગારોહણ તિથિ)**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૯૪૨૮૧૬૯૫૬૩**

## 'અધ્યાત્મસાર' ગ્રંથ ભાગ-૩ના શબ્દશઃ વિવેચનના

# સંકલન-સંપાદન વેળાએ

અનંત ઉપકારી તીર્થંકર ભગવંતો સર્વ જીવોના કલ્યાણ અર્થે મોક્ષમાર્ગને પ્રરૂપે છે અને તેના સહારે જ અનંતા જીવો સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે. સંસારી જીવો જે પ્રક્રિયાના અવલંબનથી મુક્ત બને છે તે અધ્યાત્મ છે.

આવી ગહન પ્રક્રિયાના સારને મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ સાહેબે "અધ્યાત્મસાર" નામના ગ્રંથમાં સરળ ભાષામાં રજૂ કર્યો છે તેથી અનેક સાધક જીવોને સાધના અર્થે ઉપયોગી છે.

પૂર્ણ ગ્રંથમાં કુલ ૭ પ્રબંધમાં ૨૧ અધિકારો સમાવિષ્ટ છે. પ્રથમ બે પ્રબંધના એકથી સાત અધિકારોનું વિવેચન ભાગ-૧માં કરવામાં આવ્યું. ત્યારબાદ તૃતીય પ્રબંધના આઠથી અગિયાર અધિકારોનું વિવેચન ભાગ-૨માં કરવામાં આવ્યું. હવે ચતુર્થ પ્રબંધના બારથી ચૌદ અધિકારોનું વિવેચન પ્રસ્તુત ભાગ-૩માં કરવામાં આવ્યું છે.

સૌ પ્રથમ અધ્યાત્મના અરૂણોદય અવસ્થાને જાણે નીરખી ! ત્યારબાદ ભાગ-૨માં સમાવિષ્ટ અધ્યાત્મના સારને જાણે સૂર્યોદય અવસ્થારૂપે જાણી ! અને હવે અધ્યાત્મના માર્ગમાં જાણે સૂર્ય આગળ વધીને વધુ ને વધુ પ્રકાશ પાથરી રહેલો દેખાય છે ! તેથી અધ્યાત્મની પ્રક્રિયાનો બોધ જાણે હવે સ્પષ્ટ થતો અનુભવાયો !

પ્રથમ ભાગમાં અધ્યાત્મના માહાત્મ્ય અને સ્વરૂપ બતાવીને વૈરાગ્ય માટે આવશ્યક એવા ભવના સ્વરૂપનું ચિંતવન અને તે માટે દંભત્યાગનો ઉપદેશ આપ્યો. અંતે વૈરાગ્યના સ્વરૂપ, તેના પ્રકાર અને વૈરાગ્યના વિષયો બતાવ્યા.

દ્વિતીય ભાગમાં મમતાના ત્યાગથી પ્રાપ્ત થનાર સમતાનું સ્વરૂપ બતાવ્યું. તેની પ્રાપ્તિ અર્થે સદનુષ્ઠાનની આવશ્યકતા બતાવી. તે માટે મનની શુદ્ધિનો ઉપદેશ આપ્યો.

હવે પ્રસ્તુત તૃતીય ભાગમાં ત્રણ અધિકારો સમાવિષ્ટ છે. સૌ પ્રથમ શુદ્ધ ચિત્તમાં પ્રગટ થતી તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવવામાં આવ્યું. ત્યારબાદ તેને જ દૃઢ કરવા અર્થે મિથ્યાત્વના ત્યાગ અને અસદ્ગ્રહના ત્યાગનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

આ રીતે મોક્ષમાર્ગમાં પ્રવેશથી માંડીને ધીમે ધીમે ઉપર ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ માટેના ઉપાયો બતાવીને ગ્રંથકાર અધ્યાત્મના સારને સ્પષ્ટ કરે છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો અધ્યાત્મના સારનો બોધ સ્પષ્ટ પામે, તેમાં યત્નશીલ બને અને ક્રમે કરીને મોક્ષસુખને પ્રાપ્ત કરી શકે એ જ મહેચ્છા સહ.

છદ્મસ્થતાને કારણે જિનેશ્વર ભગવંતની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારના આશયથી વિરુદ્ધ કાંઈ લખાણ થયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

**શ્રાવણ સુદ-૩ વિ.સં. ૨૦૭૨,**
**તા. ૫-૮-૨૦૧૬, શુક્રવાર.**
**(પ્રાવચનિકપ્રભાવક પૂ. શ્રી મોહજિતવિજયજી મ.સા.ની સ્વર્ગારોહણ તિથિ)**

**- પારૂલ હેમંતભાઈ પરીખ**
**૨૧, તેજપાળ સોસાયટી,**
**ફતેહનગર બસસ્ટેન્ડ પાસે,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૨૬૬૩૦૦૦૬**

# વિષયાનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **-: ચતુર્થ પ્રબંધ :-** | |
| | **સમ્યક્ત્વ અધિકાર-૧૨** | **૧-૮૫** |
| ૧ | સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ મનશુદ્ધિની પ્રાપ્તિ. | ૧-૩ |
| ૨ | સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ દાનાદિ અનુષ્ઠાનોનું સાફલ્ય. | ૩-૪ |
| ૩-૪ | સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર સદનુષ્ઠાનથી પણ અકલ્યાણની પ્રાપ્તિ. | ૪-૬ |
| ૫ | સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ ધર્માનુષ્ઠાનોનું સાફલ્ય. | ૬-૭ |
| ૬ થી ૯ | સમ્યક્ત્વનું સ્વરૂપ. | ૭-૧૨ |
| **૧૦ થી ૫૬** | **આગમને સ્વતંત્ર પ્રમાણ સ્વીકારવામાં યુક્તિ.** | **૧૩-૮૧** |
| ૧૦ | આગમ શુદ્ધ અહિંસાનો ઉપદેશક છે માટે પ્રમાણ છે એમ સ્વીકારવામાં અન્યોન્યાશ્રય દોષની પ્રાપ્તિ. | ૧૩-૧૪ |
| **૧૧** | **અહિંસામાં સર્વદર્શનોની એકવાક્યતા અને શુદ્ધ અહિંસાના બોધનો ઉપાય.** | **૧૪-૧૫** |
| ૧૨ થી ૨૦ | અહિંસાદિ પાંચેય વ્રતોનો ભિન્ન ભિન્ન શબ્દોથી તે તે દર્શનોમાં ધર્મરૂપે સ્વીકાર. | ૧૫-૨૨ |
| ૨૧ | અહિંસાદિનો સંભવ કયા દર્શનમાં છે ? તેની વિચારણાથી શાસ્ત્રના પ્રામાણ્યની સિદ્ધિ. | ૨૨-૨૩ |
| ૨૨-૨૩ | યોગમાર્ગમાં પ્રમાણના લક્ષણાદિની અનુપયોગિતા. | ૨૩-૨૬ |
| **૨૪ થી ૩૨** | **આત્માને એકાંત નિત્ય સ્વીકારનારના મતમાં હિંસાદિના અસંભવનું નિરૂપણ.** | **૨૭-૪૩** |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૮ | આત્માને એકાંત નિત્ય સ્વીકારવામાં શરીર સાથે પણ સંબંધના અભાવની પ્રાપ્તિ. | ૩૩-૩૫ |
| ૩૩ થી ૩૬ | આત્માને એકાંત અનિત્ય સ્વીકારનારના મતમાં હિંસાદિના અસંભવનું નિરૂપણ. | ૪૪-૫૦ |
| **૩૭ થી ૫૬** | **જૈનશાસનમાં બતાવાયેલી શુદ્ધ અહિંસાદિનું સ્વરૂપ.** | **૫૦-૮૧** |
| ૩૭ | અહિંસાની વાડભૂત સત્યાદિ ચાર વ્રતો. | ૫૦-૫૨ |
| ૩૮-૩૯ | ભગવાનના પ્રવચનમાં જ અહિંસાદિની સંગતિ. | ૫૨-૫૬ |
| ૪૦ | અનુભવથી આત્માની "નિત્યતા-અનિત્યતા"ની સિદ્ધિ. | ૫૪-૫૬ |
| ૪૧ | જૈનશાસન અનુસાર હિંસાના ત્રણ ભેદો. | ૫૬-૫૮ |
| ૪૨-૪૩ | હિંસ્ય વ્યક્તિના કર્મથી હિંસા થવા છતાં હિંસકને દુષ્ટ આશય વડે કર્મબંધની પ્રાપ્તિ. | ૫૮-૬૧ |
| ૪૪ | ઉપદેશાદિથી હિંસાની નિવૃત્તિ. | ૬૧-૬૨ |
| ૪૫ | મોક્ષરૂપ ફળ આપનાર વૃક્ષમાં બીજસ્થાનીય અહિંસા અને અંકુરાસ્થાનીય સત્યાદિ ચાર વ્રતો. | ૬૨-૬૩ |
| ૪૬ | અનેકાંતવાદમાં જ અનુબંધાદિ સંશુદ્ધ અહિંસાનો સંભવ. | ૬૩-૬૫ |
| **૪૭ થી ૫૬** | **જૈનશાસનમાં કહેવાયેલા અહિંસાના વિષયમાં અનેક વિકલ્પોનું સ્વરૂપ.** | **૬૫-૮૧** |
| ૪૮ | સમ્યગ્દષ્ટિની સંવેગસાર હિંસાની પ્રવૃત્તિ. | ૬૬-૬૭ |
| ૪૯ | સમ્યગ્દષ્ટિ વડે ભગવદ્ભક્તિ આદિમાં કરાતી હિંસા પણ અહિંસાનુબંધી, તેમ જ મિથ્યાદષ્ટિની હિંસા અને અહિંસા બંને હિંસાનુબંધી. | ૬૮-૬૯ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫૦ | નિહ્નવાદિની અહિંસા પણ હિંસાનુબંધી. | ૬૯-૭૦ |
| ૫૧ | અપ્રમત્ત મુનિની હિંસા પણ અહિંસાનુબંધી. | ૭૦-૭૧ |
| ૫૨ | મુગ્ધ જીવોની અહિંસામાં સાનુબંધતાનો અભાવ, જ્ઞાન અને અપ્રમાદ દ્વારા સાનુબંધ અહિંસા. | ૭૧-૭૩ |
| ૫૩-૫૪ | ભાવ-વીર્યાદિના ભેદથી હિંસા અને અહિંસાના ફળમાં ભેદ. | ૭૩-૭૪ |
| ૫૫ | અહિંસાનુબંધી હિંસાનું સ્વરૂપ. | ૭૮-૮૦ |
| ૫૬ | જિનશાસનનો પ્રમાણરૂપે સ્વીકાર. | ૮૦-૮૧ |
| ૫૭ | આસ્તિક્યનું સ્વરૂપ. | ૮૧-૮૩ |
| ૫૮ | શમ, સંવેગાદિ ભાવોથી સમ્યક્ત્વમાં સ્થિરતા. | ૮૩-૮૫ |
| | **મિથ્યાત્વત્યાગ અધિકાર-૧૩** | **૮૬-૨૩૧** |
| ૧ | સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય. | ૮૬-૮૭ |
| ૨ | મિથ્યાત્વનાં છ સ્થાનો. | ૮૭-૮૯ |
| **૩ થી ૯** | **મિથ્યાત્વનાં છ સ્થાનોથી સમ્યક્ત્વની અપ્રાપ્તિમાં યુક્તિ, સમ્યક્ત્વની શુદ્ધિમાં પ્રધાનરૂપે વ્યવહારની કારણતા અને નિશ્ચયની અકારણતાનું સ્થાપન.** | **૮૯-૧૦૫** |
| ૩-૪ | મિથ્યાત્વનાં છ સ્થાનોથી શુદ્ધ વ્યવહારનો નાશ. | ૮૯-૯૨ |
| ૫ થી ૭ | દિગંબરોને મતે આત્મશુદ્ધિમાં વ્યવહારની અનુપયોગિતા. | ૯૨-૯૭ |
| ૮-૯ | સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનયની પ્રાધાન્યનું સ્થાપન. | ૯૭-૧૦૫ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૦ થી ૧૫ | મિથ્યાત્વનું પહેલું સ્થાન "આત્મા નથી"ને સ્વીકારનાર ચાર્વાક મતનું સ્થાપન. | ૧૦૫-૧૧૧ |
| **૧૬ થી ૩૦** | **"આત્મા નથી" એ પ્રકારના ચાર્વાક મતનું નિરાકરણ.** | **૧૧૧-૧૩૬** |
| ૧૭ | "अहम्" પ્રત્યયાદિથી આત્માની સિદ્ધિ. | ૧૧૩-૧૧૪ |
| ૧૮ થી ૨૧ | શરીરથી ભિન્ન એવા આત્માના સ્વીકારની યુક્તિ. | ૧૧૫-૧૨૧ |
| ૨૨ | મદ્યનાં પાંચ અંગોથી મદ વ્યક્તિની જેમ પાંચ ભૂતોથી આત્માની અભિવ્યક્તિથી આત્માના અસ્વીકારનું નિરાકરણ. | ૧૨૧-૧૨૨ |
| ૨૩ | કર્મના વૈચિત્ર્યથી પણ આત્માની સિદ્ધિ. | ૧૨૩-૧૨૪ |
| ૨૪-૨૫ | આગમ પ્રમાણથી આત્માની સિદ્ધિ. | ૧૨૪-૧૨૭ |
| ૨૬ | સંશયાદિથી પણ આત્માની સિદ્ધિ. | ૧૨૭-૧૨૯ |
| ૨૭-૨૮ | "અજીવ" પદથી પણ આત્માની સિદ્ધિ. | ૧૨૯-૧૩૩ |
| ૨૯ | "જીવ" પદથી પણ આત્માની સિદ્ધિ. | ૧૩૩-૧૩૫ |
| ૩૧ થી ૩૩ | મિથ્યાત્વનું બીજું સ્થાન "આત્મા નથી"ને સ્વીકારનાર બૌદ્ધ દર્શનનું સ્વરૂપ, તેમ જ આત્માને ક્ષણિક સ્વીકારવાની બૌદ્ધની યુક્તિ. | ૧૩૬-૧૪૦ |
| ૩૩ | આત્માને ધ્રુવ સ્વીકારવાથી તૃષ્ણાના અનુચ્છેદની બૌદ્ધની યુક્તિ. | ૧૩૯-૧૪૦ |
| **૩૪ થી ૪૪** | **"આત્મા નિત્ય નથી" એ પ્રકારના બૌદ્ધ મતનું નિરાકરણ.** | **૧૪૦-૧૬૦** |
| ૪૨ | આત્માને ધ્રુવ સ્વીકારવા છતાં તૃષ્ણાના ઉચ્છેદની સ્યાદ્વાદની યુક્તિ. | ૧૫૫-૧૫૮ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| **૪૫ થી ૫૫** | **મિથ્યાત્વના ત્રીજા અને ચોથા સ્થાન "આત્મા કર્તા નથી", "આત્મા ભોક્તા નથી"ને સ્વીકારનાર કપિલ દર્શનનું સ્થાપન.** | **૧૬૦-૧૭૭** |
| ૪૬ | સાંખ્યમતાનુસાર પ્રકૃતિમાંથી આઠ ધર્મયુક્ત બુદ્ધિની ઉત્પત્તિ અને ત્યાર પછી અહંકારાદિની ઉત્પત્તિ. | ૧૬૧-૧૬૨ |
| ૪૭ | સાંખ્યમતાનુસાર બુદ્ધિથી અતિરિક્ત એવા ચૈતન્ય સ્વરૂપ પુરુષની સિદ્ધિ. | ૧૬૩-૧૬૫ |
| ૪૮ | સાંખ્યમતાનુસાર બાહ્ય પદાર્થોના બોધ માટે હેતુરૂપે બુદ્ધિની સિદ્ધિ. | ૧૬૫-૧૬૭ |
| ૪૯ | સાંખ્યમતમાં બુદ્ધિના કાર્યરૂપે અહંકારની સિદ્ધિ. | ૧૬૭-૧૬૮ |
| ૫૦-૫૧ | સાંખ્યમતાનુસાર બુદ્ધિ કર્તા, ભોક્તા; અને પુરુષને અવિકારિતાના સ્વીકારની યુક્તિ. | ૧૬૮-૧૭૨ |
| ૫૨ | સાંખ્યમતાનુસાર મોક્ષનું સ્વરૂપ. | ૧૭૨-૧૭૪ |
| ૫૩ | કર્તા એવી બુદ્ધિગત સુખદુ:ખનો, સાંખ્યમતે પુરુષમાં ઉપચાર. | ૧૭૪ |
| **૫૬ થી ૬૨** | **બુદ્ધિને કર્તા સ્વીકારનાર અને "આત્મા કર્તા-ભોક્તા નથી" એ પ્રકારના સાંખ્યમતનું નિરાકરણ.** | **૧૭૭-૧૮૬** |
| ૬૩-૬૪ | મિથ્યાત્વના પાંચમા સ્થાન "નિર્વાણ નથી"ને માનતા મતનું સ્થાપન. | ૧૮૬-૧૮૯ |
| **૬૫ થી ૭૭** | **"નિર્વાણ નથી" એ પ્રકારના મતનું નિરાકરણ.** | **૧૮૯-૨૦૯** |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬૭-૬૮ | બીજ-અંકુરાદિની જેમ આત્મા અને કર્મનો અનાદિનો સંબંધ હોવા છતાં ભવ્ય જીવોમાં કર્મનાશની પ્રાપ્તિ અને અભવ્યોમાં કર્મનાશની અપ્રાપ્તિ. | ૧૯૩-૧૯૫ |
| ૭૦ | જીવના પારિણામિક ભાવરૂપ ભવ્યત્વનો સિદ્ધિગમનકાળમાં નાશ. | ૧૯૬-૧૯૭ |
| ૭૧-૭૨ | અનાદિથી મોક્ષ હોવા છતાં સંસારમાં ભવ્યોના ઉચ્છેદનો અભાવ. | ૧૯૮-૨૦૨ |
| **૭૮ થી ૮૮** | **"મોક્ષનો ઉપાય નથી" એ પ્રકારના મતનું નિરાકરણ.** | **૨૦૯-૨૩૦** |
| ૭૮ | મિથ્યાત્વનું છઠ્ઠું સ્થાન "મોક્ષનો ઉપાય નથી"ને માનતા મતનું સ્થાપન. | ૨૦૯-૨૧૦ |
| ૭૯-૮૦ | મોક્ષના અકસ્માત્ પ્રાપ્તિના સ્વીકારમાં વિકલ્પો બતાવીને મોક્ષને નહીં માનનાર મતનું નિરાકરણ. | ૨૧૦-૨૧૬ |
| ૮૧ | નિત્યમુક્તના અસ્વીકારની યુક્તિ. | ૨૧૭-૨૧૯ |
| ૮૨-૮૩ | મોક્ષના ઉપાયનું સ્વરૂપ. | ૨૧૯-૨૨૧ |
| ૮૪ થી ૮૭ | જેમ પ્રથમ ગુણ કોઈ પ્રયત્ન વગર થાય છે, તેમ મોક્ષને પણ પ્રયત્ન વગર થતો સ્વીકારનાર મતનું નિરાકરણ. | ૨૨૧-૨૨૯ |
| ૮૯ | મિથ્યાત્વત્યાગનો ઉપદેશ. | ૨૩૦-૨૩૧ |
| | **અસદ્ગ્રહત્યાગ અધિકાર-૧૪** | **૨૩૨-૨૬૧** |
| ૧ | અસદ્ગ્રહના ત્યાગનો ઉપાય. | ૨૩૨-૨૩૪ |
| ૨ | અસદ્ગ્રહથી યોગમાર્ગનો વિપ્લવ. | ૨૩૪-૨૩૬ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩-૪ | અસદ્ગ્રહથી દૂષિત મતિવાળાને જ્ઞાનથી પણ વિપ્લવની પ્રાપ્તિ. | ૨૩૬-૨૩૯ |
| ૫-૬ | અસદ્ગ્રહવાળા જીવોનું સ્વરૂપ. | ૨૩૯-૨૪૧ |
| ૭ | અસદ્ગ્રહથી દૂષિત ચિત્તમાં શાસ્ત્રથી પણ શુદ્ધ બોધનો અભાવ. | ૨૪૧-૨૪૩ |
| ૮ | સંયમના આચરણની અસદ્ગ્રહથી નિષ્ફળતા. | ૨૪૩-૨૪૪ |
| ૯-૧૦ | સુગુરુના ઉપદેશથી પણ અસદ્ગ્રહવાળાને તત્ત્વની અપ્રાપ્તિ. | ૨૪૪-૨૪૬ |
| ૧૧-૧૨ | અસદ્ગ્રહની વિડંબના. | ૨૪૬-૨૪૯ |
| ૧૩-૧૪ | અસદ્ગ્રહથી દૂષિત મતિવાળાને શ્રુતનો અનધિકાર. | ૨૪૯-૨૫૧ |
| ૧૫-૧૬ | અસદ્ગ્રહથી દૂષિત મતિવાળાને શ્રુત આપવાથી દોષની પ્રાપ્તિ. | ૨૫૧-૨૫૩ |
| ૧૭ થી ૨૧ | અસદ્ગ્રહના અનર્થો. | ૨૫૩-૨૬૦ |
| ૨૨ | અસદ્ગ્રહત્યાગનો ઉપદેશ. | ૨૬૦-૨૬૧ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# અધ્યાત્મસાર

શબ્દશઃ વિવેચન

## ભાગ-૩

## ચતુર્થ પ્રબંધ

## અધિકાર-૧૨

## સમ્યક્ત્વ અધિકાર

**પૂર્વના અધિકારો સાથે જોડાણ :-**

દસમા અધિકારમાં સદનુષ્ઠાન બતાવી તેના ઉપાયરૂપે અગિયારમો મનઃશુદ્ધિ અધિકાર બતાવ્યો. તેમાં મનઃશુદ્ધિ કેવી રીતે કરવી જોઈએ અને તે મનઃશુદ્ધિ વ્યવહારનયથી અને નિશ્ચયનયથી ભૂમિકા પ્રમાણે કઈ રીતે થાય છે તે બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે મનઃશુદ્ધિ તરતમતાની ભૂમિકાથી અનેક ભેદવાળી છે. આમ છતાં પરમાર્થથી મનઃશુદ્ધિનો પ્રારંભ સમ્યક્ત્વથી થાય છે, તેથી મનઃશુદ્ધિ અધિકાર પછી મનઃશુદ્ધિના ઉપાયરૂપ સમ્યક્ત્વ અધિકાર બતાવેલ છે.

**અવતરણિકા :-**

**સમ્યક્ત્વની હાજરીમાં મનઃશુદ્ધિ શું વિશેષ ફળ આપે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**मनःशुद्धिश्च सम्यक्त्वे, सत्येव परमार्थतः ।**
**तद्विना मोहगर्भा सा, प्रत्यपायानुबन्धिनी ।।१।।**

**અન્વયાર્થ :-**

**सम्यक्त्वे सत्येव=સમ્યક્ત્વ હોતે છતે જ, मनःशुद्धिश्च परमार्थतः=મનઃશુદ્ધિ પણ પરમાર્થથી થાય છે. तद्विना=તેના વિના અર્થાત્ સમ્યક્ત્વ વિના, मोहगर्भा सा प्रत्यपायानुबन्धिनी=મોહગર્ભવાળી એવી તે અર્થાત્ મનઃશુદ્ધિ પ્રત્યપાયના અનુબંધવાળી અર્થાત્ અનર્થના ફળવાળી છે. ।।૧૨/૧।।**

**શ્લોકાર્થ :-**

**સમ્યક્ત્વ હોતે છતે જ મનઃશુદ્ધિ પણ પરમાર્થથી થાય છે. સમ્યક્ત્વ વિના મોહગર્ભવાળી એવી મનઃશુદ્ધિ અનર્થના ફળવાળી છે. ।।૧૨/૧।।**

❖ અહીં 'च'નો પ્રયોગ 'अपि'ના અર્થમાં થયેલ છે. તેનાથી એ કહેવું છે કે હવે પછી શ્લોક-૨માં કહેવાશે તે શુદ્ધ દાનાદિ ક્રિયા તો સમ્યક્ત્વ હોતે છતે પરમાર્થથી થાય છે પરંતુ મનઃશુદ્ધિ પણ સમ્યક્ત્વ હોતે છતે જ પરમાર્થથી થાય છે.

**ભાવાર્થ :-**

મિથ્યાત્વમોહનીય કર્મ વિપર્યાસને કરનાર છે અને જીવમાં વર્તતો વિપર્યાસ મનને અશુદ્ધ કરનાર છે. તેથી મનઃશુદ્ધિ માટે પ્રથમ વિપર્યાસ દૂર કરવો આવશ્યક છે, અને ઉત્કટ મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી અપુનર્બંધક દશાને પામેલા જીવને વિપર્યાસ ઓછો થયેલો છે, તેથી એવા જીવોમાં કાંઈક અંશે મનઃશુદ્ધિ છે, આમ છતાં જેટલા અંશમાં મિથ્યાત્વનો ઉદય છે, તેટલા અંશમાં મનઃશુદ્ધિ નથી. જ્યારે સંપૂર્ણ વિપર્યાસ દૂર થાય છે ત્યારે જીવ તત્ત્વને તત્ત્વરૂપે જોઈ શકે છે અને અતત્ત્વને અતત્ત્વરૂપે જોઈ શકે છે. તેથી તેનું મન તત્ત્વના પક્ષપાતવાળું બને છે, માટે પરમાર્થથી મનઃશુદ્ધિ છે, અને આથી સમ્યગ્દૃષ્ટિ જીવ જે કાંઈ ધર્માનુષ્ઠાન કરશે તે સર્વ મનઃશુદ્ધિને કારણે આત્મહિતનું કારણ બનશે. વળી જેને સમ્યક્ત્વ પ્રગટ્યું નથી અને અતત્ત્વનો પક્ષપાત હજુ ચિત્તમાં પડ્યો છે, તેવા જીવો કોઈક નિમિત્તને પામીને ધર્મ કરવાની મનોવૃત્તિવાળા થાય છે, ત્યારે સ્થૂલદૃષ્ટિથી ધર્મની મનોવૃત્તિ હોવાને કારણે તેનું મન શુદ્ધ છે તેમ જણાય, પરંતુ વિચારાત્મક તેનું મન શુદ્ધ હોવા છતાં અતત્ત્વના પક્ષપાતરૂપ મોહનો પરિણામ તેના મનમાં ગર્ભિત રીતે પડેલો છે. તેથી ધર્માનુષ્ઠાન કરવાની

મનોવૃત્તિથી જે કાંઈ પુણ્ય બંધાય છે, તે કાળમાં અતત્ત્વના પક્ષપાતના અધ્યવસાયથી મિથ્યાત્વમોહનીય પણ બંધાય છે, જેથી ધર્માનુષ્ઠાનના ફળરૂપ જે કાંઈ સુખો મળ્યાં હોય છે, ત્યારે પણ મિથ્યાત્વના પરિણામને કારણે વિપર્યાસવાળી બુદ્ધિ થાય છે. તેથી સમ્યક્ત્વ વગરની મનઃશુદ્ધિ સંસારના પરિભ્રમણરૂપ અનર્થને પેદા કરાવે તેવી છે. **॥૧૨/૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે સમ્યક્ત્વ વગર મનઃશુદ્ધિ પરમાર્થથી નથી. તેની પુષ્ટિ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**सम्यक्त्वसहिता एव शुद्धा दानादिकाः क्रियाः ।**
**तासां मोक्षफले प्रोक्ता, यदस्य सहकारिता ।।२।।**

**અન્વયાર્થ :-**

**सम्यक्त्वसहिता एव=સમ્યક્ત્વ સહિત જ, दानादिकाः क्रियाः शुद्धाः=દાનાદિક ક્રિયાઓ શુદ્ધ છે, यद्=જે કારણથી, तासां मोक्षफले=તેઓના=દાનાદિ ક્રિયાઓના મોક્ષફળમાં, अस्य सहकारिता प्रोक्ता=આની અર્થાત્ સમ્યક્ત્વની સહકારિતા કહેવાયેલી છે. ।।૧૨/૨।।**

**શ્લોકાર્થ :-**

**સમ્યક્ત્વ સહિત જ દાનાદિક ક્રિયાઓ શુદ્ધ છે, જે કારણથી દાનાદિ ક્રિયાઓના મોક્ષફળમાં સમ્યક્ત્વની સહકારિતા કહેવાયેલી છે. ।।૧૨/૨।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં સમ્યક્ત્વથી યુક્ત દાનાદિ ક્રિયાઓને મોક્ષફળ આપનારી કહી છે. તેનાથી નક્કી થાય છે કે સમ્યક્ત્વથી મનઃશુદ્ધિ થાય છે, અને સમ્યક્ત્વને કારણે શુદ્ધ થયેલું મન દાનાદિ ક્રિયાઓમાં યત્ન કરે છે, ત્યારે તે ક્રિયાઓ નિર્જરા કરાવીને અંતે મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે.

આનાથી એ ફલિત થાય છે કે સમ્યક્ત્વના સહકારવાળી દાનાદિ ક્રિયાઓ નિર્જરા કરીને મોક્ષનું કારણ બને છે, અને સમ્યક્ત્વનો સહકાર ન હોય તો વિપર્યાસથી યુક્ત એવી દાનાદિ ક્રિયાઓ તુચ્છ પુણ્ય બંધાવીને સંસારના પરિભ્રમણનું

કારણ બને છે.

આશય એ છે કે જીવમાં સમ્યક્ત્વને કારણે તત્ત્વનો પક્ષપાત પ્રગટે છે અને આ તત્ત્વનો પક્ષપાત વર્તતો હોય ત્યારે જે દાનાદિ ક્રિયાઓ કરવામાં આવે છે તે દાનાદિ ક્રિયાઓ જીવને પોતાના મૂળ સ્વભાવરૂપ તત્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો દાન, શીલ, તપ અને તત્ત્વના ભાવનની ક્રિયાઓ કરીને આત્માને ગુણોથી સમૃદ્ધ બનાવે છે અને અંતે પરિપૂર્ણ ગુણસ્વરૂપ વીતરાગતાને પ્રાપ્ત કરે છે; અને સહકારીરૂપ સમ્યક્ત્વ ન હોય ત્યારે આ જ દાન, શીલ, તપ અને તત્ત્વના ભાવનની ક્રિયાઓ સંસારના પરિભ્રમણનું કારણ બને છે. આથી વિપર્યસ્ત જીવોને સંસારની ભોગાદિ ક્રિયાઓથી પાપાનુબંધી પાપ બંધાય છે અને દાનાદિ ક્રિયાઓથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે. **॥૧૨/૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે સમ્યક્ત્વ સહિત દાનાદિ ક્રિયા મોક્ષનું કારણ છે. તેથી સમ્યક્ત્વ વગરનું ધર્માનુષ્ઠાન મોહનો નાશ કરવા સમર્થ નથી, એ વાત હવે શ્લોક-૩, ૪, ૫માં બતાવે છે –**

**શ્લોક :-**

**कुर्वाणोऽपि क्रियां ज्ञातिधनभोगांस्त्यजन्नपि ।**
**दुःखस्योरो ददानोऽपि, नान्धो जयति वैरिणाम् ।।३।।**
**कुर्वन्निवृत्तिमप्येवं, कामभोगांस्त्यजन्नपि ।**
**दुःखस्योरो ददानोऽपि, मिथ्यादृष्टिर्न सिध्यति ।।४।।**

**અન્વયાર્થ :-**

**क्रियां कुर्वाणोऽपि=ક્રિયાને કરતો પણ=યુદ્ધની ક્રિયાને કરતો પણ, ज्ञातिधनभोगांस्त्यजन्नपि=જ્ઞાતિ, ધન અને ભોગોને છોડતો પણ, दुःखस्योरो ददानोऽपि=દુઃખને હૃદય આપતો પણ=શત્રુના ઘાને વેઠતો પણ, अन्धः वैरिणाम् न जयति=અંધ માણસ વૈરીને જીતતો નથી.**

एवं निवृत्तिमपि कुर्वन्=એ પ્રમાણે નિવૃત્તિને પણ કરતો અર્થાત્ જે પ્રમાણે શત્રુના જય માટે અંધ યુદ્ધની ક્રિયા કરે છે, એ પ્રમાણે મોહના જય માટે કષાયોની નિવૃત્તિને પણ કરતો, कामभोगांस्त्यजन्नपि=કામભોગોને છોડતો પણ, दुःखस्योरो ददानोऽपि=દુઃખોને હૃદય આપતો પણ અર્થાત્ સંયમનાં કષ્ટોને વેઠતો પણ, मिथ्यादृष्टिर्न सिध्यति=મિથ્યાદૃષ્ટિ જીવ સિદ્ધ થતો નથી. ॥૧૨/૩-૪॥

**શ્લોકાર્થ :-**

**યુદ્ધની ક્રિયાને કરતો પણ, જ્ઞાતિ, ધન અને ભોગોને છોડતો પણ, શત્રુના ઘાને વેઠતો પણ અંધ માણસ વૈરીને જીતતો નથી.**

**જે પ્રમાણે શત્રુના જય માટે અંધ યુદ્ધની ક્રિયા કરે છે, એ પ્રમાણે મોહના જય માટે કષાયોની નિવૃત્તિને પણ કરતો, કામભોગોને છોડતો પણ, સંયમનાં કષ્ટોને વેઠતો પણ મિથ્યાદૃષ્ટિ જીવ સિદ્ધ થતો નથી. ॥૧૨/૩-૪॥**

**ભાવાર્થ :-**

જેમ શત્રુને જીતવા માટે કોઈ અંધ પુરુષ યુદ્ધની ક્રિયા કરતો હોય, યુદ્ધ કરવા માટે જ્ઞાતિ, ધન અને ભોગોને છોડતો હોય અને યુદ્ધમાં વાગતા ઘાનાં દુઃખોને સહન કરતો હોય, તોપણ શત્રુને તે જીતી શકતો નથી; એ રીતે મિથ્યાદૃષ્ટિ જીવ પણ મોહરૂપી શત્રુને જીતવા માટે કષાયની નિવૃત્તિ કરતો હોય અને કામભોગોને છોડતો હોય અને સંયમનાં કષ્ટોને વેઠતો હોય તોપણ તે મોક્ષને પામતો નથી.

અહીં અંધ પુરુષ યુદ્ધની ક્રિયાને કરતો હોય એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે તે યુદ્ધની ક્રિયામાં કુશળ છે અને જીતવા માટે સર્વનો ત્યાગ કરીને યુદ્ધની ક્રિયા કરે છે. વળી, તેમાં શત્રુ તરફથી વાગતા ઘાથી ગભરાઈને પાછો પડતો નથી; પરંતુ સારી રીતે યુદ્ધ ક્રિયા કરતો હોય તોપણ આંધળો હોવાને કારણે શત્રુને જોઈ શકતો નથી, તેથી તેનાં શસ્ત્રોથી શત્રુ બચી જાય છે, અને શત્રુથી કરાતા ઘાને તે જોઈ શકતો નથી, તેથી શત્રુથી પોતાનું રક્ષણ કરી શકતો નથી. માટે આંધળો પુરુષ શક્તિસંપન્ન હોય તોપણ શત્રુને જીતી શકે નહીં.

એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને કારણે અસાંયોગિક સુખને સુખરૂપે જોઈ શકતો નથી, અને તેથી માત્ર સાંયોગિક એવા ભૌતિક સુખોની પ્રાપ્તિ માટે તપ-ત્યાગમાં યત્ન કરે છે, અને પરલોકના હિત અર્થે કષાયોનો ત્યાગ કરે છે, અને કષાયોના ત્યાગ માટે બાહ્ય એવા કામભોગોને છોડતો પણ હોય, અને સંયમનાં કષ્ટો કે ઉપસર્ગોને પણ સહન કરતો હોય, આમ છતાં મિથ્યાદૃષ્ટિ જીવને આત્માનું પારમાર્થિક સ્વરૂપ શું છે, તેનો બોધ નહીં હોવાને કારણે શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરી શકતો નથી. માટે તેને સિદ્ધિપદની પ્રાપ્તિ થતી નથી; કેમ કે મિથ્યાદૃષ્ટિના ભોગાદિના ત્યાગમાં, સંયમનાં કષ્ટોના સહનમાં કે રાગાદિના નિરોધમાં જે કષાયોની નિવૃત્તિ થાય છે તે નિરનુબંધ હોવાથી મોક્ષનું કારણ બનતી નથી.

કોઈક નિમિત્તને પામીને મિથ્યાદૃષ્ટિને પણ મોક્ષનું સુખ સારું લાગે, છતાં ભગવાનના વચનમાં ક્યાંક સંશય હોય કે કોઈક સ્થાનમાં વિપર્યય હોય, તેથી મોક્ષના અર્થે પણ કરાતો તેનો ધર્મ જમાલીની જેમ સંસારના ફળવાળો છે. આમ છતાં મિથ્યાદૃષ્ટિમાં જે વિપર્યય હોય, તે મંદ હોય અને સામગ્રી મળતાં નિવર્તન પામે તેવો હોય, તો તેઓની ધર્મની પ્રવૃત્તિ પરંપરાએ મોક્ષનું કારણ બને છે. **॥૧૨/૩-૪॥**

**શ્લોક :-**

**कनीनिकेव नेत्रस्य, कुसुमस्येव सौरभम् ।**
**सम्यक्त्वमुच्यते सारः, सर्वेषां धर्म्मकर्म्मणाम् ।।५।।**

**અન્વયાર્થ :-**

**नेत्रस्य कनीनिकेव=નેત્રની કીકીની જેમ, कुसुमस्येव सौरभम्=(અને) કુસુમની સૌરભની જેમ, सर्वेषां धर्मकर्म्मणाम् सारः=સર્વ ધર્મકર્મોનો સાર, सम्यक्त्वमुच्यते= સમ્યક્ત્વ કહેવાય છે. ॥૧૨/૫॥**

**શ્લોકાર્થ :-**

**નેત્રની કીકીની જેમ અને કુસુમની સૌરભની જેમ, સર્વ ધર્મકર્મોનો સાર સમ્યક્ત્વ કહેવાય છે. ॥૧૨/૫॥**

**ભાવાર્થ :-**

જેમ જોવાનું કામ નેત્ર કરે છે, પરંતુ તેમાં જો કીકી જ ન હોય તો તેની કાંઈ કિંમત નથી, કારણ કે કીકી વિનાના નેત્રથી કાંઈ જોઈ શકાતું નથી, અને જેમ સુગંધ વિનાના ફૂલની કોઈ કિંમત નથી, કારણ કે સુગંધ જ ફૂલની મુખ્ય શોભા છે.

તે રીતે સર્વ ધર્માનુષ્ઠાનોનો સાર સમ્યક્ત્વ છે; કેમ કે સમ્યક્ત્વ ન હોય તો ચારિત્રની સમ્યક્ આચરણા પણ ભાવચારિત્રને નિષ્પન્ન કરી શકતી નથી. તેથી નિર્જરાનું કારણ બનતી નથી, અને સમ્યક્ત્વ હોતે છતે સ્ખલનાવાળી પણ આચરણા નિર્જરાનું કારણ બને છે. માટે સર્વ ધર્માનુષ્ઠાન સદનુષ્ઠાન ત્યારે બને છે કે જ્યારે સમ્યક્ત્વની હાજરી છે. તેથી કહે છે કે સમ્યક્ત્વ જ સાર છે=પ્રધાન છે. **॥૧૨/૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં સર્વ ધર્મઅનુષ્ઠાનોમાં સમ્યક્ત્વની પ્રધાનતા બતાવી. હવે સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**तत्त्वश्रद्धानमेतच्च, गदितं जिनशासने ।**
**सर्वे जीवा न हन्तव्याः, सूत्रे तत्त्वमितीष्यते ॥६॥**

**અન્વયાર્થ :-**

**एतच्च=અને આ અર્થાત્ સમ્યક્ત્વ, जिनशासने=જિનશાસનમાં, तत्त्वश्रद्धानं गदितं=તત્ત્વશ્રદ્ધારૂપ કહેવાયેલ છે. "सर्वे जीवा न हन्तव्याः"="સર્વ જીવોને હણવા ન જોઈએ", इति तत्त्वं सूत्रे इष्यते=એ પ્રમાણેનું તત્ત્વ સૂત્રમાં ઈચ્છાય છે. ॥૧૨/૬॥**

**શ્લોકાર્થ :-**

**અને આ સમ્યક્ત્વ જિનશાસનમાં તત્ત્વશ્રદ્ધારૂપ કહેવાયેલ છે. "સર્વ જીવોને હણવા ન જોઈએ", એ પ્રમાણેનું તત્ત્વ સૂત્રમાં ઈચ્છાય છે. ॥૧૨/૬॥**

**ભાવાર્થ :-**

"તત્ત્વમાં શ્રદ્ધા" એ સમ્યક્ત્વ છે, એમ જિનશાસનમાં કહેવાયું છે. ત્યાં જિજ્ઞાસા થાય કે તત્ત્વ શું છે ? તેથી શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે કે "સર્વ જીવોને હણવા ન જોઈએ", એ તત્ત્વ સૂત્રમાં બતાવ્યું છે. આ પ્રમાણે સમ્યક્ત્વનું લક્ષણ કરવાથી સ્થૂલદૃષ્ટિથી વિચારીએ તો સર્વ દર્શનકારો "સર્વ જીવોને હણવા ન જોઈએ" એમ સ્વીકારતા હોવાથી તેઓમાં સમ્યક્ત્વ માનવાની આપત્તિ આવે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો "સર્વ જીવોને હણવા ન જોઈએ" એ કથનનું તાત્પર્ય જૈનદર્શનમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ સિવાય અન્ય કોઈમાં ઘટે નહીં; કેમ કે જૈનદર્શનમાં જે પ્રકારે અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, તે પ્રકારે અન્ય કોઈ દર્શનમાં પ્રાપ્ત થતું નથી. તેથી અન્ય દર્શનના વચન પ્રમાણે "સર્વ જીવોને હણવા ન જોઈએ" એટલા સ્વીકારમાત્રથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય નહીં.

જૈનશાસનમાં હિંસા ત્રણ પ્રકારની કહી છે : (૧) કોઈ જીવના પ્રાણનો નાશ કરવો, (૨) કોઈને પીડા કરવી, (૩) કોઈને કષાયો ઉત્પન્ન કરાવવા. આ ત્રણે પ્રકારની હિંસાનો સંપૂર્ણ ત્યાગ માત્ર સમિતિ-ગુપ્તિ પાળતા મુનિ જ કરી શકે છે. જે જીવોને તેવી અહિંસા તત્ત્વરૂપ લાગે છે, તે જીવો પરમાર્થથી "सर्वे जीवा न हन्तव्याः" એ સૂત્રના તાત્પર્યને સમજેલા છે. આ પ્રકારના સૂત્રના તાત્પર્યને સમજીને તે સૂત્ર પ્રત્યેની શ્રદ્ધા એ સમ્યક્ત્વ છે. આનાથી એ ફલિત થાય કે "સંપૂર્ણ આશ્રવના ત્યાગપૂર્વક સંવરભાવમાં યત્ન કરવો એ અહિંસા છે, અને એ અહિંસા તત્ત્વ છે" એવી જેને રુચિ છે તેને સમ્યગ્દર્શન છે. **॥૧૨/૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વ છે, તેમ બતાવીને "સર્વ જીવોને હણવા ન જોઈએ" એ પ્રકારની રુચિ સમ્યક્ત્વ છે એમ કહ્યું. ત્યાં પ્રશ્ન થાય કે આટલી જ રુચિ માત્ર સમ્યક્ત્વ છે ? અને તેમ સ્વીકારીએ તો અન્ય માર્ગાનુસારી રુચિઓ સમ્યક્ત્વ નથી એમ માનવાનો પ્રસંગ આવે, તેથી કહે છે –**

**શ્લોક :-**

**शुद्धो धर्मोऽयमित्येतद्धर्म्मरुच्यात्मकं स्थितम् ।**
**शुद्धानामिदमन्यासां, रुचीनामुपलक्षणम् ।।७।।**

**અન્વયાર્થ :-**

**अयं=આ અર્થાત્ પૂર્વશ્લોકમાં જે તત્ત્વ બતાવ્યું તે, शुद्धो धर्मो=શુદ્ધ ધર્મ છે, इति एतद्=એ હેતુથી આ અર્થાત્ સમ્યક્ત્વ, धर्मरुच्यात्मकं स्थितम्=ધર્મરુચિ રૂપે છે, इदं=આ રુચિ અર્થાત્ "આ શુદ્ધ ધર્મ છે" એ પ્રકારની રુચિ, शुद्धानां अन्यासां रुचीनां उपलक्षणम्=શુદ્ધ એવી અન્ય રુચિઓનું ઉપલક્ષણ છે. ।।૧૨/૭।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં જે તત્ત્વ બતાવ્યું તે શુદ્ધ ધર્મ છે, એ હેતુથી આ સમ્યક્ત્વ ધર્મરુચિરૂપે છે. "આ શુદ્ધ ધર્મ છે" એ પ્રકારની રુચિ શુદ્ધ એવી અન્ય રુચિઓનું ઉપલક્ષણ છે. ।।૧૨/૭।।**

**ભાવાર્થ :-**

"સર્વે જીવોને હણવા ન જોઈએ" એ પ્રકારની રુચિ સમ્યગ્દર્શન છે, એમ કહેવાથી એ ફલિત થયું કે "સંપૂર્ણ અહિંસા પાળવી એ શુદ્ધ ધર્મ છે, અન્ય નહીં" એ પ્રકારની સ્થિર રુચિ સમ્યગ્દર્શન છે. ત્યાં પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શનમાં માત્ર અહિંસાની રુચિની અપેક્ષા છે ? કે અન્ય પણ માર્ગાનુસારી રુચિઓની અપેક્ષા છે ? તેથી કહે છે કે આ રુચિ શુદ્ધ એવી અન્ય માર્ગાનુસારી રુચિઓના ઉપલક્ષણરૂપ છે.

આથી એ ફલિત થાય કે અહિંસાનું પાલન એ શુદ્ધ ધર્મ છે, તેથી સમ્યક્ત્વ ધર્મની રુચિ સ્વરૂપ છે. આથી કલ્યાણના કારણભૂત એવી માર્ગાનુસારી જે જે રુચિઓ હોય તે સર્વે રુચિઓના સમૂહરૂપ સમ્યગ્દર્શન છે. તેથી માર્ગાનુસારી રુચિથી વિપરીત કોઈપણ રુચિ વર્તતી હોય તો તે જીવમાં સમ્યગ્દર્શન નથી. વળી, સુદેવ અને સુગુરુ પણ ઉપાસ્યરૂપે આત્મકલ્યાણનું કારણ છે. માટે વીતરાગ જ દેવ છે, અન્ય નહીં, એ પ્રકારની રુચિ અને વીતરાગના વચનાનુસાર ચાલનારા સુસાધુઓ જ ગુરુ છે, અન્ય નહીં, એ પ્રકારની રુચિ પણ સમ્યગ્દર્શન છે. **।।૧૨/૭।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૬ અને ૭માં બતાવ્યું કે "સર્વે જીવોને ન હણવા જોઈએ" તે પ્રકારની તત્ત્વની રુચિ એ સમ્યક્ત્વ છે, અને ઉપલક્ષણથી અન્ય રુચિઓના સમૂહરૂપ સમ્યક્ત્વ છે. હવે સમ્યક્ત્વમાં સર્વ રુચિઓની અર્થથી પ્રાપ્તિ છે, તે બતાવવા માટે "અથવા"થી કહે છે –**

**શ્લોક :-**

**अथवेदं यथा तत्त्वमाज्ञयैव तथाऽखिलम् ।**
**नवानामपि तत्त्वानामिति श्रद्धोदितार्थतः ।।८।।**

**અન્વયાર્થ :-**

**अथवा=અથવા, यथा=જે પ્રમાણે, इदं तत्त्वं=આ તત્ત્વ="સર્વે જીવોને ન હણવા જોઈએ" એ તત્ત્વ, आज्ञया एव=આજ્ઞાથી જ છે, तथा=તે પ્રમાણે, अखिलं=બધાં, (તત્ત્વો આજ્ઞાથી જ છે,) इति=એથી, नवानां अपि तत्त्वानां श्रद्धा=નવે પણ તત્ત્વોની શ્રદ્ધા, अर्थतः उदिता=અર્થથી કહેવાઈ છે અર્થાત્ અર્થથી સમ્યગ્દર્શન કહેવાઈ છે. ।।૧૨/૮।।**

**શ્લોકાર્થ :-**

**અથવા જે પ્રમાણે "સર્વે જીવોને હણવા ન જોઈએ" એ તત્ત્વ આજ્ઞાથી જ છે, તે પ્રમાણે બધાં તત્ત્વો આજ્ઞાથી જ છે. એથી નવે પણ તત્ત્વોની શ્રદ્ધા અર્થથી સમ્યગ્દર્શન કહેવાઈ છે. ।।૧૨/૮।।**

**ભાવાર્થ :-**

સ્વમતિ અનુસાર અહિંસામાં પ્રવૃત્તિ કરવાની રુચિ હોય તો સમ્યક્ત્વ નથી, પરંતુ "સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ જે રીતે અહિંસાના પાલનનો ઉપાય બતાવ્યો છે તે પ્રમાણે અહિંસાનું પાલન કરવું જોઈએ અને તેવી અહિંસા મોક્ષનું કારણ છે, આવી જે તત્ત્વની રુચિ તે સમ્યગ્દર્શન છે. આથી એ ફલિત થાય કે જિનાજ્ઞાનુસાર જ અહિંસામાં યત્ન કરવાની રુચિ તે સમ્યગ્દર્શન છે. એ પ્રકારનો ભાવ હોવાથી અર્થથી નવે પણ તત્ત્વોની શ્રદ્ધા સમ્યગ્દર્શનરૂપ છે, તેમ શાસ્ત્રમાં કહેવાયું છે.

આશય એ છે કે સંપૂર્ણ અહિંસાનું પાલન કરવું જોઈએ, એ પ્રકારનો અર્થ સર્વે જીવોને હણવા ન જોઈએ, એ વચનથી ફલિત થાય છે, અને સંપૂર્ણ અહિંસાનું પાલન આશ્રવનો રોધ કરીને સંવરમાં ઉદ્યમ કરવાથી થાય છે. આવી અહિંસાનું પાલન જિનાજ્ઞાનુસાર યત્ન કરનાર અપ્રમત્ત મુનિ કરી શકે છે અને આવી અહિંસાનું પાલન એ મોક્ષનું કારણ છે; આવી સ્થિર રુચિ સમ્યક્ત્વ છે અને સર્વ આશ્રવના રોધપૂર્વક સંવરમાં ઉદ્યમ કરવો જોઈએ, તેનો યથાર્થ બોધ કરવા માટે નવ તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન આવશ્યક છે. તેથી અર્થથી જે પ્રકારે ભગવાને આ નવ તત્ત્વ કહ્યાં છે, તે પ્રકારે આ નવ તત્ત્વો છે, એવી સ્થિર શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે; કેમ કે આ નવ તત્ત્વોનો સમ્યગ્બોધ સંપૂર્ણ અહિંસાનું પાલન કરવા માટે ઉપયોગી છે. **॥૧૨/૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬માં "સર્વે જીવોને હણવા ન જોઈએ" એ રૂપ તત્ત્વની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું. હવે "ભગવાને બતાવેલાં સૂત્રોને પ્રમાણરૂપે સ્વીકારવાં" એ સમ્યક્ત્વ છે, તે વચન કઈ અપેક્ષાએ છે, તે બતાવવા માટે "वा"થી કહે છે –**

**શ્લોક :-**

**इहैव प्रोच्यते शुद्धाऽहिंसा वा तत्त्वमित्यतः ।**
**सम्यक्त्वं दर्शितं सूत्रप्रामाण्योपगमात्मकम् ।।९।।**

**અન્વયાર્થ :-**

**वा इहैव=અથવા અહીંયાં જ અર્થાત્ જિનશાસનમાં જ, तत्त्वं शुद्धाऽहिंसा प्रोच्यते=તત્ત્વરૂપ શુદ્ધ અહિંસા કહેવાય છે. इति अतः=આથી, सूत्रप्रामाण्योपगमात्मकम्=સૂત્ર પ્રામાણ્ય ઉપગમાત્મક અર્થાત્ સૂત્રનું પ્રમાણપણું સ્વીકારવારૂપ, सम्यक्त्वं दर्शितं=સમ્યક્ત્વ કહેવાયેલું છે. ।।૧૨/૯।।**

**શ્લોકાર્થ :-**

**અથવા જિનશાસનમાં જ તત્ત્વરૂપ શુદ્ધ અહિંસા કહેવાય છે. એથી સૂત્રનું પ્રમાણપણું સ્વીકારવારૂપ સમ્યક્ત્વ કહેવાયેલું છે. ।।૧૨/૯।।**

**ભાવાર્થ :-**

ભગવાનનું શાસન નયવાદરૂપ છે અને નયવાદ પ્રમાણે શબ્દાદિ નયો આત્માના અન્યથા ભાવને હિંસા કહે છે. તેથી જીવના મન, વચન અને કાયાના યોગો ક્રોધ, માન, માયા અને લોભને વશ થઈને પ્રવર્તતા હોય તો હિંસા છે; અને સંયમ ગ્રહણ કર્યા પછી સાધુ મન, વચન અને કાયાને એ રીતે પ્રવર્તાવે કે જેથી કષાયોને પરવશ તેનો ઉપયોગ ન વર્તે, પરંતુ ક્ષમા, માર્દવ, આર્જવ અને નિરીહતા : આ ચાર ભાવોમાં જ વર્તે તો તે સાધુ અહિંસાનું પાલન કરે છે એમ શબ્દાદિ નયો કહે છે.

વળી, સાધુ અપ્રમત્ત ભાવથી ષટ્કાયના પાલનમાં યત્ન કરે તો તે સાધુ અહિંસાનું પાલન કરે છે, એમ ઋજુસૂત્રનય કહે છે.

વળી, સાધુ અપ્રમત્તભાવથી ષટ્કાયના પાલનમાં યત્ન કરતા હોય અને તેમનાથી કોઈ જીવનો વધ ન થાય તો તે સાધુ અહિંસાનું પાલન કરે છે, એમ વ્યવહારનય કહે છે.

તેથી એ ફલિત થાય કે ષટ્કાયના પાલનમાં યત્ન હોય અને કોઈ જીવનો વધ ન થાય તો વ્યવહારનયથી અહિંસાનું પાલન છે. ષટ્કાયના પાલનનો ઉદ્યમ હોય અને બાહ્યથી હિંસા થાય કે ન થાય તોપણ ઋજુસૂત્રનયથી અહિંસાનું પાલન છે. વળી, આત્માના ક્ષમાદિભાવોમાં ઉદ્યમ હોય તો શબ્દાદિ નયોથી અહિંસાનું પાલન છે, અન્યથા ષટ્કાયના પાલનમાં ઉદ્યમ હોય તોપણ અહિંસા નથી. તેથી જે મુનિ ષટ્કાયના પાલન માટે યત્ન કરતા હોય અને પાંચેય ઇન્દ્રિયોથી સંવૃત હોય અને ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ થાય એ રીતે સુદૃઢ યત્ન કરતા હોય તો શુદ્ધ અહિંસાની પ્રાપ્તિ થાય છે, અને આવી શુદ્ધ અહિંસાની પ્રાપ્તિ કરવા માટે સાધુઓ મન, વચન, કાયાના યોગો પરિપૂર્ણ શાસ્ત્રવચનાનુસાર પ્રવર્તાવતા હોય છે.

તેથી એ ફલિત થાય કે પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરનાર સાધુ શુદ્ધ અહિંસા પાળી શકે અને તેવી અહિંસાની રુચિ તે સમ્યક્ત્વ છે; અને તેવી અહિંસાને બતાવનારાં ભગવાનનાં શાસ્ત્રો છે, માટે ભગવાનનાં શાસ્ત્રોને પ્રમાણરૂપે સ્વીકારવામાં આવે તો શુદ્ધ અહિંસાની રુચિ સિદ્ધ થાય. **॥૧૨/૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભગવાનના શાસનમાં શુદ્ધ અહિંસા કહેવાઈ છે માટે ભગવાનના વચનને પ્રમાણ સ્વીકારવું તે સમ્યગ્દર્શન છે. ત્યાં શંકા કરતાં કહે છે –**

**શ્લોક :-**

**शुद्धाऽहिंसोक्तितः सूत्रप्रामाण्यं तत एव च ।**
**अहिंसाशुद्धधीरेवमन्योन्याश्रयभीर्ननु ।।१०।।**

**અન્વયાર્થ :-**

**शुद्धाऽहिंसोक्तितः=શુદ્ધ અહિંસાની ઉક્તિથી, सूत्रप्रामाण्यं=સૂત્રની પ્રમાણતા છે, ततः एव च=અને તેનાથી જ અર્થાત્ સૂત્રની પ્રમાણતાથી જ, अहिंसा-शुद्धधीः=અહિંસાની શુદ્ધ બુદ્ધિ થાય છે=સૂત્રમાં કહેવાયેલી અહિંસા શુદ્ધ છે એવી બુદ્ધિ થાય છે. एवं=એ રીતે, अन्योन्याश्रयभीः=અન્યોન્યાશ્રયનો ભય છે. ।।૧૨/૧૦।।**

❖ અહીં 'ननु' શબ્દ શંકાના અર્થમાં યોજાયેલ છે.

**શ્લોકાર્થ :-**

**શુદ્ધ અહિંસાની ઉક્તિથી સૂત્રની પ્રમાણતા છે, અને સૂત્રની પ્રમાણતાથી જ અહિંસાની શુદ્ધ બુદ્ધિ થાય છે. એ રીતે અન્યોન્યાશ્રયનો ભય છે. ।।૧૨/૧૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે આગમમાં જ શુદ્ધ અહિંસા બતાવી છે, તેથી સૂત્રને પ્રમાણ સ્વીકારવું એ સમ્યગ્દર્શન છે. એનાથી એ પ્રાપ્ત થયું કે આગમમાં શુદ્ધ અહિંસાની ઉક્તિ હોવાના કારણે સૂત્રની પ્રમાણતા છે, અને આગમમાં કહેલી અહિંસા શુદ્ધ છે એવી બુદ્ધિ ત્યારે જ થાય કે આગમ પ્રમાણ છે એમ નક્કી થાય. તેથી અન્યોન્યાશ્રયનો ભય ઉત્પન્ન થાય છે; કેમ કે જ્યાં સુધી આગમ પ્રમાણરૂપ છે તેમ નક્કી ન થઈ શકે, તો આગમમાં કહેલી અહિંસા શુદ્ધ છે તે

નક્કી ન થઈ શકે; અને જ્યાં સુધી શુદ્ધ અહિંસાનું આગમમાં પ્રતિપાદન છે એ નિર્ણય ન થાય, ત્યાં સુધી સૂત્ર પ્રમાણરૂપ જ છે, એમ નિર્ણય ન થઈ શકે. **॥૧૨/૧૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવેલ અન્યોન્યાશ્રય દોષનું સમાધાન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**नैवं यस्मादहिंसायां, सर्वेषामेकवाक्यता ।**
**तच्छुद्धतावबोधश्च, सम्भवादिविचारणात् ।।११।।**

**અન્વયાર્થ :-**

**नैवं=એમ નથી=અન્યોન્યાશ્રયનો ભય નથી, यस्मादहिंसायां सर्वेषां एकवाक्यता=જે કારણથી અહિંસામાં બધાયની એકવાક્યતા છે, सम्भवादि-विचारणात् च=અને સંભવાદિ વિચારણાથી, तच्छुद्धतावबोधः=તેની અર્થાત્ અહિંસાની શુદ્ધતાનો અવબોધ છે. ॥૧૨/૧૧॥**

**શ્લોકાર્થ :-**

**અન્યોન્યાશ્રયનો ભય નથી, જે કારણથી અહિંસામાં બધાયની એકવાક્યતા છે, અને સંભવાદિ વિચારણાથી અહિંસાની શુદ્ધતાનો અવબોધ છે. ॥૧૨/૧૧॥**

❖ 'संभवादि'માં 'आदि' પદથી સાનુબંધ અહિંસાનું પ્રતિપાદન ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં અન્યોન્યાશ્રયદોષ બતાવ્યો. તેને ગ્રંથકારશ્રી કહે છે કે શુદ્ધ અહિંસાના કથનથી સૂત્રનું પ્રામાણ્ય અને સૂત્રના પ્રામાણ્યથી શુદ્ધ અહિંસા એ અન્યોન્યાશ્રયનો દોષ નથી; કેમ કે અહિંસા મોક્ષનું કારણ છે અને તે બાબતમાં સર્વ દર્શનોની એકવાક્યતા છે. તેથી એ નક્કી થાય કે અહિંસા જ તત્ત્વ છે, અન્ય તત્ત્વ નથી. હવે વિચારકને એ નિર્ણય કરવાનો રહે છે કે કયા દર્શનમાં અહિંસાનો સંભવ છે ? અને કયા દર્શનમાં અહિંસા સાનુબંધ કહેલ છે ? જે

દર્શનમાં આ બંને સંગત દેખાય તે દર્શન પ્રમાણ છે, એવો વિચારક પુરુષ નિર્ણય કરી શકે છે, અને તે દર્શનના પ્રામાણ્યને સ્વીકારવાથી શુદ્ધ અહિંસાનો અવબોધ તે શાસ્ત્રવચનથી થઈ શકે છે. માટે જૈનદર્શન જ શુદ્ધ અહિંસાને બતાવનાર છે, તેવો નિર્ણય વિચારક પુરુષ 'સંભવાદિ'ની વિચારણાથી કરી શકે છે. માટે સૂત્રપ્રામાણ્ય સ્વીકારવું એ સમ્યક્ત્વ છે, એમ ફલિત થાય છે.

શ્લોક-૧૨થી શ્લોક-૨૦ સુધી સર્વ દર્શનોની અહિંસાના વિષયમાં એકવાક્યતા છે, તેમ ગ્રંથકારશ્રી સ્વયં બતાવશે.

વળી, શ્લોક-૨૧થી શ્લોક-૪૬ સુધી અહિંસાનો સંભવ અન્ય દર્શનમાં નથી અને જૈન દર્શનમાં છે, તે પણ ગ્રંથકારશ્રી સ્વયં બતાવશે.

વળી, શ્લોક-૪૭થી શ્લોક-૫૫ સુધી અનુબંધ અહિંસા અન્ય દર્શનમાં નથી અને જૈન દર્શનમાં જ છે, તે પણ ગ્રંથકારશ્રી સ્વયં બતાવશે.

તેથી આ શ્લોકમાં 'સંભવાદિ વિચારણા'નો અર્થ અહીં વિગતવાર કરેલ નથી. **॥૧૨/૧૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે અહિંસાના વિષયમાં બધાં દર્શનોની એકવાક્યતા છે. તેથી હવે મોક્ષની કારણીભૂત એવી અહિંસાનો સ્વીકાર સર્વ દર્શન કરે છે, તે કથન શ્લોક-૧૨થી શ્લોક-૨૦ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**यथाऽहिंसादयः पञ्च, व्रतधर्मयमादिभिः ।**
**पदैः कुशलधर्माद्यैः, कथ्यन्ते स्वस्वदर्शने ।।१२।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, व्रतधर्मयमादिभिः कुशलधर्माद्यैः पदैः=વ્રતપદ વડે, ધર્મપદ વડે, યમ આદિ પદ વડે (અને) કુશલધર્માદિ પદો વડે, अहिंसादयः पञ्च=અહિંસાદિ પાંચ, स्वस्वदर्शने कथ्यन्ते=સ્વસ્વદર્શનમાં કહેવાયાં છે. ।।૧૨/૧૨।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે વ્રતપદ વડે, ધર્મપદ વડે, યમ આદિ પદ વડે અને કુશળધર્માદિ પદો વડે અહિંસાદિ પાંચ સ્વસ્વદર્શનમાં કહેવાયાં છે. ।।૧૨/૧૨।।**

❖ અહીં 'यमादि' પદમાં 'आदि' પદથી 'नियम'નું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે અહિંસામાં સર્વદર્શનોની એકમાન્યતા છે. તેથી તે એકમાન્યતા બતાવવા માટે જુદાં જુદાં દર્શનો અહિંસાને કયા શબ્દથી દર્શાવે છે, તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે. પરંતુ ત્યાં "અહિંસા" ન કહેતાં "અહિંસાદિ" પાંચ મહાવ્રતોનું ગ્રહણ કર્યું. તેથી વિચારકને શંકા થાય કે એક અહિંસાની વાતમાંથી અહિંસાદિ પાંચની વાત ક્યાંથી આવી ? તેનો આશય એ છે કે મોક્ષનું કારણ સર્વદર્શનોને અહિંસા માન્ય છે, અને સત્યાદિ અન્ય ચાર વ્રતો અહિંસાની વાડરૂપે માન્ય છે. તેથી જેમ જૈનદર્શનને મોક્ષના કારણરૂપે શુદ્ધ અહિંસા માન્ય છે અને તેની વાડરૂપે અન્ય ચાર વ્રતો માન્ય છે, તે અહિંસાદિ પાંચ વ્રતો જુદા જુદા દર્શનકારો જુદા જુદા શબ્દથી કહે છે. કેટલાક તેને પાંચ વ્રતો કહે છે, તો કેટલાક તેને પાંચ ધર્મો કહે છે, તો વળી કેટલાક તેને પાંચ યમ કહે છે, તો વળી કેટલાક દસ પ્રકારના કુશલધર્મો કહે છે, જેનો અંતર્ભાવ અહિંસાદિ પાંચમાં થાય છે. તેથી અહિંસાદિ પાંચમાં સર્વદર્શનની એકવાક્યતા છે અને અહિંસાના અંગરૂપે બાકીનાં ચાર મહાવ્રતો છે. માટે અહિંસા તત્ત્વ છે, તે બાબતમાં સર્વદર્શનની એકવાક્યતા છે. **।।૧૨/૧૨।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨માં કહ્યું કે પોતપોતાના દર્શનમાં જુદા જુદા શબ્દો વડે દરેક દર્શન અહિંસાદિને કહે છે. તેથી હવે કયું દર્શન અહિંસાદિ પાંચને વ્રતરૂપે, યમરૂપે કે ધર્મરૂપે કે કુશલધર્માદિ પદો વડે કહે છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**प्राहुर्भागवतास्तत्र, व्रतोपव्रतपञ्चकम् ।**
**यमाँश्च नियमान् पाशुपता धर्मान् दशाभ्यधुः ।।१३।।**

**અન્વયાર્થ :-**

**तत्र=ત્યાં અર્થાત્ અહિંસાદિના વિષયમાં, भागवताः=ભાગવતો, यमाँश्च नियमान्=યમો અને નિયમોને, व्रतोपव्रतपञ्चकम् प्राहुः=વ્રત અને ઉપવ્રત પંચક કહે છે અર્થાત્ પાંચ યમો એ પાંચ વ્રતરૂપ અને પાંચ નિયમો એ પાંચ ઉપવ્રતરૂપ કહે છે. पाशुपता दशधर्मान् अभ्यधुः=પાશુપતો દશ ધર્મોને કહે છે. ॥૧૨/૧૩॥**

**શ્લોકાર્થ :-**

**અહિંસાદિના વિષયમાં ભાગવતો યમો અને નિયમોને વ્રત અને ઉપવ્રત પંચક કહે છે અર્થાત્ પાંચ યમો એ પાંચ વ્રતરૂપ અને પાંચ નિયમો એ પાંચ ઉપવ્રતરૂપ કહે છે. પાશુપતો દશ ધર્મોને કહે છે. ॥૧૨/૧૩॥**

**ભાવાર્થ :-**

અહિંસાદિના વિષયમાં ભાગવતો યમો અને નિયમોને વ્રત અને ઉપવ્રત પંચક તરીકે ઓળખાવે છે. તેમાં પાંચ યમો છે તે પાંચ વ્રતરૂપ અને પાંચ નિયમો છે તે પાંચ ઉપવ્રતરૂપ છે. અહીં પાંચ યમો આ મુજબ છે : (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય, (૫) અપરિગ્રહ; અને પાંચ નિયમો આ મુજબ છે: (૧) શૌચ, (૨) સંતોષ, (૩) તપ, (૪) સ્વાધ્યાય, (૫) ઈશ્વરપ્રણિધાન.

વળી, પાશુપત દશ ધર્મોને કહે છે, તે હવે પછીના શ્લોકમાં બતાવે છે. **॥૧૨/૧૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે પાશુપતો દશ ધર્મો કહે છે. તેથી હવે તે દશ ધર્મો શ્લોક-૧૪ અને ૧૫માં બતાવે છે –**

**શ્લોક :-**

**अहिंसा सत्यवचनमस्तैन्यं चाप्यकल्पना ।**
**ब्रह्मचर्यं तथाऽक्रोधो, ह्यार्जवं शौचमेव च ॥१४॥**

**सन्तोषो गुरुशुश्रूषा, इत्येते दश कीर्तिताः ।**
**निगद्यन्ते यमाः सांख्यैरपि व्यासानुसारिभिः ।।१५।।**

**અન્વયાર્થ :-**

**अहिंसा सत्यवचनम् अस्तैन्यं च अपि अकल्पना=અહિંસા, સત્યવચન, અસ્તૈન્ય અર્થાત્ અચૌર્ય અને વળી અકલ્પના="આ વસ્તુ મારી છે" એ જાતની અકલ્પનારૂપ અપરિગ્રહ, ब्रह्मचर्यं तथा अक्रोधौ=બ્રહ્મચર્ય અને અક્રોધ અર્થાત્ ક્ષમા, हि आर्जवं शौचम् एव=આર્જવ અને શૌચ. ।।૧૨/૧૪।।**

**सन्तोषो गुरुशुश्रूषा=સંતોષ, ગુરુશુશ્રૂષા, इति एते दश कीर्तिताः=એ પ્રકારે આ દશ કહેવાયેલા છે=પાશુપતો વડે દશ ધર્મ કહેવાયેલા છે, व्यासानुसारिभिः सांख्यैः अपि=વ્યાસાનુસારી સાંખ્ય વડે પણ, यमाः निगद्यन्ते=યમો કહેવાયેલા છે. ।।૧૨/૧૫।।**

**શ્લોકાર્થ :-**

**અહિંસા, સત્યવચન, અચૌર્ય અને વળી "આ વસ્તુ મારી છે" એ જાતની અકલ્પનારૂપ અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને ક્ષમા, આર્જવ અને શૌચ. ।।૧૨/૧૪।।**

**સંતોષ, ગુરુશુશ્રૂષા : એ પ્રકારે આ દશ કહેવાયેલા છે=પાશુપતો વડે દશ ધર્મ કહેવાયેલા છે. વ્યાસાનુસારી સાંખ્ય વડે પણ યમો કહેવાયેલા છે. ।।૧૨/૧૫।।**

**ભાવાર્થ :-**

પાશુપતના દશ ધર્મો આ મુજબ છે –

(૧) અહિંસા, (૨) સત્યવચન, (૩) અસ્તૈન્ય, (૪) અકલ્પના અર્થાત્ "આ વસ્તુ મારી છે" એ મુજબની અકલ્પનારૂપ અપરિગ્રહ, (૫) બ્રહ્મચર્ય, (૬) અક્રોધ=ક્ષમા, (૭) આર્જવ, (૮) શૌચ, (૯) સંતોષ, (૧૦) ગુરુશુશ્રૂષા.

વળી, વ્યાસાનુસારી સાંખ્ય વડે પણ યમો કહેવાયેલા છે, તે હવે પછીના શ્લોકમાં બતાવે છે. **।।૧૨/૧૪-૧૫।।**

શ્લોક :-

अहिंसा सत्यमस्तैन्यं, ब्रह्मचर्यं तुरीयकम् ।
पञ्चमोऽव्यवहारश्चेत्येते पञ्च यमाः स्मृताः ।।१६।।
अक्रोधो गुरुशुश्रूषा, शौचमाहारलाघवम् ।
अप्रमादश्च पञ्चैते , नियमाः परिकीर्तिताः ।।१७।।

અન્વયાર્થ :-

अहिंसा, सत्यम्, अस्तैन्यं, ब्रह्मचर्यं तुरीयकम्=અહિંસા, સત્ય, અસ્તૈન્ય, ચોથું બ્રહ્મચર્ય, पञ्चमो अव्यवहारः च=અને પાંચમો અવ્યવહાર="આ મારું છે" એ પ્રમાણેના વ્યવહારનો અભાવ=અપરિગ્રહ, इति एते पञ्च यमाः स्मृताः=એ પ્રમાણે આ પાંચ યમો કહેવાયેલા છે. ॥૧૨/૧૬॥

अक्रोधो, गुरुशुश्रूषा, शौचम् आहारलाघवम्=અક્રોધ, ગુરુશુશ્રૂષા, શૌચ, આહારલાઘવ, अप्रमादः च=અને અપ્રમાદ, पञ्च एते नियमाः परिकीर्तिताः= આ પાંચ નિયમો કહેવાયેલા છે. ॥૧૨/૧૭॥

શ્લોકાર્થ :-

**અહિંસા, સત્ય, અસ્તૈન્ય, ચોથું બ્રહ્મચર્ય અને પાંચમો અવ્યવહાર= "આ મારું છે" એ પ્રમાણેના વ્યવહારનો અભાવ=અપરિગ્રહ, એ પ્રમાણે આ પાંચ યમો કહેવાયેલા છે. ॥૧૨/૧૬॥**

**અક્રોધ, ગુરુશુશ્રૂષા, શૌચ, આહારલાઘવ અને અપ્રમાદ : આ પાંચ નિયમો કહેવાયેલા છે. ॥૧૨/૧૭॥**

ભાવાર્થ :-

વ્યાસાનુસારી સાંખ્ય પાંચ યમો અને પાંચ નિયમોને માને છે. અહીં પાંચ યમો આ મુજબ છે : (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તૈન્ય, (૪) બ્રહ્મચર્ય, (૫) અવ્યવહાર="આ મારું છે" એ પ્રકારના વ્યવહારનો અભાવ અર્થાત્ અપરિગ્રહ. વળી, પાંચ નિયમો આ મુજબ છે : (૧) અક્રોધ, (૨) ગુરુશુશ્રૂષા, (૩) શૌચ, (૪) આહારલાઘવ, (૫) અપ્રમાદ. **॥૧૨/૧૬-૧૭॥**

**અવતરણિકા :-**

હવે બૌદ્ધદર્શન દશ કુશળધર્મો માને છે, તે બતાવે છે –

**શ્લોક :-**

**बौद्धैः कुशलधर्माश्च, दशेष्यन्ते यदुच्यते ।**
**हिंसास्तेयान्यथाकामं, पैशुन्यं परुषानृतम् ।।१८।।**
**सम्भिन्नालापव्यापादमभिध्यादृग्विपर्ययम् ।**
**पापकर्मेति दशधा, कायवाङ्मानसैस्त्यजेत् ।।१९।।**

**અન્વયાર્થ :-**

बौद्धैः दश कुशलधर्माः च=અને બૌદ્ધો વડે દશ કુશળધર્મો, इष्यन्ते=ઈચ્છાય છે, यद् उच्यते=જે કહેવાય છે, हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परुषानृतम्=હિંસા, ચોરી, અન્યથાકામ, પૈશુન્ય, પરુષાનૃત. ।।૧૨/૧૮।।

संभिन्नालापव्यापादम् अभिध्यादृग्विपर्ययम् पापकर्म=સંભિન્ન આલાપ, વ્યાપાદ, અભિધ્યા, દૃગ્વિપર્યય, પાપકર્મ, इति दशधा=એ પ્રમાણે દશ પ્રકારનો, कायावाङ्मानसैः त्यजेत्=કાયા, વાણી, મન વડે ત્યાગ કરવો જોઈએ. ।।૧૨/૧૯।।

**શ્લોકાર્થ :-**

**અને બૌદ્ધો વડે દશ કુશળ ધર્મો ઈચ્છાય છે, જે કહેવાય છે : હિંસા, ચોરી, અન્યથા કામ, પૈશુન્ય, પરુષાનૃત ।।૧૨/૧૮।।**

**સંભિન્ન આલાપ, વ્યાપાદ, અભિધ્યા, દૃગ્વિપર્યય, પાપકર્મ : એ પ્રમાણે દશ પ્રકારનો કાયા, વાણી, મન વડે ત્યાગ કરવો જોઈએ. ।।૧૨/૧૯।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધ દર્શન મુજબ દશ અકુશળ ધર્મો છે, જે આ મુજબ છે : (૧) હિંસા, (૨) સ્તેય, (૩) અન્યથાકામ=પારદારિકતા, (૪) પૈશુન્ય, (૫) પરુષાનૃત=કઠોર અસત્ય વચન, (૬) સંભિન્ન આલાપ=અસંબદ્ધ ભાષણ, (૭) વ્યાપાદ=પરપીડા ચિંતન, (૮) અભિધ્યા=ધન વગેરેનો અસંતોષ અર્થાત્ પરિગ્રહ (૯)

દૃગ્વિપર્યય=મિથ્યા અભિનિવેશ, (૧૦) પાપકર્મ.

આ દશ અકુશળનો કાયા, વાણી અને મનથી ત્યાગ કરવો જોઈએ. આ દશ અકુશળ ધર્મો બતાવ્યા, તેનાથી વિપરીત દશ કુશળ ધર્મો છે. **॥૧૨/૧૮-૧૯॥**

**અવતરણિકા :-**

**હવે વૈદિકો શું માને છે તે બતાવી અહિંસાના વિષયમાં સર્વ દર્શનની એકવાક્યતા છે, તેમ કહે છે –**

**શ્લોક :-**

**ब्रह्मादिपदवाच्यानि, तान्याहुर्वैदिकादयः ।**
**अतः सर्वैकवाक्यत्वाद्धर्मशास्त्रमदोऽर्थकम् ।।२०।।**

**અન્વયાર્થ :-**

**तानि=તેને અર્થાત્ અહિંસાદિકને, वैदिकादयः=વૈદિકો વગેરે, ब्रह्मादि-पदवाच्यानि आहुः=બ્રહ્માદિપદવાચ્ય કહે છે, अतः=આથી અર્થાત્ શ્લોક-૧૨થી શરૂ કરીને દરેક દર્શનનાં અહિંસાને બતાવનારાં જુદાં જુદાં વચનો છે આથી, सर्वैकवाक्यत्वात्=સર્વનું એકવાક્યપણું હોવાથી, धर्मशास्त्रं अदोऽर्थकम्=ધર્મશાસ્ત્ર આ અર્થક છે=અહિંસાદિ અર્થક છે. ।।૧૨/૨૦।।**

**શ્લોકાર્થ :-**

**અહિંસાદિકને વૈદિકો વગેરે બ્રહ્માદિપદવાચ્ય કહે છે. દરેક દર્શનનાં અહિંસાને બતાવનારાં જુદાં જુદાં વચનો છે આથી, સર્વનું એકવાક્યપણું હોવાથી ધર્મશાસ્ત્ર અહિંસાદિ અર્થક છે. ।।૧૨/૨૦।।**

**ભાવાર્થ :-**

વૈદિકો વગેરે અહિંસાદિકને બ્રહ્મ આદિ પદથી કહે છે. તેઓ આ પાંચને બ્રહ્મપંચ તરીકે ઓળખાવે છે. આમ, સર્વ દર્શનો અહિંસાદિકને અલગ અલગ શબ્દોથી ઓળખાવે છે. તેથી અહિંસાદિના વિષયમાં એકવાક્યતા છે, માટે ધર્મશાસ્ત્ર અહિંસાદિ અર્થક છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૧૧માં કહેલ કે અહિંસાના વિષયમાં સર્વ દર્શનકારની એકવાક્યતા છે અને તે એકવાક્યતાને અત્યાર સુધી બતાવી.

તેથી એ ફલિત થયું કે અહિંસાને ધર્મરૂપે સ્વીકારવામાં સર્વ ધર્મશાસ્ત્રો સમાન રીતે માને છે, પરંતુ જે શાસ્ત્રોમાં અહિંસાદિની શુદ્ધતાનો બોધ થતો હોય તે શાસ્ત્ર પ્રમાણ માની શકાય, અન્ય નહીં; અને અહિંસાની શુદ્ધતાનો બોધ જૈનશાસ્ત્રોથી થાય છે, તેથી જૈનશાસ્ત્રોને પ્રમાણ સ્વીકારવારૂપ સમ્યગ્દર્શન છે, એમ શ્લોક-૯ સાથે પ્રસ્તુત શ્લોકનો સંબંધ છે. **॥૧૨/૨૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦માં પૂર્વપક્ષીએ અન્યોન્યાશ્રયનો દોષ આપેલ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અહિંસાના સ્વીકારમાં સર્વદર્શનોની એકવાક્યતા છે, અને અહિંસાની શુદ્ધતાનો બોધ કરવા માટે કયા દર્શનમાં અહિંસાનો સંભવ છે, અને કયા દર્શનમાં સાનુબંધ અહિંસા બતાવી છે, તેનો નિર્ણય કરીને તે શાસ્ત્રવચનથી શુદ્ધ અહિંસાનો નિર્ણય થઈ શકે છે. તેથી તે બતાવવા અર્થે હવે અન્ય દર્શનમાં અહિંસાનો સંભવ નથી અને જૈનદર્શનમાં અહિંસાનો સંભવ છે, તે શ્લોક-૨૧થી શ્લોક-૪૬ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**क्व चैतत्सम्भवो युक्त, इति चिन्त्यं महात्मना ।**
**शास्त्रं परीक्षमाणेनाव्याकुलेनान्तरात्मना ।।२१।।**

**અન્વયાર્થ :-**

**च=અને, अव्याकुलेन अन्तरात्मना=અવ્યાકુળ એવા અન્તરાત્માથી અર્થાત્ અવ્યગ્રચિત્તથી, शास्त्रं परीक्षमाणेन महात्मना=શાસ્ત્રનું પરીક્ષણ કરતા એવા મહાત્માએ, एतत्सम्भवो क्व युक्त=આનો સંભવ અર્થાત્ અહિંસાદિનો સંભવ ક્યાં યુક્ત છે, इति चिन्त्यं=એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. ।।૧૨/૨૧।।**

**શ્લોકાર્થ :-**

**અને અવ્યગ્રચિત્તથી શાસ્ત્રનું પરીક્ષણ કરતા એવા મહાત્માએ અહિંસાદિનો સંભવ ક્યાં યુક્ત છે, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. ।।૧૨/૨૧।।**

**ભાવાર્થ :-**

અહિંસા ધર્મ છે, એ પ્રકારની સર્વદર્શનની એકવાક્યતા છે. તેથી હવે કયા

દર્શનની માન્યતા પ્રમાણે પદાર્થ સ્વીકારવામાં આવે તો અહિંસા સંભવી શકે તેની વિચારણા કરવી જોઈએ જેથી તે શાસ્ત્રવચનાનુસાર શુદ્ધ અહિંસાનો બોધ થાય. તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે કે સ્વદર્શનના રાગ અને પરદર્શનના દ્વેષથી વ્યાકુળ થયા વગર કલ્યાણના અર્થી જીવે શાસ્ત્રની પરીક્ષા કરવી જોઈએ જેથી જે દર્શનની માન્યતા મુજબ અહિંસાનો સંભવ હોય તે દર્શન પ્રમાણરૂપ છે એવો નિર્ણય થાય અને તે દર્શન અનુસાર અહિંસામાં યત્ન કરવામાં આવે તો શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય. **॥૧૨/૨૧॥**

**અવતરણિકા :-**

**કેટલાક દર્શનકારો આત્મકલ્યાણ માટે ઉપયોગી પદાર્થ તરીકે પ્રમાણ-પ્રમેયાદિ પદાર્થો કહે છે અને પ્રમાણના લક્ષણાદિનું જ્ઞાન પણ આત્મકલ્યાણ માટે ઉપયોગી છે તેમ માને છે; સર્વ પદાર્થનો સૂક્ષ્મબોધ કરવો જોઈએ એ અપેક્ષાએ ગ્રંથકારશ્રીને તે માન્ય હોવા છતાં સામાન્ય જીવો માટે પ્રમાણના લક્ષણાદિનો યોગમાર્ગની પ્રવૃત્તિમાં ઉપયોગ નથી; કેમ કે ધર્મની પ્રવૃત્તિ માટે અહિંસાદિનું જ્ઞાન મુખ્યરૂપે આવશ્યક છે, તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**प्रमाणलक्षणादेस्तु, नोपयोगोऽत्र कश्चन ।**
**तन्निश्चयेऽनवस्थानादन्यथार्थस्थितेर्यतः ।।२२।।**
**प्रसिद्धानि प्रमाणानि, व्यवहारश्च तत्कृतः ।**
**प्रमाणलक्षणस्योक्तौ, ज्ञायते न प्रयोजनम् ।।२३।।**

**અન્વયાર્થ :-**

**अत्र तु=વળી અહીં અર્થાત્ યોગમાર્ગની પ્રવૃત્તિમાં, प्रमाणलक्षणादेः कश्चन नोपयोगः=પ્રમાણલક્ષણાદિનો કોઈ ઉપયોગ નથી, तन्निश्चये अनवस्थानात्=કેમ કે તેના નિશ્ચયમાં અનવસ્થાન દોષ છે.**

અહીં પ્રમાણના લક્ષણના નિર્ણયમાં અનવસ્થાન દોષ છે તેમ કહ્યું. તેના નિરાકરણ માટે કોઈ કહે કે પ્રમાણાન્તરથી અનિશ્ચિત લક્ષણવાળું પ્રમાણ જ પ્રમાણના નિશ્ચય માટે ઉપયોગી છે, માટે અનવસ્થાન દોષ આવશે નહીં. તેના

નિરાકરણ માટે બીજો હેતુ કહે છે –

**अन्यथा=અન્યથા અર્થાત્ અન્યથી અનિશ્ચિત એવા લક્ષણવાળા પ્રમાણનો પ્રમાણને જાણવામાં ઉપયોગ છે તેમ માનો તો તે પ્રમાણથી જ, अर्थस्थितेः= અર્થની સ્થિતિ છે અર્થાત્ પદાર્થની સિદ્ધિ છે, यतः=જે કારણથી. (આ શબ્દ હવે પછીના શ્લોક સાથેના જોડાણ અર્થે અત્રે વપરાયેલ છે.)**

**(જે કારણથી=પૂર્વના શ્લોકના અંતે કહ્યું કે જે કારણથી) प्रमाणानि प्रसिद्धानि=પ્રમાણો પ્રસિદ્ધ છે, तत्कृतः व्यवहारश्च=અને પ્રમાણકૃત વ્યવહાર, (પ્રસિદ્ધ છે,) प्रमाणलक्षणस्य उक्तौ=(તે કારણથી) પ્રમાણના લક્ષણની ઉક્તિમાં=કથનમાં, न प्रयोजनम् ज्ञायते=પ્રયોજન જણાતું નથી. ॥૧૨/૨૨-૨૩॥**

**શ્લોકાર્થ :-**

**વળી, યોગમાર્ગની પ્રવૃત્તિમાં પ્રમાણલક્ષણાદિનો કોઈ ઉપયોગ નથી; કેમ કે તેના નિશ્ચયમાં અનવસ્થાન દોષ છે.**

અહીં પ્રમાણના લક્ષણના નિર્ણયમાં અનવસ્થાન દોષ છે તેમ કહ્યું. તેના નિરાકરણ માટે કોઈ કહે કે પ્રમાણાન્તરથી અનિશ્ચિત લક્ષણવાળું પ્રમાણ જ પ્રમાણના નિશ્ચય માટે ઉપયોગી છે, માટે અનવસ્થાન દોષ આવશે નહીં. તેના નિરાકરણ માટે બીજો હેતુ કહે છે –

**અન્યથા=અન્યથી અનિશ્ચિત એવા લક્ષણવાળા પ્રમાણનો પ્રમાણને જાણવામાં ઉપયોગ છે તેમ માનો તો તે પ્રમાણથી જ, પદાર્થની સિદ્ધિ છે; જે કારણથી.**

**(જે કારણથી) પ્રમાણો પ્રસિદ્ધ છે અને પ્રમાણકૃત વ્યવહાર પ્રસિદ્ધ છે, તે કારણથી પ્રમાણના લક્ષણના કથનમાં પ્રયોજન જણાતું નથી. ॥૧૨/૨૨-૨૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અહિંસાદિમાં બધાં દર્શનોની એકવાક્યતા છે, તેથી એ ફલિત થયું કે મોક્ષ માટે ધર્મ કરવો જોઈએ અને ધર્મ અહિંસાદિરૂપ છે, એ પ્રકારે બધાં જ દર્શનોની એક માન્યતા છે, તો કયા દર્શનમાં કહેલી અહિંસા

શુદ્ધ છે ? અને કયા દર્શનમાં કહેલી અહિંસા શુદ્ધ નથી ? તેની પરીક્ષા કરવાથી એ નક્કી થાય કે જે દર્શનના વચન પ્રમાણે શુદ્ધ અહિંસાની પ્રાપ્તિ હોય તે દર્શન જ સર્વજ્ઞકથિત છે, અન્ય નહીં; અને એવી શુદ્ધ અહિંસાની પ્રાપ્તિ માત્ર જૈનદર્શનમાં છે, અન્યમાં નહીં. તેથી જિનશાસનમાં સ્થિર શ્રદ્ધા છે તે સમ્યક્ત્વ છે. આ પ્રકારનું તાત્પર્ય પૂર્વના શ્લોકના કથનથી પ્રાપ્ત થયું.

ત્યારબાદ કેટલાક દર્શનકારો આત્મકલ્યાણને ઉપયોગી પદાર્થો તરીકે પ્રમાણ-પ્રમેયાદિ પદાર્થો કહે છે અને યોગમાર્ગમાં પ્રવૃત્તિ અર્થે પ્રમાણ-પ્રમેયાદિ લક્ષણનો બોધ કરાવે છે. તે દર્શનની અપેક્ષાએ વિચારીએ તો "બધાં દર્શનોની અહિંસામાં એકવાક્યતા છે" એટલું કથન પર્યાપ્ત ન થાય; કેમ કે જેમ અહિંસાદિકનું જ્ઞાન આવશ્યક છે તેમ પ્રમાણ-પ્રમેયાદિનું જ્ઞાન પણ આવશ્યક છે તેવો અર્થ થાય. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે કે યોગમાર્ગમાં પ્રમાણના લક્ષણાદિનો કોઈ ઉપયોગ નથી; કેમ કે પ્રમાણ એટલે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું છે ? તેનો નિર્ણય જો આવશ્યક હોય તો તેનો નિર્ણય કરવા માટે અન્ય જ્ઞાનની આવશ્યકતા છે, અને તે જ્ઞાન પ્રમાણરૂપ છે કે નહીં તે જાણવા માટે તેના લક્ષણનો બોધ આવશ્યક રહેશે, અને તે બીજા જ્ઞાનના પ્રમાણનો બોધ કરવા ત્રીજું જ્ઞાન આવશ્યક રહેશે કે જેના દ્વારા બીજા પ્રમાણના લક્ષણનું જ્ઞાન થાય. આ રીતે અનવસ્થા દોષ આવશે; અને આ અનવસ્થા દૂર કરવા માટે જો એમ કહેવામાં આવે કે યોગમાર્ગમાં પ્રમાણના લક્ષણની આવશ્યકતા છે, અને તે પ્રમાણના લક્ષણનું જ્ઞાન બીજા પ્રામાણિક જ્ઞાનથી થશે, તથા તે બીજા પ્રામાણિક જ્ઞાન માટે અન્ય પ્રામાણિક જ્ઞાનની આવશ્યકતા નથી, તો પ્રમાણના લક્ષણ વગર પણ પ્રથમ જ્ઞાનથી જ અહિંસાદિ પદાર્થોની સિદ્ધિ થશે. તેથી ગ્રંથકારશ્રી કહે છે -યોગમાર્ગમાં પ્રમાણના લક્ષણના જ્ઞાનની આવશ્યકતા નથી પરંતુ યોગમાર્ગની પ્રવૃત્તિમાં ઉપયોગી એવી અહિંસાદિના જ જ્ઞાનની આવશ્યકતા છે.

આમ, શ્લોક-૨૨માં સ્થાપન કર્યું કે પ્રમાણના લક્ષણના જ્ઞાન વગર પણ પદાર્થનો યથાર્થ નિર્ણય થઈ શકે છે. આ જ વાતને યુક્તિથી હવે શ્લોક-૨૩માં બતાવે છે.

જે કારણથી લોકમાં પ્રમાણ અને તેનો વ્યવહાર પ્રસિદ્ધ છે તે કારણથી પ્રમાણજ્ઞાનનું લક્ષણ શું છે ? તે જાણવાની જરૂર રહેતી નથી. આ વાતને નીચેનાં ઉદાહરણોથી સ્પષ્ટ સમજાવી શકાય.

(૧) ઘટને જોઈને કોઈ અભણ પુરુષ પણ કહી શકે છે કે "હું ચક્ષુથી ઘટને જોઉં છું, તેથી મારું જ્ઞાન યથાર્થ છે." તે જ અભણ પુરુષ ક્યારેક દૂર રહેલી અન્ય કોઈ વસ્તુને ભ્રમથી "આ ઘટ છે" એ રૂપે જાણે, અને પછી નજીક જાય ત્યારે ખરેખર જાણે છે કે "તે ઘટ નથી, પરંતુ અન્ય જ કોઈ વસ્તુ છે." તેથી તે પોતે સ્વીકારે છે કે "મારું પૂર્વનું જ્ઞાન ખોટું હતું; કેમ કે જેને હું ઘટ માનતો હતો તે ઘટ નથી, પરંતુ અન્ય વસ્તુ છે." આમ, આવા અભણ પુરુષને પ્રત્યક્ષ-પ્રમાણના લક્ષણનું જ્ઞાન નહીં હોવા છતાં પદાર્થને યથાર્થ જાણી તો શકે જ છે.

(૨) એ જ રીતે અભણ પુરુષ પણ પર્વત પર ધુમાડો જોઈને કહે છે કે પર્વત પર અગ્નિ છે, છતાં તે પુરુષ અનુમાનપ્રમાણનું લક્ષણ શું છે તે જાણતો નથી. વળી, તે અભણ પુરુષ પર્વત ઉપર ધૂળના ગોટા જોઈને પર્વત પર અગ્નિ છે તેવો નિર્ણય કરે છે અને જ્યારે નજીક જાય છે ત્યારે અગ્નિના ધુમાડાને સ્થાને ધૂળના ગોટા સ્પષ્ટ જોઈ શકે છે તેથી એ સ્વીકારે છે કે "મેં પર્વત પર અગ્નિ અંગે પૂર્વે અનુમાન કરેલ તે મારું જ્ઞાન ખોટું છે." આમ આ અભણ પુરુષ અનુમાનપ્રમાણના લક્ષણના જ્ઞાન વગર પદાર્થને યથાર્થ જાણી શકે છે. તેથી લોકમાં પ્રમાણના જ્ઞાન વગર પણ પ્રત્યક્ષ, અનુમાન આદિ પ્રમાણો પ્રસિદ્ધ છે. માટે પ્રમાણોના લક્ષણના જ્ઞાન વગર પણ "મારું આ જ્ઞાન યથાર્થ છે" અને "મારું આ જ્ઞાન યથાર્થ નથી" તેવો પ્રામાણિક વ્યવહાર લોકમાં પ્રસિદ્ધ છે. માટે ગ્રંથકારશ્રી કહે છે– આત્મકલ્યાણ અર્થે પ્રમાણ-પ્રમેયાદિનું લક્ષણ જાણવું જોઈએ તેમ કહેવાનું કોઈ પ્રયોજન નથી. આમ છતાં જે દર્શનકારો એમ કહે છે કે "પ્રમાણ-પ્રમેયાદિ સોળ તત્ત્વોનું જ્ઞાન મોક્ષ માટે ઉપયોગી છે" તે કથન તેઓનું અસંબદ્ધ છે, પરંતુ અહિંસાદિને મોક્ષના ઉપાયરૂપે બધા દર્શનકારો માને છે, તોપણ અહિંસાદિનું સાચું સ્વરૂપ જાણવા માટે તેના લક્ષણના જ્ઞાનની આવશ્યકતા છે અને તેનું લક્ષણ જૈનદર્શન પ્રમાણે પરિપૂર્ણ શુદ્ધ છે, અન્ય દર્શનની માન્યતામાં શુદ્ધ અહિંસાનું લક્ષણ પ્રાપ્ત થતું નથી. માટે જ જૈનદર્શન સર્વજ્ઞકથિત છે, અન્ય દર્શન નહીં, એ પ્રકારનો ધ્વનિ અર્થથી શ્લોક-૨૨ અને ૨૩ દ્વારા પ્રાપ્ત થાય છે. **॥૧૨/૨૨-૨૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં કહ્યું કે કયા દર્શનમાં અહિંસાદિનો સંભવ છે, તે વિચાર કરવો જોઈએ. તેથી હવે શ્લોક-૨૪થી ૩૨ સુધી એકાંતનિત્યપક્ષમાં હિંસા ઘટતી નથી, તે બતાવવા અર્થે એકાંતનિત્યવાદી જે જે યુક્તિથી નિત્યપક્ષ સ્વીકારીને પણ હિંસાની સંગતિ કરે છે તે સંગત નથી, તે બતાવે છે –**

**શ્લોક :-**

**तत्रात्मा नित्य एवेति, येषामेकान्तदर्शनम् ।**
**हिंसादयः कथं तेषां, कथमप्यात्मनोऽव्ययात् ।।२४।।**

**અન્વયાર્થ :-**

**तत्र=ત્યાં=ધર્મના ઉપાયની વિચારણામાં, आत्मा नित्य एव='આત્મા નિત્ય જ છે,' इति येषां एकान्तदर्शनम्=એ પ્રકારનું જેઓનું એકાન્ત દર્શન છે, तेषां=તેઓને અર્થાત્ તેઓના મતમાં, कथं हिंसादयः=હિંસાદિ કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ ન ઘટે, कथम् अपि आत्मनः अव्ययात्=કેમ કે કોઈપણ રીતે આત્માનો અવ્યય છે. ।।૧૨/૨૪।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મના ઉપાયની વિચારણામાં 'આત્મા નિત્ય જ છે,' એ પ્રકારનું જેઓનું એકાન્ત દર્શન છે, તેઓના મતમાં હિંસાદિ ન ઘટે; કેમ કે કોઈપણ રીતે આત્માનો અવ્યય છે. ।।૧૨/૨૪।।**

**ભાવાર્થ :-**

જે દર્શનકારો આત્માને એકાન્તનિત્ય માને છે તેમના મતમાં આત્મા કૂટસ્થ નિત્ય છે અને કૂટસ્થ નિત્યનો અર્થ તેઓ આ મુજબ કરે છે : "અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિરએકસ્વભાવ." તેનાથી એ પ્રાપ્ત થાય કે તેઓના મત પ્રમાણે આત્મા સદા એક સ્વરૂપ છે, તેમાં લેશમાત્ર પણ પરિવર્તન થતું નથી. તેથી તેમના મત પ્રમાણે કોઈની હિંસા થઈ શકે નહીં; કેમ કે હિંસા કરનાર પુરુષ ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ કોઈના આત્મામાં લેશમાત્ર પણ પરિવર્તન થતું નથી. તેથી તે આત્માની હિંસા થઈ તેમ કહી શકાય નહીં.

જ્યારે સ્યાદ્વાદના મતે તો આત્મા અસંખ્યાત પ્રદેશરૂપે સદા એક સ્વરૂપ છે અને તે આત્મામાંથી એક પ્રદેશ પણ ક્યારેય છૂટો પડતો નથી તેથી તેની હિંસા તે અપેક્ષાએ કોઈ કરી શકે નહીં; કેમ કે આત્માના બે ભાગ થતા નથી કે આત્માનો એક પણ પ્રદેશ આત્માથી છૂટો થતો નથી. આમ છતાં સંસારી આત્મા શરીર સાથે કથંચિત્ એકત્વ ભાવ પામે છે અને હિંસક વ્યક્તિ જ્યારે શસ્ત્રાદિના પ્રયોગથી અન્ય કોઈ જીવના શરીરના ટુકડા કરે ત્યારે જે શરીર સાથે તે આત્માનો સંબંધ હતો તે શરીરથી તેનો વિયોગ થાય છે. માટે હિંસકથી તે આત્માની હિંસા થઈ તેમ કહેવાય છે.

વળી, એકાંતનિત્યવાદી તો આત્માને શરીરથી એકાંતે જુદો જ માને છે અને શરીરના કોઈ ખંડ કરે તોપણ આત્મામાં કોઈ જાતનું પરિવર્તન માનતા નથી. તેથી આત્માનો કોઈપણ અપેક્ષાએ વ્યય નહીં હોવાથી તેમના મત પ્રમાણે આત્માની હિંસા ઘટે નહીં.

તે રીતે મૃષાવાદાદિ તત્ત્વો પણ તે મતમાં ઘટે નહીં; કેમ કે પૂર્વે આત્મા મૃષાવાદ કરતો ન હતો અને પાછળથી મૃષાવાદ કરે છે તેમ સ્વીકારીએ તો આત્માને એકાંતનિત્ય માની શકાય નહીં; અને આત્મા એકાંત નિત્ય હોય તો તેનામાં કોઈ પરિવર્તન નથી, તેથી તે આત્મા મૃષાવાદ કરે છે તેમ પણ માની શકાય નહીં; અને જેના મતમાં હિંસા, મૃષાવાદ આદિ ઘટે નહીં તે દર્શન કહે કે "હિંસાદિની નિવૃત્તિ એ મોક્ષનો ઉપાય છે" તે વચન સંગત થાય જ નહીં; કેમ કે એકાંતનિત્યપક્ષમાં હિંસાદિનો સંભવ નહીં હોવાથી આત્મા સદા અહિંસક જ છે. **॥૧૨/૨૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે એકાન્તનિત્યપક્ષમાં હિંસા ઘટે નહીં. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે "મનોયોગવિશેષનો ધ્વંસ એ આત્માનું મરણ છે અને તે હિંસા છે. માટે એકાન્તનિત્યપક્ષમાં પણ હિંસાની સંગતિ થાય છે." તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**मनोयोगविशेषस्य, ध्वंसो मरणमात्मनः ।**
**हिंसा तच्चेन्न तत्त्वस्य, सिद्धेरार्थसमाजतः ।।२५।।**

**અન્વયાર્થ :-**

**मनोयोगविशेषस्य ध्वंसो=મનોયોગવિશેષનો ધ્વંસ અર્થાત્ સ્મૃતિઅજનક જ્ઞાનનો જનક મનસંયોગરૂપ મનોયોગવિશેષનો ધ્વંસ, आत्मनः मरणं=આત્માનું મરણ, तद् हिंसा चेत् न=તે હિંસા છે એમ તું કહે છે તો ગ્રંથકારશ્રી કહે છે કે તે બરાબર નથી, तत्त्वस्य अर्थसमाजतः सिद्धेः=(કેમ કે) તત્ત્વની અર્થસમાજથી સિદ્ધિ છે અર્થાત્ ઉક્ત મનોયોગવિશેષના ધ્વંસત્વની અર્થસમાજથી સિદ્ધિ છે. ॥૧૨/૨૫॥**

**શ્લોકાર્થ :-**

**સ્મૃતિઅજનક જ્ઞાનનો જનક મનસંયોગરૂપ મનોયોગવિશેષનો ધ્વંસ આત્માનું મરણ તે હિંસા છે એમ તું કહે છે તો ગ્રંથકારશ્રી કહે છે કે તે બરાબર નથી; કેમ કે ઉક્ત મનોયોગવિશેષના ધ્વંસત્વની અર્થસમાજથી સિદ્ધિ છે. ॥૧૨/૨૫॥**

**ભાવાર્થ :-**

નૈયાયિકો આત્માને એકાંતે નિત્ય માને છે. તેથી તેમના મત પ્રમાણે આત્માની હિંસા થઈ શકે નહીં, છતાં હિંસા અને અહિંસાના વ્યવહારની સંગતિ માટે તેઓ કહે છે કે મનોયોગવિશેષનો નાશ એ આત્માનું મરણ છે અને તે હિંસા છે. નૈયાયિકના મત પ્રમાણે મનોયોગનો નાશ સદા થયા કરે છે, પરંતુ જ્યારે મનુષ્યનું મૃત્યુ થાય છે ત્યારે સ્મૃતિના અજનક ચરમ મનસંયોગનો નાશ થાય છે, તેને નૈયાયિકો હિંસા કહે છે. તે આ રીતે –

વિષયોની સાથે ઇન્દ્રિયોનો સંબંધ થાય છે, ઇન્દ્રિયોની સાથે મનનો સંબંધ થાય છે અને મનનો આત્માની સાથે સંબંધ થાય છે ત્યારે આત્માને વિષય અંગેનું જ્ઞાન થાય છે. નૈયાયિકના મત પ્રમાણે આત્માને જ્ઞાન થયા પછી બીજી જ ક્ષણમાં જ્ઞાનનો જનક એવો તે મનોયોગ નાશ પામે છે, પરંતુ તે જ્ઞાન સંસ્કારને આધાન કરીને સ્મૃતિનું જનક બને છે. તેથી સર્વ મનોયોગો સ્મૃતિના જનક એવા જ્ઞાનના જનક છે. આમ છતાં જ્યારે કોઈ પુરુષ શસ્ત્ર આદિથી કોઈને મારે ત્યારે તે મરનાર વ્યક્તિના આત્માની સાથે જે મનનો સંબંધ હતો તે ચરમ મનોયોગ છે; કેમ કે ત્યાર પછી ફરીથી ઇન્દ્રિયો સાથે સંબંધ થઈને

આત્માની સાથે તેના મનનો સંયોગ થવાનો નથી અને તે મનસંયોગથી થયેલું જ્ઞાન સ્મૃતિનું જનક બની શકતું નથી. તેથી તે મનસંયોગ સ્મૃતિનો અજનક છે, અને તે મનોયોગવિશેષ છે. તેનો ધ્વંસ તે આત્માનું મરણ છે, જેને નૈયાયિકો હિંસા માને છે.

આ હિંસા આત્માના સર્વથા અવ્યયમાં પણ ઘટે છે. વળી શરીરની સાથે આત્માનું અતિસાન્નિધ્ય હોવાને કારણે શરીરના ખંડનથી આત્મા પણ ખંડિત થયો એ પ્રમાણે લોકોને અભિમાન છે અને આ અભિમાન વિશેષદર્શી માટે આદરણીય નથી, એમ નૈયાયિક કહે છે, અને આમ કહીને આત્માને એકાંતનિત્ય સ્થાપન કરે છે. આમ છતાં પોતાના મતમાં હિંસાની સંગતિ છે, એમ પણ નૈયાયિક સ્થાપન કરે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે તે વાત બરાબર નથી; કેમ કે ઉક્ત ધ્વંસત્વની અર્થસમાજથી સિદ્ધિ છે.

તાત્પર્ય એ છે કે જેમ ઘટ ઘટના કારણથી થાય છે, અને નીલા રંગનો ઘટ, નીલા રંગની સામગ્રી તથા ઘટની સામગ્રી એમ બે પ્રકારની સામગ્રીરૂપ અર્થસમાજથી પેદા થાય છે. તેથી ઘટના હેતુ અને નીલા રંગના ઘટના હેતુ જુદા છે, એમ કહેવાતું નથી; પરંતુ નીલઘટરૂપ કાર્ય અર્થસમાજથી સિદ્ધ છે અને ઘટની સામગ્રીથી ઘટ નિષ્પન્ન થાય છે, તેમ માનવામાં આવે છે. તે જ રીતે વિશિષ્ટ મનોયોગનો ધ્વંસ અર્થસમાજથી સિદ્ધ છે. તે આ રીતે –

જેમ નીલ રંગ અને ઘટની સામગ્રીથી નીલઘટ પેદા થાય છે તેમ મૃત્યુ પૂર્વે ચરમ મનસંયોગથી જે જ્ઞાન થયેલું તે મૃત્યુ થતાં તેની સ્મૃતિના હેતુનો અભાવ હોવાથી તેની સ્મૃતિ થતી નથી. વળી, જેમ દરેક મનસંયોગો નાશ પામતા હતા તેમ ચરમ મનસંયોગ પણ નાશ પામે છે. માટે મનોયોગવિશેષનો નાશ અર્થસમાજથી સિદ્ધ થાય છે.

અર્થસમાજ એટલે બે કારણોની સામગ્રીના સમુદાયથી જે કાર્યની નિષ્પત્તિ થાય તે અર્થસમાજથી થયું કહેવાય. જેમ નીલ રંગને કારણે ઘટમાં નીલ રંગ પેદા થયો અને ઘટની સામગ્રીથી ઘટ પેદા થયો. તેથી અર્થસમાજથી નીલઘટ પેદા થયો છે એમ કહેવાય છે. તે રીતે સ્મૃતિના હેતુના અભાવને કારણે સ્મૃતિ ઉત્પન્ન થતી નથી અને જેમ પૂર્વના મનોયોગના સંયોગો નાશ પામે છે તેમ

ચરમ મનોસંયોગ પણ નાશ પામે છે. તેથી સ્મૃતિઅજનક જ્ઞાનજનક એવા ચરમ મનસંયોગનો નાશ બે કારણની સામગ્રીથી થયેલો છે. માટે અર્થસમાજથી થયેલો છે. તેથી તે મનોયોગવિશેષનો ધ્વંસ કોઈનાથી થયો નથી. તેથી કોઈએ તેની હિંસા કરી છે એમ કહી શકાય નહીં. માટે એકાંતનિત્યવાદી પક્ષમાં હિંસા સંગત નથી. **॥૧૨/૨૫॥**

**અવતરણિકા :-**

**એકાન્તનિત્યપક્ષમાં હિંસાદિ ઘટતા નથી એમ શ્લોક-૨૪માં કહ્યું. ત્યારપછી આત્માને એકાન્તનિત્ય માનનાર નૈયાયિક જે રીતે હિંસાની સંગતિ કરે છે તે યુક્તિયુક્ત નથી, એમ શ્લોક-૨૫માં બતાવીને નૈયાયિકના મતમાં હિંસા ઘટતી નથી, તે સિદ્ધ કર્યું. હવે સાંખ્યદર્શન આત્માને એકાંતનિત્ય માનીને હિંસાની સંગતિ કરે છે, તે પણ ઉચિત નથી તે બતાવે છે –**

**શ્લોક :-**

**नैति बुद्धिगतदुःखोत्पादरूपेयमौचितीम् ।**
**पुंसि भेदाग्रहात्तस्याः, परमार्थाऽव्यवस्थितेः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**बुद्धिगतदुःखोत्पादरूपा इयम्=બુદ્ધિગત દુઃખઉત્પાદનરૂપ આ=હિંસા, औचितीम् न एति=ઔચિતીને પ્રાપ્ત કરતી નથી, पुंसि भेदाग्रहात्=કેમ કે પુરુષમાં ભેદનો અગ્રહ હોવાથી, तस्याः परमार्थाऽव्यवस्थितेः=તેની પરમાર્થથી અવ્યવસ્થિતિ છે=હિંસાની પુરુષમાં પરમાર્થથી અપ્રાપ્તિ છે. ॥૧૨/૨૬॥**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિગત દુઃખઉત્પાદનરૂપ આ=હિંસા ઔચિતીને પ્રાપ્ત કરતી નથી; કેમ કે પુરુષમાં ભેદનો અગ્રહ હોવાથી હિંસાની પુરુષમાં પરમાર્થથી અપ્રાપ્તિ છે. ॥૧૨/૨૬॥**

**ભાવાર્થ :-**

સાંખ્યના મતમાં પુરુષ અને પ્રકૃતિ એમ બે પદાર્થો છે. વળી, પુરુષ એકાંત નિત્ય છે તથા પ્રકૃતિમાંથી બુદ્ધિ પેદા થાય છે અને પુરુષનું બુદ્ધિમાં પ્રતિબિંબ

પડે છે. તેથી કોઈ વ્યક્તિ કોઈને મારે ત્યારે તે મરનાર વ્યક્તિને બુદ્ધિગત દુઃખ ઉત્પન્ન થાય છે અને બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે પરંતુ બુદ્ધિથી પુરુષનો ભેદ છે એવું જ્ઞાન પુરુષને નહીં હોવાથી "મને દુઃખ ઉત્પન્ન થાય છે" એ પ્રકારનો પુરુષને ભ્રમ થાય છે.

આનાથી એ ફલિત થાય કે કોઈ પુરુષ કોઈની હિંસા કરે ત્યારે જડ એવી પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિને દુઃખ ઉત્પન્ન થાય છે, પરંતુ જડ એવી બુદ્ધિને દુઃખ ઉત્પન્ન થાય તેમ કહેવું ઉચિતપણાને પામતું નથી; કેમ કે જડ એવા ઘટને દુઃખ ઉત્પન્ન થાય છે, તેમ કહી શકાય નહીં; અને પુરુષમાં પરમાર્થથી દુઃખ ઉત્પન્ન થતું નથી, તેથી સાંખ્ય મતાનુસાર પુરુષમાં હિંસા સંગત નથી; કેમ કે સાંખ્ય મતાનુસાર આત્મા એકાંતે નિત્ય છે. તેથી કોઈ પુરુષ હિંસા કરે ત્યારે પણ તે હિંસ્ય જીવમાં દુઃખ ઉત્પન્ન થતું નથી. માટે "આ આત્માની હિંસા થઈ" એ ઉપચારથી પ્રયોગમાત્ર થઈ શકે. **॥૧૨/૨૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫માં નૈયાયિકના મતાનુસાર હિંસા સંગત નથી તે બતાવ્યું, અને શ્લોક-૨૬માં સાંખ્ય મતાનુસાર હિંસા સંગત નથી એ બતાવ્યું. હવે એકાન્તનિત્યપક્ષમાં "હિંસા" પદનો પ્રયોગ કરવો તે પણ યુક્ત નથી, તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**न च हिंसापदं नाशपर्यायं कथमप्यहो ।**
**जीवस्यैकान्तनित्यत्वेऽनुभवाबाधकं भवेत् ।।२७।।**

**અન્વયાર્થ :-**

**ઉપરના બંને મતો પ્રમાણે હિંસા ઘટતી નથી, તેની સાથે સમુચ્ચય કરતાં કહે છે : च=અને, अहो !=અરે ! (આશ્ચર્યના અર્થમાં), जीवस्य एकान्तनित्यत्वे नाशपर्यायं हिंसापदं=જીવના એકાન્તનિત્યપણામાં "નાશ"ના પર્યાયરૂપ "હિંસા"પદ, कथं अपि अनुभवाबाधकं न भवेत्=કોઈપણ રીતે અનુભવનું અબાધક ન થાય અર્થાત્ નક્કી અનુભવનું બાધક થાય. ॥૧૨/૨૭॥**

**શ્લોકાર્થ :-**

**ઉપરના બંને મતો પ્રમાણે હિંસા ઘટતી નથી. તેની સાથે સમુચ્ચય કરતાં કહે છે : અને અરે ! જીવના એકાંતનિત્યપણામાં "નાશ"ના પર્યાયરૂપ "હિંસા"પદ કોઈપણ રીતે અનુભવનું અબાધક ન થાય અર્થાત્ નક્કી અનુભવનું બાધક થાય. ।।૧૨/૨૭।।**

**ભાવાર્થ :-**

જીવનું એકાંતનિત્યપણું હોય તો "જીવની હિંસા થાય છે" એ પદનો પ્રયોગ થઈ શકે નહીં; કેમ કે "હિંસા"પદ એ "નાશ" નો પર્યાયવાચક છે અને એકાંતનિત્ય હોય તેનો નાશ થઈ શકે નહીં. તેથી "હિંસા"પદનો પ્રયોગ કરવો એ અનુભવનો બાધક છે. તેથી જે લોકો આત્માને એકાંતનિત્ય માને છે તેમના મતમાં "અહિંસા ધર્મ છે" તેમ કહી શકાય નહીં. **॥૧૨/૨૭॥**

**અવતરણિકા :-**

**એકાંતનિત્યપક્ષમાં જેમ હિંસા સંગત થાય નહીં તેમ શરીર સાથે સંબંધ પણ સંગત થાય નહીં. તે બતાવે છે –**

**શ્લોક :-**

**शरीरेणापि सम्बन्धो, नित्यत्वेऽस्य न सम्भवी ।**
**विभुत्वे न च संसारः, कल्पितः स्यादसंशयम् ।।२८।।**

**અન્વયાર્થ :-**

**(૧) अस्य नित्यत्वे=આના નિત્યપણામાં અર્થાત્ આત્માના નિત્યપણામાં, शरीरेण अपि सम्बन्धः न सम्भवी=શરીરની સાથે પણ સંબંધ સંભવતો નથી, विभुत्वेन च=(અને આત્માના) વિભુપણાથી, संसारः असंशयं कल्पितः स्यात्= સંસાર અસંશય કલ્પિત થાય.**

**અથવા**

**(૨) अस्य नित्यत्वे=આના નિત્યપણામાં અર્થાત્ આત્માના નિત્યપણામાં, शरीरेण अपि सम्बन्धः न सम्भवी=શરીરની સાથે પણ સંબંધ સંભવતો નથી, विभुत्वे च=અને આત્માના વિભુપણામાં, न संसारः=સંસાર નથી, स्यात्=**

**જો થાય તો, असंशयं कल्पितः=અસંશય કલ્પિત થાય. ॥૧૨/૨૮॥**

❖ 'द्वात्रिंशद्द्वात्रिंशिका'માં લેખકે પોતે "વાદબત્રીશી"ના આ જ શ્લોકના 'विभुत्वेन च' શબ્દનો અન્વય બે રીતે કર્યો છે, તેમાં એક વિકલ્પ પ્રમાણે 'विभुत्वेन च' ગ્રહણ કરીને કર્યો છે અને બીજા વિકલ્પ પ્રમાણે 'विभुत्वे न च' ગ્રહણ કરીને કર્યો છે. તેથી અહીં અમે પણ શ્લોકમાં બે રીતે અર્થ કરેલ છે.

**શ્લોકાર્થ :-**

**(૧) આત્માના નિત્યપણામાં શરીરની સાથે પણ સંબંધ સંભવતો નથી, અને આત્માના વિભુપણાથી સંસાર અસંશય કલ્પિત થાય.**

**અથવા**

**(૨) આત્માના નિત્યપણામાં શરીરની સાથે પણ સંબંધ સંભવતો નથી, અને આત્માના વિભુપણામાં સંસાર નથી. જો થાય તો અસંશય કલ્પિત થાય. ॥૧૨/૨૮॥**

**ભાવાર્થ :-**

આત્માના એકાંતનિત્યપણામાં જેમ હિંસા ઘટતી નથી તેમ શરીરની સાથે સંબંધ પણ સંભવતો નથી; કેમ કે આત્માનો શરીર સાથે પૂર્વમાં સંબંધ ન હતો અને પછી સંબંધ થયો એમ માનવાથી આત્માના પૂર્વરૂપનો ત્યાગ માનવો પડશે, તેથી આત્માના નિત્યત્વની હાનિ થશે. વળી, જો પૂર્વરૂપનો ત્યાગ ન માનો તો જન્મની પ્રાપ્તિની પૂર્વમાં જેમ પ્રસ્તુત શરીરનો સંબંધ ન હતો તેમ વર્તમાનમાં પણ પ્રસ્તુત શરીરની સાથે સંબંધ નથી, એમ માનવું પડે, અને તે તો અનુભવથી વિરુદ્ધ છે.

વળી, આત્માને એકાન્તનિત્ય માનનારાઓ આત્માને નિષ્ક્રિય માને છે; કેમ કે જો આત્મા સક્રિય હોય તો નિત્યત્વની હાનિ થાય, અને આત્માને નિષ્ક્રિય સિદ્ધ કરવા વિભુ માને છે; કેમ કે આત્મા વિભુ ન હોય તો જુદા જુદા ભવમાં જુદા જુદા શરીરની સાથે સંબંધ કરવા માટે સક્રિય બનવું પડે; પરંતુ આત્મા વિભુ હોવાને કારણે સર્વગત છે અને તેથી ક્રિયા વગર પણ તેને સર્વ શરીર

સાથે સંબંધ થાય છે, એમ તેઓ માને છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે વિભુ એવો આત્મા સર્વત્ર વ્યાપ્ત છે, તેથી તેનામાં ગમનાગમનની ક્રિયા નથી, અને આવો આત્મા સ્વીકારીએ તો સંસાર કલ્પિત થાય. તે આ રીતે –

સંસાર એટલે એક ભવમાંથી બીજા ભવમાં સંસરણ કરવું તે. 'સંસાર' શબ્દનો આ અર્થ થાય છે. હવે આત્માને જો વિભુ માનીએ તો આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે તેવું માની શકાય નહીં, અને જો તે વાત સ્વીકારીએ તો કલ્પિત જ સ્વીકારી શકાય; કેમ કે નૈયાયિકની માન્યતા પ્રમાણે આત્મા સર્વગત હોવાથી ગમનાગમનની ક્રિયા નથી. છતાં જે કહેવાય છે કે "આ આત્મા મનુષ્યભવમાંથી દેવભવમાં ગયો" તે કલ્પિત વ્યવહાર છે, વાસ્તવિક નથી; કેમ કે વસ્તુતઃ આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જતો જ નથી. આ રીતે સંસારને કલ્પિત સ્વીકારી લઈએ તો ચારગતિના ભ્રમણરૂપ સંસારના ઉચ્છેદ માટેનો ઉપદેશ પણ કલ્પિત જ બને, અને તેમ માની લઈએ તો આખો યોગમાર્ગ પણ કલ્પિત સિદ્ધ થાય. તેથી વિચારક તેમાં પ્રવૃત્તિ કરે નહીં, અને યોગીઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે તેનું કારણ સંસારના પરિભ્રમણથી જ તેઓ ઉદ્વિગ્ન છે આથી જ તેના ઉચ્છેદ માટે ક્રિયા કરે છે. માટે આત્માને વિભુ માનવો ઉચિત નથી.

સંક્ષેપથી પ્રસ્તુત શ્લોક દ્વારા ગ્રંથકારશ્રી કહે છે કે આત્મા શરીર સાથેનો સંબંધ માનીએ અને આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે એમ માનીએ, તો સંસારનું વાસ્તવિક સ્વરૂપ સિદ્ધ થાય અને તો યોગમાર્ગની પ્રામાણિકતા સિદ્ધ થાય. તેથી આત્માનો શરીર સાથે સંબંધ પણ સ્વીકારવો જોઈએ અને આત્માને શરીરસ્થ માનવો જોઈએ. વળી, તેમ સ્વીકારીએ તો આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે અને શરીર સાથેના સંબંધવાળો આત્મા પર્યાયરૂપે અનિત્ય છે એમ સ્વીકારવું જોઈએ. જેથી યોગમાર્ગ પ્રામાણિક છે તેમ માની શકાય અને યોગમાર્ગના ઉપદેશ પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી શરીર સાથેનો સંબંધ સદા માટે છૂટી જાય અને સંસારનું પરિભ્રમણ બંધ થાય અને એકાંત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય. તેથી જ વિચારક જીવો મોક્ષની પ્રાપ્તિ અર્થે .યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. **॥૧૨/૨૮॥**

**અવતરણિકા :-**

**વિભુપણું સ્વીકારવા છતાં પણ સંસારની સંગતિ થઈ શકશે, એ પ્રકારની નૈયાયિકની યુક્તિ બતાવીને તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**अदृष्टाद्देहसंयोगः, स्यादन्यतरकर्मजः ।**
**इत्थं जन्मोपपत्तिश्चेन्न तद्योगाविवेचनात् ।।२९।।**

**અન્વયાર્થ :-**

**अदृष्टात्=અદષ્ટને કારણે અર્થાત્ પૂર્વ જન્મમાં કરાયેલી પ્રવૃત્તિથી પેદા થયેલા કર્મને કારણે, अन्यतरकर्म्मजः देहसंयोगः स्यात्=અન્યતર કર્મથી પેદા થયેલ દેહનો સંયોગ થાય અર્થાત્ વિભુ એવો આત્મા અને દેહ એ બેમાંથી અન્યતર એવા દેહની ક્રિયાથી દેહનો સંયોગ આત્માની સાથે થાય. इत्थं=આ રીતે અર્થાત્ અન્યતર કર્મથી પેદા થયેલો દેહનો સંયોગ આત્માની સાથે થાય છે એ રીતે, जन्मोपपत्तिश्चेत्=જન્મોપપત્તિ થાય છે એમ જો નૈયાયિક કહે તો, न=ગ્રંથકારશ્રી કહે છે કે એ બરાબર નથી, तद्योगाविवेचनात्=કેમ કે તેના અર્થાત્ શરીરના સંયોગનું અવિવેચન છે. ।।૧૨/૨૯।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વજન્મમાં કરાયેલી પ્રવૃત્તિથી પેદા થયેલા કર્મને કારણે વિભુ એવો આત્મા અને દેહ એ બેમાંથી અન્યતર એવા દેહની ક્રિયાથી દેહનો સંયોગ આત્માની સાથે થાય. એ રીતે જન્મોપપત્તિ થાય છે, એમ જો નૈયાયિક કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે એ બરાબર નથી; કેમ કે શરીરના સંયોગનું અવિવેચન છે. ।।૧૨/૨૯।।**

**ભાવાર્થ :-**

નૈયાયિકની માન્યતા પ્રમાણે આત્મા નિત્ય છે અને વિભુસ્વરૂપે સર્વત્ર વ્યાપ્ત છે, આમ છતાં અદષ્ટને કારણે આત્માનો દેહ સાથે સંયોગ થાય છે.

જેમ કે આ ભવમાં કોઈ જીવ કોઈક પ્રવૃત્તિ કરીને કર્મ બાંધે છે તે અદૃષ્ટને કારણે જ્યારે આ શરીરનો સંબંધ છૂટી જાય છે ત્યારે જે સ્થાનમાં તે જન્મવાનો છે તે સ્થાનમાં રહેલ દેહનાં પુદ્ગલો સાથે તેનો સંબંધ થાય છે અને આ સંયોગ થવામાં દેહનાં પુદ્ગલોમાં થયેલી ક્રિયા કારણ છે, આત્મામાં કોઈ ક્રિયા થતી નથી. તેથી એ પ્રાપ્ત થાય કે જે પ્રકારનું પોતે અદૃષ્ટ બાંધેલું હોય તે પ્રમાણે જે ભવમાં તેને જન્મવાનું હોય તે સ્થાનમાં રહેલાં દેહનાં પુદ્ગલોમાં ક્રિયા થાય છે. વળી, વિભુ અને અક્રિય એવા આત્મામાં તે દેહનાં પુદ્ગલોનો સંયોગ થાય છે તેથી આત્મા વિભુ અને અક્રિય હોવાને કારણે પરલોકમાં નહીં જતો હોવા છતાં દેહની સાથે સંયોગ થાય છે, એ રીતે જન્મની ઉપપત્તિ થશે.

નૈયાયિકના મતે આત્મા કોઈ ક્રિયા કરતો નથી, પરંતુ દેહની અંદર ક્રિયા થવાથી આત્મા અને દેહનો સંયોગ થાય છે; કારણ કે કોઈપણ બે પદાર્થનો સંયોગ થવા માટે બે જ વિકલ્પો હોઈ શકે. (૧) બંને પદાર્થો ક્રિયા કરી ભેગા થવાથી સંયોગ થાય અથવા (૨) કોઈ એક પદાર્થ સ્થિર રહે અને બીજો પદાર્થ ક્રિયા કરીને તેની સાથે ભેગો થવાથી સંયોગ થાય. નૈયાયિક આત્માને વિભુ માને છે અને અક્રિય માને છે, તેથી દેહની અંદર ક્રિયા થવાથી આત્મા અને દેહનો સંયોગ થાય છે. આ દેહસંયોગને તેઓ જન્મ કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે વિભુ એવા આત્માની સાથે દેહના સંયોગનું વિવેચન નહીં થતું હોવાથી તારી વાત બરાબર નથી.

આશય એ છે કે નૈયાયિકના મત પ્રમાણે આત્મા વિભુ છે, તેથી વિભુ એવા આત્માનો જગતનાં તમામ શરીરો સાથે સંબંધ છે. માટે આત્મા મનુષ્યભવમાંથી મરીને સ્વર્ગલોકમાં જાય છે ત્યારે સ્વર્ગલોકના શરીરમાં ક્રિયા થવાથી આત્મા સાથે સંયોગ થયો, એ પ્રકારનું કથન કરી શકાય નહીં; કેમ કે જો આત્મા વિભુ ન હોય અને સ્થિર હોય તો આત્મા સાથે અસંબદ્ધ એવા દેહમાં ક્રિયા થઈ અને આત્મા સાથે સંબંધ થયો, એમ વિવેચન થઈ શકે; પરંતુ આત્મા સર્વવ્યાપી હોય, ત્યારે જગતનાં તમામ શરીર સાથે તેનો સંબંધ છે જ. માટે પૂર્વમાં સંબંધ ન હતો અને હવે સંબંધ થયો, એવું કથન થઈ શકે નહીં. માટે સંયોગનું વિવેચન કર્યા વગર જ નૈયાયિકે જન્મની સંગતિ કરેલ છે. તેથી નૈયાયિકનું

વચન સંગત નથી. આનાથી એ ફલિત થયું કે બે દ્રવ્યો સર્વવ્યાપી ન હોય તો બંને દ્રવ્યોમાં ક્રિયા થાય અને સંયોગ થાય છે તેમ કહી શકાય, અથવા બંને દ્રવ્યોમાંથી એક દ્રવ્ય સ્થિર છે અને સ્થિર દ્રવ્ય સાથે અન્ય દ્રવ્યનો સંયોગ નથી ત્યારે અન્ય દ્રવ્યમાં ક્રિયા થાય અને સ્થિર દ્રવ્ય સાથે તેનો સંયોગ થઈ શકે, પરંતુ આત્મા વિભુ હોવાથી સર્વ દ્રવ્ય સાથે તેનો સંયોગ છે જ. તેથી કોઈ દ્રવ્યમાં ક્રિયા થવાથી આત્માની સાથે તેનો સંયોગ થયો એમ કહી શકાય નહીં; કેમ કે અસંયુક્ત દ્રવ્યમાં જ સંયોગને અનુકૂળ ક્રિયા થવાથી તેનો સંયોગ થાય છે. તેથી અદૃષ્ટને કારણે દેહનો સંયોગ સ્વીકારીને વિભુ એવા આત્મામાં જન્મની ઉપપત્તિ થાય છે તેમ કહીને સંસારની સંગતિ નૈયાયિક કરે છે તે કલ્પિત જ છે. **॥૧૨/૨૯॥**

**અવતરણિકા :-**

**નૈયાયિકે કહ્યું કે આત્માને એકાંતે નિત્ય સ્વીકારવા છતાં અદૃષ્ટને કારણે અન્યતરની ક્રિયાથી પેદા થયેલ દેહનો સંયોગ આત્માની સાથે થાય છે, માટે જન્મની સંગતિ થઈ શકે. તેનું ગ્રંથકારશ્રીએ પૂર્વ શ્લોકમાં નિરાકરણ કર્યું. હવે અન્ય યુક્તિથી પણ નૈયાયિક મતમાં જન્મની સંગતિ નથી, તે બતાવે છે –**

**શ્લોક :-**

**आत्मक्रियां विना च स्यात् मिताणुग्रहणं कथम् ।**
**कथं संयोगभेदादिकल्पना चापि युज्यते ।।३०।।**

**અન્વયાર્થ :-**

आत्मक्रियां विना च=**અને આત્મક્રિયા વિના,** मिताणुग्रहणं कथं स्यात्=**મિતાણુગ્રહણ કેવી રીતે થાય ?** संयोगभेदादिकल्पना च अपि=**અને સંયોગ-ભેદાદિની કલ્પના પણ,** कथं युज्यते=**કેવી રીતે ઘટે ? ॥૧૨/૩૦॥**

**શ્લોકાર્થ :-**

**અને આત્મક્રિયા વિના મિતાણુગ્રહણ કેવી રીતે થાય ? અને સંયોગભેદાદિની કલ્પના પણ કેવી રીતે ઘટે ? ॥૧૨/૩૦॥**

**ભાવાર્થ :-**

નૈયાયિક આત્માને વિભુ માને છે અને અક્રિય માને છે. તેથી આત્મામાં કોઈ ક્રિયા થતી નથી. આમ છતાં અદૃષ્ટવિશેષથી દેહનો સંયોગ સ્વીકારીને જન્મની સંગતિ કરે છે અર્થાત્ કહે છે કે આત્મા વિભુ હોવા છતાં તેવા પ્રકારના કર્મને કારણે જે સ્થાનમાં દેહનો સંયોગ થયો તે સ્થાનમાં આત્મા જન્મ્યો તે પ્રકારે વ્યવહાર થાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે આત્મામાં કોઈ પ્રકારની ક્રિયા નથી તો અહીંથી મૃત્યુ પામીને સ્વર્ગલોકમાં જ્યારે જન્મ થાય છે ત્યારે સ્વર્ગલોકના જન્મ માટે પરિમિત અણુઓનું ગ્રહણ કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં.

આશય એ છે કે સ્વર્ગલોકમાં ઘણા પરમાણુઓ પડ્યા છે. તેમાંથી પરિમિત પરમાણુઓને જ આત્મા ગ્રહણ કરે છે, તેથી સ્વર્ગલોકમાં ઉત્પત્તિ થાય છે. હવે જો આત્મા કોઈ ક્રિયા જ ન કરતો હોય અને અદૃષ્ટવિશેષને કારણે સ્વર્ગલોકના શરીરમાં ક્રિયા થવાથી આત્માની સાથે દેહનો સંયોગ થયો એમ કહેવામાં આવે તો સ્વર્ગલોકમાં તો ઘણા અણુઓ છે અને તે દરેકમાં ક્રિયા પણ થાય છે આમ છતાં આ પરિમિત અણુઓ ગ્રહણ કરીને પરિમિત અણુઓવાળું શરીર બન્યું, તે પરિમિત અણુઓનું ગ્રહણ આત્મામાં ક્રિયા માનીએ તો જ સંગત થાય, પરંતુ આત્માને અક્રિય સ્વીકારીએ તો પરિમિત અણુઓનું ગ્રહણ થાય નહીં.

વળી, નૈયાયિક કહે છે કે આત્મા વિભુ છે, તેથી સર્વ અણુઓ સાથે તેનો સંબંધ છે તોપણ મનુષ્યલોકમાંથી મરીને ઊર્ધ્વલોકમાં જન્મ થાય છે ત્યારે ત્યાં રહેલા શરીર સાથે સંયોગવિશેષ પેદા થાય છે અર્થાત્ પૂર્વમાં વિભુ આત્મા સાથે જે સંયોગ હતો તે સંયોગ એક આકાશપ્રદેશમાં અવગાહનરૂપ હતો, તેના કરતાં વિલક્ષણ એવો સંયોગવિશેષ સ્વર્ગલોકના દેહ સાથે થયો. તેથી આત્મા વિભુ હોવા છતાં જન્મની સંગતિ છે અને તે આત્મા મનુષ્યલોકમાં મૃત્યુ પામ્યો ત્યારે વિભુ આત્મા સાથે તે મનુષ્યના શરીરનો સંયોગ પણ છે જ; તોપણ તે સંયોગવિશેષનો નાશ થયો માટે વિભુ આત્માનું મનુષ્યલોકમાં મૃત્યુ થયું અને ઊર્ધ્વલોકમાં જન્મ થયો એ પ્રકારના વ્યવહારની સંગતિ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે આત્મામાં ક્રિયા ન હોય તો આવો સંયોગવિશેષ પણ તે આત્મા સાથે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ થઈ શકે નહીં.

આશય એ છે કે શરીરના પરમાણુઓ વિભુ આત્મા સાથે સંબંધવાળા છે અને આત્મામાં કોઈ ક્રિયા નથી, તો તે શરીરના પરમાણુઓ સાથે આત્માને પૂર્વ કરતાં વિશેષ પ્રકારનો સંયોગ થયો, તેવી કલ્પના તો થઈ શકે કે આત્માએ કોઈક ક્રિયા કરીને તે શરીરના પરમાણુઓ સાથે એકમેક થયો એમ સ્વીકારવામાં આવે. હવે જો આત્મામાં ક્રિયા જ ન માનવામાં આવે તો આ શરીરના પરમાણુઓની સાથે આત્માનો સંયોગવિશેષ છે, અન્ય સાથે નથી, એવી કલ્પના પણ ઘટે નહીં.

"સંયોગભેદાદિ કલ્પના"માં "આદિ" પદથી સંયોગસામાન્યનું ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે નૈયાયિકના મત અનુસાર મનુષ્યલોકમાં મૃત્યુ પામીને કોઈ પુરુષ ઊર્ધ્વલોકમાં જન્મે ત્યારે વિભુ એવા આત્મા સાથે ઊર્ધ્વલોકના શરીરનો સંયોગવિશેષ થાય છે અને ઊર્ધ્વલોકના જન્મ પૂર્વે જે ઊર્ધ્વલોકમાં આત્માનો સંયોગ હતો તે સંયોગસામાન્ય હતો. તેથી જન્મ પૂર્વના દેહના સંયોગ કરતાં જન્મ વખતે સંયોગવિશેષ થયો, માટે જન્મની સંગતિ છે. આ માન્યતામાં સંયોગવિશેષ અને સંયોગસામાન્ય એમ બે પ્રકારના સંયોગની કલ્પના નૈયાયિકે કરી તે કલ્પના આત્માની ક્રિયા વગર ઘટે નહીં, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૧૨/૩૦॥**

**અવતરણિકા :-**

**નૈયાયિક આત્માને એકાંતનિત્ય માને છે, અક્રિય માને છે અને વિભુ માને છે. તેથી તેના મતમાં જન્મની ઉપપત્તિ થઈ શકે નહીં તેમ ગ્રંથકારશ્રીએ કહ્યું. તેના સમાધાનરૂપે નૈયાયિકે શ્લોક-૨૯માં કહ્યું કે દેહમાં ક્રિયા થવાથી જન્મની ઉપપત્તિ સંગત થઈ શકે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે દેહના સંયોગનું અવિવેચન હોવાથી તારી વાત બરાબર નથી. માટે જન્મની ઉપપત્તિ થઈ શકે નહીં. વળી શ્લોક-૩૦માં કહ્યું કે આત્મામાં ક્રિયા નહીં હોવાથી મિતાણુગ્રહણ કે સંયોગભેદાદિની કલ્પના થઈ શકે નહીં. તેથી પણ જન્મની ઉપપત્તિ થઈ શકે નહીં. વળી નૈયાયિક આત્માને એકાંતે અમૂર્ત માને છે તેથી હવે ગ્રંથકારશ્રી કહે છે કે કથંચિત્ મૂર્તતાના સ્વીકાર વગર આત્માનો શરીરમાં અસંક્રમ અને વ્યાપારનો અયોગ થાય, તેથી પણ જન્મની ઉપપત્તિ થઈ શકે નહીં.**

**શ્લોક :-**

**कथंचिन्मूर्त्ततापत्तिं विना वपुरसङ्‌क्रमात् ।**
**व्यापारायोगतश्चैव, यत्किञ्चित्तदिदं जगुः ।।३१।।**

**અન્વયાર્થ :-**

**कथञ्चित् मूर्तताऽऽपत्तिं विना=આત્માની કથંચિત્ મૂર્તતાની પ્રાપ્તિ વિના, वपुः असंक्रमात्=વપુનો અસંક્રમ હોવાથી= શરીરનું આત્મામાં અસંક્રમણ હોવાથી=શરીરની સાથે આત્માના કથંચિત્ એકત્વનો અભાવ હોવાથી, व्यापाराऽयोगतः च एव=અને વ્યાપારનો અયોગ હોવાથી જ=આત્મામાં જન્મની પ્રાપ્તિને અનુકૂળ વ્યાપારનો અયોગ હોવાથી જ, तद् इदं=તે આ=જન્મની સંગતિને કરનારું એવું નૈયાયિકનું આ કથન, यत्किञ्चित् जगुः=યત્કિંચિત્ કહ્યું છે અર્થાત્ અર્થ વગરનું શાસ્ત્રકારોએ કહ્યું છે. ।।૧૨/૩૧।।**

**શ્લોકાર્થ :-**

**આત્માની કથંચિત્ મૂર્તતાની પ્રાપ્તિ વિના શરીરની સાથે આત્માના કથંચિત્ એકત્વનો અભાવ હોવાથી અને આત્મામાં જન્મની પ્રાપ્તિને અનુકૂળ વ્યાપારનો અયોગ હોવાથી જ જન્મની સંગતિને કરનારું એવું નૈયાયિકનું આ કથન અર્થ વગરનું શાસ્ત્રકારોએ કહ્યું છે. ।।૧૨/૩૧।।**

**ભાવાર્થ :-**

નૈયાયિક આત્માને વિભુ માને છે અને અક્રિય માને છે અને શરીરાદિથી સર્વથા ભિન્ન માને છે. તેથી નૈયાયિકના મતાનુસાર આત્મા કોઈ ક્રિયા કરતો નથી અને શરીરથી સર્વથા ભિન્ન હોવાને કારણે સર્વથા અમૂર્ત છે. હવે જો આત્માને કથંચિત્ મૂર્ત ન સ્વીકારીએ તો આત્મામાં શરીરનો સંક્રમ થાય નહીં, નૈયાયિક આત્માને કથંચિત્ મૂર્ત સ્વીકારતો નથી, તેથી આત્મામાં દેહનો સંક્રમ થઈ શકે નહીં. માટે આત્મા આ ભવમાંથી મરીને અન્ય ભવમાં જન્મે છે, તેમ કહેવું અર્થ વગરનું છે; કેમ કે દેહ સાથે એકત્વ ભાવરૂપ જ જન્મ છે.

વળી નૈયાયિકના મતાનુસાર આત્મા નિષ્ક્રિય હોવાને કારણે આત્મામાં

વ્યાપારનો અયોગ છે; આમ છતાં આત્મા આ ભવમાંથી મરીને બીજા ભવમાં જન્મે છે, તેમ જે નૈયાયિક કહે છે તે પણ અર્થ વગરનું છે; કેમ કે આત્મામાં વ્યાપાર હોય તો કહી શકાય કે આ દેહ સાથેના સંબંધનો ત્યાગ કરીને આત્મા જ્યાં જન્મ લેવાનો છે ત્યાં જઈને તે નવા શરીરના ગ્રહણને અનુકૂળ વ્યાપાર કરે છે અને તેમ સ્વીકારીએ તો જન્મની સંગતિ થાય; પરંતુ આત્મામાં વ્યાપારનો અયોગ હોવા છતાં અન્ય ભવમાં આત્મા જન્મે છે, એમ જે નૈયાયિક કહે છે તે અર્થ વગરનું છે.

અહીં વિશેષ એ છે કે આત્માની કથંચિત્ મૂર્તતા સ્વીકારીએ તો આત્મામાં શરીરનું સંક્રમણ થાય છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે આત્મા કર્મ સાથે કથંચિત્ એકત્વભાવને પામેલ છે. તેથી કર્મની મૂર્તતાની અપેક્ષાએ આત્મા મૂર્ત છે અને આત્મદ્રવ્યની અપેક્ષાએ આત્મા અમૂર્ત છે. વળી, કર્મની સાથે કથંચિત્ એકત્વભાવને પામેલો એવો આત્મા ક્રિયા દ્વારા મૂર્ત એવાં શરીરનાં પુદ્ગલોની સાથે એકત્વભાવને પામે છે, તેથી આત્મામાં શરીર સંક્રમણ પામે છે એમ કહેવાય છે. વળી, સિદ્ધના જીવો સર્વથા અમૂર્ત હોવાને કારણે તે આકાશપ્રદેશમાં રહેલા પુદ્ગલોમાંથી કોઈ પુદ્ગલોને ગ્રહણ કરીને શરીર બનાવતા નથી. તેથી સર્વથા અમૂર્ત એવા આત્મામાં શરીરનું સંક્રમણ થતું નથી એમ કહેવાય છે. હવે જો સિદ્ધના જીવોની જેમ સર્વ સંસારી જીવોને સર્વથા અમૂર્ત સ્વીકારવામાં આવે તો આત્મામાં શરીરનાં પુદ્ગલોનું સંક્રમણ થાય નહીં. માટે નૈયાયિકના મત અનુસાર જન્મની સંગતિ થાય નહીં. **॥૧૨/૩૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૪માં એકાન્તનિત્યદર્શનમાં હિંસાદિ ઘટશે નહીં, એમ કહીને શ્લોક-૨૭ સુધી તેની સિદ્ધિ કરી અને કહ્યું કે જીવના એકાંતનિત્યપણામાં "હિંસા"પદ કોઈપણ રીતે અનુભવઅબાધક થઈ શકે નહીં. તેથી સંસાર પણ અકલ્પિત સંગત થશે નહીં, તે વાત શ્લોક-૨૮માં કરી. હવે સિંહાવલોકિત ન્યાયથી એકાંતનિત્યપક્ષમાં આત્મા નિષ્ક્રિય હોવાને કારણે પણ હિંસા ઘટશે નહીં, તે બતાવે છે –**

**શ્લોક :-**

**निष्क्रियोऽसौ ततो हन्ति, हन्यते वा न जातुचित् ।**
**कञ्चित्केनचिदित्येवं, न हिंसास्योपपद्यते ।।३२।।**

**અન્વયાર્થ :-**

**असौ निष्क्रियो=આ=આત્મા, નિષ્ક્રિય છે. ततः=તેથી, कञ्चित् न हन्ति, जातुचित् वा केनचित् न हन्यते=કોઈને હણતો નથી કે કોઈના વડે ક્યારેય હણાતો પણ નથી. इति एवं=એ રીતે, अस्य=આની=સર્વથા નિત્ય એવા આત્માની, हिंसा न उपपद्यते=હિંસા ઘટતી નથી. ॥૧૨/૩૨॥**

**શ્લોકાર્થ :-**

**આત્મા નિષ્ક્રિય છે, તેથી કોઈને હણતો નથી કે કોઈના વડે ક્યારેય હણાતો પણ નથી. એ રીતે સર્વથા નિત્ય એવા આત્માની હિંસા ઘટતી નથી. ॥૧૨/૩૨॥**

**ભાવાર્થ :-**

જેઓ આત્માને એકાંત નિત્ય માને છે, તેઓ આત્માને નિષ્ક્રિય સ્વીકારે છે; કેમ કે જો આત્મામાં ક્રિયા સ્વીકારે તો ક્રિયા વગરનો આત્મા ક્રિયા કરે ત્યારે અવસ્થાંતરને પામે છે, તેથી નિત્યતાની હાનિ થાય; પરંતુ આત્મા કોઈ ક્રિયા કરતો નથી અને સદા સ્થિર એકસ્વભાવવાળો છે, તેમ એકાંતનિત્યપક્ષ સ્વીકારે છે. હવે જો આત્મામાં કોઈ ક્રિયા ન હોય તો તે કોઈને હણે છે, તેમ કહી શકાય નહીં; કેમ કે આત્મા કોઈને હણવાને અનુકૂળ ક્રિયા કરે તો તે કોઈને હણે છે તેમ કહી શકાય. માટે નિષ્ક્રિય આત્મામાં હિંસા ઘટે નહીં. વળી, આત્મામાં કોઈ ક્રિયા નહીં હોવાને કારણે તે કોઈનાથી હણાતો પણ નથી; કેમ કે જો આત્મા કોઈનાથી હણાતો હોય તો જે વખતે અન્ય દ્વારા તેને હણવામાં આવે ત્યારે તે આત્મામાં નાશને અનુકૂળ ક્રિયા થઈ તેમ માનવું પડે, પરંતુ આત્મામાં કોઈ જ ક્રિયા નહીં થતી હોવાથી કોઈ અન્યના પ્રયત્નથી પણ તે હણાતો નથી તેમ માનવું પડે. માટે એકાન્તનિત્યપક્ષમાં આત્માની હિંસા ઘટતી નથી. **॥૧૨/૩૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૦માં કહેલું કે અહિંસાદિના વિષયમાં સર્વની એકવાક્યતા છે, તેથી અહિંસા ધર્મ છે. ત્યારબાદ તે અહિંસા કોના મતમાં ઘટે છે ? તેની વિચારણા સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે આવશ્યક છે તેમ બતાવ્યું. ત્યારપછી શ્લોક-૨૪થી ૩૨ સુધી એકાંતનિત્યપક્ષમાં હિંસાદિ ઘટતા નથી તે બતાવ્યું. હવે એકાંતઅનિત્યપક્ષમાં પણ હિંસાદિ ઘટતા નથી તે બતાવે છે –**

**શ્લોક :-**

**अनित्यैकान्तपक्षेऽपि, हिंसादीनामसम्भवः ।**
**नाशहेतोरयोगेन, क्षणिकत्वस्य साधनात् ।।३३।।**

**અન્વયાર્થ :-**

**अनित्यैकान्तपक्षे अपि=અનિત્યએકાન્તપક્ષમાં પણ, हिंसादीनां असम्भवः= હિંસાદિનો અસંભવ છે, क्षणिकत्वस्य साधनात् नाशहेतोः अयोगेन=કેમ કે ક્ષણિકત્વના સાધનને કારણે અર્થાત્ ક્ષણિકત્વના સ્વીકારને કારણે નાશના હેતુનો અયોગ છે. ।।૧૨/૩૩।।**

**શ્લોકાર્થ :-**

**અનિત્યએકાંતપક્ષમાં પણ હિંસાદિનો અસંભવ છે; કેમ કે ક્ષણિકત્વના સ્વીકારને કારણે નાશના હેતુનો અયોગ છે. ।।૧૨/૩૩।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શન આત્માને એકાંતઅનિત્ય માને છે, તેથી તેના મતમાં હિંસા સંભવતી નથી, તે બતાવવા કહે છે કે બૌદ્ધ મત પ્રમાણે આત્મા એકાંતે અનિત્ય છે, તેથી ઉત્પત્તિની બીજી જ ક્ષણમાં સ્વતઃ જ નાશ પામે છે. તેથી નાશના હેતુનો તેમાં યોગ થતો નથી. માટે "કોઈ વ્યક્તિએ તેની હિંસા કરી" તેમ કહી શકાય નહીં.

અહીં વિશેષ એ છે કે કોઈપણ પદાર્થ જે ક્ષણમાં ઉત્પન્ન થયો તે જ ક્ષણમાં નાશના હેતુનો યોગ સ્વીકારીએ, તો તે જ ક્ષણમાં ઉત્પત્તિ અને તે જ ક્ષણમાં વિનાશ થાય છે એમ માનવું પડે, અને તે સંભવે નહીં. વળી, ક્ષણિકવાદ અનુસાર જો પદાર્થ બીજી ક્ષણમાં સ્વતઃ જ નાશ પામતો હોય, તો તેને નાશ

કરવા માટે કોઈ હેતુ છે તેમ કહેવાની આવશ્યકતા રહેતી નથી. તેથી ક્ષણિકવાદમાં કોઈનાથી કોઈની હિંસા થાય છે, તેમ કહી શકાય નહીં. **॥૧૨/૩૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં એકાંતઅનિત્યપક્ષમાં હિંસાદિ ઘટે નહીં તે ગ્રંથકારશ્રીએ સિદ્ધ કર્યું. ત્યાં એકાંતઅનિત્યપક્ષવાળો સ્વમતમાં હિંસાની સંગતિ કરતાં કહે છે કે સંતાનભેદનો જનક જ હિંસક થાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**न च सन्तानभेदस्य, जनको हिंसको भवेत् ।**
**सांवृतत्वादजन्यत्वात्, भावत्वनियतं हि तत् ।।३४।।**

**અન્વયાર્થ :-**

**च=અને, संतानभेदस्य जनको हिंसको न भवेत्=સંતાનભેદનો જનક હિંસક થાય નહીં, सांवृतत्वात् अजन्यत्वात्=કેમ કે સાંવૃતપણું હોવાથી અજન્યપણું છે અર્થાત્ સંતાનભેદનું કાલ્પનિકપણું હોવાથી પુરુષના વ્યાપારથી અજન્યપણું છે, हि=જે કારણથી, तत् भावत्वनियतं=તે અર્થાત્ જન્યત્વ, ભાવત્વની સાથે નિયત છે. ॥૧૨/૩૪॥**

**શ્લોકાર્થ :-**

**અને સંતાનભેદનો જનક હિંસક થાય નહીં; કેમ કે સંતાનભેદનું કાલ્પનિકપણું હોવાથી પુરુષના વ્યાપારથી અજન્યપણું છે, જે કારણથી જન્યત્વ ભાવત્વની સાથે નિયત છે. ॥૧૨/૩૪॥**

❖ અહીં 'हि'નો પ્રયોગ 'यस्माद्' અર્થમાં છે.

**ભાવાર્થ :-**

પદાર્થને એકાંતે અનિત્ય માનનારા બૌદ્ધ છે અને ગ્રંથકારશ્રીએ પૂર્વના શ્લોકમાં સ્થાપન કર્યું કે એકાન્તઅનિત્યપક્ષમાં હિંસા થઈ શકે નહીં. તેની સામે બૌદ્ધ પોતાના પક્ષમાં હિંસકની સંગતિ કરતાં કહે છે કે સંતાનભેદનો જનક તે હિંસક છે.

આશય એ છે કે પદાર્થ ક્ષણિક છે, તેથી શુકરાદિ જીવો પ્રતિક્ષણ નાશ પામે છે અને ઉત્તરમાં તેને સદૃશ શુકરની ક્ષણ પેદા કરે છે. હવે જ્યારે શુકરની હિંસા કરનાર પારધિ તેને મારે છે ત્યારે શુકરની ક્ષણ ઉત્તરમાં મનુષ્યાદિ ક્ષણને પેદા કરે છે. તેથી શુકરનું ઉત્તરમાં વિસદૃશ એવું સંતાન પેદા થયું. માટે હિંસક એવો પારધિ શુકરના સંતાનભેદનો જનક બન્યો. તેથી સંતાનભેદનો જનક હિંસા કરનાર છે, એમ બૌદ્ધ કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે સંતાનભેદનો જનક હિંસક થઈ શકે નહીં; કેમ કે સંતાન સાંવૃત છે અર્થાત્ કાલ્પનિક છે, તેથી અજન્ય છે. તે આ રીતે :

બૌદ્ધમતમાં દરેક પદાર્થ પ્રતિક્ષણ નાશ પામે છે અને ઉત્તરમાં સ્વસદૃશ ક્ષણને પેદા કરે છે અને ક્વચિત્ વિસદૃશ ક્ષણને પેદા કરે છે. જેમ શુકર જીવતો હતો ત્યારે તેની દરેક પૂર્વક્ષણ ઉત્તરમાં દરેક સ્વસદૃશ શુકરની ક્ષણને પેદા કરીને પૂર્વની શુકર ક્ષણ નાશ પામે છે; પરંતુ પારધિના શસ્ત્રથી શુકરની ઉત્તર ક્ષણ શુકરરૂપે થવાને બદલે વિસદૃશ એવી મનુષ્યાદિ ક્ષણરૂપે થાય છે. તેને આશ્રયીને બૌદ્ધે કહ્યું કે સંતાનભેદનો જનક હિંસક છે, પરંતુ બૌદ્ધ મતમાં શુકરની સદૃશ પ્રતિક્ષણો કે વિસદૃશ પ્રતિક્ષણોથી અતિરિક્ત કોઈ સંતાન નથી, અને સંતાનને તે સાંવૃત માને છે અર્થાત્ કાલ્પનિક માને છે; કેમ કે જો સંતાનને તે કાલ્પનિક ન માને તો શુકરનું સંતાન સ્થિર પદાર્થ સિદ્ધ થાય. તેથી અનિત્યપક્ષની હાનિ થાય. માટે બૌદ્ધ મત પ્રમાણે પ્રતિક્ષણ નવા નવા શુકરની ક્ષણથી અતિરિક્ત કોઈ સંતાન નથી, અને જે વસ્તુ હોય નહીં, માત્ર કાલ્પનિક હોય તે જન્ય બને નહીં. તેથી પારધિના શસ્ત્રથી સંતાનભેદ પેદા થયો તેમ કહીને હિંસાની સંગતિ કરવી ઉચિત નથી. તે કથનને સ્પષ્ટ કરવા માટે કહે છે કે જે પદાર્થ જન્ય હોય તે હંમેશાં ભાવાત્મક હોય. તેથી જો બૌદ્ધ એમ કહે કે હિંસક સંતાનભેદનો જનક છે તો સંતાનભેદ ભાવાત્મક સિદ્ધ થાય, અને જો બૌદ્ધ સંતાનભેદને ભાવાત્મક સ્વીકારે તો સંતાનને કાલ્પનિક કહી શકે નહીં, અને નિત્ય એવું સંતાન સ્વીકારવાથી અનિત્યપક્ષની હાનિ થાય, માટે એકાંતઅનિત્ય-પક્ષમાં હિંસા સંભવે નહીં.

અહીં વિશેષ એ છે કે એકાંતઅનિત્યપક્ષવાળા બૌદ્ધના મત પ્રમાણે પદાર્થ પ્રતિક્ષણ વિનાશ પામે છે અને ઉત્તર ક્ષણમાં તેનાથી તત્સદૃશ કે વિસદૃશ વસ્તુ

પેદા થાય છે અને તે આખા પ્રવાહને તેઓ સંતાન કહે છે, જેના બળથી બૌદ્ધ મતવાળા “આ તે જ છે” એ જાતની પ્રત્યભિજ્ઞાનની ઉપપત્તિ કે ધર્માધર્મની વ્યવસ્થા કે સર્વ લોકવ્યવહારની સંગતિ કરે છે.

વળી, બૌદ્ધ મતવાળા કહે છે કે દરેક પદાર્થ જે વર્તમાન ક્ષણમાં છે તે ઉત્તર ક્ષણમાં નથી, પરંતુ ઉત્તર ક્ષણમાં કોઈ અન્ય પદાર્થ છે; આમ છતાં ઉત્તરમાં જેનાથી જે પેદા થાય છે તેની વચમાં ઉપાદાન-ઉપાદેય ભાવરૂપ કાર્યકારણભાવ છે અને તેના પ્રવાહને બૌદ્ધો ‘સંતાન’ શબ્દથી વાચ્ય કરે છે. પરંતુ બૌદ્ધ મતાનુસાર પ્રતિક્ષણ ઉત્પન્ન થનારા પદાર્થના પ્રવાહથી અતિરિક્ત ‘સંતાન’ નામનો કોઈ પદાર્થ નથી. તેથી તેના મત પ્રમાણે તે સંતાન કાલ્પનિક છે અને તે સંતાનમાં નિષ્પન્ન થનારા સંતાનીભાવો પારમાર્થિક છે. આમ છતાં પૂર્વપક્ષી એવા બૌદ્ધે કાલ્પનિક એવા સંતાનના ભેદને પેદા કરનાર પુરુષને હિંસક કહ્યો તે ઉચિત નથી. તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે કાલ્પનિક પદાર્થ જન્ય થઈ શકે નહીં. જેમ પૂર્વપક્ષીના મતમાં અભાવ તુચ્છ છે અર્થાત્ વાસ્તવિક નથી, તેથી જન્ય નથી તેમ સંતાન પણ અભાવરૂપ હોવાથી તુચ્છ છે, તેથી જન્ય થઈ શકે નહીં. વળી, સંતાનભેદ હિંસકથી જન્ય થઈ શકે નહીં. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

જન્યત્વની સાથે ભાવત્વ નિયત જ છે અર્થાત્ સત્ત્વ વ્યાપ્ત છે. જ્યાં જ્યાં જન્યત્વ હોય ત્યાં ત્યાં ભાવત્વ હોય અને કાલ્પનિક એવો સંતાન અસત્ છે, તેથી ત્યાં જન્યત્વ નથી, માટે અજન્ય એવા સંતાનભેદનો જનક હિંસક છે, એમ કહી શકાય નહીં. **॥૧૨/૩૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું કે સંતાન કાલ્પનિક હોવાથી સંતાનભેદનો જનક હિંસક કહી શકાશે નહીં. માટે એકાન્તઅનિત્યપક્ષમાં હિંસા ઘટશે નહીં. તેથી બૌદ્ધ કહે કે સંતાન કાલ્પનિક હોવાથી હિંસક દ્વારા તે જન્ય બને નહીં, તોપણ શૂકરાદિનો હિંસક એવો લુબ્ધક નરાદિક્ષણનો હેતુ છે; અને નરાદિક્ષણ કાલ્પનિક નથી, માટે લુબ્ધકને હિંસક સ્વીકારવામાં દોષ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नरादिक्षणहेतुश्च, शुकरादेर्न हिंसकः ।**
**शुकरान्त्यक्षणेनैव, व्यभिचारप्रसङ्गतः ।।३५।।**

**અન્વયાર્થ :-**

**नरादिक्षणहेतुश्च=અને નરાદિક્ષણનો હેતુ (એવો લુબ્ધક), शुकरादेः हिंसकः न=શૂકરાદિનો હિંસક નથી, शुकरान्त्यक्षणेन एव व्यभिचारप्रसङ्गतः=કેમ કે શૂકરની અન્ત્ય ક્ષણની સાથે જ વ્યભિચારનો પ્રસંગ છે. ।।૧૨/૩૫।।**

**શ્લોકાર્થ :-**

**અને નરાદિક્ષણનો હેતુ એવો લુબ્ધક શૂકરાદિનો હિંસક નથી; કેમ કે શુકરની અન્ત્ય ક્ષણની સાથે જ વ્યભિચારનો પ્રસંગ છે. ।।૧૨/૩૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી એવા બૌદ્ધે હિંસાને ઘટાવવા યુક્તિથી બતાવ્યું કે સંતાનભેદનો જનક હિંસક છે, પરંતુ સંતાન કાલ્પનિક હોવાથી સંતાનભેદનો જનક કોઈ હોઈ શકે નહીં, તેથી હિંસા ઘટે નહીં. એમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું તેથી હવે પૂર્વપક્ષી બૌદ્ધ કહે છે કે શૂકરક્ષણ કે નરક્ષણાદિ જે ક્ષણો છે તે ભાવાત્મક પદાર્થ છે, કાલ્પનિક નથી, તથા લુબ્ધકાદિ હિંસા કરે છે ત્યારે શૂકરના વિનાશની ઉત્તરમાં જે નરાદિ ક્ષણની પ્રાપ્તિ થાય છે, તેનો હેતુ લુબ્ધક છે. તેથી તે લુબ્ધક હિંસક કહેવાય છે. આ પ્રકારે બૌદ્ધ પોતાના ક્ષણિકવાદમાં પણ હિંસાની સંગતિ કરે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે શૂકરની અન્ત્ય ક્ષણ પણ નરાદિ ક્ષણની પ્રાપ્તિમાં હેતુ છે; કેમ કે પ્રત્યેક પૂર્વ ક્ષણ ઉત્તર ક્ષણ પ્રતિ ઉપાદાન ભાવથી હેતુ છે. તેથી શૂકરની અન્ત્ય ક્ષણને પણ હિંસક માનવાનો પ્રસંગ આવશે અને શૂકરની અન્ત્ય ક્ષણને બૌદ્ધો પણ હિંસક માનતા નથી. માટે નરાદિ ક્ષણના હેતુ એવા લુબ્ધકાદિને શૂકરાદિના હિંસક કહી શકાય નહીં. **।।૧૨/૩૫।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં નરાદિક્ષણના હેતુ એવા લુબ્ધકને હિંસક સ્વીકારવામાં શૂકરની અન્ત્ય ક્ષણ સાથે વ્યભિચાર બતાવ્યો. તેના પરિહાર માટે બૌદ્ધ**

**કહે કે જેમ લુબ્ધક હિંસક છે, તેમ શૂકર પણ નરાદિક્ષણનો હેતુ હોવાથી હિંસક છે. એમ અમે સ્વીકારી લઈશું માટે એકાંતઅનિત્યપક્ષમાં પણ હિંસાની સંગતિ થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**अनन्तरक्षणोत्पादे, बुद्धलुब्धकयोस्तुला ।**
**नैवं तद्विरतिः क्वापि, ततः शास्त्राद्यसङ्गतिः ।।३६।।**

**અન્વયાર્થ :-**

**अनन्तरक्षणोत्पादे=અનન્તરક્ષણના ઉત્પાદમાં, बुद्धलुब्धकयोः तुला=બુદ્ધ અને લુબ્ધકમાં તુલા છે અર્થાત્ સમાનતા છે. एवं तद्विरतिः क्वापि न=એ રીતે તેની વિરતિ અર્થાત હિંસાની વિરતિ, ક્યાંય પણ નથી, ततः शास्त्राद्यसङ्गतिः=તેથી શાસ્ત્રાદિની અસંગતિ થશે. ॥૧૨/૩૬॥**

**શ્લોકાર્થ :-**

**અનન્તરક્ષણના ઉત્પાદમાં બુદ્ધ અને લુબ્ધકમાં સમાનતા છે. એ રીતે હિંસાની વિરતિ ક્યાંય પણ નથી, તેથી શાસ્ત્રાદિની અસંગતિ થશે. ॥૧૨/૩૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી બૌદ્ધે નરાદિક્ષણના હેતુ એવા લુબ્ધકને હિંસક સ્વીકાર્યો તેથી શૂકરની અન્ત્ય ક્ષણની સાથે વ્યભિચારનો પ્રસંગ આવ્યો. તેના પરિહાર માટે બૌદ્ધ કહે કે જેમ લુબ્ધક હિંસક છે, તેમ શૂકર પણ નરાદિક્ષણનો હેતુ હોવાથી હિંસક છે, એમ સ્વીકારી લઈએ તો શું વાંધો ? તેથી તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે સ્વની અવ્યવહિત ઉત્તરની વિસદૃશ એવી અનંતર ક્ષણના ઉત્પાદકને હિંસક સ્વીકારવાથી તો બુદ્ધ અને લુબ્ધક બંને સમાન પ્રાપ્ત થશે; કારણ કે બુદ્ધ અને લુબ્ધક બંને અનંતરક્ષણના ઉત્પાદક છે.

તાત્પર્ય એ છે કે જે રીતે લુબ્ધક શૂકરને મારીને ઉત્તરક્ષણમાં નરાદિરૂપે કરવામાં નિમિત્તભાવરૂપે કારણ છે, માટે હિંસક છે અને શૂકર પણ પોતાની ઉત્તરની નરાદિક્ષણનો હેતુ હોવાથી હિંસક છે તે રીતે બુદ્ધ પણ પોતાના

જન્મની અન્ત્ય ક્ષણમાં મરીને ઉત્તર ક્ષણમાં મુક્તરૂપે ઉત્પન્ન થાય છે, તેમાં ઉપાદાનભાવરૂપે કારણ છે. તેથી બુદ્ધ અને લુબ્ધક બંનેમાં અનન્તર એવી વિસદૃશ ક્ષણનું અવિશેષ એવું ઉત્પાદકત્વ છે, અને પૂર્વપક્ષીએ વિસદૃશ ક્ષણના ઉત્પાદકને હિંસક સ્વીકારેલ છે. તેથી લુબ્ધકની જેમ બુદ્ધ પણ હિંસક કહેવાશે, અને એ રીતે દરેક વ્યક્તિ મરીને બીજા ભવમાં જાય છે, ત્યારે તે દરેક સ્વના હિંસક થશે. તેથી હિંસાની વિરતિ ક્યાંય નહીં થાય, અને એ રીતે હિંસા સ્વીકારવાથી અહિંસાના પ્રતિપાદક એવા શાસ્ત્રાદિની પણ અસંગતિ થશે, જે પૂર્વપક્ષીને પણ ઇષ્ટ નથી; કેમ કે બુદ્ધ પણ હિંસાની વિરતિનો ઉપદેશ આપે છે અને તેઓ પણ આ પ્રમાણે આગમને સ્વીકારે છે : "સર્વ જીવોને જીવિત પ્રિય છે, સર્વ જીવો દંડથી ત્રાસ પામે છે, સ્વની ઉપમા કરીને કોઈને હણવા ન જોઈએ તથા કોઈનો ઘાત કરવો ન જોઈએ." તેથી તેઓને પણ હિંસાની વિરતિ અભિમત છે. આમ છતાં અનંતર ક્ષણના ઉત્પાદકને હિંસક કહેવાથી બધા જીવો હિંસક પ્રાપ્ત થશે. તેથી હિંસાની નિવૃત્તિ એકાંતક્ષણિકવાદમાં શબ્દમાત્રરૂપ સિદ્ધ થશે. માટે મોક્ષના અર્થે હિંસાની નિવૃત્તિનું કથન એકાંતક્ષણિકવાદમાં સંગત થાય નહીં. **॥૧૨/૩૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૪માં કહેલ કે જે દર્શનમાં આત્મા એકાંતે નિત્ય છે તે દર્શનમાં હિંસાદિ ઘટે નહીં. ત્યારપછી એકાંતે નિત્યદર્શનમાં હિંસા કેમ ઘટે નહીં તે વાત શ્લોક-૨૫થી ૩૨ સુધી કરી. ત્યારપછી શ્લોક-૩૩થી ૩૬ સુધી એકાંતઅનિત્યપક્ષમાં હિંસા કેમ ન ઘટી શકે તે યુક્તિથી બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થયું કે એકાંતનિત્ય અને એકાંતઅનિત્યપક્ષમાં જેમ હિંસાની સંગતિ નથી તે રીતે અહિંસાની પણ સંગતિ થાય નહીં, અને અહિંસા વિના સત્યાદિ અન્ય ચાર વ્રતો પણ એકાંતનિત્યવાદમાં કે એકાંતઅનિત્યવાદમાં સંગત નથી. તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**घटन्ते न विनाऽहिंसां, सत्यादीन्यपि तत्त्वतः ।**
**एतस्या वृत्तिभूतानि, तानि यद्भगवान् जगौ ।।३७।।**

**અન્વયાર્થ :-**

**अहिंसां विना सत्यादीनि अपि तत्त्वतः न घटन्ते=અહિંસા વિના સત્યાદિ પણ તત્ત્વથી ઘટતા નથી. यद्=જે કારણથી, एतस्या=આના અર્થાત્ અહિંસાના, वृत्तिभूतानि तानि भगवान् जगौ=વૃત્તિભૂત અર્થાત્ વાડભૂત તેને અર્થાત્ સત્યાદિને ભગવાને કહ્યા છે. ॥૧૨/૩૭॥**

**શ્લોકાર્થ :-**

**અહિંસા વિના સત્યાદિ પણ તત્ત્વથી ઘટતા નથી. જે કારણથી અહિંસાનો વાડભૂત સત્યાદિને ભગવાને કહ્યા છે. ॥૧૨/૩૭॥**

**ભાવાર્થ :-**

એકાંતનિત્યવાદમાં કે એકાંતઅનિત્યવાદમાં અહિંસા ઘટે નહીં તો અહિંસા વગર તત્ત્વથી સત્યાદિ પણ ઘટે નહીં. તેથી એ પ્રાપ્ત થાય કે એકાંતનિત્યવાદી કે એકાંતઅનિત્યવાદી મોક્ષના ઉપાયરૂપે અહિંસાદિ પાંચ કહે છે, આમ છતાં પરમાર્થથી તેમના મતમાં અહિંસાદિ પાંચે વ્રતોની સંગતિ નથી. માટે તે દર્શનનો સ્વીકાર કરવાથી શુદ્ધ અહિંસાની પ્રાપ્તિ થાય નહીં. તેથી શ્લોક-૯માં કહેલ તે પ્રમાણે જૈનદર્શનમાં જ શુદ્ધ અહિંસા સંગત છે. માટે જૈનદર્શનને જ પ્રમાણરૂપે સ્વીકારવું તે સમ્યક્ત્વ છે. એ પ્રકારે પ્રસ્તુત શ્લોકનું જોડાણ શ્લોક-૯ સાથે છે.

વળી, પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે અહિંસાની વાડભૂત સત્યાદિ વ્રતો છે, એ પ્રમાણે ભગવાને કહ્યું છે. તેનું તાત્પર્ય એ છે કે જૈનદર્શન પ્રમાણે સ્વ-ભાવપ્રાણનું રક્ષણ તે શબ્દાદિ નયોથી અહિંસા છે અને તે અહિંસા જ પરમાર્થથી મોક્ષનું કારણ છે; કેમ કે આત્મા રાગાદિથી પર એવા સમતાના પરિણામમાં વર્તતો હોય તો ભાવપ્રાણનું રક્ષણ થાય અને આત્મા સમતાના પરિણામમાં વર્તતો હોય તો કર્મબંધ ન થાય અને પૂર્વનાં બંધાયેલાં કર્મો નિર્જરાને પ્રાપ્ત કરે, જેથી કર્મરહિત અવસ્થાની પ્રાપ્તિ થાય. આનાથી એ ફલિત થાય કે શબ્દાદિ નયોને માન્ય સ્વ-ભાવપ્રાણની રક્ષા મોક્ષનું કારણ છે, અને શબ્દાદિ નયોની અહિંસાની નિષ્પત્તિના ઉપાયરૂપે ષટ્કાયના પાલનમાં અપ્રમાદથી યત્ન કરવાનો અધ્યવસાય તે ઋજુસૂત્રનયને માન્ય અહિંસા છે. તેથી સમતાના અર્થી સાધુ ષટ્કાયના પાલનના અધ્યવસાયમાં યત્ન કરે છે, અને ષટ્કાયના પાલનનો અધ્યવસાય વ્યવહારનયને માન્ય ષટ્કાયના પાલનની બાહ્ય ઉચિત આચરણાથી નિષ્પન્ન

થાય છે અને જીવે છે. તેથી ષટ્કાયના પાલનના અધ્યવસાયની નિષ્પત્તિનો અર્થી સાધુ ષટ્કાયના પાલનની સંયમની વ્યવહારનયને માન્ય ઉચિત ક્રિયાઓ કરે છે, અને એ રીતે સંયમની આચરણાઓ કરવાથી ષટ્કાયના પાલનના અધ્યવસાય દ્વારા સાધુમાં સમતાનો પરિણામ પ્રગટે છે, જે અહિંસા છે. આ પ્રકારના સમતાના પરિણામના રક્ષણ માટે ભગવાને સત્યાદિ ચાર વ્રતોને અહિંસાના વાડભૂત કહ્યા છે. તે આ રીતે :

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ અને સર્વ પદાર્થો પ્રત્યે તુલ્ય બુદ્ધિ સમતા છે. તેથી સમતાના પરિણામવાળા મુનિને કોઈ જીવ પ્રત્યે શત્રુ કે મિત્રની બુદ્ધિ નથી અને "આ પદાર્થ મને ઇષ્ટ છે" કે "આ પદાર્થ મને ઇષ્ટ નથી" એવી બુદ્ધિ નથી. આવા સમતાના પરિણામનો પ્રકર્ષ કરવા અર્થે સાધુ સ્વાધ્યાય, ધ્યાનાદિની ઉચિત પ્રવૃત્તિ કરે છે. તે સિવાય કોઈપણ અનુચિત પ્રવૃત્તિ થાય તો સમતાનો પરિણામ મ્લાન થાય કે નાશ પામે. તેથી સમતાના રક્ષણ માટે સાધુ સર્વ અનુચિત પ્રવૃત્તિનો ત્યાગ કરે છે, અને તે સમતા અતિશયવાળી થાય છે ત્યારે તે સાધુ નિર્વિકલ્પ અવસ્થાને પામે છે અર્થાત્ જગતના પદાર્થોને અવલંબીને કોઈ વિકલ્પો ન રહે તેવી સ્થિર દશાને પ્રાપ્ત કરે છે, અને તે સ્થિર દશાની પ્રાપ્તિમાં મૃષાવચન, ચોરીનો પરિણામ, અબ્રહ્મનો પરિણામ કે પરિગ્રહનો પરિણામ બાધક છે; કેમ કે અશુભ વિકલ્પો વગર મૃષાવચનાદિ થતા નથી. માટે ભગવાને સર્વ વિકલ્પોથી રહિત એવા સમતાના પરિણામરૂપ અહિંસાની પ્રાપ્તિ અર્થે અને તેના રક્ષણ અર્થે મૃષાવચનાદિ ચારના પરિહારનો ઉપદેશ આપેલ છે. તેથી અહિંસાના વાડભૂત સત્યાદિ મહાવ્રતો છે. **॥૧૨/૩૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે અહિંસા વિના સત્યાદિ વ્રતો તત્ત્વથી ઘટતાં નથી. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે એકાંતનિત્યવાદમાં કે એકાંતઅનિત્યવાદમાં અહિંસાદિ પાંચે ઘટતાં નથી, તો અહિંસાદિ પાંચેય ક્યાં ઘટી શકે, તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**मौनीन्द्रे च प्रवचने, युज्यते सर्वमेव हि ।**
**नित्यानित्ये स्फुटं देहाद् भिन्नाभिन्ने तथात्मनि ।।३८।।**

**અન્વયાર્થ :-**

**मौनीन्द्रे च प्रवचने=અને મુનિઓમાં ઇન્દ્ર એવા ભગવાનના પ્રવચનમાં, आत्मनि नित्यानित्ये तथा देहाद् भिन्नाभिन्ने=આત્મા નિત્ય-અનિત્ય અને દેહથી ભિન્ન-અભિન્ન હોતે છતે, सर्वं एव हि स्फुटं युज्यते=સર્વ જ અર્થાત્ અહિંસાદિ સર્વ જ, સ્પષ્ટ ઘટે છે. ।।૧૨/૩૮।।**

**શ્લોકાર્થ :-**

**અને મુનિઓમાં ઇન્દ્ર એવા ભગવાનના પ્રવચનમાં આત્મા નિત્ય-અનિત્ય અને દેહથી ભિન્ન-અભિન્ન હોતે છતે અહિંસાદિ સર્વ જ, સ્પષ્ટ ઘટે છે. ।।૧૨/૩૮।।**

**ભાવાર્થ :-**

ભગવાનના પ્રવચનમાં આત્મા દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્મા આત્મારૂપે શાશ્વત હોવા છતાં પરિણામી પણ છે અર્થાત્ એક ભાવમાંથી અન્ય ભાવરૂપે પરિણમન પામે છે. વળી, અનુભવથી સ્પષ્ટ દેખાય છે કે આત્મા કથંચિત્ દેહથી ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન પણ છે. તેથી દેહધારી આત્મા અન્ય દેહધારીની હિંસા કરી શકે છે અને હિંસાના નિવારણ દ્વારા અહિંસાનું પણ પાલન કરી શકે છે. તે આ રીતે :

જો દેહથી આત્મા સર્વથા ભિન્ન હોય તો અરૂપી એવા આત્માનો કોઈ નાશ કરી શકે નહીં. તેથી તેની હિંસા થઈ શકે નહીં; પરંતુ આત્મા કથંચિત્ દેહથી અભિન્ન છે, અને હિંસક વ્યક્તિ દેહધારી એવા તે આત્માનો શસ્ત્રાદિ દ્વારા નાશ કરે છે ત્યારે દેહથી કથંચિત્ અભિન્ન એવા આત્માની હિંસા થાય છે. વળી, જો દેહથી આત્મા સર્વથા અભિન્ન હોય તો શસ્ત્રાદિ દ્વારા પણ દેહની સાથેનો વિયોગ કરાવી શકાય નહીં. જેમ આત્મા સાથે એકાંત અભિન્ન એવા જ્ઞાનનો વિયોગ શસ્ત્રાદિથી કરાવી શકાતો નથી.

વળી, આત્મા પરિણામી હોવાને કારણે અહિંસાપાલનની પૂર્વે આત્મા અસમતાના પરિણામવાળો હતો, તે અહિંસાના પાલન દ્વારા સમતાના પરિણામની પ્રાપ્તિ કરે છે. તેથી ભગવાનના પ્રવચનમાં આત્મા નિત્યાનિત્ય હોવાને કારણે અને દેહથી ભિન્નાભિન્ન હોવાને કારણે અહિંસાદિ પાંચે મહાવ્રતો સંગત છે. માટે ભગવાનના પ્રવચનને પ્રમાણરૂપે માનવું તે સમ્યક્ત્વ છે. **॥૧૨/૩૮॥**

**અવતરણિકા :-**

ભગવાનના પ્રવચનમાં પદાર્થ નિત્યાનિત્ય હોવાને કારણે અહિંસાદિ કઈ રીતે ઘટે છે ? તે હવે બતાવે છે –

**શ્લોક :-**

आत्मा द्रव्यार्थतो नित्यः, पर्यायार्थाद्विनश्वरः ।
हिनस्ति हन्यते तत्तत्फलान्यप्यधिगच्छति ।।३९।।
इह चानुभवः साक्षी, व्यावृत्त्यन्वयगोचरः ।
एकान्तपक्षपातिन्यो, युक्तयस्तु मिथो हताः ।।४०।।

**અન્વયાર્થ :-**

आत्मा द्रव्यार्थतः नित्यः=આત્મા દ્રવ્યાર્થથી નિત્ય છે, पर्यायार्थाद्विनश्वरः= પર્યાયાર્થથી વિનશ્વર છે, हिनस्ति हन्यते=હણે છે, હણાય છે. तत्तत्फलानि अपि अधिगच्छति=તેના તેના ફળોને પણ પામે છે. ।।૧૨/૩૯।।

इह च=અને અહીં=આત્મા નિત્ય છે અને અનિત્ય છે તેમાં, व्यावृत्त्यन्वयगोचरः अनुभवः साक्षी=વ્યાવૃત્તિ-અન્વય-ગોચર અનુભવ સાક્ષી છે=દરેક પદાર્થની ઉત્તર અવસ્થામાં પૂર્વ અવસ્થાની વ્યાવૃત્તિ છે અને દરેક પદાર્થ સામાન્યરૂપે અન્વયરૂપ છે તે પ્રકારનો અનુભવ સાક્ષી છે. एकान्तपक्षपातिन्यः तु=વળી, એકાંત પક્ષપાતી એવી, युक्तयः मिथो हताः=યુક્તિઓ પરસ્પર હણાયેલી છે. ।।૧૨/૪૦।।

**શ્લોકાર્થ :-**

આત્મા દ્રવ્યાર્થથી નિત્ય છે, પર્યાયાર્થથી વિનશ્વર છે. હણે છે, હણાય છે. તેના તેના ફળોને પણ પામે છે. ।।૧૨/૩૯।।

અને આત્મા નિત્ય છે અને અનિત્ય છે તેમાં, દરેક પદાર્થની ઉત્તર અવસ્થામાં પૂર્વ અવસ્થાની વ્યાવૃત્તિ છે અને દરેક પદાર્થ સામાન્યરૂપે અન્વયરૂપ છે તે પ્રકારનો અનુભવ સાક્ષી છે. વળી, એકાન્ત પક્ષપાતી એવી યુક્તિઓ પરસ્પર હણાયેલી છે. ।।૧૨/૪૦।।

**ભાવાર્થ :-**

આત્મા આત્મદ્રવ્યરૂપે નિત્ય છે અને આત્માની તે તે અવસ્થારૂપ પર્યાયની અપેક્ષાએ નશ્વર છે. આ પ્રમાણે ભગવાનના પ્રવચનમાં આત્મદ્રવ્યને સ્વીકારવામાં આવે છે; અને આત્મા મોહને વશ થઈને અન્ય જીવોની હિંસા કરે છે અને બીજા જીવો દ્વારા સંસારી આત્મા હણાય પણ છે. વળી, જે આત્મા જે જે હિંસા કરે છે તે આત્મા તેના તેના ફળને પણ પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ભગવાનના પ્રવચનમાં કહેલ છે અને તે સર્વ વસ્તુ આત્માને નિત્યાનિત્ય સ્વીકારવાથી સંગત થાય છે. વળી, આત્મા નિત્ય અને અનિત્ય છે તેમાં પ્રામાણિક વિચારકને થતો અનુભવ જ સાક્ષી છે. તે આ પ્રમાણે :

દરેક જીવને અનુભવ છે કે "બાલ્યાવસ્થામાં જે હું હતો તે હું યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં છું." તેથી બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાનુગત એવું આત્મદ્રવ્ય પોતાને પ્રતીત છે, અને બાલ્યાદિ દરેક અવસ્થા પરસ્પર જુદી છે તેમ પણ પ્રતીત છે. તેથી "પૂર્વે હું બાળ હતો, અત્યારે બાળ નથી અને યુવાન છું" એવી પ્રતીતિ છે. તેનાથી એ ફલિત થાય કે બાળ, યુવા અને વૃદ્ધાવસ્થામાં પરસ્પર વ્યાવૃત્તિ છે અને તે સર્વ અવસ્થામાં આત્મદ્રવ્ય અન્વયરૂપે છે. તેથી વ્યાવૃત્તિ અને અન્વયવિષયવાળો અનુભવ આત્માને નિત્યાનિત્યરૂપે સ્વીકારવામાં સાક્ષી છે.

અહીં પ્રશ્ન થાય કે જો આત્મા વ્યાવૃત્તિ અને અન્વયવિષયવાળો હોવાથી નિત્યાનિત્યરૂપ છે, તો કેટલાક દર્શનકારો આત્માને એકાંત નિત્ય કહે છે અને તેને સ્થાપન કરવા યુક્તિઓ દર્શાવે છે, અને કેટલાક દર્શનકારો આત્માને એકાંત અનિત્ય કહે છે અને તેને સ્થાપન કરવા યુક્તિઓ દર્શાવે છે, તે કઈ રીતે સંગત થાય ? તેથી કહે છે કે આત્માને એકાંત નિત્ય-અનિત્ય કહેનારી યુક્તિઓ પરસ્પર હણાયેલી છે અર્થાત્ એકાંત નિત્યવાદી, આત્માને અનિત્ય સ્વીકારવામાં શું શું દોષો આવે છે તે બતાવે છે અને એકાંત અનિત્યવાદી, આત્માને નિત્ય સ્વીકારવામાં શું શું દોષો આવે છે તે બતાવે છે; અને તે બંનેની યુક્તિઓથી એકબીજાના પક્ષો પરસ્પર ખંડિત થાય છે. તેથી પણ ફલિત થાય કે આત્મા કથંચિત્ નિત્ય છે સર્વથા નિત્ય નથી, અને કથંચિત્ અનિત્ય છે

સર્વથા અનિત્ય નથી, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે અનેકાંત દર્શનમાં આત્મા દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે. તેથી દરેક આત્મા પ્રતિક્ષણ અપર પર્યાયને પામે છે. આમ છતાં કોઈ હિંસક પુરુષ અન્ય કોઈની હિંસા કરે ત્યારે હિંસકના નિમિત્તને પામીને આત્માને અન્ય ભવની પ્રાપ્તિરૂપ પર્યાય પ્રાપ્ત થયો, તેમાં હિંસક વ્યક્તિ કારણ છે, અને હિંસક વ્યક્તિની હિંસાના પ્રયત્નથી હિંસ્ય એવો પ્રાણી અન્ય ભવના પર્યાયને પ્રાપ્ત થયો, તેથી હિંસકના પ્રયત્નથી હણાયો, તે વાત નિત્યાનિત્યરૂપ આત્મા સ્વીકારવાથી સંગત થાય છે. તે બતાવવા માટે કહ્યું કે 'हिंसति, हन्यते' તે મૌનીન્દ્રના પ્રવચનમાં ઘટે છે. વળી, હિંસક વ્યક્તિ અન્યની હિંસા કરે છે ત્યારે તેના ચિત્તમાં વર્તતો ક્લિષ્ટ પરિણામ કર્મબંધ દ્વારા હિંસાના ફળને આપે છે, અને આત્મા પરિણામી હોવાથી મૌનીન્દ્ર પ્રવચનમાં હિંસાનું ફળ ઘટે છે; કેમ કે પૂર્વમાં તે ફળની પ્રાપ્તિ વગરનો જીવ કર્મના ઉદયથી તેવા ફળની પ્રાપ્તિવાળા પર્યાયને પામ્યો, પરંતુ આત્મા જો એકાંત નિત્ય કે એકાંત અનિત્ય હોય તો તે કર્મના ફળને પામી શકે નહીં; કેમ કે ફળ વગરની અવસ્થા અને ફળવાળી અવસ્થા એકાંત નિત્ય આત્માને સંગત થાય નહીં. વળી, આત્મા એકાંત અનિત્ય હોય તો હિંસા કરતી વખતે જે આત્મા પરિણામ કરે છે, તેનું ફળ ભોગવનાર પોતે જ ઉત્તર ક્ષણમાં નથી. તેથી "મારી હિંસાનું ફળ મને મળ્યું." તેવું એકાંત અનિત્યવાદમાં કહી શકાય નહીં. **॥૧૨/૩૯-૪૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૯ અને ૪૦માં સ્થાપન કર્યું કે આત્માને નિત્ય-અનિત્ય સ્વીકારવાથી ભગવાનના પ્રવચનમાં હિંસાદિ ઘટે છે. હવે ભગવાનના પ્રવચનમાં કહેલી ત્રણ પ્રકારની હિંસા કઈ રીતે સંગત છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**पीडाकर्तृत्वतो देहव्यापत्त्या दुष्टभावतः ।**
**त्रिधा हिंसाऽऽगमे प्रोक्ता, नहीत्थमपहेतुका ।।४१।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્મા દ્રવ્યાર્થથી નિત્ય છે અને પર્યાયાર્થથી અનિત્ય છે એ રીતે, पीडाकर्तृत्वतः=પીડા કરવાથી, देहव्यापत्त्या= દેહની વ્યાપત્તિથી, दुष्टभावतः=દુષ્ટ ભાવથી, आगमे प्रोक्ता त्रिधा हिंसा= આગમમાં કહેવાયેલી ત્રણ પ્રકારની હિંસા, अपहेतुका न हि=અપહેતુકા નથી જ. ॥૧૨/૪૧॥**

**શ્લોકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્મા દ્રવ્યાર્થથી નિત્ય છે અને પર્યાયાર્થથી અનિત્ય છે એ રીતે, પીડા કરવાથી, દેહની વ્યાપત્તિથી, દુષ્ટભાવથી આગમમાં કહેવાયેલી ત્રણ પ્રકારની હિંસા અપહેતુકા નથી જ. ॥૧૨/૪૧॥**

**ભાવાર્થ :-**

ભગવાનના પ્રવચનમાં કોઈપણ જીવને પીડા કરવી તે હિંસા છે. તેથી પીડા કરનાર વ્યક્તિ હિંસક કહેવાય. વળી, કોઈપણ જીવના દેહનો વિયોગ કરાવવો તે પણ હિંસા કહેવાય, અને પીડા કરવાથી થતી કે દેહના નાશથી થતી હિંસા માત્ર પરને આશ્રયીને નથી, પરંતુ સ્વને આશ્રયીને પણ છે. તેથી જે વ્યક્તિ બીજાને કે સ્વને પીડા કરે તે હિંસા છે, અને બીજાના દેહનો કે પોતાના દેહનો નાશ કરે તો તે હિંસા છે. આ બંને પ્રકારની હિંસા વ્યવહારનયથી છે. ત્રીજા પ્રકારની હિંસા દુષ્ટભાવથી છે. જે દુષ્ટભાવ કોઈને પીડા કરવાના પરિણામરૂપ હોય કે પોતાના દેહને પીડા કરવાના પરિણામરૂપ હોય અથવા કોઈના દેહનો નાશ કરવાના પરિણામરૂપ હોય કે પોતાના દેહનો નાશ કરવાના પરિણામરૂપ હોય અથવા તો પોતાના મન-વચન-કાયાના પ્રયત્નથી પરની પીડાના કે દેહના નાશના પરિહાર માટેનો સમ્યગ્ યત્ન ન થાય અથવા પોતાના કષાયોનો ઉદ્રેક કરવામાં આવે કે બીજાના કષાયોના ઉદયમાં નિમિત્ત થવામાં આવે તો તે પરિણામ દુષ્ટભાવરૂપ છે. તેથી સંયમના પરિણામવાળા મુનિ પડિલેહણ આદિ ક્રિયા કરતી વખતે અત્યંત ઉપયુક્ત થઈને શાસ્ત્રવિધિ પ્રમાણે જીવરક્ષા માટે યત્ન ન કરતા હોય તો 'છ' કાયની વિરાધનાને અનુકૂળ દુષ્ટ પરિણતિવાળા

છે, તેમ શાસ્ત્ર કહે છે. આ દુષ્ટભાવથી કર્મબંધ થાય છે અને કર્મબંધના ફળની પ્રાપ્તિ થાય છે, અને આ દુષ્ટભાવના પરિહાર અર્થે બાહ્ય ઉચિત આચરણારૂપે સર્વ જીવોની પીડાના પરિહાર માટે અથવા પોતાના પ્રયત્નથી કોઈ જીવના દેહનો નાશ ન થાય તે માટે સર્વ ઉચિત આચરણા ભગવાને સાધુને બતાવી છે, અને આગમમાં કહેવાયેલી આ ત્રણે પ્રકારની હિંસા આત્માને નિત્યાનિત્યરૂપે સ્વીકારવાથી અપહેતુક નથી=યુક્તિયુક્ત છે.

આશય એ છે કે આત્મા કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય હોવાથી,

(૧) કથંચિત્ નિત્ય એવો આત્મા પૂર્વમાં પીડા કરવાની પ્રવૃત્તિવાળો ન હતો અને પાછળથી પીડા કરવાની પ્રવૃત્તિવાળો થાય છે ત્યારે પર્યાયાન્તરની પ્રાપ્તિ થાય છે. તેની સંગતિ આત્માને કથંચિત્ અનિત્ય સ્વીકારવાથી થાય છે.

(૨) વળી, જેના દેહનો નાશ થાય છે તે પુરુષ પૂર્વે તે દેહપર્યાયથી યુક્ત કથંચિત્ નિત્ય હતો અને તેના દેહનો નાશ થાય છે ત્યારે તે આત્માને દેહના નાશરૂપ પર્યાયાન્તરની પ્રાપ્તિ થાય છે. તેની સંગતિ આત્માને કથંચિત્ અનિત્ય સ્વીકારવાથી થાય છે.

(૩) વળી, દુષ્ટભાવ કરતાં પૂર્વે આત્મારૂપે કથંચિત્ નિત્ય એવો તે આત્મા દુષ્ટભાવ કરે છે ત્યારે તે આત્માને દુષ્ટભાવરૂપ પર્યાયાંતરની પ્રાપ્તિ થાય છે. તેની સંગતિ આત્માને કથંચિત્ અનિત્ય સ્વીકારવાથી થાય છે. **॥૧૨/૪૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં આત્માને નિત્યાનિત્ય સ્વીકારીને સ્યાદ્વાદના મતમાં ત્રણ પ્રકારની હિંસા સંગત છે તેમ બતાવ્યું. હવે, અન્ય પ્રકારે હિંસાના અસંભવના દૂષણને દૂર કરવા માટે ઉપન્યાસ કરે છે –**

**શ્લોક :-**

**हन्तुर्जाग्रति को दोषो, हिंसनीयस्य कर्म्मणि ।**
**प्रसक्तिस्तदभावे चान्यत्रापीति मुधा वचः ।।४२।।**

**અન્વયાર્થ :-**

**हिंसनीयस्य कर्म्मणि जाग्रति=હિંસનીયનું કર્મ જાગૃત હોતે છતે, हन्तुः को**

**दोषो=હણનારનો શું દોષ છે ? तदभावे च=અને તેના અર્થાત્ હિંસનીયના કર્મવિપાકના અભાવમાં, अन्यत्रापि प्रसक्तिः=અન્યત્ર પણ હિંસાની પ્રસક્તિ છે, इति मुधा वचः=એ પ્રકારે મુધા અર્થાત્ નિરર્થક વચન છે. ।।૧૨/૪૨।।**

**શ્લોકાર્થ :-**

**હિંસનીયનું કર્મ જાગૃત હોતે છતે હણનારનો શું દોષ છે ? હિંસનીયના કર્મવિપાકના અભાવમાં અન્યત્ર પણ હિંસાની પ્રસક્તિ છે, એ પ્રકારે નિરર્થક વચન છે. ।।૧૨/૪૨।।**

**ભાવાર્થ :-**

કેટલાક યુક્તિવાદી કહે છે કે કોઈ વ્યક્તિ કોઈની હિંસા કરે છે ત્યારે જે વ્યક્તિની હિંસા કરવામાં આવે છે તે વ્યક્તિનું તેવા પ્રકારનું કર્મ જાગૃત છે. તેથી તે વ્યક્તિના કર્મને કારણે જ હિંસક વ્યક્તિ હિંસા કરે છે. માટે હિંસક વ્યક્તિને હિંસાનું પાપ લાગે છે, તેમ ન કહી શકાય.

આ કથન દ્વારા યુક્તિવાદી એમ કહેવા માંગે છે કે મારનાર વ્યક્તિ કોઈની હિંસા કરે તેમાં મરનારનું કર્મ જવાબદાર છે, હિંસક વ્યક્તિ નહીં. માટે હિંસક વ્યક્તિને કોઈ પાપ નથી. વળી યુક્તિવાદી પોતાના કથનની પુષ્ટિ કરવા કહે છે. હિંસ્ય વ્યક્તિના કર્મ વગર જ હિંસકના વ્યાપારથી હિંસ્ય વ્યક્તિની હિંસા થતી હોય તો હિંસા કરનારને હિંસાનું પાપ પ્રાપ્ત થાય છે તેમ કહી શકાય પરંતુ તેમ સ્વીકારીએ તો કોઈ હિંસક કોઈની હિંસા કરવા માટે પ્રવૃત્તિ કરે. આમ છતાં જે જીવનું મૃત્યુ થાય તેવું કર્મ ન હોય છતાં હિંસકની પ્રવૃત્તિથી તે જીવની હિંસા થવાની આપત્તિ આવે. માટે મરનારનું તેવું કર્મ હતું તેથી હિંસા કરનારે હિંસા કરેલ છે તેમ માનવું ઉચિત ગણાય અને તેમ સ્વીકારીએ તો મરનારનું કર્મ જ મરનારની હિંસામાં કારણ છે હિંસક નહીં માટે હિંસકને કોઈ પાપ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે આ પ્રકારનું યુક્તિવાદીનું વચન અર્થ વગરનું છે. અર્થ વગરનું કેમ છે તે આગળના શ્લોકમાં બતાવે છે. **।।૧૨/૪૨।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે હિંસનીય વ્યક્તિના કર્મથી કોઈ હિંસા કરે તેમાં હિંસકને કર્મબંધ થતો નથી. એમ જેઓ કહે છે તેમનું વચન અર્થ વગરનું છે. હવે તે વચન અર્થ વગરનું કેમ છે ? તેમાં યુક્તિથી બતાવે છે –**

**શ્લોક :-**

**हिंस्यकर्म्मविपाकेयं, दुष्टाशयनिमित्तता ।**
**हिंसकत्वं न तेनेदं, वैद्यस्य स्याद्रिपोरिव ।।४३।।**

**અન્વયાર્થ :-**

**हिंस्यकर्म्मविपाका इयं=હિંસ્યના કર્મના વિપાકવાળી આ, दुष्टाशयनिमित्तता= દુષ્ટાશયપૂર્વકની નિમિત્તતા, हिंसकत्वं=હિંસકપણું છે. तेन इदं=તે કારણથી આ=હિંસકપણું, रिपोः वैद्यस्य इव न स्यात्=શત્રુની જેમ વૈદ્યનું ન થાય. ।।૧૨/૪૩।।**

**શ્લોકાર્થ :-**

**હિંસ્યના કર્મના વિપાકવાળી આ દુષ્ટાશયપૂર્વકની નિમિત્તતા હિંસકપણું છે. તે કારણથી આ હિંસકપણું શત્રુની જેમ વૈદ્યનું ન થાય. ।।૧૨/૪૩।।**

**ભાવાર્થ :-**

જે વ્યક્તિની હિંસા કરવામાં આવે છે તે વ્યક્તિનું તેવું કર્મ વિપાકવાળું છે, અને તેના તેવા કર્મના વિપાકને કારણે હિંસક વ્યક્તિ હિંસા કરવામાં નિમિત્ત બને છે, છતાં તે હિંસક વ્યક્તિમાં દુષ્ટાશયપૂર્વકની નિમિત્તતા છે, અને તે દુષ્ટાશયપૂર્વકની નિમિત્તતા હિંસકપણું છે અર્થાત્ હિંસક વ્યક્તિમાં હિંસાનો પરિણામ છે, અને તેનાથી કર્મબંધ થાય છે, આવો નિયમ છે. તે કારણથી હિંસ્ય વ્યક્તિના કર્મના વિપાકને કારણે વૈદ્ય કોઈ રોગીની હિંસાનું નિમિત્ત બને ત્યારે વૈદ્યમાં દુષ્ટાશયપૂર્વકની નિમિત્તતા નથી, માટે વૈદ્ય હિંસક નથી; જ્યારે શત્રુ કોઈની હિંસા કરે છે ત્યારે હિંસ્ય વ્યક્તિના કર્મના વિપાકને કારણે શત્રુ તેની હિંસામાં નિમિત્ત બને છે, તોપણ શત્રુ દુષ્ટાશયપૂર્વક હિંસ્યની હિંસા

કરવામાં નિમિત્ત બન્યો છે. તેથી તેનામાં વર્તતી દુષ્ટાશયપૂર્વકની નિમિત્તતા એ હિંસા છે, અને તેના કારણે તેને કર્મબંધ થાય છે.

આથી ભગવાનના વચનાનુસાર સાધુ નદી ઊતરે છે, ત્યારે અપ્કાયના જીવોની હિંસા થાય છે, ત્યાં પણ તે અપ્કાયના જીવોનાં તેવા પ્રકારનાં કર્મો વિપાકમાં છે, છતાં નદી ઊતરનાર સાધુ સંયમના પરિણામવાળા હોવાથી અપ્કાયના જીવોના પ્રાણનાશમાં દુષ્ટાશયપૂર્વક નિમિત્ત બનતા નથી. માટે સાધુના નદી ઊતરવાના પ્રયત્નથી અપ્કાયના જીવોની હિંસા હોવા છતાં સાધુને કર્મબંધ થતો નથી. **॥૧૨/૪૩॥**

**શ્લોક :-**

**इत्थं सदुपदेशादेस्तन्निवृत्तिरपि स्फुटा ।**
**सोपक्रमस्य पापस्य, नाशात्स्वाशयवृद्धितः ।।४४।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=આ રીતે=પૂર્વમાં કહ્યું કે પરિણામી આત્મામાં હિંસાની ઉપપત્તિ થાય છે એ રીતે, सदुपदेशादेः=સદુપદેશાદિથી, सोपक्रमस्य पापस्य नाशात्= સોપક્રમ એવા પાપના નાશને કારણે, स्वाशयवृद्धितः=સુ-આશય અર્થાત્ શુભાશયની વૃદ્ધિ થવાથી, तन्निवृत्तिः अपि स्फुटा=તેની નિવૃત્તિ અર્થાત્ હિંસાની નિવૃત્તિ પણ સ્પષ્ટ છે. ॥૧૨/૪૪॥**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં કહ્યું કે પરિણામી આત્મામાં હિંસાની ઉપપત્તિ થાય છે, એ રીતે સદુપદેશાદિથી સોપક્રમ એવા પાપના નાશને કારણે શુભાશયની વૃદ્ધિ થવાથી હિંસાની નિવૃત્તિ પણ સ્પષ્ટ છે. ॥૧૨/૪૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં બતાવ્યું કે આત્માને પરિણામી સ્વીકારવાને કારણે હિંસાની સંગતિ થાય છે, એ રીતે જ્ઞાની ગુરુના સદુપદેશાદિથી સોપક્રમ એવા ચારિત્રમોહનીય કર્મનો નાશ થાય છે. તેથી "કોઈ જીવને હું હણું નહીં" એ પ્રકારના શુભાશયની વૃદ્ધિ થાય છે, જે અહિંસાના ભાવસ્વરૂપ છે તેથી હિંસાની નિવૃત્તિ પણ સ્પષ્ટ છે.

અહીં “સદુપદેશાદિ” પદમાં “આદિ” પદથી તેવા પ્રકારનાં કોઈ બાહ્ય નિમિત્તોને ગ્રહણ કરવાનાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે કેટલાક જીવોને સોપક્રમ ચારિત્રમોહનીયકર્મ એવા પ્રકારનું હોય છે કે સામાન્ય નિમિત્તમાત્રને આશ્રયીને પણ તે જીવ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમવાળો થાય છે તેથી અહિંસાના પરિણામરૂપ ચારિત્રને પ્રાપ્ત કરે છે. માટે ઉપદેશ વગર પણ અહિંસાની પ્રાપ્તિ થઈ શકે છે. **॥૧૨/૪૪॥**

**શ્લોક :-**

**अपवर्गतरोर्बीजं, मुख्याऽहिंसेयमुच्यते ।**
**सत्यादीनि व्रतान्यत्र, जायन्ते पल्लवा नवाः ।।४५।।**

**અન્વયાર્થ :-**

**इयम् मुख्याऽहिंसा=આ મુખ્ય અહિંસા અર્થાત્ પૂર્વશ્લોકમાં કહ્યું કે સદુપદેશ આદિ દ્વારા સોપક્રમ પાપના નાશથી હિંસાની નિવૃત્તિ સ્પષ્ટ થાય છે એ રૂપ મુખ્ય અહિંસા=અનુપચરિત અહિંસા, अपवर्गतरोः बीजं उच्यते=અપવર્ગતરુનું બીજ કહેવાય છે, अत्र=અહીં અર્થાત્ મોક્ષવૃક્ષના બીજભૂત મુખ્ય અહિંસામાં, सत्यादीनि व्रतानि=સત્યાદિ વ્રતો, नवाः पल्लवाः जायन्ते=નવા પલ્લવો અર્થાત્ અંકુરાઓ, થાય છે. ।।૧૨/૪૫।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સદુપદેશાદિ દ્વારા સોપક્રમ પાપના નાશથી હિંસાની નિવૃત્તિ સ્પષ્ટ થાય છે એ રૂપ મુખ્ય અહિંસા અર્થાત્ અનુપચરિત અહિંસા, અપવર્ગતરુનું બીજ કહેવાય છે. મોક્ષવૃક્ષના બીજભૂત મુખ્ય અહિંસામાં સત્યાદિ વ્રતો નવા અંકુરાઓ થાય છે. ।।૧૨/૪૫।।**

**ભાવાર્થ :-**

જ્ઞાની ગુરુના સદુપદેશાદિથી ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમને કારણે, “કોઈ જીવને હું ન હણું” એ પ્રકારના શુભાશયની વૃદ્ધિથી હિંસાની જે નિવૃત્તિ થાય છે, તે પ્રથમ મહાવ્રત છે અને તે અનુપચરિત અહિંસા છે. આ અહિંસા

અપવર્ગતરુનું બીજ છે અર્થાત્ મોક્ષરૂપી ફળને આપનાર વૃક્ષનું બીજ છે અને તે વૃક્ષના બીજમાં સત્યાદિ વ્રતો નવા અંકુરાઓરૂપે થાય છે.

તાત્પર્ય એ છે કે સર્વથા હિંસાની નિવૃત્તિથી પ્રથમ અહિંસારૂપી મહાવ્રત પેદા થાય છે અને તે બીજમાંથી જ સત્યાદિ વ્રતોરૂપી અંકુરાઓ ફૂટે છે અને એ રીતે પાંચેય મહાવ્રતો ક્રમસર વૃદ્ધિ થઈને સમતાના અત્યંત સ્થિરભાવરૂપ વૃક્ષ બને છે, અને આ વૃક્ષમાં મોક્ષરૂપી ફળ પેદા થાય છે.

અહીં વિશેષ એ છે કે અભવ્યાદિ જીવો પણ સ્વર્ગાદિની પ્રાપ્તિના આશયથી "હું કોઈ જીવને ન હણું" એ પ્રકારના ભાવોથી હિંસાની નિવૃત્તિ કરે છે, પરંતુ ત્યાં સાંસારિક સુખની પ્રાપ્તિના ઉપાયરૂપે અહિંસાદિમાં પ્રવૃત્તિ હોવાથી ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી હિંસાની નિવૃત્તિ નથી. તેથી તેની અહિંસા દ્રવ્યથી છે=બાહ્ય આચરણારૂપ છે, પરંતુ સમભાવનું કારણ નથી તેથી નિરનુબંધ છે, માટે અપવર્ગતરુના બીજરૂપ નથી. **॥૧૨/૪૫॥**

**શ્લોક :-**

**अहिंसासम्भवश्चेत्थं, दृश्यतेऽत्रैव शासने ।**
**अनुबन्धादिसंशुद्धिरप्यत्रैवास्ति वास्तवी ।।४६।।**

**અન્વયાર્થ :-**

**इत्थं च=અને આ રીતે અર્થાત્ શ્લોક-૨૪થી ૪૫ સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે એકાંત નિત્યવાદમાં કે એકાંત અનિત્યવાદમાં અહિંસા ઘટતી નથી પરંતુ મૌનીન્દ્ર પ્રવચનમાં અહિંસાદિ ઘટે છે એ રીતે, अत्र एव शासने अहिंसासम्भवः दृश्यते=આ જ શાસનમાં અહિંસાનો સંભવ દેખાય છે. अनुबन्धादिसंशुद्धिः अपि=(અને) અનુબંધાદિની સંશુદ્ધિ પણ, अत्र एव वास्तवी अस्ति=અહીં જ અર્થાત્ ભગવાનના શાસનમાં જ વાસ્તવિક છે. ॥૧૨/૪૬॥**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૨૪થી ૪૫ સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે એકાંત નિત્યવાદમાં કે એકાંત અનિત્યવાદમાં અહિંસા ઘટતી નથી પરંતુ મૌનીન્દ્ર**

**પ્રવચનમાં અહિંસાદિ ઘટે છે એ રીતે, આ જ શાસનમાં અહિંસાનો સંભવ દેખાય છે અને અનુબંધાદિની સંશુદ્ધિ પણ ભગવાનના શાસનમાં જ વાસ્તવિક છે. ॥૧૨/૪૬॥**

**ભાવાર્થ :-**

શ્લોકના પૂર્વાર્ધથી અહિંસાના કથનનો ઉપસંહાર કર્યો અને કહ્યું કે આ રીતે આ જ શાસનમાં અર્થાત્ જિનેશ્વર ભગવાનના જ શાસનમાં=ભગવાને બતાવેલા સ્યાદ્વાદના સ્વીકારમાં જ, અહિંસાનો સંભવ દેખાય છે, જ્યારે અન્ય દર્શનમાં મોક્ષના ઉપાયરૂપે અહિંસાદિનું વિધાન હોવા છતાં એકાંતવાદ હોવાના કારણે હિંસા અઘટમાન હોવાથી અહિંસાનો અસંભવ છે.

વળી, શ્લોકના ઉત્તરાર્ધથી કહ્યું કે અહિંસાની અનુબંધાદિથી સંશુદ્ધિ પણ ભગવાનના શાસનમાં જ વાસ્તવિક છે. અહીં "આદિ" પદથી સ્વરૂપ અને હેતુને ગ્રહણ કરવાનાં છે. માટે ભગવાનના શાસનમાં અહિંસાના હેતુ, સ્વરૂપ અને અનુબંધની સંશુદ્ધિ વાસ્તવિક છે. તે આ રીતે :-

**(૧) હેતુ :-** "અહિંસાનો હેતુ યતના છે", અને ભગવાનના શાસનમાં ષટ્કાયના પાલન માટે અતિ નિપુણ પ્રજ્ઞાપૂર્વકની સૂક્ષ્મ યતના દેખાય છે; કેમ કે કંટકઆકીર્ણ ભૂમિ પર જે રીતે ગમનાગમન કરવામાં આવે છે, તે રીતે ભગવાનના શાસનમાં સાધુને યતનાપૂર્વકની સર્વ કાયિક ચેષ્ટાઓ કરવાની કહી છે. તેથી અહીં અહિંસાના હેતુની સંશુદ્ધિ છે.

**(૨) સ્વરૂપ :-** "બીજાના પ્રાણોનો નાશ ન કરવો તે અહિંસાનું સ્વરૂપ છે", અને તે અહિંસાના પાલન અર્થે ભગવાનના શાસનમાં સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોનું વર્ણન છે, જેથી તે સર્વ જીવોનો સમ્યક્ બોધ કરીને તેમની હિંસાના પરિહાર અર્થે ઉચિત પ્રવૃત્તિ મુનિ કરે છે. માટે ભગવાનના શાસનમાં અહિંસાના સ્વરૂપની સંશુદ્ધિ છે.

**(૩) અનુબંધ :-** "આત્યંતિક સુખની પ્રાપ્તિ એ અહિંસાનો અનુબંધ છે" અર્થાત્ અહિંસાનું ફળ છે અને વિવેકપૂર્વક ભગવાનના વચન અનુસાર અહિંસાના પાલનથી મોક્ષ પ્રાપ્ત થાય છે; કેમ કે ભગવાનના વચનાનુસાર પાળવામાં આવતી સર્વ બાહ્ય અહિંસાની પ્રવૃત્તિ સ્વ-પરના ભાવપ્રાણોનું રક્ષણ કરીને ધીરે

ધીરે જીવને વીતરાગભાવની પ્રાપ્તિ કરાવે છે, જેના ફળરૂપે આત્યંતિક સુખરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાનનાં શાસનમાં અહિંસાના અનુબંધની સંશુદ્ધિ છે. **॥૧૨/૪૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬માં "तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वं" એમ કહ્યું અને તેમાં અહિંસા એ તત્ત્વ છે, એમ કહ્યું. તેથી અહિંસાની રુચિરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. ત્યારપછી તે અહિંસાનો સંભવ ક્યાં છે, તેનું નિરૂપણ કર્યું અને શ્લોક-૪૬માં કહ્યું કે જિનશાસનમાં જ શુદ્ધ અહિંસા સંભવે છે. વળી શ્લોક-૪૬માં કહેલ કે અનુબંધાદિની સંશુદ્ધિ પણ જૈનશાસનમાં જ છે, તેથી હવે અનુબંધાદિની સંશુદ્ધિવાળી અહિંસા કેટલા દૃષ્ટિકોણથી જિનશાસનમાં બતાવી છે, તે સર્વને સંક્ષિપ્તથી શ્લોક-૪૭થી ૫૫ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**हिंसाया ज्ञानयोगेन, सम्यग्दृष्टेर्महात्मनः ।**
**तप्तलोहपदन्यासतुल्याया नानुबन्धनम् ।।४७।।**

**અન્વયાર્થ :-**

**सम्यग्दृष्टेः महात्मनः=સમ્યગ્દૃષ્ટિ મહાત્માને, ज्ञानयोगेन=જ્ઞાનયોગ હોવાને કારણે, तप्तलोहपदन्यासतुल्याया हिंसाया=તપ્તલોહપદન્યાસતુલ્ય એવી હિંસા હોવાથી, न अनुबन्धनम्=અનુબંધ નથી અર્થાત્ હિંસાનો અનુબંધ નથી. ॥૧૨/૪૭॥**

**શ્લોકાર્થ :-**

**સમ્યગ્દૃષ્ટિ મહાત્માને જ્ઞાનયોગ હોવાને કારણે તપ્તલોહપદ-ન્યાસતુલ્ય એવી હિંસા હોવાથી હિંસાનો અનુબંધ નથી. ॥૧૨/૪૭॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવોને સંસારનું વાસ્તવિક સ્વરૂપ અને કર્મરહિત આત્માનું સ્વરૂપ યથાર્થ દેખાય છે. વળી, કર્મરહિત આત્માની પ્રાપ્તિનો ઉપાય ભગવાને

બતાવેલી અહિંસા છે, તેવું જ્ઞાન પણ હોય છે. તેથી શક્તિ હોય તો સંપૂર્ણ અહિંસાના પાલન અર્થે સંયમ ગ્રહણ કરે છે; પરંતુ જે સમ્યગ્દૃષ્ટિ જીવોને ચારિત્રમોહનીય કર્મનો ઉદય છે, જેથી અહિંસાની પૂર્ણ રુચિ હોવા છતાં સંયમમાં ઉદ્યમ કરી શકતા નથી, તેઓ સંસારમાં રહેલા હોય તો આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે, તોપણ સમ્યગ્જ્ઞાનનો યોગ હોવાને કારણે તેઓની હિંસાની પ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસતુલ્ય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવોની હિંસાની પ્રવૃત્તિ હિંસાના પ્રવાહને ચલાવે તેવા સામર્થ્યવાળી નથી, પરંતુ ક્રમસર હિંસાની પ્રવૃત્તિ હીનહીનતર થાય છે. માટે તેમની હિંસામાં હિંસાનો અનુબંધ નથી.

સમ્યગ્દૃષ્ટિની તપ્તલોહપદન્યાસતુલ્ય હિંસાની પ્રવૃત્તિનું સ્વરૂપ આ પ્રમાણે છે :

જેમ કોઈ વ્યક્તિને તપાવેલા લોઢાનો ગોળો સન્મુખ પડ્યો છે એવું જ્ઞાન હોય અને કદાચિત્ સંયોગવશ પદનો ન્યાસ કરવો પડે તો તેની પ્રવૃત્તિ સર્વથા રુચિરહિત હોય છે. તેથી તે પ્રવૃત્તિમાં તેનો યત્ન માત્ર સંયોગવશ જ હોવાથી સંયોગમાં જેટલું આવશ્યક હોય તેટલો જ યત્ન થાય છે, સહેજ પણ અધિક યત્ન થતો નથી. તે રીતે સમ્યગ્દૃષ્ટિ મહાત્માને પણ હિંસામાં લેશમાત્ર રુચિ હોતી નથી, કેવળ કર્મની પરતંત્રતાને કારણે હિંસાની પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમનું હૈયું તે પ્રવૃત્તિમાં લેશ પણ ઉલ્લસિત હોતું નથી. તેથી હિંસાની પ્રવૃત્તિમાં કર્મના ઉદયથી અધિક તેમનો યત્ન હોતો નથી. માટે તેમની હિંસાની પ્રવૃત્તિ રુચિરહિત હોવાને કારણે શાસ્ત્રમાં તેને સકંપ પ્રવૃત્તિ કહેવામાં આવી છે.

તાત્પર્ય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને હિંસામાં અનર્થ દેખાય છે, તેથી હિંસામાં અનુકૂળ એવી સાંસારિક પ્રવૃત્તિમાં યત્ન હોય તોપણ અનર્થના સ્પષ્ટ બોધને કારણે પ્રવૃત્તિમાં શિથિલતા હોય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવોને પોતાની પ્રવૃત્તિથી થતા ભૌતિક લાભની આશંસા હોવાને કારણે ઉત્સાહિત થઈને તે પ્રવૃત્તિ કરે છે અને તે પ્રવૃત્તિમાં થતા હિંસાના અનર્થનો બોધ નથી, તેથી તે હિંસાની પ્રવૃત્તિમાં શિથિલતા નથી. માટે મિથ્યાદૃષ્ટિની હિંસા નિષ્કંપ છે અને સમ્યગ્દૃષ્ટિની હિંસા સકંપ છે. **॥૧૨/૪૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સમ્યગ્દૃષ્ટિની સાંસારિક પ્રવૃત્તિમાં થતી હિંસા અનુબંધ**

**વગરની છે તેમ બતાવ્યું. હવે સમ્યગ્દષ્ટિ આદિ જીવોની જિનપૂજાદિ કૃત્યોમાં થતી હિંસા અહિંસાના ફળવાળી છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सतामस्याश्च कस्याश्चिद्, यतनाभक्तिशालिनाम् ।**
**अनुबन्धोह्यहिंसाया, जिनपूजादिकर्म्मणि ।।४८।।**

**અન્વયાર્થ :-**

**यतनाभक्तिशालिनाम् सताम् च=અને યતના-ભક્તિશાળી એવા સંતોની, जिनपूजादिकर्म्मणि=જિનપૂજાદિ કર્મમાં, कस्याश्चिद् अस्याः=કોઈક એવી આનાથી અર્થાત્ હિંસાથી, अहिंसाया हि अनुबन्धः=અહિંસાનો જ અનુબંધ છે. ।।૧૨/૪૮।।**

**શ્લોકાર્થ :-**

**અને યતના-ભક્તિશાળી એવા સંતોની જિનપૂજાદિ કર્મમાં કોઈક એવી હિંસાથી અહિંસાનો જ અનુબંધ છે. ।।૧૨/૪૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં સમ્યગ્દષ્ટિની હિંસા અનુબંધ વગરની છે, તે બતાવ્યું. તે સંસારના કૃત્યવિષયક જાણવી; પરંતુ તે સમ્યગ્દષ્ટિ મહાત્માની જિનપૂજાદિવિષયક હિંસાની પ્રવૃત્તિ થાય છે, તે તો અહિંસાના અનુબંધવાળી છે; કેમ કે વિવેકને કારણે સમ્યગ્દષ્ટિ જીવ જિનપૂજાદિમાં યત્ન કરે છે ત્યારે પણ અહિંસાની તીવ્ર રુચિ હોવાના કારણે, ઉપયોગી પ્રવૃત્તિથી અધિક લેશ પણ હિંસા ન થાય તે રીતે ભગવદ્ભક્તિમાં યતનાપરાયણ હોય છે. વળી વીતરાગ પરમાત્મા પ્રત્યેની અત્યંત ભક્તિ હોવાથી સમ્યગ્દષ્ટિની પૂજાદિ પ્રવૃત્તિથી તેનું ચિત્ત અહિંસાના ફળસ્વરૂપ એવા વીતરાગભાવ તરફ વૃદ્ધિને પામે છે. તેથી તે હિંસા પણ તે વીતરાગભાવને અનુકૂળ એવા સંયમના પરિણામનું કારણ બને છે. તેથી જિનપૂજાદિ કૃત્યોમાં હિંસા હોવા છતાં અહિંસાનું જ ફળ પ્રાપ્ત થાય છે. આથી જ દ્રવ્યસ્તવ ભાવસ્તવરૂપ ચારિત્રનું કારણ છે. **।।૧૨/૪૮।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૭માં બતાવ્યું કે તત્ત્વની રુચિવાળા સમ્યગ્દૃષ્ટિની હિંસા અનુબંધવાળી નથી અને શ્લોક-૪૮માં બતાવ્યું કે તેની કોઈક હિંસા પણ અહિંસાના ફળવાળી છે. હવે મિથ્યાદૃષ્ટિની હિંસા તો અનર્થકારી છે અને અહિંસા પણ અનર્થકારી છે. તે બતાવે છે –**

**શ્લોક :-**

**हिंसानुबन्धिनी हिंसा, मिथ्यादृष्टेस्तु दुर्मतेः ।**
**अज्ञानशक्तियोगेन, तस्याहिंसापि तादृशी ।।४९।।**

**અન્વયાર્થ :-**

**मिथ्यादृष्टेः तु दुर्मतेः हिंसा हिंसानुबन्धिनी=વળી, દુર્મતિ એવા મિથ્યાદૃષ્ટિની હિંસા હિંસાનુબંધવાળી છે, अज्ञानशक्तियोगेन तस्याऽहिंसा अपि तादृशी= અજ્ઞાનશક્તિના યોગને કારણે તેની અર્થાત્ મિથ્યાદૃષ્ટિની, અહિંસા પણ તેવી છે અર્થાત્ અહિંસા પણ હિંસાનુબંધવાળી છે. ।।૧૨/૪૯।।**

**શ્લોકાર્થ :-**

**વળી, દુર્મતિ એવા મિથ્યાદૃષ્ટિની હિંસા હિંસાનુબંધવાળી છે. અજ્ઞાનશક્તિના યોગને કારણે મિથ્યાદૃષ્ટિની અહિંસા પણ હિંસાનુ-બંધવાળી છે. ।।૧૨/૪૯।।**

**ભાવાર્થ :-**

જે જીવોમાં અજ્ઞાનના પ્રવાહને ચલાવે તેવી શક્તિનો યોગ હોવાને કારણે અતત્ત્વમાં અનિવર્તનીય અભિનિવેશ છે, તેવા જીવો દુર્મતિ મિથ્યાદૃષ્ટિ છે. તેવા જીવોની હિંસા હિંસાના પ્રવાહના કારણભૂત તો છે જ, પરંતુ અહિંસા પણ હિંસાના ફળવાળી છે; કેમ કે તેઓનો અસદ્ગ્રહ અનિવર્તનીય છે. તેથી તેઓ અહિંસાનું પૂર્ણરૂપે પાલન કરતા હોય તોપણ તેઓની અહિંસા હિંસાનુબંધવાળી છે.

અહીં વિશેષ એ છે કે અતત્ત્વના અભિનિવેશથી સંસારના કારણીભૂત એવા

રાગાદિ ભાવો જ પુષ્ટ થાય છે તેથી તેવા જીવો અહિંસા પાળીને દેવભવના સુખો મેળવશે તોપણ ભોગમાં આસક્ત થઈને હિંસાને કરશે તેથી મિથ્યાદૃષ્ટિ જીવોની અહિંસા પણ હિંસા ફળવાળી છે. વળી જે જીવોમાં મિથ્યાત્વ મંદ થયેલું છે તે જીવોમાં અસદ્ગ્રહ નિવર્તન પામે તેવો છે. તેથી તેવા જીવોમાં તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત હોય છે. તેવા જીવો હિંસાની પ્રવૃત્તિ કરતા હોય તોપણ કાંઈક શિથિલ કરે છે, અને તેવા મંદમિથ્યાદૃષ્ટિ જીવો અહિંસા પાળતા હોય તો તે અહિંસા સંપૂર્ણ હિંસાના અનુબંધવાળી નથી, પરંતુ હિંસાના અનુબંધવાળી પણ છે, અને કાંઈક અહિંસાના અનુબંધવાળી પણ છે. **॥૧૨/૪૯॥**

**અવતરણિકા :-**

**દુર્મતિ એવા મિથ્યાદૃષ્ટિની અહિંસા પણ હિંસાનુબંધી કેમ છે ? તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**येन स्यान्निह्नवादीनां, दिविषद्दुर्गतिः क्रमात् ।**
**हिंसैव महती तिर्यङ्नरकादिभवान्तरे ॥५०॥**

**અન્વયાર્થ :-**

**येन=જે કારણથી અર્થાત્ પૂર્વમાં કહ્યું કે દુર્મતિ એવા મિથ્યાદૃષ્ટિની અહિંસા પણ જે કારણથી હિંસાનુબંધી છે, (तेन=તે કારણથી) निह्नवादीनां दिविषद्दुर्गतिः=નિહ્નવાદિની દેવદુર્ગતિ=ખરાબ દેવભવની પ્રાપ્તિ, क्रमात् तिर्यङ्नरकादिभवान्तरे=ક્રમથી તિર્યંચ-નરકાદિ ભવાન્તરમાં, महती हिंसा एव स्यात्=મોટી હિંસા જ થાય. ॥૧૨/૫૦॥**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં કહ્યું કે દુર્મતિ એવા મિથ્યાદૃષ્ટિની અહિંસા પણ જે કારણથી હિંસાનુબંધી છે, તે કારણથી નિહ્નવાદિની ખરાબ દેવભવની પ્રાપ્તિ ક્રમથી તિર્યંચ-નરકાદિ ભવાન્તરમાં મોટી હિંસા જ થાય. ॥૧૨/૫૦॥**

❖ 'निह्नवादि' પદમાં 'आदि' પદથી જેઓ ભગવાનના વચનથી અનિવર્તનીય વિપરીત રુચિવાળા છે, તેવા જીવોને ગ્રહણ કરવાના છે.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે મિથ્યાદૃષ્ટિની અહિંસા પણ હિંસાનુબંધી છે. તે કારણથી નિહ્નવાદિને દેવલોકની દુર્ગતિ પ્રાપ્ત થાય છે અને ત્યાંથી ક્રમસર ભવાંતરમાં તેઓ તિર્યંચ-નરકાદિમાં જાય છે, ત્યાં પણ તેઓ મોટી હિંસા કરે છે. આનું કારણ તેઓમાં વર્તતો અનિવર્તનીય અસદ્‌ગ્રહ જ છે.

અહીં વિશેષ એ છે કે જમાલિ આદિ નિહ્નવ પહેલાં મોક્ષની તીવ્ર રુચિવાળા હતા અને સંયમમાં મહાઅપ્રમત્ત હતા. વળી મિથ્યાત્વના ઉદયથી ઉત્સૂત્રભાષણ કરે છે અને તેમાં અનિવર્તનીય અધ્યવસાય પેદા થાય છે, ત્યારે પણ સંસારના કોઈ આશયથી સંયમમાં યત્ન કરતા નથી અને સંયમ પણ નિરતિચાર પાળે છે અને મોક્ષનો આશય પણ છે. આમ છતાં ત્યારે મોક્ષના ઉપાયભૂત એવા ભગવાનના વચનથી વિપરીત માર્ગમાં દૃઢ રુચિ હોવાને કારણે ફળથી તેમનો મોક્ષનો આશય પણ સંસારના આશયમાં વિશ્રાંત થાય છે. તેથી "આરાધક-વિરાધક ચતુર્ભંગી" નામના ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ નિહ્નવોના સંયમને ગરઅનુષ્ઠાન કહેલ છે. **॥૧૨/૫૦॥**

**અવતરણિકા :-**

**સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવોની હિંસા અને અહિંસા કેવા અનુબંધવાળી છે, તે બતાવ્યું. હવે અપ્રમત્ત એવા મુનિની હિંસા કેવી છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**साधूनामप्रमत्तानां, सा चाहिंसानुबन्धिनी ।**
**हिंसानुबन्धविच्छेदाद् गुणोत्कर्षो यतस्ततः ।।५१।।**

**અન્વયાર્થ :-**

**हिंसानुबन्धविच्छेदात् च=અને હિંસાના અનુબંધનો વિચ્છેદ હોવાથી, अप्रमत्तानां साधूनाम्=અપ્રમત્ત એવા સાધુઓની, सा अहिंसानुबन्धिनी=તે અર્થાત્ હિંસા, અહિંસાનુબંધી છે, यतः=જે કારણથી, ततः गुणोत्कर्षः=તેનાથી અર્થાત્ હિંસાથી, ગુણનો ઉત્કર્ષ થાય છે. ।।૧૨/૫૧।।**

**શ્લોકાર્થ :-**

**અને હિંસાના અનુબંધનો વિચ્છેદ હોવાથી અપ્રમત્ત એવા સાધુઓની હિંસા અહિંસાનુબંધી છે, જે કારણથી હિંસાથી ગુણનો ઉત્કર્ષ થાય છે. ॥૧૨/૫૧॥**

**ભાવાર્થ :-**

અપ્રમત્ત મુનિઓને વિહારાદિ પ્રવૃત્તિમાં વાઉકાય આદિ જીવોની અને ક્વચિત્ અપવાદિક કારણોસર નદી ઊતરવા આદિ ક્રિયામાં અપ્કાયાદિ જીવોની વિરાધના થાય છે, પરંતુ ભગવદ્ વચનના પાલનમાં અપ્રમાદ હોવાને કારણે ત્યાં હિંસાના અનુબંધનો વિચ્છેદ હોય છે; કેમ કે હિંસાનો અનુબંધ અસદ્ગ્રહથી થાય છે, અને અપ્રમત્ત મુનિને તત્ત્વનો જ આગ્રહ હોય છે. તેથી હિંસાના અનુબંધના વિચ્છેદને કારણે તે હિંસા અહિંસાનુબંધી છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દષ્ટિને પણ સંસારની ક્રિયામાં થતી હિંસા હિંસાનુબંધના વિચ્છેદવાળી છે, છતાં તે હિંસા અહિંસાનુબંધી નથી, તો અપ્રમત્ત મુનિને હિંસા હિંસાનુબંધના વિચ્છેદને કારણે અહિંસાનુબંધી કેમ થાય ? તેથી કહે છે કે જે કારણથી તે હિંસાથી ગુણનો ઉત્કર્ષ થાય છે, તે કારણથી અપ્રમત્ત મુનિની હિંસા અહિંસાનુબંધી છે.

જેમ સમ્યગ્દષ્ટિને જિનપૂજાદિ કર્મમાં થતી હિંસામાં ગુણનો ઉત્કર્ષ હોવાને કારણે તે હિંસા અહિંસાનુબંધી છે, તેમ અપ્રમત્ત મુનિને પણ સંયમવૃદ્ધિને અનુકૂળ પ્રવૃત્તિકાળમાં થતી હિંસા સંયમવૃદ્ધિનું કારણ હોવાને કારણે અહિંસાનુબંધી છે. ફક્ત જિનપૂજાદિ ક્રિયામાં સમ્યગ્દષ્ટિની અહિંસાનુબંધી એવી હિંસા સંયમ પ્રાપ્તિનું કારણ છે, અને અપ્રમત્ત મુનિની અહિંસાનુબંધી એવી હિંસા ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિનું કારણ છે. **॥૧૨/૫૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૭ અને ૪૮માં સમ્યગ્દષ્ટિની હિંસા બતાવી અને તેમાં શ્લોક-૪૮માં કહ્યું કે સમ્યગ્દષ્ટિની કોઈક હિંસા અહિંસાનુબંધવાળી છે.**

ત્યારપછી શ્લોક-૪૯ અને ૫૦માં બતાવ્યું કે અસદ્ અભિનિવેશવાળા મિથ્યાદૃષ્ટિની અહિંસા હિંસાનુબંધવાળી છે. ત્યારપછી શ્લોક-૫૧માં બતાવ્યું કે અપ્રમત્ત સાધુની હિંસા અહિંસાનુબંધવાળી છે. ત્યાં પ્રશ્ન થાય કે જે જીવો અનિવર્તનીય અસદ્ગ્રહવાળા પણ નથી અને વિશેષ બોધ નહીં હોવાથી સમ્યક્ત્વને પામ્યા નથી, આમ છતાં મુગ્ધતાથી જિનપૂજાદિ ક્રિયાઓ કરે છે કે સાધુપણું પાળે છે, તેઓની હિંસા કેવી છે. તે બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**मुग्धानामियमज्ञत्वात्, सानुबन्धा न कर्हिचित् ।**
**ज्ञानोद्रेकाप्रमादाभ्यामस्या यदनुबन्धनम् ।।५२।।**

**અન્વયાર્થ :-**

अज्ञत्वात्=અજ્ઞપણું હોવાને કારણે, मुग्धानाम् इयं सानुबन्धा न कर्हिचित्= મુગ્ધોની આ અર્થાત્ હિંસા ક્યારેય સાનુબંધ થતી નથી અર્થાત્ અહિંસાનુ-બંધવાળી ક્યારેય થતી નથી, यद्=જે કારણથી, ज्ञानोद्रेकाप्रमादाभ्याम् अस्या अनुबन्धनम्=જ્ઞાનઉદ્રેક અને અપ્રમાદ દ્વારા આનું=અહિંસાનું, અનુબંધન છે. ।।૧૨/૫૨।।

**શ્લોકાર્થ :-**

**અજ્ઞપણું હોવાને કારણે મુગ્ધોની હિંસા ક્યારેય અહિંસાનુબંધવાળી થતી નથી, જે કારણથી જ્ઞાનઉદ્રેક અને અપ્રમાદ દ્વારા અહિંસાનું અનુબંધન છે. ।।૧૨/૫૨।।**

**ભાવાર્થ :-**

જે જીવો મુગ્ધ છે, તેઓ સંસારની આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે, તેમાં થતી હિંસા તો અહિંસાનુબંધવાળી નથી, પરંતુ મુગ્ધતાથી ધર્મની પ્રવૃત્તિ કરતા હોય, જિનપૂજાદિ કરતા હોય તોપણ તેઓની તે ધર્મપ્રવૃત્તિમાં થતી સ્વરૂપહિંસા અહિંસાના અનુબંધવાળી ક્યારેય થતી નથી; કેમ કે અજ્ઞપણું છે અર્થાત્ "આ

સંયમની ક્રિયા કરીને કે જિનપૂજા કરીને શુદ્ધ આત્મતત્ત્વને મારે પ્રગટ કરવું છે” તેવો માર્ગાનુસારી વિશેષ બોધ નથી. તેથી ધર્મબુદ્ધિથી કરાતી ધર્મપ્રવૃત્તિમાં થતી હિંસા પણ અહિંસાના અનુબંધવાળી નથી.

અહીં પ્રશ્ન થાય કે સંસારના ભોગવિલાસને અર્થે તેઓ પ્રવૃત્તિ કરતા હોય તેમાં થતી હિંસા તો અહિંસાના અનુબંધવાળી ન થઈ શકે, પરંતુ આત્મકલ્યાણ અર્થે જિનપૂજાદિ કરે છે, તેમાં પણ મુગ્ધોની હિંસા અહિંસાના અનુબંધવાળી કેમ બનતી નથી ? તેથી કહે છે કે જે કારણથી જ્ઞાનના ઉદ્રેકથી અર્થાત્ સમ્યગ્જ્ઞાનના માર્ગાનુસારી ઉપયોગથી અને તે જ્ઞાનથી નિયંત્રિત એવા અપ્રમાદથી કરાતી ધર્મપ્રવૃત્તિમાં જે હિંસા થાય છે, તે હિંસા અહિંસાના અનુબંધવાળી છે, અને મુગ્ધ જીવોને સમ્યગ્જ્ઞાન નહીં હોવાથી અને સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત અપ્રમાદ નહીં હોવાથી તેઓની ધર્મપ્રવૃત્તિમાં થતી હિંસા અહિંસાનુબંધવાળી ક્યારેય થઈ શકે નહીં.

અહીં વિશેષ એ છે કે મુગ્ધ જીવો તત્ત્વના અર્થી હોય અને તેઓનું મિથ્યાત્વ શિથિલ હોય તો તેઓના ધર્માનુષ્ઠાનમાં થતી હિંસા અહિંસાના અનુબંધવાળી નહીં હોવા છતાં કંઈક તેને અભિમુખભાવવાળી છે, જેથી તેવા મુગ્ધ જીવો સામગ્રીને પામીને વિવેકસંપન્ન બનશે ત્યારે તેઓની ધર્માનુષ્ઠાનમાં થતી હિંસા અહિંસાના અનુબંધવાળી બનશે. **॥૧૨/૫૨॥**

**અવતરણિકા :-**

**સમ્યક્ત્વ તત્ત્વશ્રદ્ધાનરૂપ છે અને તત્ત્વ અહિંસા જ છે તેમ બતાવીને તે અહિંસાના સંભવ આદિની વિચારણા કરી. ત્યારપછી તેના અનુબંધાદિની વિચારણા કરી. હવે અલગ અલગ જીવો એકસરખી હિંસા કરે ત્યારે પણ તેમાં “કયાં કારણોથી ભેદ પડે છે” તે બતાવીને અલગ અલગ વ્યક્તિ એક સરખી અહિંસાનું પાલન કરે તોપણ બંને વચ્ચે મોટું અંતર કયા કારણે પડે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**एकस्यामपि हिंसायामुक्तं सुमहदन्तरम् ।**
**भाववीर्यादिवैचित्र्याददहिंसायां च तत्तथा ।।५३।।**

**અન્વયાર્થ :-**

**भाववीर्यादिवैचित्र्यात्=ભાવવીર્યાદિનું વૈચિત્ર્ય હોવાને કારણે, एकस्याम् अपि हिंसायाम् सुमहदन्तरम् उक्तं=એક પણ હિંસામાં સુમહદન્તર કહેવાયેલું છે. तत्=તે અર્થાત્ સુમહદન્તર, अहिंसायां च तथा=અહિંસામાં પણ તે પ્રમાણે છે અર્થાત્ હિંસામાં છે તેવા પ્રકારે છે. ॥૧૨/૫૩॥**

**શ્લોકાર્થ :-**

**ભાવવીર્યાદિનું વૈચિત્ર્ય હોવાને કારણે એક પણ હિંસામાં સુમહદન્તર કહેવાયેલું છે, તે સુમહદન્તર અહિંસામાં પણ તેવા પ્રમાણે છે. ॥૧૨/૫૩॥**

❖ 'भाववीर्यादि' પદમાં 'आदि' પદથી અધિકરણનું ગ્રહણ કરવું.

❖ 'एकस्यामपि हिंसायाम्'માં 'अपि' પદનો ઉપયોગ એ સૂચવે છે કે જુદી જુદી હિંસામાં તો સુમહદન્તર છે જ, પણ એક સરખી હિંસામાં પણ ભેદ છે અર્થાત્ બે અલગ અલગ વ્યક્તિ બે અલગ અલગ જીવની એકસરખી હિંસા કરે તોપણ તે બંને વચ્ચે ઘણો મોટો ભેદ વર્તે છે.

❖ અહીં 'च' એ 'अपि'ના અર્થમાં યોજાયેલ છે.

**ભાવાર્થ :-**

ભાવવીર્યાદિ વૈચિત્ર્યથી હિંસા અને અહિંસાના ભેદને બતાવવા માટે "તત્ત્વાર્થ સૂત્ર"ના અધ્યાય-૬નું સૂત્ર-૭ આ પ્રમાણે છે :

'तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्यः' આ સૂત્ર પ્રમાણે છ વિકલ્પો પડે છે. તીવ્રભાવથી, મંદભાવથી, જ્ઞાતભાવથી, અજ્ઞાતભાવથી, વીર્યવિશેષથી અને અધિકરણવિશેષથી થતી હિંસામાં મહાન ભેદ છે અને તે રીતે અહિંસામાં પણ મહાન ભેદ છે. તેથી એ પ્રાપ્ત થાય કે તીવ્રભાવથી હિંસા કરવામાં આવે તો તીવ્ર કર્મબંધ થાય છે અને મંદભાવથી તત્સમાન હિંસા કરવામાં આવે તો અલ્પ કર્મબંધ થાય છે.

વળી, "આ જીવ છે" એ પ્રમાણે જાણીને હિંસા કરવામાં આવે તો તે જ્ઞાતભાવથી કરવામાં આવેલી હિંસામાં અધિક કર્મબંધ થાય છે અને "આ જીવ

છે” તેવું જ્ઞાન નહીં હોવાથી જો હિંસા કરવામાં આવે તો તે અજ્ઞાતભાવથી કરવામાં આવેલી હિંસામાં અલ્પ કર્મબંધ થાય છે.

વળી, હિંસા કરતી વખતે વીર્ય વિશેષ પ્રવર્તતું હોય તો અધિક કર્મબંધ થાય છે અને વીર્ય સામાન્ય પ્રવર્તતું હોય તો અલ્પ કર્મબંધ થાય છે. તેથી હિંસા કરવાને અનુકૂળ ક્રિયામાં વર્તતા વીર્યના ભેદથી પણ કર્મબંધમાં ભેદ પડે છે.

વળી, કોઈ શસ્ત્રથી હિંસા કરતો હોય તો તે શસ્ત્રરૂપ અધિકરણના ભેદથી પણ કર્મબંધમાં ભેદ પડે છે. જેમ અત્યંત પીડાકારક એવા શસ્ત્રથી કોઈની હિંસા કરવામાં આવે તો તે વખતે અધિક કર્મબંધ થાય છે અને સામાન્ય પીડાકારક એવા શસ્ત્રથી કોઈની હિંસા કરવામાં આવે તો તે વખતે અલ્પ કર્મબંધ થાય છે.

આમ, ભાવવૈચિત્ર્ય, વીર્યવૈચિત્ર્ય અને અધિકરણવૈચિત્ર્યથી એકસમાન પણ હિંસામાં કર્મબંધમાં ઘણું મોટું અંતર પડે છે. તે રીતે એકસમાન એવી અહિંસાના પાલનની પ્રવૃત્તિમાં પણ ભાવના વૈચિત્ર્યથી ઘણું મોટું અંતર પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે તીવ્રભાવથી, મંદભાવથી, જ્ઞાતભાવથી, અજ્ઞાતભાવથી, વીર્યવિશેષથી અને અધિકરણવિશેષથી કરાતા અહિંસાના પાલનમાં મહાન ભેદ છે. તે આ રીતે:

અહિંસાના પાલનની પ્રવૃત્તિમાં તીવ્રભાવ વર્તતો હોય તો ઘણી નિર્જરા થાય છે અને મંદભાવ વર્તતો હોય તો અલ્પ નિર્જરા થાય છે.

વળી, સર્વજ્ઞના વચનાનુસાર અહિંસાનું પાલન જે રીતે કરવાનું છે એ પ્રમાણે જાણીને અહિંસાનું પાલન કોઈ પુરુષ કરતો હોય તો જ્ઞાતભાવને કારણે તે અહિંસાના પાલનમાં તે પુરુષને ઘણી નિર્જરા થાય છે, અને એ પ્રમાણેનું જ્ઞાન ન હોય અને અહિંસાનું પાલન કોઈ પુરુષ કરતો હોય તો અજ્ઞાતભાવને કારણે તે અહિંસાના પાલનમાં તે પુરુષને અલ્પનિર્જરા થાય છે.

વળી, અહિંસાપાલનકાળમાં મન-વચન-કાયાનો સુદૃઢ વ્યાપાર વર્તતો હોય તો યતનાની તીવ્રતાને કારણે ઘણી નિર્જરા થાય છે, અને મંદ વ્યાપાર વર્તતો હોય તો યતનાની મંદતાને કારણે અલ્પનિર્જરા થાય છે.

વળી, અહિંસાના પાલન માટેનું સાધનરૂપ ઉપકરણ યતના કરવામાં જેટલું

અધિક સહાયક હોય તેટલી વધુ નિર્જરા થાય છે, અને યતના કરવામાં વિશેષરૂપે સહાયક બની ન શકે તેવા નબળા ઉપકરણથી અલ્પનિર્જરા થાય છે. **॥૧૨/૫૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં એકસમાન હિંસામાં કે એકસમાન અહિંસામાં પણ ભાવવીર્યાદિના વૈચિત્ર્યથી મોટો ભેદ છે તે બતાવ્યું. હવે કોઈ જીવ સમાન હિંસા કરતો હોય કે સમાન અહિંસાપાલન કરતો હોય તેમાં પણ કોઈકને તરત ફળ પ્રાપ્ત થાય છે તો કોઈકને કાલાન્તરમાં ફળ પ્રાપ્ત થાય છે. તેનાથી પણ હિંસાનો અને અહિંસાનો ભેદ છે. તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सद्यः कालान्तरे चैतद्विपाकेनापि भिन्नता ।**
**प्रतिपक्षान्तरालेन, तथाशक्तिनियोगतः ।।५४।।**

**અન્વયાર્થ :-**

**प्रतिपक्षान्तरालेन तथाशक्तिनियोगतः=પ્રતિપક્ષના અંતરાલને કારણે તેવા પ્રકારની શક્તિનો નિયોગ થવાથી, सद्यः कालान्तरे च=સદ્ય અને કાલાન્તરમાં, एतद्विपाकेन अपि भिन्नता=આના=હિંસાના અને અહિંસાના, વિપાક વડે પણ ભિન્નતા છે. ॥૧૨/૫૪॥**

**શ્લોકાર્થ :-**

**પ્રતિપક્ષના અંતરાલને કારણે તેવા પ્રકારની શક્તિનો નિયોગ થવાથી સદ્ય અને કાલાન્તરમાં હિંસાના અને અહિંસાના વિપાક વડે પણ ભિન્નતા છે. ॥૧૨/૫૪॥**

**ભાવાર્થ :-**

કોઈ બે વ્યક્તિ હિંસા કરતી હોય તેમાં એક વ્યક્તિને હિંસાનું તરત ફળ મળે છે અને એક વ્યક્તિને તે હિંસાનું ફળ કાલાન્તરમાં મળે છે, તે અપેક્ષાએ પણ હિંસાની ભિન્નતા છે.

અહીં પ્રશ્ન થાય કે બંનેએ હિંસા કરી, આમ છતાં એક વ્યક્તિને તે હિંસાનું

ફળ તરત મળે અને અન્ય વ્યક્તિને તેનું ફળ કાલાન્તરમાં મળે તેનું કારણ શું ? તેથી કહે છે કે પ્રતિપક્ષના અંતરાલને કારણે બંધાતા કર્મમાં તેવા પ્રકારની શક્તિનો નિયોગ થાય છે અર્થાત્ એકને તરત ફળ આપે અને અન્યને કાલાન્તરમાં ફળ આપે તેવી શક્તિનો નિયોગ થાય છે.

આશય એ છે કે એક વ્યક્તિએ ભૂતકાળમાં એવું પુણ્ય બાંધ્યું છે કે જેથી વર્તમાનની હિંસાનું ફળ તાત્કાલિક પ્રાપ્ત કરી શકે તેવું કર્મ બાંધી શકતો નથી. તેથી હિંસાના ફળમાં ભૂતકાળમાં બંધાયેલ પ્રતિપક્ષ એવા બળવાન પુણ્યનો વિપાક અંતરાલરૂપે હોવાને કારણે અર્થાત્ વચમાં પોતાનો વિપાક બતાવે તેવું પુણ્ય હોવાના કારણે વર્તમાનની હિંસાથી બંધાતા પાપમાં તેવી જ શક્તિનો નિયોગ થાય છે કે તે કાલાન્તરમાં ફળ આપી શકે, તત્કાળ ફળ આપી શકે નહીં. જ્યારે અન્ય વ્યક્તિ હિંસા કરે છે તે વખતે ભૂતકાળનું પુણ્ય તેવું બળવાન નહીં હોવાને કારણે અંતરાલમાં વિપાકવાળું નહીં થવાથી બંધાતા કર્મમાં તરત ફળ આપે તેવી શક્તિનો નિયોગ થાય છે. તેથી બેય જીવોની હિંસામાં ભિન્ન કાળમાં વિપાકને કારણે ભિન્નતા છે.

એ રીતે એક પ્રકારના અહિંસાના પાલનની ક્રિયામાં પણ કોઈકને તે અહિંસાનું તરત ફળ મળે છે તો કોઈકને કાલાન્તરમાં ફળ મળે છે. તેમાં પણ ભૂતકાળની હિંસાથી બંધાયેલું પાપ કોઈકને વચમાં અંતરાલ હોવાથી અહિંસાથી બંધાતી પુણ્યપ્રકૃતિમાં કાલાન્તરમાં ફળ આપે તેવી શક્તિનો નિયોગ થાય છે. તેથી આવા જીવો અહિંસા પાળતા હોય તોપણ આખા જીવનમાં શાતાનો અનુભવ ન કરે તેવું પણ બને. વળી, કોઈ જીવ અહિંસાનું પાલન કરતો હોય અને તે અહિંસાના પાલન પૂર્વે તેને અનેક પ્રકારનાં અશુભ કર્મો વિપાકમાં વર્તતા હોય, આમ છતાં તે અહિંસાના પાલનથી તે સર્વ અશુભ કર્મોનું તરત નિવર્તન થાય તો અહિંસાના પાલનનું ફળ તત્કાળ પ્રાપ્ત થાય છે. તેનું કારણ ભૂતકાળમાં બંધાયેલાં અશુભ કર્મો તેવાં બળવાન ન હતાં, જેથી વર્તમાનના અહિંસાના અધ્યવસાયથી તે પાપપ્રકૃતિઓ નિવર્તન પામી અને વર્તમાનની અહિંસાના પાલનથી બંધાયેલી પુણ્યપ્રકૃતિઓ તત્કાલ વિપાકમાં આવી.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભૂતકાળનું અશુભ કર્મ જે પ્રકારની બળવાન

શક્તિવાળું હોય તેનાથી વધુ બળવાન શુભભાવ વર્તમાનમાં થાય તો તે અશુભ પ્રકૃતિ નિવર્તન પામે, અને અહિંસાના પાલનથી બંધાતી પુણ્યપ્રકૃતિમાં તેવી વિશિષ્ટ શક્તિનો નિયોગ થાય છે કે જેથી તત્કાળ ફળ આપે; અને જે જીવોની ભૂતકાળની પાપપ્રકૃતિ અધિક બળવાન હોય અને વર્તમાનમાં અહિંસાના પાલનનો અધ્યવસાય મંદ સામર્થ્યવાળો હોય તો તે જીવો પાપપ્રકૃતિને નિવર્તન કરીને વર્તમાનમાં જ પુણ્ય પ્રકૃતિના વિપાકને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ વર્તમાનની અહિંસાનું ફળ કાલાન્તરમાં પ્રાપ્ત કરશે. **॥૧૨/૫૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વે શ્લોક-૪૭ અને ૪૮માં બતાવ્યું કે સમ્યગ્દૃષ્ટિની જિનપૂજાદિ ક્રિયાની હિંસા અહિંસાનુબંધી છે, તથા શ્લોક-૫૧માં બતાવ્યું કે અપ્રમત્ત મુનિની હિંસાની ક્રિયા અહિંસાનુબંધી છે. હવે સમ્યગ્દૃષ્ટિથી જિનપૂજામાં થતી હિંસા અને અપ્રમત્ત મુનિથી થતી હિંસા પરમાર્થથી અહિંસા જ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**हिंसाप्युत्तरकालीनविशिष्टगुणसङ्क्रमात् ।**
**त्यक्ताविध्यनुबन्धत्वादहिंसैवातिभक्तितः ।।५५।।**

**અન્વયાર્થ :-**

**अतिभक्तितः=અતિભક્તિને કારણે, उत्तरकालीनविशिष्टगुणसङ्क्रमात्= ઉત્તરકાલીન ભક્તિથી વિશિષ્ટ ગુણનો સંક્રમ હોવાથી, त्यक्ताविध्यनुबन्धत्वात्= (અને) ત્યક્તઅવિધિનું અનુબંધપણું હોવાથી, हिंसा अपि अहिंसा एव=હિંસા પણ અહિંસા જ છે અર્થાત્ વ્યવહારનયથી હિંસા છે તે પણ નિશ્ચયનયથી અહિંસા જ છે. ।।૧૨/૫૫।।**

**શ્લોકાર્થ :-**

**અતિભક્તિને કારણે ઉત્તરકાલીન ભક્તિથી વિશિષ્ટ ગુણનો સંક્રમ હોવાથી અને ત્યક્તઅવિધિનું અનુબંધપણું હોવાથી વ્યવહારનયથી**

**હિંસા છે તે પણ નિશ્ચયનયથી અહિંસા જ છે. ॥૧૨/૫૫॥**

❖ અહીં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનયથી જે અહિંસા છે તે નિશ્ચયનયથી અહિંસા છે જ, પરંતુ વ્યવહારનયની હિંસા પણ નિશ્ચયનયથી અહિંસા છે.

**ભાવાર્થ :-**

ભગવાનની અતિભક્તિથી કરાતી પૂજાદિ ક્રિયામાં અપુનર્બંધકદશાથી માંડીને અપ્રમત્ત મુનિ સુધી હિંસા થાય છે, તે હિંસાના ઉત્તરકાળમાં થતી ભગવાનની ભક્તિથી વિશિષ્ટ ગુણનો સંક્રમ થાય છે, તેથી તે તત્ત્વથી અહિંસા જ છે. વળી, તે ભગવદ્ભક્તિ કરનાર જીવો શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ભગવાનની ભક્તિ કરવાના પરિણામવાળા હોવાથી અનાભોગાદિથી વિધિમાં ત્રુટિ હોય તોપણ અવિધિનો અનુબંધ હોતો નથી, તેથી તે હિંસા પણ અહિંસા જ છે.

(૧) "અપુનર્બંધકદશાના જીવોની પૂજાદિમાં થતી હિંસા પણ અહિંસા છે" તે આ રીતે : અપુનર્બંધકદશાના જીવો સૂક્ષ્મ બોધવાળા નહીં હોવા છતાં ઓઘથી ભગવાનના ગુણો પ્રત્યે પક્ષપાત હોવાને કારણે પુષ્પાદિથી ભગવાનની પૂજાદિ કરે છે ત્યારે, તે પુષ્પાદિના ગ્રહણની ક્રિયાકાળમાં પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તોપણ ભગવાનને અર્પણ કરતી વખતે "હું ઉત્તમ પુરુષને અર્પણ કરું છું" એ પ્રકારનો અધ્યવસાય હોવાથી તેમનું ચિત્ત ભગવાન પ્રત્યે વધતા બહુમાનભાવવાળું હોય છે, જેથી પૂર્વની ભૂમિકા કરતાં વિશિષ્ટ ગુણવાળી દશા પ્રાપ્ત થાય છે. વળી, વિવેકસંપન્ન અપુનર્બંધકદશાવાળા જીવોને પણ શાસ્ત્રવિધિ અનુસાર ભગવાનની ભક્તિ કરવાની મનોવૃત્તિ હોય છે. તેથી અજ્ઞાનને કારણે કે પ્રમાદને કારણે વિધિમાં કોઈ ક્ષતિ હોય તોપણ તે ભક્તિની ક્રિયા અવિધિના અનુબંધવાળી નથી. ફક્ત સૂક્ષ્મબોધ નહીં હોવાને કારણે જે અંશમાં અજ્ઞાન છે, તે અંશમાં હિંસા છે, તોપણ વિધિ અને ભક્તિપૂર્વક કરાતી તેઓની પૂજામાં થતી હિંસા અહિંસારૂપ છે.

(૨) "સમ્યગ્દષ્ટિ જીવો વડે કરાતી પૂજાદિમાં થતી હિંસા પણ અહિંસા છે." તે આ રીતે : સમ્યગ્દષ્ટિ જીવો સૂક્ષ્મ બોધવાળા હોય છે. તેથી સર્વ ક્લેશરહિત એવા પરમાત્માના સ્વરૂપને જીવની સાર અવસ્થારૂપે જાણે છે, અને તે અવસ્થા જ પ્રાપ્ત કરવા જેવી છે તે પ્રકારના ભગવાન પ્રત્યેના

બહુમાનને કારણે વીતરાગની ભક્તિ કરે છે ત્યારે, "આ લોકોત્તમ પુરુષની ભક્તિ કરીને હું પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરું" તે પ્રકારનો શુભ અધ્યવસાય હોવાથી ભગવદ્ભક્તિકાળમાં સર્વવિરતિમાં પ્રતિબંધક એવાં ચારિત્રમોહનીય કર્મો શિથિલ થવાને કારણે ભગવદ્ભક્તિથી વિશિષ્ટ ગુણનો પ્રાદુર્ભાવ થાય છે. વળી સમ્યગ્દૃષ્ટિ જીવો શાસ્ત્રવિધિ અનુસાર ભગવદ્ભક્તિ કરવાના પરિણામવાળા હોવાથી અનાભોગાદિથી કોઈ અવિધિ થાય તોપણ ભગવદ્ભક્તિની ક્રિયા અવિધિના અનુબંધ વગરની હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ વડે કરાતી ભગવદ્ભક્તિમાં થતી હિંસા અહિંસા છે અર્થાત્ તે ભગવદ્ભક્તિની ક્રિયા પોતાના ભાવપ્રાણના રક્ષણને અનુકૂળ યત્ન સ્વરૂપ હોવાથી અહિંસા છે.

(૩) "અપ્રમત્ત મુનિની વિહારાદિમાં થતી હિંસા પણ અહિંસા છે." તે આ રીતે : અપ્રમત્ત મુનિઓ સૂક્ષ્મબોધવાળા હોય છે, સર્વ ઉદ્યમથી મોહના ઉચ્છેદ માટે યત્ન કરનારા હોય છે. તેઓ ભગવાનના વચનાનુસાર વિહારાદિ કરતા હોય કે નદી આદિમાંથી પસાર થવું પડે તેમ હોય ત્યારે વિહારમાં વાયુકાયના જીવોની હિંસા થાય, અને નદી આદિમાંથી પસાર થતાં અપ્કાય જીવોની હિંસા થાય, તોપણ તે પ્રવૃત્તિની ઉત્તરમાં રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરી શકે તે અર્થે વિહાર કે નદી ઊતરવાની ક્રિયા હોવાથી, વિહાર કે નદી ઊતરવાની ક્રિયાના ઉત્તરકાળમાં કરાતા ઉચિત અનુષ્ઠાનથી જે રત્નત્રયીની વૃદ્ધિરૂપ ગુણની પ્રાપ્તિ થાય છે, તેમાં વિહાર કે નદી ઊતરવાની ક્રિયા કારણ હોવાથી તે વિહાર કે નદી ઉતરવાની ક્રિયામાં થતી હિંસા પણ અહિંસા છે. વળી, અપ્રમત્ત મુનિઓ પૂર્ણ શાસ્ત્રવિધિ અનુસાર પ્રવૃત્તિ કરનાર હોવાથી તેઓની પ્રવૃત્તિ અહિંસાના અનુબંધવાળી છે, માટે તેઓની હિંસા અહિંસા જ છે. **॥૧૨/૫૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯માં ભગવાનના આગમને પ્રમાણરૂપે સ્વીકારવારૂપ સમ્યગ્દર્શન છે તેમ કહ્યું અને તેમાં યુક્તિ આપી કે ભગવાનના શાસનમાં જ શુદ્ધ અહિંસા છે, માટે ભગવાનનું આગમ પ્રમાણરૂપ છે. વળી તે અહિંસા ભગવાનના શાસનમાં જ ઘટે છે, અન્ય દર્શનમાં નહીં. તે બતાવીને ભગવાનના**

**શાસનમાં અહિંસા કેવા પ્રકારની છે, તેનું વિસ્તારથી વર્ણન કર્યું. હવે તે આખા કથનનો ઉપસંહાર કરતાં કહે છે –**

**શ્લોક :-**

**इदृग्भङ्गशतोपेताऽहिंसा यत्रोपवर्ण्यते ।**
**सर्वांशपरिशुद्धं तत्प्रमाणं जिनशासनम् ।।५६।।**

**અન્વયાર્થ :-**

**इदृग् भङ्गशतोपेताऽहिंसा उपवर्ण्यते=આવા પ્રકારના ભંગશતથી ઉપેત એવી અહિંસાનું અર્થાત્ ઉપરમાં કહ્યા તેવા પ્રકારના સેંકડો વિકલ્પોથી યુક્ત એવી અહિંસાનું વર્ણન કરાય છે, यत्र=જ્યાં અર્થાત્ જે જિનશાસનમાં, तत् सर्वांशपरिशुद्धं जिनशासनं प्रमाणं=તે સર્વાંશ પરિશુદ્ધ જિનશાસન પ્રમાણ છે. ।।૧૨/૫૬।।**

**શ્લોકાર્થ :-**

**આવા પ્રકારના સેંકડો વિકલ્પોથી યુક્ત એવી અહિંસાનું વર્ણન કરાય છે જે જિનશાસનમાં, તે સર્વાંશ પરિશુદ્ધ જિનશાસન પ્રમાણ છે. ।।૧૨/૫૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું તેવા પ્રકારના સેંકડો વિકલ્પોથી યુક્ત એવી અહિંસાનું વર્ણન ભગવાનના શાસનમાં કરાયેલું છે અને તે વર્ણન સર્વાંશથી પરિશુદ્ધ છે; કેમ કે અહિંસાને અને હિંસાને જોડનારી જે નયોની દૃષ્ટિ છે, તે સર્વ નયોની દૃષ્ટિથી યથાર્થ રીતે ભગવાનના શાસનમાં હિંસા-અહિંસાનું વર્ણન કરાયેલું છે. તેથી તે જિનશાસન પ્રમાણરૂપ છે; કેમ કે તે જિનશાસનના વચનાનુસાર અહિંસામાં પ્રવૃત્તિ કરવામાં આવે તો અહિંસાનું ફળ જે આત્યન્તિક સુખલાભ છે અર્થાત્ મોક્ષ છે તે અવશ્ય પ્રાપ્ત થાય છે. **।।૧૨/૫૬।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૯માં કહેલ કે શુદ્ધ અહિંસા જિનશાસનમાં કહેવાઈ છે. આથી**

**સમ્યક્ત્વ જિનશાસનના આગમને પ્રમાણ સ્વીકારવારૂપ છે અને ત્યારપછી જિનશાસનમાં શુદ્ધ અહિંસા કેમ છે ? તેની યુક્તિ બતાવીને શ્લોક-૫૬માં કહ્યું કે આવા સેંકડો ભંગોથી યુક્ત અહિંસા જિનશાસનમાં બતાવેલ છે, જે સર્વાંશ પરિશુદ્ધ છે. તે જિનશાસનનો પ્રમાણરૂપ સ્વીકાર શું છે કે જેથી તે સમ્યક્ત્વ બને ? તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**अर्थोऽयमपरोऽनर्थ, इति निर्द्धारणं हृदि ।**
**आस्तिक्यं परमं चिह्नं, सम्यक्त्वस्य जगुर्जिनाः ।।५७।।**

**અન્વયાર્થ :-**

**अर्थोऽयम्=આ અર્થ છે અર્થાત્ જિનશાસન અર્થ છે=જિનેશ્વર ભગવંતનું વચન અર્થ છે, अपरोऽनर्थ=અપર અનર્થ છે અર્થાત્ જિનવચનથી અન્ય વચન અનર્થ છે, इति हृदि निर्द्धारणं आस्तिक्यं=હૃદયમાં એ પ્રકારના નિર્ધારણરૂપ આસ્તિક્યને, जिनाः सम्यक्त्वस्य परमं चिह्नं जगुः=જિનેશ્વરોએ સમ્યક્ત્વનું પરમ ચિહ્ન કહ્યું છે. ।।૧૨/૫૭।।**

**શ્લોકાર્થ :-**

**જિનશાસન અર્થ છે=જિનેશ્વર ભગવંતનું વચન અર્થ છે, જિનવચનથી અન્ય વચન અનર્થ છે, હૃદયમાં એ પ્રકારના નિર્ધારણરૂપ આસ્તિક્યને જિનેશ્વરોએ સમ્યક્ત્વનું પરમ ચિહ્ન કહ્યું છે. ।।૧૨/૫૭।।**

**ભાવાર્થ :-**

જિનેશ્વરનું વચન એ જ અર્થ છે, અન્ય સર્વ વચનો અનર્થ છે, એવો જે સ્થિર નિર્ણય તે આસ્તિક્ય છે, અને આ આસ્તિક્ય સમ્યક્ત્વનું પરમ ચિહ્ન છે, એમ ભગવાને કહ્યું છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનનાં વચનો અનુસાર સર્વ ભંગોથી યુક્ત એવી અહિંસાનું પાલન કરવામાં આવે તો તે પાલન કરનાર પુરુષને ઇષ્ટ એવી સદ્ગતિની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે પુરુષને

ઇષ્ટ એવા અર્થની પ્રાપ્તિનું કારણ ભગવાનનું વચન છે, અને ભગવાનના વચનથી અન્ય વચન અનુસાર અહિંસામાં પ્રવૃત્તિ કરવામાં આવે તોપણ પરિપૂર્ણ શુદ્ધ અહિંસાની પ્રાપ્તિ નહીં હોવાથી ઇષ્ટ એવા અર્થની પ્રાપ્તિનું કારણ તે અહિંસા બનતી નથી. તેથી ભગવાનના વચન સિવાયનાં અન્ય સર્વ વચનો અનર્થરૂપ છે, એવો સ્થિર નિર્ણય જીવને સ્વશક્તિ અનુસાર જિનવચનનું અવલંબન લઈને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરાવે છે તેથી સર્વ કલ્યાણનું કારણ છે, માટે ભગવાનના વચનની શ્રદ્ધા સમ્યક્ત્વ છે. **॥૧૨/૫૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે આસ્તિક્ય સમ્યક્ત્વનું પરમ ચિહ્ન છે. હવે આ આસ્તિક્ય કેવા પ્રકારનું વિશિષ્ટ બને કે જેથી સ્થિર સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**शमसम्वेगनिर्वेदानुकम्पाभिः परिष्कृतम् ।**
**दधतामेतदच्छिन्नं, सम्यक्त्वं स्थिरतां व्रजेत् ।।५८।।**

**અન્વયાર્થ :-**

**शमसम्वेगनिर्वेदानुकम्पाभिः परिष्कृतम्=શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા વડે પરિષ્કૃત અર્થાત્ વિશુદ્ધ કરાયેલા, एतद्=આના=આસ્તિક્યના, अच्छिन्नं= છેદ વગર=સતત, दधताम्=ધારણ કરનારાઓનું, सम्यक्त्वं स्थिरतां व्रजेत्= સમ્યક્ત્વ સ્થિરતાને પામે. ।।૧૨/૫૮।।**

**શ્લોકાર્થ :-**

**શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા વડે વિશુદ્ધ કરાયેલા આસ્તિક્યના સતત ધારણ કરનારાઓનું સમ્યક્ત્વ સ્થિરતાને પામે. ।।૧૨/૫૮।।**

**ભાવાર્થ :-**

શમ, સંવેગાદિ પાંચ ભાવો સમ્યક્ત્વનાં લક્ષણો કહ્યાં છે. તેમાં આસ્તિક્ય લક્ષણ લક્ષ્ય માત્રમાં=યાવત્ લક્ષ્યમાં, રહેલ છે અને અલક્ષ્યથી લક્ષ્યને જુદું પાડે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવમાં આસ્તિક્ય ગુણ અવશ્ય હોય, અને જ્યાં આસ્તિક્ય

નથી ત્યાં સમ્યક્ત્વ પણ નથી એવી નિયત વ્યાપ્તિ છે. જેમ ઉપયોગ જીવનું લક્ષણ છે, જે સર્વ જીવમાં રહેલ છે અને જીવથી અન્યત્ર ક્યાંય રહેતું નથી, તેમ આસ્તિક્ય બધા સમ્યગ્દષ્ટિ જીવમાં હોય છે અને કોઈ મિથ્યાદષ્ટિ જીવમાં પારમાર્થિક આસ્તિક્ય હોતું નથી. વળી, શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા : આ ચાર લક્ષણો સમ્યક્ત્વનાં અનુમાપક લિંગો છે; પરંતુ જેનાથી લક્ષ્યનો બોધ થાય તે લક્ષણ કહેવાય, એ પ્રકારની વ્યુત્પત્તિથી શમસંવેગાદિને પણ લક્ષણ કહેલ છે. જેમ તપ જીવનું લક્ષણ છે, તેથી જે તપ કરતો હોય તે નિયમા જીવ છે, તેમ બોધ થાય છે; પરંતુ જીવમાત્રમાં તપ છે, તેવી વ્યાપ્તિ નથી. તે રીતે શમ, સંવેગાદિ ચારમાંથી કોઈપણ ધર્મ હોય તેમાં નિયમા સમ્યક્ત્વ છે, પરંતુ જે સમ્યગ્દષ્ટિ જીવ છે તે સર્વ જીવોમાં શમસંવેગાદિ લક્ષણો હોય જ તેવી વ્યાપ્તિ નથી, પરંતુ આસ્તિક્યની નિયત વ્યાપ્તિ છે.

આનાથી એ ફલિત થયું કે જે પુરુષને જિનવચનમાં પ્રામાણ્યનો નિર્ણય છે, તેનામાં આસ્તિક્ય છે, અને આવા આસ્તિક્યવાળા જીવો ભગવાનના વચનાનુસાર ઉચિત અનુષ્ઠાનોમાં યત્ન કરે છે ત્યારે અનુકંપાદિ પશ્ચાનુપૂર્વી ચાર ભાવો પ્રગટે છે, અને તે ચાર ભાવોથી પરિષ્કૃત થયેલ અર્થાત્ દૃઢ થયેલ એવું આસ્તિક્ય જીવમાં સતત વર્તતું હોય, તો તે જીવમાં રહેલું સમ્યક્ત્વ સ્થિરભાવને પામે છે; કેમ કે સમ્યક્ત્વ પ્રગટ્યા પછી ઉચિત આચરણાઓ દ્વારા પ્રશમાદિ ભાવો પ્રગટ થવાથી ઉત્તમ કોટિના સુખનું વેદન જીવ કરે છે. તેથી તેને સ્થિર શ્રદ્ધા થાય છે કે “આ ભગવાનનું વચન આવા ઉત્તમ સુખની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ સુખમય મોક્ષનું કારણ છે.”

અહીં વિશેષ એ છે કે કેટલાક જીવોને ભગવાનના વચનમાં શ્રદ્ધારૂપ આસ્તિક્ય શંકા આદિ દ્વારા વિચ્છેદ વગર સદા વર્તે છે, તો વળી કેટલાક યોગ્ય પણ જીવોને ભગવાનના વચનમાં શ્રદ્ધારૂપ આસ્તિક્ય કોઈક નિમિત્તને પામીને શંકા આદિ ભાવવાળું પણ બને છે. જેઓને ભગવાનના વચનમાં શંકા આદિ ન થાય તેવો સ્થિર નિર્ણય છે, તેઓને પણ શમ, સંવેગાદિ ભાવો પ્રગટ્યા ન હોય તો તેઓનું આસ્તિક્ય શમ, સંવેગાદિ ભાવોથી પરિષ્કૃત નથી, તેથી સ્થિરતાને પામતું નથી. વળી, જેઓ ભગવાનના વચનમાં

શ્રદ્ધાવાળા છે અને સંયમ ગ્રહણ કરીને અપ્રમત્તભાવથી ઉદ્યમ કરે છે, તેઓમાં શમ, સંવેગાદિ ભાવો પ્રગટેલા હોય, આમ છતાં ભગવાનના વચનમાં શ્રદ્ધારૂપ આસ્તિક્ય શંકાદિ અતિચારોને પામીને સ્ખલના પામે છે, તેઓનું આસ્તિક્ય શમ, સંવેગાદિ ભાવોથી યુક્ત હોવા છતાં અચ્છિન્ન નથી. આથી આવા મહાત્માઓને પણ કોઈક નિમિત્તને પામીને શંકા થાય છે કે "હું જે સંયમમાં ઉદ્યમ કરું છું, તેનું ફળ મને મળશે કે નહીં ?" તે વખતે તેઓનું આસ્તિક્ય કાંઈક સ્ખલિત થાય છે, પરંતુ જેઓનું આસ્તિક્ય સ્ખલિત થતું નથી અને સંયમની ક્રિયા કરીને શમ, સંવેગાદિ ભાવોથી વિશુદ્ધ બને છે, તે સમ્યક્ત્વ સ્થિરતાને પામે છે. **॥૧૨/૫૮॥**

**।। इति सम्यक्त्वाधिकारः ।।१२।।**

# અધિકાર-૧૩

# મિથ્યાત્વત્યાગ અધિકાર

**પૂર્વના અધિકાર સાથેનું જોડાણ :-**

પૂર્વ અધિકારમાં ભગવાનનું વચન કઈ રીતે પ્રમાણ છે, તે વિસ્તારથી બતાવ્યું, અને તેનો બોધ કરીને જે વ્યક્તિને સ્થિર નિર્ણય થાય કે આ ભગવાનનું વચન જ જીવ માટે અર્થ છે=એકાંતે ઉપકારી છે, અને તેના સિવાયનું સર્વ જીવ માટે અનર્થ છે=અહિતકારી છે, અને આવો સ્થિર નિર્ણય પ્રગટ થયા પછી તે વ્યક્તિ ભગવાનના વચનાનુસાર સંયમયોગમાં યત્ન કરે તો શમ, સંવેગાદિ સમ્યક્ત્વનાં લિંગો પ્રગટ થાય છે, અને તેનાથી સમ્યક્ત્વ સ્થિર થાય છે, જે અપ્રમત્ત મુનિઓને હોય છે. આવું સમ્યક્ત્વ પ્રગટ્યા પછી પાત થવાની સંભાવના ઓછી હોય છે, એમ પૂર્વના અધિકારના શ્લોક-૫૮માં કહેલ છે.

જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે ભગવાનના વચનના પ્રામાણ્યનો નિર્ણય આવશ્યક છે, તેમ મિથ્યાત્વનો ત્યાગ પણ આવશ્યક છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે મિથ્યાત્વનો ત્યાગ કઈ રીતે થઈ શકે તે બતાવવા અર્થે પ્રસ્તુત "મિથ્યાત્વત્યાગ" અધિકાર કહે છે.

**અવતરણિકા :-**

**શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થે મિથ્યાત્વનો ત્યાગ આવશ્યક છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**मिथ्यात्वत्यागतः शुद्धं, सम्यक्त्वं जायतेऽङ्गिनाम् ।**
**अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ।।१।।**

**અન્વયાર્થ :-**

**मिथ्यात्वत्यागतः=મિથ્યાત્વના ત્યાગથી, अङ्गिनाम् शुद्धं सम्यक्त्वं जायते= જીવોને શુદ્ધ સમ્યક્ત્વ પેદા થાય છે, अतः=આથી, तत्परिहाराय=તેના પરિહાર માટે અર્થાત્ મિથ્યાત્વના પરિહાર માટે, महात्मना यतितव्यं=મહાત્માએ યત્ન કરવો જોઈએ. ।।૧૩/૧।।**

**શ્લોકાર્થ :-**

**મિથ્યાત્વના ત્યાગથી જીવોને શુદ્ધ સમ્યક્ત્વ પેદા થાય છે. આથી મિથ્યાત્વના પરિહાર માટે મહાત્માએ યત્ન કરવો જોઈએ. ॥૧૩/૧॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને ભગવાનના આગમને પ્રમાણરૂપે સ્વીકારવાથી સમ્યક્ત્વ પ્રગટે છે, તોપણ જ્યાં સુધી મિથ્યાત્વનો ત્યાગ ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રગટી શકે નહીં. તેથી પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે મિથ્યાત્વના ત્યાગથી શુદ્ધ સમ્યક્ત્વ થાય છે. માટે સમ્યક્ત્વના અર્થીએ જેમ ભગવાનના વચનના પ્રામાણ્યના નિર્ણયમાં યત્ન કરવો આવશ્યક છે, તેમ મિથ્યાત્વનો ત્યાગ કરવો પણ આવશ્યક છે. તેથી જ પ્રસ્તુત શ્લોકમાં કહેલ છે કે સમ્યક્ત્વના અર્થી મહાત્માએ મિથ્યાત્વના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે પૂર્વ અધિકારમાં બતાવ્યું એ પ્રમાણે જૈનશાસનમાં બતાવેલ અહિંસાનું સ્વરૂપ અનેક દૃષ્ટિકોણથી વિચારવામાં આવે અને ભગવાને કહેલી અહિંસા કઈ રીતે સાનુબંધ થઈને મોક્ષરૂપ ફળનું કારણ છે તેવો નિર્ણય કરવામાં આવે તો જીવમાં સમ્યગ્દર્શન પ્રગટે છે. વળી, જેમ સમ્યગ્દર્શનને પ્રગટ કરવા અર્થે ભગવાને બતાવેલી પારમાર્થિક અહિંસાનો બોધ આવશ્યક છે. તેમ મિથ્યાત્વનાં છ સ્થાનોનો ત્યાગ પણ આવશ્યક છે. તેથી સમ્યક્ત્વના અર્થીએ મિથ્યાત્વનાં એ છ સ્થાનોનો સમ્યગ્બોધ કરીને તેના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ. **॥૧૩/૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં મિથ્યાત્વના ત્યાગથી શુદ્ધ સમ્યક્ત્વ થાય છે એમ કહ્યું. આથી મિથ્યાત્વના ત્યાગ માટે મિથ્યાત્વનાં સ્થાનોનો બોધ આવશ્યક છે. માટે હવે મિથ્યાત્વનાં છ સ્થાનો બતાવે છે –**

**શ્લોક :-**

**नास्ति नित्यो न कर्त्ता च, न भोक्तात्मा न निर्वृतिः ।**
**तदुपायश्च नेत्याहुर्मिथ्यात्वस्य पदानि षट् ।।२।।**

**અન્વયાર્થ :-**

**आत्मा नास्ति=આત્મા નથી, नित्यो न=નિત્ય નથી, कर्ता भोक्ता च न=કર્તા નથી અને ભોક્તા નથી, न निर्वृतिः=નિર્વૃતિ અર્થાત્ મોક્ષ નથી, तदुपायश्च न=અને તેનો=નિર્વૃતિનો અર્થાત્ મોક્ષનો ઉપાય નથી. इति मिथ्यात्वस्य षट् पदानि आहुः=એ પ્રકારના મિથ્યાત્વનાં છ પદો શાસ્ત્રકારો કહે છે. ।।૧૩/૨।।**

**શ્લોકાર્થ :-**

**આત્મા નથી, નિત્ય નથી, કર્તા નથી અને ભોક્તા નથી, મોક્ષ નથી અને મોક્ષનો ઉપાય નથી, એ પ્રકારના મિથ્યાત્વનાં છ પદો શાસ્ત્રકારો કહે છે. ।।૧૩/૨।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રકારોએ મિથ્યાત્વનાં છ સ્થાનો કહ્યાં છે. તે આ રીતે –

**(i) આત્મા નથી :-** ચાર્વાક્ દર્શનકારો આત્મા નથી, તેમ માને છે; કેમ કે શરીરથી અતિરિક્ત આત્મદ્રવ્ય કોઈ ઇન્દ્રિયથી ગ્રહણ થતું નથી. વળી, પરલોકમાંથી આત્મા આવ્યો અને પરલોકમાં જશે તેવું સ્વીકારવા માટે કોઈ પ્રત્યક્ષ પ્રમાણ નથી. આમ કહીને આત્માનો અપલાપ કરે છે, જે મિથ્યાત્વનું પ્રથમ સ્થાન છે.

**(ii) આત્મા નિત્ય નથી :-** બૌદ્ધ દર્શનકારો આત્માને એકાંત અનિત્ય માને છે, અને તેની માન્યતા પ્રમાણે દરેક પદાર્થ ક્ષણસ્થાયી છે, તેમ આત્મા પણ ક્ષણસ્થાયી છે. આત્મા એકાંત અનિત્ય માનવાથી યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિ સંગત થાય નહીં. માટે "આત્મા નિત્ય નથી" એ મિથ્યાત્વનું બીજું સ્થાન છે.

**(iii) આત્મા કર્તા નથી (iv) આત્મા ભોક્તા નથી :-** સાંખ્ય દર્શનકારો આત્મા માને છે, આત્માને નિત્ય પણ માને છે, પરંતુ આત્માને એકાંતે કૂટસ્થ નિત્ય માને છે, તેથી આત્માને કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા માનતા નથી, જે મિથ્યાત્વનું ત્રીજું અને ચોથું સ્થાન છે.

વસ્તુતઃ આત્માને કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા ન સ્વીકારવામાં આવે તો કર્મને પરતંત્ર જીવો સંસારમાં જન્મે છે અને તેનાં ફળ ભોગવે છે. તે દૃષ્ટ

વ્યવસ્થા સંગત થાય નહીં, માટે આત્માને કર્તા અને ભોક્તા ન સ્વીકારવો, એ વિપર્યાસ હોવાથી તે બંને મિથ્યાત્વનાં સ્થાન છે.

(v) **મોક્ષ નથી :-** આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, એમ સ્વીકારનાર કેટલાક માને છે કે સંસારનું આ પ્રકારનું પરિભ્રમણ જ ચાલ્યા કરે છે, પરંતુ સર્વથા કર્મ વગરનો આત્મા છે તેમ સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી; કેમ કે જીવ સુખનો અર્થી છે અને કોઈ ભોગસામગ્રી ન હોય તો સુખ પ્રાપ્ત ન થાય. તેથી જ્યાં સુખ ન હોય તેવી અવસ્થાની પ્રાપ્તિ માટે કોઈ વિચારક પ્રયત્ન કરે નહીં. માટે મોક્ષનો સ્વીકાર કરવો ઉચિત નથી. આ પ્રકારની કોઈકની માન્યતા વિપર્યાસરૂપ છે; કેમ કે સંપૂર્ણ કર્મથી રહિત જીવની અવસ્થા સુંદર છે, પૂર્ણ સુખમય છે. આમ છતાં સંસારના સુખમાં ગાઢ રાગને કારણે જીવના પારમાર્થિક સુખનો વિચાર જેઓ કરી શકતા નથી તેઓ જ મિથ્યાત્વના ઉદયથી મોક્ષનો અપલાપ કરે છે, જે મિથ્યાત્વનું પાંચમું સ્થાન છે.

(vi) **મોક્ષનો ઉપાય નથી :-** આત્મા છે, આત્મા નિત્ય છે, કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા છે અને મોક્ષ છે, આટલું માને, પરંતુ મોક્ષનો ઉપાય નથી પણ મોક્ષની સહજ પ્રાપ્તિ છે તેમ કેટલાક માને છે; અને કહે છે કે "જે કાળે જે થવાનું હોય તે કાળે તે કાર્ય થાય છે" તેવો અનુભવ છે, તેમ "જે કાળે જે જીવનો મોક્ષ થવાનો હોય તે કાળે જ તે જીવનો મોક્ષ થાય છે" માટે મોક્ષ ઉપાયસાધ્ય નથી. આ પ્રકારની તેમની માન્યતા વિપરીત બોધને કારણે છે.

વસ્તુતઃ ગુણોમાં યત્ન કરવાથી ગુણની વૃદ્ધિ દેખાય છે અને ગુણના પ્રકર્ષરૂપ મોક્ષ હોવાથી ગુણ પ્રગટ કરવાના ઉપાયોથી મોક્ષની પ્રાપ્તિ છે. માટે "મોક્ષનો ઉપાય નથી" એ મિથ્યાત્વનું છઠ્ઠું સ્થાન છે. **॥૧૩/૨॥**

**શ્લોક :-**

**एतैर्यस्माद् भवेच्छुद्धव्यवहारविलङ्घनम् ।**
**अयमेव च मिथ्यात्वध्वंसी सदुपदेशतः ॥३॥**

**અન્વયાર્થ :-**

**यस्माद् एतैः=જે કારણથી આનાથી અર્થાત્ પૂર્વશ્લોકમાં કહેલાં મિથ્યાત્વનાં**

**છ સ્થાનોથી, शुद्धव्यवहारविलङ्घनम् भवेत्=શુદ્ધ વ્યવહારનું ઉલ્લંઘન થાય છે, (તે કારણથી મિથ્યાત્વનાં છ સ્થાનો કહેવાયાં છે એમ પૂર્વના શ્લોક સાથે સંબંધ છે.) अयमेव च=અને આ જ અર્થાત્ શુદ્ધ વ્યવહાર જ, सदुपदेशतः मिथ्यात्वध्वंसी=સદ્દુપદેશથી મિથ્યાત્વનો ધ્વંસી છે અર્થાત્ નાશ કરનાર છે. ॥૧૩/૩॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી પૂર્વશ્લોકમાં કહેલાં મિથ્યાત્વનાં છ સ્થાનોથી શુદ્ધ વ્યવહારનું ઉલ્લંઘન થાય છે, (તે કારણથી મિથ્યાત્વનાં છ સ્થાનો કહેવાયાં છે, એમ પૂર્વના શ્લોક સાથે સંબંધ છે.) અને આ શુદ્ધ વ્યવહાર જ સદ્દુપદેશથી મિથ્યાત્વનો નાશ કરનાર છે. ॥૧૩/૩॥**

**ભાવાર્થ :-**

"આત્મા નથી" ઇત્યાદિ છ સ્થાનો મિથ્યાત્વને પેદા કરનારાં છે, અને જે લોકો આ છ સ્થાનોનો ત્યાગ કરે છે, તેઓ શુદ્ધ વ્યવહારનો આશ્રય કરે છે; કેમ કે જો આત્મા જ ન હોય તો પરલોક અર્થે ઉપદેશાદિની પ્રવૃત્તિ કરવાની રહેતી નથી.

"આત્મા નિત્ય ન હોય તો પરલોક અર્થે પ્રવૃત્તિ કરવાની રહેતી નથી."

"આત્મા છે" અને "આત્મા નિત્ય છે" એમ સ્વીકારવામાં આવે, અને છતાં "આત્મા કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે" એમ સ્વીકારવામાં ન આવે, તોપણ પરલોક અર્થે પ્રવૃત્તિ કરવાની રહેતી નથી.

જો આત્માને કર્મનો કર્તા અને ભોક્તા સ્વીકારવામાં આવે તો જ પરલોક અર્થે પ્રવૃત્તિ કરવાની રહે છે. આમ છતાં મોક્ષ ન હોય તો મોક્ષને અર્થે પ્રવૃત્તિ કરવાની રહેતી નથી.

વળી, આત્માને કર્તા-ભોક્તા સ્વીકારવામાં આવે અને મોક્ષ પણ સ્વીકારવામાં આવે, છતાં મોક્ષનો ઉપાય ન સ્વીકારવામાં આવે તો મોક્ષ અર્થે કોઈ પ્રવૃત્તિ કરવાની રહેતી નથી.

અને શુદ્ધ વ્યવહાર તો મુખ્યત્વે મોક્ષ અર્થે ઉપદેશ આપે છે. માટે શુદ્ધ

વ્યવહારને સ્વીકારવો હોય તો મિથ્યાત્વનાં છ સ્થાનોથી વિપરીત એવા "આત્મા છે" ઇત્યાદિ છ સ્થાનો સ્વીકારવાં પડે; અને જો "આત્મા છે" ઇત્યાદિ છ સ્થાનો ન સ્વીકારવામાં આવે તો શુદ્ધ વ્યવહારનો વિલોપ થાય છે, અને શુદ્ધ વ્યવહાર એટલે આત્માના હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરે તેવો વ્યવહાર, અને તેનો વિલોપ કરનાર આ છ સ્થાનો છે. માટે તે છ સ્થાનોને મિથ્યાત્વનાં છ સ્થાનો શ્લોક-૨માં કહેલ છે. **॥૧૩/૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે મિથ્યાત્વનાં છ પદો વડે શુદ્ધ વ્યવહારનું ઉલ્લંઘન થાય છે, તેનું જ ભાવન કરે છે –**

**શ્લોક :-**

**नास्तित्वादिग्रहे नैवोपदेशो नोपदेशकः ।**
**ततः कस्योपकारः स्यात्सन्देहादिव्युदासतः ।।४।।**

**અન્વયાર્થ :-**

**नास्तित्वादिग्रहे=નાસ્તિત્વાદિગ્રહમાં અર્થાત્ આત્માના નાસ્તિત્વાદિના ગ્રહણમાં, नैव उपदेशः न उपदेशकः=ઉપદેશ જ નથી, ઉપદેશક નથી. ततः=તેથી, सन्देहादिव्युदासतः कस्य उपकारः स्यात्=સંદેહાદિના વ્યુદાસથી કોનો ઉપકાર થાય ? ॥૧૩/૪॥**

**શ્લોકાર્થ :-**

**આત્માના નાસ્તિત્વાદિના ગ્રહણમાં ઉપદેશ જ નથી, ઉપદેશક નથી. તેથી સંદેહાદિના વ્યુદાસથી કોનો ઉપકાર થાય ? ॥૧૩/૪॥**

**ભાવાર્થ :-**

તે તે દર્શનકારોના મત પ્રમાણે "આત્મા નથી" ઇત્યાદિ સ્વીકારવામાં ઉપદેશ આપવાનો રહેતો નથી. તે આ રીતે :

જો આત્મા ન હોય તો પરલોકાદિનો ઉપદેશ આપવાનો રહેતો નથી, અને આત્મા એકાંતે અનિત્ય હોય તોપણ આત્માના હિતાદિનો અસંભવ હોવાથી

ઉપદેશ આપવાનો રહેતો નથી. વળી, આત્માને કર્મનો કર્તા અને કર્મના ફળનો ભોક્તા ન સ્વીકારવામાં આવે તો અસત્ પ્રવૃત્તિની નિવૃત્તિ દ્વારા સત્ પ્રવૃત્તિનો ઉપદેશ આપવાનો રહે નહીં તેથી ઉપદેશ સ્વીકારવા માટે આત્મા છે, આત્મા નિત્ય છે અને કર્મનો કર્તા-ભોક્તા છે, તે સ્વીકારવું આવશ્યક બને છે; અને આવું સ્વીકારવા છતાં જો મોક્ષ ન સ્વીકારવામાં આવે અને મોક્ષનો ઉપાય ન સ્વીકારવામાં આવે તો મોક્ષઅર્થક અને મોક્ષના ઉપાયવિષયક ઋષિઓનો ઉપદેશ છે તે સંગત થાય નહીં. અને તેવો ઉપદેશ ન હોય તો તેવા ઉપદેશક પણ હોવા જોઈએ નહીં, અને આમ સ્વીકારવામાં આવે તો આત્માદિ વિષયક સંદેહાદિના વ્યુદાસથી=આત્માદિ છ સ્થાનોનો કોઈને સંદેહ કે અનાભોગ હોય તેના નિરાકરણથી કોઈનો ઉપકાર થઈ શકશે નહીં, અને શુદ્ધ વ્યવહાર તો સન્માર્ગનો ઉપદેશ સ્વીકારે છે અને સન્માર્ગના ઉપદેશકો જગતમાં કલ્યાણને કરનારા છે તેમ કહે છે. માટે શુદ્ધ વ્યવહારના લોપક એવા મિથ્યાત્વના છ સ્થાનોનો ત્યાગ કરવો જોઈએ. **॥૧૩/૪॥**

**અવતરણિકા :-**

**મિથ્યાત્વના નાશ માટે શુદ્ધ વ્યવહાર પ્રધાન કારણ છે, નિશ્ચય નહીં. તેની પુષ્ટિ કરવા માટે હવે જે લોકો નિશ્ચયનયને જ મિથ્યાત્વના નાશનું કારણ કહે છે, તે મતનું શ્લોક-૫થી ૭માં ઉદ્ભાવન કરીને શ્લોક-૮ અને ૯માં તેનું નિરાકરણ કરે છે –**

**શ્લોક :-**

**येषां निश्चय एवेष्टो, व्यवहारस्तु सङ्गतः ।**
**विप्राणां म्लेच्छभाषेव, स्वार्थमात्रोपदेशनात् ।।५।।**

**અન્વયાર્થ :-**

**येषां निश्चय एव इष्टः=જેઓને નિશ્ચયનય જ ઈષ્ટ છે અર્થાત્ મોક્ષના કારણરૂપે સંમત છે, तु विप्राणां म्लेच्छभाषा इव=વળી, બ્રાહ્મણોને મ્લેચ્છ ભાષાની જેમ, व्यवहारः सङ्गतः=(તેઓને) વ્યવહારનય સંગત છે; અર્થાત્ આત્મકલ્યાણ માટે ઉપયોગી નથી, પરંતુ પદાર્થોને સમજાવવા માત્ર માટે સંગત છે; स्वार्थमात्रोपदेशनात्=કેમ કે સ્વાર્થમાત્રનું ઉપદેશન છે અર્થાત્ સ્વ**

**અર્થાત્ નિશ્ચયનય, તેના અર્થનો અર્થાત્ તેના તાત્પર્યનો બોધ માત્ર વ્યવહારનય કરાવે છે. ॥૧૩/૫॥**

**શ્લોકાર્થ :-**

**જેઓને નિશ્ચયનય જ મોક્ષના કારણરૂપે સંમત છે. વળી, બ્રાહ્મણોને મ્લેચ્છભાષાની જેમ તેઓને વ્યવહારનય સંગત છે; કેમ કે સ્વાર્થમાત્રનું ઉપદેશન છે અર્થાત્ નિશ્ચયનયના તાત્પર્યનો બોધ માત્ર વ્યવહારનય કરાવે છે. ॥૧૩/૫॥**

**ભાવાર્થ :-**

દિગમ્બર મતને સ્વીકારનાર શ્રી કુંદકુંદાચાર્યએ "સમયસાર"માં નિશ્ચયનયને પ્રધાન કરીને ઉપદેશ આપેલ છે, અને નિશ્ચયનયને પ્રધાન કરનાર દૃષ્ટિ કહે છે કે મોક્ષનો ઉપાય નિશ્ચયનય જ છે; કેમ કે નિશ્ચયનય શરીરથી આત્માને પૃથક્ બતાવીને ભેદજ્ઞાન કરાવે છે તેથી સમ્યક્ત્વનું કારણ બને છે અને આત્માને આત્મભાવમાં રહેવાનો ઉપદેશ આપે છે તેથી ચારિત્રનું કારણ છે. વ્યવહારનય મોક્ષનો ઉપાય નથી; કેમ કે શરીર અને આત્માનો અભેદ સ્વીકારે છે તેથી શુદ્ધ આત્માનો બોધ કરાવીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવી શકતું નથી. અને મન, વચન, કાયાની સદ્અનુષ્ઠાન વિષયક પ્રવૃત્તિનો ઉપદેશ આપીને પુદ્ગલની પ્રવૃત્તિને ધર્મરૂપે સ્થાપન કરે છે જે મિથ્યાબોધસ્વરૂપ છે તોપણ જેમ મ્લેચ્છલોકોને તત્ત્વ સમજાવવા માટે બ્રાહ્મણોને મ્લેચ્છભાષા ઉપયોગી છે, તેમ નિશ્ચયનયના પદાર્થો સમજાવવા માટે માત્ર વ્યવહારનય ઉપયોગી છે, પરંતુ પરમાર્થની પ્રાપ્તિમાં વ્યવહારનય ઉપયોગી નથી, માટે મોક્ષના અર્થીએ નિશ્ચયમાં જ યત્ન કરવો જોઈએ.

આ પ્રકારના દિગમ્બરના મતનું તાત્પર્ય એ છે કે આત્મા શરીરથી જુદો છે, છતાં જીવને શરીરમાં અભેદબુદ્ધિ થઈ છે તેથી શરીર પ્રત્યે મમત્વ કરે છે, અને આ મમત્વના નાશનો ઉપાય ભેદજ્ઞાન છે. અને શરીરથી આત્મા જુદો છે તેવું ભેદજ્ઞાન છે, અને શરીરથી ભિન્ન એવા આત્માનું પારમાર્થિક સ્વરૂપ નિશ્ચયનય બતાવે છે. અને શરીરથી ભિન્ન એવા આત્માના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન થાય તો આત્મામાંથી આત્માના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનરૂપ મિથ્યાત્વ જાય અને સમ્યક્ત્વ આવે. જ્યારે વ્યવહારનય તો આત્માને ભેદજ્ઞાન કરાવતું નથી. પરંતુ

કર્મથી અને દેહથી આત્મા અભિન્ન છે એમ કહીને શુદ્ધ આત્માના સ્વરૂપને બતાવતું નથી, માટે સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થે વ્યવહારનય ઉપયોગી નથી.

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનય કેમ ઉપયોગી નથી, તેમાં દિગમ્બર યુક્તિ આપે છે :

જેમ,

ब्राह्मणो न म्लेच्छितव्यः એ પ્રકારનું વચન હોવાથી બ્રાહ્મણોએ મ્લેચ્છની આચરણા કરવી જોઈએ નહીં, તોપણ મ્લેચ્છ લોકોને તત્ત્વ સમજાવવા માટે બ્રાહ્મણ મ્લેચ્છ ભાષાનો ઉપયોગ કરે છે.

તેમ,

વ્યવહારનયને અભિમત એવી સંયમની ક્રિયા મન, વચન, કાયાની આચરણારૂપ છે અને મન, વચન, કાયાની આચરણા આત્માના ભાવરૂપ નથી, પરંતુ પુદ્ગલની પ્રવૃત્તિરૂપ છે તેથી આત્માને માટે તે આચરવા જેવી નથી તેથી મ્લેચ્છની આચરણા જેવી છે. માટે યોગીઓએ વ્યવહારનયને અભિમત એવી બાહ્ય ક્રિયા કરવી જોઈએ નહીં, પરંતુ જેમ યોગીઓ મ્લેચ્છોને સમજાવવા મ્લેચ્છભાષાનો ઉપયોગ કરે તેમ આત્માના પારમાર્થિક સ્વરૂપને બતાવનાર એવા નિશ્ચયનયના પદાર્થનો બોધ કરાવવા માટે મ્લેચ્છભાષા સ્થાનીય એવા વ્યવહારનયનો ઉપયોગ કરવો જોઈએ, તે બતાવવા માટે ભગવાને વ્યવહારનય બતાવ્યો છે; કેમ કે વ્યવહારનય નિશ્ચયનયના અર્થમાત્રનો બોધ કરાવવા માટે ઉપયોગી છે.

આમ કહીને દિગમ્બર શુદ્ધ વ્યવહારનો=સંયમની પ્રાપ્તિના કારણીભૂત એવી સંયમની શુદ્ધ આચરણાનો, લોપ કરે છે અને મોક્ષના કારણ તરીકે ઉપયોગી નિશ્ચયનય છે તેમ સ્થાપન કરે છે. તેથી સંયમની શુદ્ધ આચરણાની રુચિ સમ્યક્ત્વ નથી, પરંતુ નિશ્ચયનયને અભિમત એવું ભેદજ્ઞાન સમ્યક્ત્વ છે એમ સ્થાપન થાય છે. **॥૧૩/૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે જેમ મ્લેચ્છોને તત્ત્વનો બોધ કરાવવા માટે બ્રાહ્મણોને મ્લેચ્છભાષા ઉપયોગી છે; તેમ નિશ્ચયનયના અર્થમાત્રનો બોધ કરાવવા**

માટે વ્યવહારનય ઉપયોગી છે, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનય ઉપયોગી નથી પણ નિશ્ચયનય ઉપયોગી છે. તેની પુષ્ટિ કરવા અર્થે નિશ્ચયનયના અર્થમાત્રનો ઉપદેશ વ્યવહારનય કઈ રીતે કરાવે છે ? તે શ્લોક-૬ અને ૭માં યુક્તિથી ગ્રંથકારશ્રી બતાવે છે –

**શ્લોક :-**

> **यथा केवलमात्मानं, जानानः श्रुतकेवली ।**
> **श्रुतेन निश्चयात्सर्वं, श्रुतं च व्यवहारतः ।।६।।**
> **निश्चयार्थोऽत्र नो साक्षाद्वक्तुं केनापि पार्यते ।**
> **व्यवहारो गुणद्वारा, तदर्थावगमक्षमः ।।७।।**

**અન્વયાર્થ :-**

यथा=જે આ પ્રમાણે છે=વ્યવહારનય નિશ્ચયના અર્થને બતાવવા ઉપયોગી છે એમ પૂર્વમાં કહ્યું, જે આ પ્રમાણે છે, श्रुतेन केवलमात्मानं जानानः निश्चयात् श्रुतकेवली=શ્રુતરૂપે માત્ર આત્માને જાણતો નિશ્ચયથી શ્રુતકેવલી છે, सर्वं श्रुतं च (जानानः) व्यवहारतः (श्रुतकेवली)=અને સર્વ શ્રુતને જાણતો વ્યવહારથી શ્રુતકેવલી છે. ।।૧૩/૬।।

अत्र=અહીં અર્થાત્ શ્રુતકેવલીના વિષયમાં, निश्चयाऽर्थो साक्षात् केन अपि वक्तुं नो पार्यते=નિશ્ચયાર્થ સાક્ષાત્ કોઈના પણ વડે કહી શકાતો નથી, व्यवहारः=વ્યવહારનય, गुणद्वारा तदर्थावगमक्षमः=ગુણ દ્વારા તેના અર્થને જણાવવા માટે સમર્થ છે અર્થાત્ નિશ્ચયનયના અર્થને જણાવવા માટે સમર્થ છે. ।।૧૩/૭।।

**શ્લોકાર્થ :-**

**જે આ પ્રમાણે છે=વ્યવહારનય નિશ્ચયનયના અર્થને બતાવવા ઉપયોગી છે, એમ પૂર્વમાં કહ્યું જે આ પ્રમાણે છે : શ્રુતરૂપે માત્ર આત્માને જાણતો નિશ્ચયથી શ્રુતકેવલી છે અને સર્વ શ્રુતને જાણતો વ્યવહારથી શ્રુતકેવલી છે. ।।૧૩/૬।।**

**શ્રુતકેવલીના વિષયમાં નિશ્ચયાર્થ સાક્ષાત્ કોઈના પણ વડે કહી**

**શકાતો નથી, વ્યવહારનય ગુણ દ્વારા નિશ્ચયનયના અર્થને જણાવવા માટે સમર્થ છે. ॥૧૩/૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જેઓ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં નિશ્ચયનયને કારણ માને છે તેઓ કહે છે કે વ્યવહારનય તો નિશ્ચયનયના અર્થને જણાવવા માટે માત્ર ઉપયોગી છે. તે વાતને 'यथा' થી બતાવે છે – "શ્રુતરૂપે માત્ર આત્માને જે જાણે તે નિશ્ચયનયથી શ્રુતકેવલી છે."

આશય એ છે કે શ્રુતકેવલી કોણ છે, તેનો વિચાર કરવો હોય તો નિશ્ચયનયથી એ અર્થ પ્રાપ્ત થાય કે શ્રુતરૂપે માત્ર આત્માને જે જાણે તે શ્રુતકેવલી કહેવાય= ચૌદપૂર્વરૂપ શ્રુતનો પોતાના આત્મામાં જેને ઉઘાડ થયો હોય તે પોતાના આત્માનું શ્રુતરૂપે વેદન કરે છે, તેને શ્રુતકેવલી કહેવાય.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયનયની દૃષ્ટિથી જેને સંપૂર્ણ શ્રુત પ્રગટ થયું નથી તે જીવ પોતાને શ્રુતરૂપે વેદન કરી શકતો નથી, તેથી તે આત્માને શ્રુતરૂપે જાણી શકતો નથી, માટે તે શ્રુતકેવલી નથી; અને જે જીવને સંપૂર્ણ શ્રુત પ્રગટ થયું છે તે પોતાને શ્રુતરૂપે વેદન કરી શકે છે, માટે તે શ્રુતકેવલી છે. વળી, વ્યવહારનય વચનાત્મક શ્રુતને ઉપચારથી શ્રુતજ્ઞાન કહે છે, અને તે વચનથી થયેલા બોધને મુખ્ય શ્રુતજ્ઞાન કહે છે અને વ્યવહારનય ગુણી એવા આત્માનો અને ગુણરૂપ એવા શ્રુતજ્ઞાનનો ભેદ સ્વીકારે છે, અને કહે છે કે ચૌદપૂર્વના અધ્યયનથી કે ત્રિપદીના બળથી કે અન્ય રીતે ચૌદપૂર્વના અર્થોને જાણી શકે તેવો શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જેનામાં પ્રગટ્યો છે, તે શ્રુતકેવલી છે.

તેથી એ ફલિત થાય કે શ્રુતકેવલી કોને કહેવો તે અર્થનો બોધ નિશ્ચયનય કરાવી શકે નહીં; કેમ કે નિશ્ચયનય શ્રુતને આત્માથી પૃથક્ માનતો નથી. તેથી નિશ્ચયનય એમ કહી ન શકે કે જે ચૌદપૂર્વ ભણેલા હોય તે શ્રુતકેવલી છે. જોકે નિશ્ચયનયને પણ શ્રુતકેવલી તરીકે તો ચૌદપૂર્વી જ માન્ય છે. તેથી નિશ્ચયનય કહે છે કે શ્રુતકેવલીના અર્થનો બોધ કરાવવા માટે વ્યવહારનય ઉપયોગી છે; કેમ કે વ્યવહારનય શ્રુતને આત્માથી પૃથક્ રૂપે સ્વીકારીને જે ચૌદપૂર્વરૂપ શ્રુત ભણેલા છે, તેને શ્રુતકેવલી કહે છે. તેથી શ્રોતાને બોધ થાય છે કે જે ચૌદપૂર્વ

નથી ભણેલા તે શ્રુતકેવલી નથી અને જે ચૌદપૂર્વ ભણેલા છે તે શ્રુતકેવલી છે. આ પ્રકારનો બોધ શ્રોતાને કરાવવા માટે નિશ્ચયનય પણ વ્યવહારનયને ઉપયોગી સ્વીકારે છે. તેમ છતાં કહે છે કે આત્માથી શ્રુત પૃથક્ નથી. તેથી વ્યવહારનય પરમાર્થને બતાવતો નથી, પરમાર્થને તો નિશ્ચયનય બતાવે છે; કેમ કે પરમાર્થથી શ્રુતજ્ઞાન આત્માથી પૃથક્ નથી, પરંતુ શ્રુતજ્ઞાન સ્વરૂપ જ આત્મા છે. આથી એ ફલિત થયું કે નિશ્ચયનય પરમાર્થને બતાવે છે અને વ્યવહારનય પરમાર્થનો બોધ કરાવવા માટે માત્ર ઉપયોગી છે.

આ વાત્તને સ્પષ્ટ કરવા માટે શ્લોક-૭માં કહે છે કે નિશ્ચયનયને માન્ય અર્થ સાક્ષાત્ કોઈના દ્વારા કહી શકાતો નથી; કેમ કે નિશ્ચયનય ચૌદપૂર્વીને શ્રુતકેવલી કહે છે, તોપણ શ્રુતને આત્માથી પૃથક્ કર્યા વગર નિશ્ચયનય ચૌદ પૂર્વનો ઉલ્લેખ કરી શકતો નથી. તેથી શ્રુતકેવલી કોણ છે તે નિશ્ચયનય કહી શકતો નથી અને વ્યવહારનય શ્રુતજ્ઞાનરૂપ ગુણ દ્વારા શ્રુતકેવલીનો અર્થ બતાવવા સમર્થ છે; કેમ કે વ્યવહારનય શ્રુતજ્ઞાનને પૃથક્ કરીને શ્રુતના ભણેલાને શ્રુતકેવલી તરીકે બતાવી શકે છે.

આ પ્રમાણે યુક્તિથી સ્થાપન કરીને નિશ્ચયનય એ કહે છે કે જેમ પરમાર્થથી શ્રુતજ્ઞાનનો આત્માથી અભેદ છે તેમ પરમાર્થથી સર્વ બાહ્ય પદાર્થો કે શરીરાદિ સાથે આત્માનો ભેદ છે. આ પ્રકારે પરમાર્થને બતાવીને નિશ્ચયનય પોતાના સ્વરૂપ સાથે પોતાના અભેદનું જ્ઞાન કરાવે છે અને શરીરાદિ સાથે પોતાના ભેદનું જ્ઞાન કરાવે છે. વળી, સમ્યક્ત્વ એ સર્વકર્મરહિત એવા શુદ્ધ આત્માના યથાર્થ બોધસ્વરૂપ છે, માટે સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે નિશ્ચયનય ઉપયોગી છે. આમ છતાં જેમ મ્લેચ્છ લોકોને મ્લેચ્છ ભાષાથી જ પરમાર્થનો બોધ કરાવી શકાય છે તેમ શ્રુતકેવલીનો પારમાર્થિક બોધ વ્યવહારનયથી કરાવી શકાય છે એટલા અંશમાત્રથી વ્યવહારનય ઉપયોગી છે, પરંતુ તત્ત્વને બતાવવા માટે તો નિશ્ચયનય જ ઉપયોગી છે. **॥૧૩/૬-૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩ અને ૪માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનયનું પ્રાધાન્ય છે. તે આ રીતે :**

"આત્મા નથી" ઈત્યાદિ છ પદો સ્વીકારવામાં આવે તો લોકમાં ઉપદેશની ક્રિયા અને સદુપદેશકની પ્રવૃત્તિ ઉચિત ગણાય નહીં; કેમ કે જો આત્મા જ ન હોય તો પરલોક અર્થે ઉપદેશ આપવો અને પરલોક અર્થે પ્રવૃત્તિ કરવી તે સર્વ અસમંજસ થાય અને જેમ ચાર્વાક કહે છે પરલોકનો ઉપદેશ આપનારા સર્વ ઉપદેશકો સ્વયં ઠગાયેલા છે અને બીજાને ઠગી રહ્યા છે તેમ જ સ્વીકારવું પડે.

વસ્તુતઃ મોક્ષ માટેનો ઉપદેશ અને મોક્ષ માટેના ઉપદેશકની પ્રવૃત્તિ સંગત કરવા માટે મિથ્યાત્વનાં છ સ્થાનોથી વિપરીત એવાં "આત્મા છે" ઈત્યાદિ છ સ્થાનો સ્વીકારવા જોઈએ.

વળી, કોઈને આત્મા છે કે નહીં ઈત્યાદિ સંદેહ થયો હોય કે આત્માદિ નથી એ પ્રકારનો વિપર્યાસ થયો હોય અથવા આત્માદિના વિષયમાં અનાભોગ વર્તતો હોય તો તેનું નિરાકરણ ઉપદેશથી થઈ શકે છે, અને તે નિરાકરણ થાય તો જીવમાં મોક્ષ અર્થે પ્રવૃત્તિ કરવાનો પરિણામ પેદા થાય છે. માટે (૧) ઉપદેશનો વ્યવહાર, (૨) ઉપદેશકનો વ્યવહાર અને (૩) આત્માદિ છ સ્થાનોના સંદેહ અને વિપર્યયનું નિરાકરણ, મિથ્યાત્વનાં છ સ્થાનોથી વિપરીત એવા વ્યવહારનયને અભિમત સમ્યક્ત્વનાં છ સ્થાનો સ્વીકારવાથી થાય છે. માટે આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં પ્રબળ કારણ વ્યવહારનય છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનયની પ્રધાનતા છે.

વળી, ઉપદેશક દ્વારા પ્રતિબોધ પામેલા જીવને આત્મકલ્યાણ અર્થે પ્રવૃત્તિ કરવી હોય ત્યારે તે જીવને પોતાનું લક્ષ્ય એવું શુદ્ધ સ્વરૂપ જાણવું આવશ્યક છે અને તેને પ્રગટ કરનારી અંતરંગ પરિણતિ જાણવી આવશ્યક છે તે નિશ્ચયનયથી થઈ શકે છે તેથી નિશ્ચયનય પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે ઉપયોગી છે, તોપણ આત્મતત્ત્વને લક્ષ્ય કરીને તેને પ્રગટ કરવા ઉપયોગી એવી બાહ્ય ઉચિત આચરણામાં પ્રવૃત્તિ કરાવનાર શુદ્ધ વ્યવહારનય છે; કેમ કે શુદ્ધ વ્યવહારનયને અભિમત એવી ક્રિયાથી નિશ્ચયનયને અભિમત અંતરંગ ભાવો પ્રગટે છે. તેથી લક્ષ્યનો નિર્ણય કરવા માટે નિશ્ચયનય ઉપયોગી હોવા છતાં લક્ષ્યને પ્રગટ કરવામાં વ્યવહારનય

ઉપયોગી છે, માટે નિશ્ચયસાપેક્ષ એવો વ્યવહાર તે શુદ્ધ વ્યવહાર છે અર્થાત્ આત્માદિના વિષયમાં સંદેહાદિ દૂર થયા પછી નિશ્ચયનયને અભિમત એવા પરિણામને લક્ષ્ય કરીને તેની નિષ્પત્તિનું કારણ બને તેવો વ્યવહારનય મોક્ષસાધક છે, અન્ય વ્યવહારનય નહીં; કેમ કે નિશ્ચયનિરપેક્ષ એવો વ્યવહાર અશુદ્ધ વ્યવહાર છે, જ્યારે નિશ્ચયસાપેક્ષ એવો શુદ્ધ વ્યવહાર ઉચિત ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવીને નિશ્ચયનયને અભિમત એવી આત્માની નિર્લેપ પરિણતિને પ્રગટ કરવાનું કારણ બને છે. આ પ્રકારનું યથાર્થ દર્શન થાય તે સમ્યક્ત્વ છે તેથી નિશ્ચયનય સાપેક્ષ એવા વ્યવહારનયની રુચિ સમ્યક્ત્વ છે માટે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનયનું પ્રાધાન્ય છે. આ પ્રકારનો અર્થ શ્લોક-૩ અને ૪થી પ્રાપ્ત થાય છે.

આમ છતાં શ્લોક-૫થી ૭ સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું તે પ્રમાણે "નિશ્ચયનય જ આત્મકલ્યાણ માટે ઉપયોગી છે વ્યવહારનય તો નિશ્ચયનયના અર્થને જણાવવા માત્ર માટે ઉપયોગી છે" એમ જે લોકો કહે છે, તેઓનું એ કથન યુક્ત નથી તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

प्राधान्यं व्यवहारे चेत्तत्तेषां निश्चये कथम् ।
परार्थस्वार्थते तुल्ये, शब्दज्ञानात्मनोर्द्वयोः ।।८।।

**અન્વયાર્થ :-**

व्यवहारे प्राधान्यं चेत्=જો વ્યવહારમાં પ્રાધાન્ય હોય તો, तेषां निश्चये तत् कथम्=તેઓને અર્થાત્ જેઓને નિશ્ચય ઈષ્ટ છે તેઓને નિશ્ચયમાં તે અર્થાત્ પ્રાધાન્ય કેમ હોય ? અર્થાત્ નિશ્ચયમાં પ્રાધાન્ય ન હોઈ શકે. (નિશ્ચયમાં પ્રાધાન્ય કેમ ન હોય ? તે બતાવવા કહે છે –) शब्दज्ञानात्मनोः द्वयोः परार्थस्वार्थते तुल्ये=શબ્દાત્મક વ્યવહારની અને જ્ઞાનાત્મક નિશ્ચયની-બંનેની પરાર્થતા-સ્વાર્થતા તુલ્ય છે=સમાન છે. ।।૧૩/૮।।

**શ્લોકાર્થ :-**

**જો વ્યવહારમાં પ્રાધાન્ય હોય તો જેઓને નિશ્ચય ઈષ્ટ છે તેઓને નિશ્ચયમાં પ્રાધાન્ય ન હોઈ શકે. (નિશ્ચયમાં પ્રાધાન્ય કેમ ન હોય ?**

**તે બતાવવા કહે છે —) શબ્દાત્મક વ્યવહારની અને જ્ઞાનાત્મક નિશ્ચયની- બંનેની પરાર્થતા-સ્વાર્થતા સમાન છે. ।।૧૩/૮।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩ અને ૪માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું અને અમોએ અવતરણિકામાં તેનું તાત્પર્ય વિસ્તારથી સ્પષ્ટ કર્યું, તે પ્રમાણે વ્યવહારનયનું પ્રાધાન્ય સિદ્ધ થાય છે, અને જ્યારે વ્યવહારનયનું પ્રાધાન્ય સિદ્ધ થતું હોય ત્યારે શ્લોક-૫થી ૭માં કહ્યું તે પ્રમાણે જે લોકોને નિશ્ચયનય પ્રધાનરૂપે માન્ય હોય તે કઈ રીતે સંગત થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં.

વળી, શ્લોકના પૂર્વાર્ધથી એ સ્થાપન કર્યું કે શ્લોક-૩ અને ૪માં કહ્યું એ પ્રમાણે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં વ્યવહારનય પ્રધાન છે અને નિશ્ચયનય ગૌણ છે. માટે જે લોકો સમ્યક્ત્વની પ્રાપ્તિનું મુખ્ય કારણ નિશ્ચયનય કહે છે તે સંગત નથી.

ત્યાં નિશ્ચયનયને માનનારા કહે કે નિશ્ચયનય સ્વ-અર્થને બતાવનાર છે, અને આત્માને માટે પોતાનો અર્થ=પોતાનું સ્વરૂપ જાણવું તે છે, અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આત્મા માટે ઉપકારક છે; કેમ કે "મને મારા સ્વરૂપમાં ભ્રમ છે, તેથી જ હું મિથ્યાપ્રવૃત્તિ કરું છું" અને તે ભ્રમ દૂર થાય ત્યારે મિથ્યાપ્રવૃત્તિનો ત્યાગ થાય છે. તેથી નિશ્ચયનય પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટેનું મુખ્ય કારણ છે. માટે નિશ્ચયનય સમ્યક્ત્વની પ્રાપ્તિનું મુખ્ય કારણ છે.

વળી, વ્યવહારનય પર-અર્થને બતાવનાર છે અર્થાત્ વ્યવહારનય આત્માથી ભિન્ન એવા શરીર અને કર્મનો આત્મા સાથે અભેદ કરે છે, અને શરીરથી કરાયેલી ક્રિયાઓને આત્મા કરે છે તેમ માને છે. તેથી તે પોતાનાથી પર એવા શરીરના અર્થને બતાવનાર છે. વળી, આત્મકલ્યાણ માટે પણ શરીરાદિથી થતી બાહ્ય ક્રિયાઓને વ્યવહારનય આત્મકલ્યાણનું કારણ કહે છે. વાસ્તવિક રીતે શરીરની ક્રિયા મોક્ષનું કારણ માની શકાય નહીં, પરંતુ પોતાના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાની આત્માની ક્રિયાને મોક્ષનું કારણ સ્વીકારી શકાય. તેથી વ્યવહારનયને અભિમત એવો પર-અર્થ પારમાર્થિક નથી, તેમ નિશ્ચયનયને પ્રધાન કરનારાઓ કહે છે.

આ પ્રકારની નિશ્ચયનયને પ્રાધાન્ય આપનારાની યુક્તિને સામે રાખીને તેનું નિરાકરણ કરતાં શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રીએ કહે છે કે શબ્દાત્મક વ્યવહારનય અને જ્ઞાનાત્મક નિશ્ચયનય બંનેની પરાર્થતા અને સ્વાર્થતા સમાન છે. માટે નિશ્ચયનય સ્વાર્થને બતાવનાર છે તેથી આત્મકલ્યાણમાં પ્રધાન કારણ છે, અને વ્યવહારનય પરાર્થને બતાવનાર છે તેથી આત્મકલ્યાણમાં પ્રધાન કારણ નથી, તેમ કહી શકાય નહીં.

આશય એ છે કે વ્યવહારનય આત્માથી પૃથક્ એવા શબ્દાત્મક શ્રુતજ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે અને નિશ્ચયનય આત્માથી અભિન્ન એવા શ્રુતજ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. આથી જ શ્લોક-૬ અને ૭માં કહેલ કે નિશ્ચયનયથી જે પુરુષ આત્માને શ્રુતરૂપ જાણે છે તે શ્રુતકેવલી છે. તે કથન આત્માથી અભિન્ન એવા શ્રુતજ્ઞાનને ગ્રહણ કરીને નિશ્ચયનયે કહેલ તેથી નિશ્ચયનય જ્ઞાનાત્મક છે. વળી, નિશ્ચયનો અર્થ સાક્ષાત્ કહી શકાતો નથી, અને વ્યવહારનય ગુણ દ્વારા તે અર્થને બતાવવા સમર્થ છે. તે કથન આત્માથી ભિન્ન એવા શબ્દાત્મક શ્રુતજ્ઞાનને ગ્રહણ કરીને વ્યવહારનયનું તે કથન છે તેમ નિશ્ચયનયે કહેલ. તેથી એ પ્રાપ્ત થાય કે આત્માનો શ્રુતગુણ ભગવાને બતાવેલ ચૌદપૂર્વાત્મક છે, તેને વ્યવહારનય શ્રુત કહે છે. તેથી શ્રુતકેવલી કોણ કહેવાય તે વ્યવહારનય બતાવી શકે છે; કેમ કે જેને ચૌદપૂર્વરૂપ શ્રુતનો બોધ છે, તેને શ્રુતકેવલી કહેવાય, તેમ વ્યવહારનય કહી શકે છે. આથી વ્યવહારનય શબ્દાત્મક છે.

વળી, વ્યવહારનયનો જે સ્વાર્થ છે તે નિશ્ચયનયનો પરાર્થ છે અને નિશ્ચયનયનો જે સ્વાર્થ છે તે વ્યવહારનયનો પરાર્થ છે.

વ્યવહારનયનો સ્વાર્થ આ મુજબ છે :

(૧) આત્માથી શ્રુતજ્ઞાન પૃથક્ છે અને તે શ્રુતજ્ઞાન ચૌદપૂર્વના અધ્યયનરૂપ છે.

(૨) આત્માથી કર્મ જુદાં છે અને આત્મા સાથે કથંચિત્ એકત્વને પામેલાં છે.

(૩) મુક્ત આત્મા કર્મરહિત છે અને સંસારી આત્મા કર્મથી બંધાયેલો છે.

(૪) કર્મના બંધવાળી અવસ્થા આત્માની વિડંબણા છે, માટે કર્મના નાશ અર્થે ભગવાને બતાવેલ શ્રુતજ્ઞાન અને એ શ્રુતજ્ઞાન અનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કારણ છે અને તેના સેવનથી આત્મા કર્મથી મુક્ત થાય છે.

આ સર્વ જે વ્યવહારનયનો સ્વાર્થ છે, તે સર્વ નિશ્ચયનયનો પરાર્થ છે. વળી, નિશ્ચયનયનો સ્વાર્થ આ મુજબ છે :

(૧) આત્માથી શ્રુતજ્ઞાન પૃથક્ નથી, પરંતુ શ્રુતજ્ઞાન સ્વરૂપ જ આત્મા છે.

(૨) આત્માથી કર્મ જુદાં છે અને આત્મા સાથે કર્મનો એકત્વભાવ થઈ શકે નહીં. તેથી એક ક્ષેત્રમાં કર્મ અને આત્મા રહેલાં હોવા છતાં, કર્મ કર્મ જ છે અને આત્મા આત્મા જ છે. પરંતુ આત્મા કર્મરૂપ બનતો નથી અને કર્મ આત્મારૂપ બનતું નથી.

(૩) મુક્ત આત્માઓ કર્મથી પૃથક્ છે અને સંસારી જીવો પણ કર્મથી પૃથક્ છે. ફક્ત મુક્ત આત્માઓને "હું કર્મથી બંધાયેલો છું" એવો ભ્રમ નથી અને સંસારી જીવોને અજ્ઞાનને કારણે "હું કર્મથી બંધાયેલો છું" એવો ભ્રમ રહેલો છે. વસ્તુત: કર્મ સાથે આત્માનું એકત્વ થાય તો જ આત્મા કર્મથી બદ્ધ છે, એમ કહી શકાય અને કર્મ સાથે આત્મા એકત્વભાવને પામી શકતો નથી, તેથી સંસારી આત્મા પણ કર્મથી બદ્ધ નથી.

(૪) આત્મા કર્મથી બંધાયેલો નહીં હોવા છતાં "હું કર્મથી બંધાયેલો છું" તેવો ભ્રમ વર્તે છે અને તેના નિવર્તનનું કારણ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનને સ્થિર કરવા માટે કર્મથી પોતે ભિન્ન છે તે પ્રકારનું જ્ઞાન અને કર્મરહિત એવા શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા માટે શુદ્ધ આત્માનું ધ્યાન ઉપાય છે. આનાથી કર્મ સાથેની આત્માના અભેદની બુદ્ધિનો નાશ થાય છે અને કર્મ સાથે આત્માના અભેદની બુદ્ધિના નાશને અનુકૂળ એવી સાધનાથી આત્મા મુક્ત અવસ્થાને પામે છે અર્થાત્ પૂર્વમાં પણ મુક્ત હતો, છતાં "હું કર્મથી બદ્ધ છું" એવો ભ્રમ હતો તે ટળે એ રૂપ મુક્ત અવસ્થાની પ્રાપ્તિ છે.

આ સર્વ જે નિશ્ચયનયનો સ્વાર્થ છે, તે વ્યવહારનયનો પરાર્થ છે.

તેથી શબ્દાત્મક વ્યવહારનયના અને જ્ઞાનાત્મક નિશ્ચયનયના પરાર્થ અને સ્વાર્થ બંને સમાન સંખ્યામાં છે, ઉપાય ઉપેયરૂપ છે અને સમાન રીતે સાધનામાં ઉપયોગી છે; કેમ કે વ્યવહારથી આત્મા બદ્ધ હોય તો તેનાથી મુક્ત થવા માટે ઉદ્યમ કરવો ઉચિત ગણાય; અને નિશ્ચયનયથી આત્મા અબદ્ધ હોય તો અબદ્ધ એવા આત્માના ધ્યાનથી આત્માને મુક્તિની પ્રાપ્તિ થાય. તેથી વ્યવહારનય

પોતાના સ્થાને મુક્તિનું કારણ છે; કેમ કે આત્મા બદ્ધ છે તેવો બોધ થવાને કારણે વ્યવહારનયથી મુક્તિ માટેનો ઉદ્યમ થાય છે. વળી, નિશ્ચયનય પોતાના સ્થાને મુક્તિનું કારણ છે; કેમ કે અંતરંગ શુદ્ધ આત્મામાં તન્મયભાવ થાય ત્યારે આત્માનો શુદ્ધ ભાવ આવિર્ભાવ થાય છે, અને નિશ્ચયનય આત્મભાવના આવિર્ભાવના અંતરંગ યત્નને મુક્તિનું કારણ કહે છે.

આ રીતે આત્મકલ્યાણમાં વ્યવહારનય પોતાના સ્થાને ઉપકારક બને છે અને નિશ્ચયનય પોતાના સ્થાને ઉપકારક બને છે. તેથી શ્લોક-૫માં પૂર્વપક્ષીએ કહેલ કે બ્રાહ્મણોને મ્લેચ્છ ભાષાની જેમ નિશ્ચયનયના સ્વાર્થમાત્રને બતાવનાર હોવાથી વ્યવહારનય ઉપયોગી છે, પરંતુ મ્લેચ્છોની આચરણાની જેમ આત્મકલ્યાણ માટે યોગીએ વ્યવહારનયની આચરણા આચરવા યોગ્ય નથી, તે નિશ્ચયનયનું કથન સંગત નથી; કેમ કે યોગીને નિશ્ચયનયને અભિમત એવો નિર્લેપતાનો ભાવ વ્યવહારની ઉચિત આચરણાથી પ્રગટે છે. આમ, પૂર્વમાં બતાવ્યું એ રીતે શબ્દાત્મક અને જ્ઞાનાત્મક એવા બન્ને નયોની સ્વાર્થતા અને પરાર્થતા તુલ્ય છે તેથી મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં બન્નેની તુલ્ય ઉપકારકતા છે.

વળી, ગ્રંથકારશ્રીએ શ્લોક-૩ અને ૪માં વ્યવહારનયનું પ્રાધાન્ય કઈ રીતે છે તે સ્થાપિત કર્યું. તેથી સિદ્ધ થાય છે કે આત્મકલ્યાણમાં વ્યવહારનય પ્રધાનરૂપે ઉપકારક છે, અને શ્લોક-૫ અને ૬માં નિશ્ચયનય આત્મકલ્યાણમાં પ્રધાન ઉપકારક છે, તેમ જે નિશ્ચયવાદીઓએ કહ્યું તે સંગત નથી.

આનાથી એ ફલિત થાય કે આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં સ્વસ્વસ્થાને નિશ્ચયનય ઉપકારક છે તેમ સ્વસ્વસ્થાને વ્યવહારનય પણ ઉપકારક છે, અને બંનેની સ્વાર્થતા-પરાર્થતા તુલ્ય હોવાથી બંને આત્મકલ્યાણમાં સમાન ઉપકારક છે અર્થાત્ જેમ વ્યવહારનય મોક્ષમાર્ગને ઉપયોગી જે કાંઈ કથન કરે છે તે આત્માનો જ અર્થ છે તેથી સ્વાર્થ છે અને નિશ્ચયનયનું કથન વ્યવહારનયની દૃષ્ટિએ પરાર્થ છે તેમ નિશ્ચયનય મોક્ષમાર્ગને ઉપયોગી જે કાંઈ કથન કરે છે તે આત્માનો જ અર્થ છે તેથી સ્વાર્થ છે અને વ્યવહારનયનું કથન નિશ્ચયનયની દૃષ્ટિએ પરાર્થ છે તેથી બંનેની સ્વાર્થ-પરાર્થતા તુલ્ય છે માટે નિશ્ચયનય

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પ્રધાન છે તેમ કહી શકાય નહીં. વળી, શ્લોક-૩ અને ૪માં કહ્યું એ રીતે વ્યવહારનય સદુપદેશથી મિથ્યાત્વનો ધ્વંસ કરનાર છે માટે વ્યવહારનય પ્રધાન છે, નિશ્ચયનય નહીં તેમ કહી શકાય. **॥૧૩/૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં મિથ્યાત્વનાં છ સ્થાનો બતાવ્યાં અને કહ્યું કે આ છ સ્થાનો શુદ્ધ વ્યવહારનો અપલાપ કરનારાં છે; અને વ્યવહારનય જ મિથ્યાત્વનો ધ્વંસ કરનાર છે, માટે મિથ્યાત્વના ધ્વંસી એવા વ્યવહારના રક્ષણ માટે મિથ્યાત્વનાં છ સ્થાનોનો ત્યાગ કરવો જોઈએ. ત્યાં શંકા થઈ કે વ્યવહારનય મિથ્યાત્વનો ધ્વંસ કરનાર નથી, પરંતુ નિશ્ચયનય મિથ્યાત્વનો ધ્વંસ કરનાર છે. આ શંકાનું ઉદ્ભાવન કરીને શ્લોક-૫થી ૮ સુધીમાં તેનું નિરાકરણ કર્યું. હવે તે કથનનું નિગમન કરતાં કહે છે અર્થાત્ ફલિતાર્થને કહે છે –**

**શ્લોક :-**

**प्राधान्याद् व्यवहारस्य, ततस्तच्छेदकारिणाम् ।**
**मिथ्यात्वरूपतैतेषां, पदानां परिकीर्त्तिता ।।९।।**

**અન્વયાર્થ :-**

**ततः=તેથી અર્થાત્ શ્લોક-૩માં કહ્યું કે વ્યવહાર મિથ્યાત્વનો ધ્વંસી છે તેથી, व्यवहारस्य प्राधान्यात्=વ્યવહારનું પ્રાધાન્ય હોવાને કારણે, तच्छेदकारिणाम् एतेषां पदानां=તેનો છેદ કરનારા એવા આ પદોની અર્થાત્ "આત્મા નથી" ઈત્યાદિ શ્લોક-૨માં કહ્યાં એ છ પદોની, मिथ्यात्वरूपता परिकीर्तिता=મિથ્યાત્વ-રૂપતા કહેવાઈ છે. ।।૧૩/૯।।**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૩માં કહ્યું કે વ્યવહાર મિથ્યાત્વનો ધ્વંસી છે, તેથી વ્યવહારનું પ્રાધાન્ય હોવાને કારણે, વ્યવહારનો છેદ કરનારા એવા "આત્મા નથી" ઈત્યાદિ શ્લોક-૨માં કહ્યાં એ છ પદોની મિથ્યાત્વરૂપતા કહેવાઈ છે. ॥૧૩/૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩ અને ૮માં સ્થાપન કર્યું તે રીતે મિથ્યાત્વનો ધ્વંસ કરનાર વ્યવહારનય છે અને વ્યવહારનયનો છેદ કરનાર "આત્મા નથી" ઇત્યાદિ છ સ્થાનોમાંથી કોઈપણ સ્થાન કોઈ સ્વીકારે તો તેના નિવારણ માટે મોક્ષમાર્ગના ઉપદેશની પ્રવૃત્તિથી તેના મિથ્યાત્વનો ધ્વંસ થાય છે. માટે મોક્ષમાર્ગના ઉપદેશની પ્રવૃત્તિમાં કારણીભૂત એવા વ્યવહારનો છેદ કરનાર આ છએ સ્થાનો મિથ્યાત્વરૂપ છે. **॥૧૩/૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં મિથ્યાત્વનાં છ સ્થાનો બતાવ્યાં. તેમાં "આત્મા નથી" એમ માનનાર ચાર્વાક મતની યુક્તિઓ શ્લોક-૧૫ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**नास्त्येवात्मेति चार्वाकः, प्रत्यक्षानुपलम्भतः ।**
**अहन्ताव्यपदेशस्य, शरीरेणोपपत्तितः ।।१०।।**

**અન્વયાર્થ :-**

**प्रत्यक्षानुपलम्भतः=પ્રત્યક્ષથી અનુપલબ્ધ હોવાને કારણે અર્થાત્ પ્રત્યક્ષથી આત્માની અપ્રાપ્તિ હોવાને કારણે, "नास्ति एव आत्मा" इति चार्वाकः= "આત્મા નથી જ" એ પ્રમાણે ચાર્વાક કહે છે. (અહીં અહંતાની પ્રતીતિથી આત્મા પ્રત્યક્ષ છે એ માન્યતાનું નિરાકરણ કરવા માટે ચાર્વાક કહે છે.) अहंताव्यपदेशस्य शरीरेण उपपत्तितः=અહંતાના વ્યપદેશની=હુંપણાના અનુભવની શરીરથી ઉપપત્તિ હોવાથી અર્થાત્ શરીરથી સંગતિ હોવાથી ("આત્મા નથી" એમ ચાર્વાક કહે છે.) ॥૧૩/૧૦॥**

**શ્લોકાર્થ :-**

**પ્રત્યક્ષથી આત્માની અપ્રાપ્તિ હોવાને કારણે "આત્મા નથી જ" એ પ્રમાણે ચાર્વાક કહે છે. અહીં અહંતાની પ્રતીતિથી આત્મા પ્રત્યક્ષ છે, એ માન્યતાનું નિરાકરણ કરવા માટે ચાર્વાક કહે છે. "હુંપણાના અનુભવની શરીરથી સંગતિ હોવાથી આત્મા નથી" એમ ચાર્વાક કહે છે. ॥૧૩/૧૦॥**

**ભાવાર્થ :-**

ચાર્વાક કહે છે કે ઇન્દ્રિયોથી જેમ વસ્તુનું પ્રત્યક્ષ થાય છે તેમ આત્માનું પ્રત્યક્ષ થતું નથી, તેથી "આત્મા છે" એમ કહી ન શકાય. આત્માને માનવા માટે કેવળ એક જ યુક્તિ એ છે કે દરેક જીવને 'હું' પણાનો અનુભવ થાય છે, અને આવી 'અહં અહં'ની જે પ્રતીતિ થાય છે તેની સંગતિ શરીરથી થઈ શકે છે; કેમ કે શરીર સ્વરૂપ જ હું છું એ જાતનો અનુભવ છે. માટે ચક્ષુ ઇન્દ્રિયથી દેખાતા એવા શરીરથી પૃથક્ આત્મા જેવો કોઈ પદાર્થ જગતમાં નથી. **॥૧૩/૧૦॥**

**અવતરણિકા :-**

**શરીરમાં અહંતાનો વ્યપદેશ સ્વીકારીને "આત્મા નથી" એમ માનીએ તો જેમ રેતીના કણમાં તેલ નથી તેથી તેના સમુદાયમાં પણ તેલ નથી તેમ પાંચ ભૂતાત્મક એવા શરીરના પાંચેય ભૂતોમાંથી કોઈપણ ભૂતમાં જ્ઞાનની પ્રતીતિ નથી તેથી શરીરમાં પણ જ્ઞાનની પ્રતીતિ થવી જોઈએ નહીં. પરંતુ પાંચભૂતાત્મક શરીરમાં જ્ઞાનની પ્રતીતિ છે, માટે જ્ઞાનના આધારરૂપે શરીરથી પૃથક્ એવા આત્માની સિદ્ધિ થશે. તેના નિરાકરણ માટે ચાર્વાક કહે છે –**

**શ્લોક :-**

**मद्याङ्गेभ्यो मदव्यक्तिः, प्रत्येकमसती यथा ।**
**मिलितेभ्यो हि भूतेभ्यो, ज्ञानव्यक्तिस्तथा मता ।।११।।**

**અન્વયાર્થ :-**

**यथा प्रत्येकं असती मदव्यक्तिः मद्याङ्गेभ्यो=જે પ્રમાણે પ્રત્યેકમાં અવિદ્યમાન એવી મદની અભિવ્યક્તિ મદ્યાંગોમાંથી થાય છે, तथा=તે પ્રમાણે, मिलितेभ्यो हि भूतेभ्यो ज्ञानव्यक्तिः मता=મિલિત એવા ભૂતોથી જ્ઞાનની અભિવ્યક્તિ મનાયેલી છે. ।।૧૩/૧૧।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે પ્રત્યેકમાં અવિદ્યમાન એવી મદની અભિવ્યક્તિ મદ્યાંગોમાંથી થાય છે, તે પ્રમાણે મિલિત એવા ભૂતોથી જ્ઞાનની અભિવ્યક્તિ મનાયેલી છે. ।।૧૩/૧૧।।**

**ભાવાર્થ :-**

મહુડા, ગોળ આદિ મદ્યાંગો છે અને તે દરેક જ્યારે અલગ હોય છે, ત્યારે તેના ખાનારને મદ પેદા થાય તેવી શક્તિ તે સર્વમાં હોતી નથી; પરંતુ તે સર્વનો મિલિત એવો મદ્ય પદાર્થ બને છે, તે પદાર્થના પીનારને મદ પેદા થાય તેવી શક્તિ તે મદ્ય પદાર્થમાં પ્રગટ થાય છે.

તે જ રીતે પાંચ ભૂતોમાં જ્ઞાનની અભિવ્યક્તિ ન હોવા છતાં મિલિત એવા પાંચ ભૂતોરૂપ શરીરમાં જ્ઞાનની અભિવ્યક્તિ થાય છે. માટે જ્ઞાન દ્વારા આત્માની સિદ્ધિ થશે નહીં; કેમ કે જ્ઞાનનો આશ્રય શરીર જ છે. તેથી શરીરથી અતિરિક્ત એવો આત્મા માનવાનું કોઈ પ્રયોજન નથી એમ ચાર્વાક કહે છે. **॥૧૩/૧૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં જ્ઞાનના આશ્રયરૂપે આત્મા સિદ્ધ થઈ શકે નહીં, તે મદ્યના દષ્ટાંતથી ચાર્વાકે સ્થાપિત કર્યું. ત્યાં કોઈ કહે કે જગતમાં કોઈક રાજા છે, કોઈક રંક છે, આ પ્રકારની વિચિત્રતા કર્મ વગર થઈ શકે નહીં. તેથી કર્મને માનવું પડે, અને તે કર્મને બાંધનાર કોઈક છે, તે આત્મા છે. તેના નિરાકરણ માટે ચાર્વાક કહે છે –**

**શ્લોક :-**

**राजरङ्कादिवैचित्र्यमपि नात्मबलाहितम् ।**
**स्वाभाविकस्य भेदस्य, ग्रावादिष्वपि दर्शनात् ।।१२।।**

**અન્વયાર્થ :-**

**ग्रावादिषु अपि स्वाभाविकस्य भेदस्य दर्शनात्=પથ્થર આદિમાં પણ સ્વાભાવિક ભેદનું દર્શન હોવાથી, राजरङ्कादिवैचित्र्यम् अपि=રાજરંકાદિનું વૈચિત્ર્ય પણ, न आत्मबलाऽऽहितम्=આત્માના બળથી આહિત નથી અર્થાત્ આત્માના પ્રયત્નથી આધાન કરાયેલું નથી. ॥૧૩/૧૨॥**

**શ્લોકાર્થ :-**

**પથ્થર આદિમાં પણ સ્વાભાવિક ભેદનું દર્શન હોવાથી રાજરંકાદિનું વૈચિત્ર્ય પણ આત્માના પ્રયત્નથી આધાન કરાયેલું નથી. ॥૧૩/૧૨॥**

**ભાવાર્થ :-**

આત્માને શરીરથી પૃથક્ માનનારા દર્શનવાદી કહે છે કે દુનિયામાં કોઈ રાજા છે અને કોઈ રંક છે, કોઈ સુખી છે અને કોઈ દુ:ખી છે, તે સર્વ વિચિત્રતા નિષ્કારણ હોઈ ન શકે; કેમ કે જે નિષ્કારણ હોય તે સદા હોવું જોઈએ અથવા સદા ન હોવું જોઈએ. જેમ આત્મામાં ચૈતન્ય અને પુદ્ગલમાં જડતારૂપ જે વિચિત્રતા છે તે સદાની છે, માટે તે નિષ્કારણ છે; તેથી આત્મા સ્વાભાવિક જ ચૈતન્યસ્વરૂપ છે અને પુદ્ગલ સ્વાભાવિક જ જડસ્વરૂપ છે; પરંતુ રાજવીપણું કે રંકપણું સદા રહેતું નથી, તેથી તેનું કોઈ કારણ અવશ્ય હોવું જોઈએ. તેનાથી આત્માના અસ્તિત્વની સિદ્ધિ થાય છે; કેમ કે આ વૈચિત્ર્ય આત્માના ભૂતકાળના યત્નથી આહિત છે અર્થાત્ આત્માના ભૂતકાળના યત્નથી તથાવિધ કર્મબંધ દ્વારા રાજારંકાદિપણાની પ્રાપ્તિ થાય છે. આ વાતનું નિરાકરણ કરતાં ચાર્વાક કહે છે કે જે રીતે પથ્થરાદિમાં સુંદરતા-અસુંદરતા આદિ અનેક વૈચિત્ર્ય દેખાય છે તે સ્વાભાવિક છે, તે રીતે શરીરથી અતિરિક્ત એવો આત્મા નહીં હોવા છતાં એક શરીરરૂપ વ્યક્તિ રાજા બને છે અને એક શરીરરૂપ વ્યક્તિ રંક બને છે, એ વૈચિત્ર્ય ઘટી શકે છે. માટે શરીરથી અતિરિક્ત પરલોક જનાર અને રાજરંકાદિ વૈચિત્ર્યના કારણ એવા કર્મને બાંધનાર આત્માને માનવાની આવશ્યકતા રહેતી નથી. **॥૧૩/૧૨॥**

**અવતરણિકા :-**

**ચાર્વાકે "આત્મા નથી" એ પદની સિદ્ધિ શ્લોક-૧૦માં પ્રત્યક્ષ પ્રમાણથી તથા શ્લોક-૧૧ અને ૧૨માં અનુમાન પ્રમાણથી કરી. હવે આગમ પ્રમાણથી એ વાતની સિદ્ધિ કરે છે –**

**શ્લોક :-**

**वाक्यैर्न गम्यते चात्मा, परस्परविरोधिभिः ।**
**दृष्टवान्न च कोऽप्येनं, प्रमाणं यद्वचो भवेत् ।।१३।।**

**અન્વયાર્થ :-**

**परस्परविरोधीभिः वाक्यैः च=અને પરસ્પર વિરોધી એવાં વાક્યો વડે, आत्मा न गम्यते=આત્મા જણાતો નથી, न च कोऽपि एनं दृष्टवान्=અને**

**કોઈપણ વ્યક્તિએ આને અર્થાત્ આત્માને જોયો નથી, यद्वचो प्रमाणं भवेत्=જેનું વચન પ્રમાણ થાય. ॥૧૩/૧૩॥**

**શ્લોકાર્થ :-**

**પરસ્પર વિરોધી એવાં વાક્યો વડે આત્મા જણાતો નથી, અને કોઈપણ વ્યક્તિએ આત્માને જોયો નથી, જેનું વચન પ્રમાણ થાય. ॥૧૩/૧૩॥**

**ભાવાર્થ :-**

દરેક દર્શનનાં વાક્યો પરસ્પર વિરોધી છે. જેમ કે કોઈ આત્માને નિત્ય કહે છે તો કોઈ અનિત્ય કહે છે. વળી, કોઈ આત્માને કર્તા-ભોક્તા કહે છે તો કોઈ અકર્તા-અભોક્તા કહે છે. વળી કોઈ આત્માને અણુપ્રમાણ કહે છે તો કોઈ શરીરવ્યાપી કહે છે અને કોઈ આત્માને સર્વવ્યાપી એવા વિભુસ્વરૂપ કહે છે. એ રીતે પરસ્પર વિરોધવાળાં એવાં દર્શનનાં વાક્યો વડે આત્મા જણાય નહીં; કેમ કે તે તે દર્શનનાં કથનોનો પરસ્પર વિરોધ હોવાને કારણે મધ્યસ્થ વ્યક્તિને કોઈ પણ એક કથન ગ્રાહ્ય ન બને, તેથી તેઓના વચનના બળથી પણ આત્માનો નિર્ણય થઈ શકતો નથી.

વળી, જગતમાં કોઈ એવી વ્યક્તિ નથી કે જેણે આત્માને શરીરથી પૃથક્ રૂપે જોયો હોય, જેથી તેના વચનને પ્રમાણ માની શકાય; અને આત્માને જોયા વગર જેઓ "આત્મા છે" એમ કહે છે, તેમનું વચન પ્રમાણભૂત ગણી ન શકાય. તેથી જે ઉપદેશકો આત્માનું કથન કરે છે તે સર્વનાં વચન પ્રમાણભૂત ગણાય નહીં. માટે ચાર્વાક કહે છે કે વસ્તુતઃ આત્માને કોઈ વ્યક્તિએ જોયો નથી, માત્ર પોતપોતાના દર્શન પ્રત્યેના પક્ષપાતને કારણે સ્વદર્શનના વચનને અવલંબીને "આત્મા છે" એમ કહીને સર્વ દર્શનકારો આત્માનું જુદું જુદું સ્વરૂપ બતાવે છે. તેથી સર્વ દર્શનોનાં વચનોમાં એકવાક્યતા નહીં હોવાને કારણે આગમના બળથી પણ આત્મા સિદ્ધ થતો નથી. **॥૧૩/૧૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦થી ૧૩ સુધી ચાર્વાકે પ્રત્યક્ષ, અનુમાન અને આગમપ્રમાણથી**

**આત્મા સિદ્ધ થતો નથી, એમ સ્થાપન કર્યું. હવે "આત્મા નથી" એ સિદ્ધ થવાથી શું ફલિત થાય છે ? તે ચાર્વાક શ્લોક-૧૪ અને ૧૫માં બતાવે છે –**

**શ્લોક :-**

**आत्मानं परलोकं च, क्रियां च विविधां वदन् ।**
**भोगेभ्यो भ्रंशयत्युच्चैर्लोकचित्तं प्रतारकः ।।१४।।**

**અન્વયાર્થ :-**

**आत्मानं परलोकं च=આત્માને અને પરલોકને, विविधां च क्रियां वदन् प्रतारकः=અને વિવિધ ક્રિયાઓને કહેતો એવો ઠગારો, भोगेभ्यो लोकचित्तं उच्चैः भ्रंशयति=ભોગોથી લોકોના ચિત્તને અત્યંત ભ્રંશ કરે છે. ।।૧૩/૧૪।।**

**શ્લોકાર્થ :-**

**આત્માને અને પરલોકને, અને વિવિધ ક્રિયાઓને કહેતો એવો ઠગારો, ભોગોથી લોકોના ચિત્તને અત્યંત ભ્રંશ કરે છે. ।।૧૩/૧૪।।**

**ભાવાર્થ :-**

ચાર્વાકનું કહેવું છે કે પ્રત્યક્ષાદિ પ્રમાણથી આત્મા સિદ્ધ નથી, અને જે લોકોએ આત્માને કે પરલોકને જોયો નથી છતાં "આત્મા છે", "પરલોક છે" એમ કહે છે અને પરલોકના હિત માટે વિવિધ ક્રિયાઓ બતાવે છે તેઓ લોકના ચિત્તને ભોગોથી અત્યંત ભ્રંશ કરે છે અર્થાત્ સંસારનાં ભોગજન્ય સુખોથી લોકોને વંચિત કરે છે, તેથી તેઓ ઠગારા છે. **।।૧૩/૧૪।।**

**શ્લોક :-**

**त्याज्यास्तन्नैहिकाः कामाः, कार्या नानागतस्पृहा ।**
**भस्मीभूतेषु भूतेषु, वृथा प्रत्यागतिस्पृहा ।।१५।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે કારણથી=પૂર્વના શ્લોકોમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ કર્યું કે "આત્મા નથી" તે કારણથી, ऐहिकाः कामाः न त्याज्याः=આલોક સંબંધી ભોગો છોડવા જોઈએ નહીં, न अनागतस्पृहाः कार्या=અનાગતની સ્પૃહા=પરલોક સંબંધી ભોગોની ઈચ્છા કરવી જોઈએ નહીં, भस्मीभूतेषु भूतेषु प्रत्यागतिस्पृहा**

**વૃથા=ભસ્મીભૂત થનારા ભૂતો હોતે છતે પ્રત્યાગતિની સ્પૃહા અર્થાત્ ભવિષ્યમાં થનારા જન્મની સ્પૃહા વ્યર્થ છે. ।।૧૩/૧૫।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વના શ્લોકોમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ કર્યું કે "આત્મા નથી", તે કારણથી, આલોક સંબંધી ભોગો છોડવા જોઈએ નહીં, પરલોક સંબંધી ભોગોની ઈચ્છા કરવી જોઈએ નહીં, ભસ્મીભૂત થનારા ભૂતો હોતે છતે ભવિષ્યમાં થનારા જન્મની સ્પૃહા વ્યર્થ છે. ।।૧૩/૧૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ચાર્વાકે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સ્થાપન કર્યું કે "આત્મા નથી" અને પછી સ્થાપન કર્યું કે આત્માની, પરલોકની વાતો કરનારા અને પરલોકનો ઉપદેશ આપનારાઓ લોકને ઠગનારા છે. હવે તે આખા કથનનું નિગમન કરતાં=ફલિતાર્થ બતાવતાં, ચાર્વાક કહે છે કે આત્મા, પરલોકાદિ કોઈ પદાર્થ નથી. માટે આલોકના ભોગોનો ત્યાગ કરવો જોઈએ નહીં, પરંતુ જે રીતે પોતાને સુખની પ્રાપ્તિ થાય તે રીતે ભોગવિલાસ કરવો જોઈએ; અને પરલોકની સ્પૃહા કરવી જોઈએ નહીં, તેથી પરલોકને અર્થે તપ, ત્યાગાદિમાં યત્ન કરવો જોઈએ નહીં; કેમ કે આત્મા પંચભૂતાત્મક છે. પાંચ ભૂતથી અતિરિક્ત આત્મા નથી અને પાંચ ભૂત વિનાશ પામે છે ત્યારે કાંઈ રહેતું નથી. માટે બીજા સુંદર જન્મની સ્પૃહા અર્થ વગરની છે. તેથી પરલોકની સ્પૃહાથી ભોગનો ત્યાગ કરીને તપ-સંયમમાં યત્ન કરવો તે મૂર્ખ લોકોની પ્રવૃત્તિ છે, તેમ ચાર્વાક કહે છે. **।।૧૩/૧૫।।**

**અવતરણિકા :-**

**મિથ્યાત્વનાં છ સ્થાનમાંથી "આત્મા નથી" તેવા પ્રથમ સ્થાનને માનનાર ચાર્વાક મતની યુક્તિ શ્લોક-૧૦થી ૧૫ સુધી બતાવી. હવે ગ્રંથકારશ્રી ચાર્વાકની તે યુક્તિઓનું ક્રમસર નિરાકરણ કરે છે. સૌ પ્રથમ શ્લોક-૧૦ના પૂર્વાર્ધમાં ચાર્વાકે કહેલ કે આત્મા પ્રત્યક્ષથી અનુપલબ્ધ છે, તેનું નિરાકરણ કરે છે —**

**શ્લોક :-**

**तदेतद्दर्शनं मिथ्या, जीवः प्रत्यक्ष एव यत् ।**
**गुणानां संशयादीनां, प्रत्यक्षाणामभेदतः ।।१६।।**

**અન્વયાર્થ :-**

**तद् एतद् दर्शनं मिथ्या=તે આ અર્થાત્ પૂર્વે જે ચાર્વાક મતની વાત કરી તે આ, દર્શન મિથ્યા છે, यत् जीवः प्रत्यक्ष एव=જે કારણથી જીવ પ્રત્યક્ષ જ છે; प्रत्यक्षाणां संशयादीनां गुणानां अभेदतः=કેમ કે પ્રત્યક્ષ એવા સંશયાદિ ગુણોનો જીવની સાથે અભેદ છે. ।।૧૩/૧૬।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વે જે ચાર્વાક મતની વાત કરી તે આ દર્શન મિથ્યા છે, જે કારણથી જીવ પ્રત્યક્ષ જ છે; કેમ કે પ્રત્યક્ષ એવા સંશયાદિ ગુણોનો જીવની સાથે અભેદ છે. ।।૧૩/૧૬।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વના શ્લોકમાં જે ચાર્વાક મતનું વર્ણન કરાયું, તે આ ચાર્વાકનું દર્શન મિથ્યા છે અને તેના મિથ્યાત્વની સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણથી કરે છે. તે આ રીતે :

સંશય, વિપર્યય, બોધ આદિ આત્માના ગુણોનું સંવેદન દરેક જીવને સ્વઅનુભવસિદ્ધ છે અને તે ગુણોનો આશ્રય જીવ છે. માટે તે ગુણોના આશ્રયભૂત એવા આત્માની સાથે ગુણનો અભેદ હોવાને કારણે તે ગુણસ્વરૂપે જીવ પ્રત્યક્ષ છે. તેથી ચાર્વાકે કહ્યું કે જીવની પ્રત્યક્ષથી ઉપલબ્ધિ નથી તે વચન મિથ્યા છે.

આશય એ છે કે ચક્ષુઇન્દ્રિયથી ઘટ આદિ દ્રવ્યો દેખાય છે ત્યારે વસ્તુતઃ તેના આકાર અને તેમાં રહેલું રૂપ વગેરે ચક્ષુઇન્દ્રિયથી ગ્રાહ્ય થાય છે, જે ઘટના પર્યાયો છે અને તે પર્યાયોથી પૃથક્ એવા ઘટનું ગ્રહણ થતું નથી; પરંતુ તે પર્યાયરૂપે જ ઘટ ગ્રહણ થાય છે. તેથી જેમ રૂપ અને આકારના પર્યાયરૂપે ઘટ ચાક્ષુસપ્રત્યક્ષ છે તેમ સંશય, વિપર્યય, બોધ આદિ પર્યાયરૂપ દરેક જીવને પોતાનો આત્મા માનસ-પ્રત્યક્ષ છે; કેમ કે સંશય, વિપર્યય અને બોધ દરેક

જીવને સ્વસંવેદિત છે.

અહીં વિશેષ એ છે કે કેવળીને કેવળજ્ઞાનથી દરેક દ્રવ્ય અને તેમાં રહેલા પર્યાયો પ્રત્યક્ષ છે. તેથી કેવળી દરેક જીવમાં રહેલા જ્ઞાનાદિ ધર્મો અને તે ધર્મોના આશ્રયરૂપ આત્માને કેવળજ્ઞાનથી જોઈ શકે છે; જ્યારે છદ્મસ્થનું જ્ઞાન તો જેમ ઘટાદિમાં વર્તતા તે તે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય પર્યાયોથી અપૃથક્ રૂપે ઘટાદિ દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે રીતે પોતાના આત્મામાં વર્તતા સંશયાદિ પર્યાયોથી અપૃથક્ રૂપે પોતાના આત્માને ગ્રહણ કરે છે.

આનાથી એ ફલિત થયું કે જો ચાર્વાક ઘટાદિ દ્રવ્યોને પ્રત્યક્ષ પ્રમાણથી સ્વીકારે છે, તો તે રીતે સંશયાદિના સંવેદનરૂપે અનુભવાતા પ્રત્યક્ષ પ્રમાણથી ચાર્વાકે આત્માને પણ સ્વીકારવો જોઈએ. આમ છતાં ભોગની તીવ્ર લાલસા હોવાથી ચાર્વાક આત્માનો અપલાપ કરે છે, તે અનુચિત છે. **॥૧૩/૧૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦ના પૂર્વાર્ધમાં ચાર્વાકે કહ્યું કે પ્રત્યક્ષથી આત્મા અનુપલબ્ધ હોવાથી "આત્મા નથી". તેનું નિરાકરણ પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કર્યું. વળી શ્લોક-૧૦ના ઉત્તરાર્ધમાં ચાર્વાકે કહેલ કે જે અહંતાનો વ્યપદેશ છે, તેનાથી આત્મા સિદ્ધ થઈ શકે નહીં; કેમ કે શરીર દ્વારા તેની ઉપપત્તિ થાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**न चाहम्प्रत्ययादीनां, शरीरस्यैव धर्म्मता ।**
**नेत्रादिग्राह्यतापत्तेर्नियतं गौरवादिवत् ।।१७।।**

**અન્વયાર્થ :-**

**च=અને, "अहं" प्रत्ययादीनां शरीरस्य एव धर्म्मता नियतं न="અહં" પ્રત્યયાદિની શરીરની જ ધર્મતા નિયત નથી="અહં" પ્રત્યયાદિ માત્ર શરીરના જ ધર્મો છે એવું નિયત નથી, गौरवादिवत् नेत्रादिग्राह्यतापत्तेः=કેમ કે ગૌરવાદિની જેમ નેત્રાદિથી ગ્રાહ્યતાની આપત્તિ છે="અહં" પ્રત્યયાદિની ગ્રાહ્યતાની આપત્તિ છે. ।।૧૩/૧૭।।**

**શ્લોકાર્થ :-**

**અને "અહં" પ્રત્યયાદિની શરીરની જ ધર્મતા નિયત નથી; કેમ કે ગૌરવાદિની જેમ નેત્રાદિથી "અહં" પ્રત્યયાદિની ગ્રાહ્યતાની આપત્તિ છે. ॥૧૩/૧૭॥**

❖ 'प्रत्ययादीनां' પદમાં 'आदि' પદથી અન્ય જ્ઞાનસ્વરૂપ સંશય, વિપર્યય આદિનું ગ્રહણ કરવાનું છે.

❖ 'गौरवादि'માં 'आदि' પદથી કૃશ આદિનું ગ્રહણ કરવાનું છે.

❖ 'नेत्रादि'માં 'आदि' પદથી અન્ય સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય આદિ પાંચેય ઇન્દ્રિયોનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

દરેક વ્યક્તિને "અહં"="હું", એ પ્રકારની પ્રતીતિ=જ્ઞાન, થાય છે, અને આદિથી "હું સુખી છું, હું દુ:ખી છું" એ પ્રકારની પ્રતીતિ થાય છે, અને આ પ્રતીતિમાં માત્ર શરીરની ધર્મતા નથી, પરંતુ શરીર સાથે કથંચિત્ અભેદ પામેલા એવા આત્મા અને શરીર-ઉભયની ધર્મતા છે. વળી, જો "અહં" પ્રત્યયાદિમાં માત્ર શરીરની જ ધર્મતા નિયત હોય, તો જેમ કોઈક જીવમાં રહેલું ભારેપણું- હલકાપણું આદિ ભાવોનું અન્ય જીવોને નેત્રાદિથી ગ્રહણ થાય છે તેમ કોઈક જીવમાં રહેલ "અહં" પ્રતીતિ આદિનું પણ અન્ય જીવોને નેત્રાદિથી ગ્રહણ થવું જોઈએ.

વસ્તુત: સંસારી જીવોને "અહં"ની પ્રતીતિ કેવળ શરીરમાં થતી નથી અને કેવળ આત્મામાં પણ થતી નથી, પરંતુ આત્માની સાથે એકમેક પામેલા શરીરમાં "અહં" આદિની પ્રતીતિ નિયત છે. વળી, દેહની સાથે એકમેકભાવને પામેલા આત્માને સંશયાદિની પ્રતીતિઓ થાય છે અને સિદ્ધના જીવોને "અહં"ની પ્રતીતિ કેવળ આત્મામાં થાય છે.

અહીં વિશેષ એ છે કે ચાર્વાક કેવળ શરીરની જ ધર્મતારૂપે અહંતાની પ્રતીતિની સંગતિ કરે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે માત્ર શરીરની જ ધર્મતા "અહં" પ્રતીતિ આદિમાં નથી. તેથી "અહં"ની પ્રતીતિ દ્વારા શરીરની સાથે કથંચિત્ એકત્વભાવને પામેલા આત્માની સિદ્ધિ થાય છે. માટે "શરીરથી પૃથક્ આત્મા છે." **॥૧૩/૧૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦ના ઉત્તરાર્ધમાં ચાર્વાકે કહેલ કે અહંપણાનો વ્યપદેશ શરીરથી ઘટી જશે, તેથી "હું"પણાની પ્રતીતિના બળથી શરીરથી જુદો આત્મા સિદ્ધ થઈ શકે નહીં. તેનું નિરાકરણ પૂર્વશ્લોકમાં કર્યું. હવે અન્ય યુક્તિથી તેનું જ નિરાકરણ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**शरीरस्यैव चात्मत्वे, नानुभूतस्मृतिर्भवेत् ।**
**बालत्वादिदशाभेदात्तस्यैकस्यानवस्थितेः ।।१८।।**

**અન્વયાર્થ :-**

**शरीरस्य एव च आत्मत्वे=અને શરીરનું જ આત્મપણું હોતે છતે, अनुभूतस्मृतिः न भवेत्=અનુભૂતની સ્મૃતિ=પૂર્વે અનુભવેલા અર્થની સ્મૃતિ થાય નહીં, बालत्वादिदशाभेदात् एकस्य तस्य अनवस्थितेः=કેમ કે બાલત્વાદિ દશાના ભેદને કારણે એક એવા તેની=શરીરની અનવસ્થિતિ છે. ।।૧૩/૧૮।।**

**શ્લોકાર્થ :-**

**અને શરીરનું જ આત્મપણું હોતે છતે પૂર્વે અનુભવેલા અર્થની સ્મૃતિ થાય નહીં; કેમ કે બાલત્વાદિ દશાના ભેદને કારણે એક એવા શરીરની અનવસ્થિતિ છે. ।।૧૩/૧૮।।**

**ભાવાર્થ :-**

શરીરને જ આત્મા માનવામાં આવે તો બાલ્ય અવસ્થામાં જે અનુભવો થયા હતા તેનું સ્મરણ યુવાવસ્થામાં થશે નહીં; કેમ કે શરીરની બાલ્યાવસ્થા અને યુવાવસ્થા જુદી છે અને તે બંને અવસ્થામાં એક એવા શરીરની અવસ્થિતિ નથી અર્થાત્ બાલ્યાવસ્થાના શરીર કરતાં યુવાવસ્થાનું શરીર અત્યંત જુદું છે. છતાં બાલ્યાવસ્થાના અનુભવોનું સ્મરણ યુવાવસ્થામાં થાય છે, તે સિદ્ધ કરે છે કે બાલ્ય અને યુવાન શરીરમાં અનુગત એવું એક આત્મદ્રવ્ય છે, જે બાલ્યકાળના અનુભૂત પદાર્થને યુવાકાળમાં સ્મરણ કરી શકે છે. આથી "શરીરથી પૃથક્ આત્મા સિદ્ધ છે." **।।૧૩/૧૮।।**

**અવતરણિકા :-**

**આત્મા શરીરરૂપ જ નથી, તે જ વાતને અન્ય યુક્તિથી બતાવે છે –**

**શ્લોક :-**

**नात्माङ्गं विगमेप्यस्य, तल्लब्धानुस्मृतिर्यतः ।**
**व्यये गृहगवाक्षस्य, तल्लब्धार्थाधिगन्तृवत् ।।१९।।**

**અન્વયાર્થ :-**

**न आत्मा अङ्गं=આત્મા અંગરૂપ નથી, यतः=જે કારણથી, गृहगवाक्षस्य व्यये तल्लब्धार्थाधिगन्तृवत्=ગૃહગવાક્ષના વ્યયમાં તેનાથી=ગૃહગવાક્ષથી, લબ્ધ અર્થના અધિગન્તાની જેમ=જાણનારની જેમ, अस्य विगमे अपि तल्लब्धार्था-ऽनुस्मृतिः=આના=અંગના, વિગમનમાં પણ તેનાથી=અંગથી, લબ્ધ અર્થની અનુસ્મૃતિ થાય છે. ॥૧૩/૧૯॥**

**શ્લોકાર્થ :-**

**આત્મા અંગરૂપ નથી; જે કારણથી ગૃહગવાક્ષના વ્યયમાં ગૃહગવાક્ષથી લબ્ધ અર્થના જાણનારની જેમ અંગના વિગમનમાં પણ અંગથી લબ્ધ અર્થની અનુસ્મૃતિ થાય છે. ॥૧૩/૧૯॥**

**ભાવાર્થ :-**

શરીરના અવયવો અને ઇન્દ્રિયાદિરૂપ જે અંગો છે તે અંગો સ્વરૂપ આત્મા નથી. તે આ રીતે :

જેમ કોઈ પુરુષે ઘરની બારીમાંથી કોઈ વસ્તુને જોયેલ હોય અને ત્યારપછી તે બારીનો નાશ થઈ જાય તોપણ પૂર્વે તે બારીમાંથી જોયેલ વસ્તુનું તે પુરુષને સ્મરણ થાય છે; તે રીતે ગૃહગવાક્ષ-સ્થાનીય શરીરના અવયવો અને ઇન્દ્રિયાદિરૂપ શરીરનાં અંગોનો નાશ થઈ જાય તોપણ પૂર્વે તે અંગથી થયેલ અનુભવનું તે પુરુષને સ્મરણ થાય છે. ત્યાં ગૃહગવાક્ષથી લબ્ધાર્થનો જાણનાર જેમ ગૃહગવાક્ષથી પૃથક્ છે તેમ શરીરના કોઈપણ અવયવનો નાશ થવા છતાં પણ તે અવયવ દ્વારા પૂર્વે થયેલ અનુભવનું સ્મરણ કરનાર આત્મા તે સર્વ અવયવોથી પૃથક્ છે.

આમ, સર્વ અવયવના સમુદાયરૂપ શરીરરૂપ પણ આત્મા નથી, પરંતુ શરીરથી આત્મા પૃથક્ છે, એ પ્રકારનું શ્લોકનું તાત્પર્ય છે. **॥૧૩/૧૯॥**

**અવતરણિકા :-**

પૂર્વના શ્લોકમાં સિદ્ધ કર્યું કે અંગ એ આત્મા નથી. તેમાં હેતુ કહેલ કે અંગ નાશ પામે ત્યારે પણ પૂર્વે તે અંગ દ્વારા થયેલ અનુભવનું સ્મરણ થાય છે. તેનું સમાધાન પૂર્વપક્ષી કરે છે, તે બતાવીને ગ્રંથકારશ્રી તેનું નિરાકરણ કરે છે –

**શ્લોક :-**

न दोषः कारणात्कार्ये, वासनासङ्क्रमाच्च न ।
भ्रूणस्य स्मरणापत्तेरम्बानुभवसङ्क्रमात् ।।२०।।

**અન્વયાર્થ :-**

कारणात्कार्ये वासनासङ्क्रमात् च न दोषः=અને કારણથી કાર્યમાં વાસનાનો સંક્રમ હોવાથી દોષ નથી=શરીરરૂપ આત્માને માનવામાં દોષ નથી. न=ગ્રંથકારશ્રી તેનું નિરાકરણ કરતાં કહે છે કે એ વાત બરાબર નથી, अम्बाऽनुभवसङ्क्रमात् भ्रूणस्य स्मरणापत्तेः=કેમ કે માતાના અનુભવના સંક્રમથી ઉદરમાં રહેલ ગર્ભને સ્મરણની આપત્તિ છે. ।।૧૩/૨૦।।

**શ્લોકાર્થ :-**

**અને કારણથી કાર્યમાં વાસનાનો સંક્રમ હોવાથી શરીરરૂપ આત્માને માનવામાં દોષ નથી. ગ્રંથકારશ્રી તેનું નિરાકરણ કરતાં કહે છે કે એ વાત બરાબર નથી; કેમ કે માતાના અનુભવના સંક્રમથી ઉદરમાં રહેલ ગર્ભને સ્મરણની આપત્તિ છે. ।।૧૩/૨૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે શરીરના અવયવના સમુદાયરૂપ આત્માને માનીએ તો કોઈ દોષ નથી; કેમ કે અવયવો શરીરરૂપ અવયવીના અંગો છે અને શરીર અવયવી છે. અને અવયવરૂપ કારણથી ઉત્પન્ન થયેલા જ્ઞાનની વાસનાનો અવયવીરૂપ કાર્યમાં=દેહમાં, સંક્રમ થાય છે, તેથી અવયવનો નાશ થવા છતાં તે અવયવથી ઉત્પન્ન થયેલી વાસનાનું શરીરમાં સંક્રમ થયેલું હોવાના કારણે તે અવયવથી પૂર્વમાં થયેલ અનુભવની સ્મૃતિ અવયવીરૂપ શરીરને થઈ શકે છે.

ગ્રંથકારશ્રી તેનું નિરાકરણ કરતાં કહે છે કે એ વાત બરાબર નથી; કેમ કે માતાના શરીરમાં રહેલ લોહી, માંસરૂપ પુદ્‌ગલોમાંથી ગર્ભમાં રહેલ બાળકનું શરીર બને છે. તેથી માતા એ બાળકના શરીરરૂપ કાર્ય પ્રત્યે કારણ છે, અને પૂર્વાર્ધમાં કહ્યું તેમ જો કારણથી કાર્યમાં વાસનાનો સંક્રમ માનવામાં આવે તો માતાના શરીરરૂપ કારણ દ્વારા થયેલ અનુભવની વાસનાનો સંક્રમ બાળકના શરીરરૂપ કાર્યમાં થવો જોઈએ, અને તેમ સ્વીકારીએ તો માતાના અનુભવનું સ્મરણ પણ બાળકને થવું જોઈએ; પરંતુ વાસ્તવિકતા એ છે કે માતાએ કરેલા અનુભવનું સ્મરણ બાળકને થતું નથી. તેથી અવયવરૂપ કારણથી વાસનાનો સંક્રમ અવયવીરૂપ કાર્યમાં માની શકાય નહીં. માટે શરીરના અવયવના સમુદાયરૂપ આત્મા નથી. **॥૧૩/૨૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં માતાના અનુભવના સંક્રમથી બાળકને સ્મરણની આપત્તિનો દોષ બતાવ્યો. પૂર્વપક્ષી તેનું નિરાકરણ કરતાં કહે છે કે ઉપાદાનથી ઉપાદેયમાં વાસના પેદા થાય છે, જ્યારે માતા એ બાળકના શરીર પ્રત્યે ઉપાદાન કારણ નથી, પરંતુ નિમિત્ત કારણ છે. તેથી માતાના શરીરથી બાળકના શરીરમાં વાસનાનો સંક્રમ થતો નથી. માટે બાળકને સ્મરણની આપત્તિ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नोपादानादुपादेयवासनाऽस्थैर्यदर्शने ।**
**करादेरतथात्वेनायोग्यत्वाप्तेरणुस्थितौ ।।२१।।**

**અન્વયાર્થ :-**

**अस्थैर्यदर्शने=અસ્થૈર્યનું દર્શન હોતે છતે અર્થાત્ બાલશરીરમાંથી થતા યુવા શરીરમાં અસ્થૈર્યનું દર્શન હોતે છતે, उपादानात् उपादेयवासना न=ઉપાદાનથી ઉપાદેયમાં=બાલશરીરરૂપ ઉપાદાનથી યુવાશરીરરૂપ ઉપાદેયમાં, વાસના નથી અર્થાત્ બાલશરીરના અનુભવની વાસના નથી.**

અહીં પૂર્વપક્ષી કહે કે બાલશરીરથી યુવાશરીર બને છે, તેમાં બાલશરીરના અણુની સ્થિતિ હોવાના કારણે ઉપાદાનથી ઉપાદેયમાં=બાલશરીરરૂપ ઉપાદાનથી

ઉપાદેય એવા યુવાશરીરમાં, વાસનાનો સંક્રમ થાય છે. માટે શરીરરૂપ આત્મા સ્વીકારવામાં દોષ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી ઉત્તરાર્ધથી કહે છે –

**अणुस्थितौ=અણુસ્થિતિ હોતે છતે અર્થાત્ બાલશરીરના અણુઓની યુવાશરીરના અણુઓમાં સ્થિતિ હોતે છતે, (વાસનાનો સંક્રમ માનવામાં આવે તો,) करादेरतथात्वेन=કરાદિનું અતથાપણું હોવાને કારણે અર્થાત્ કરાદિ કપાઈ ગયા પછી પૂર્વના કરાદિના અણુની સ્થિતિવાળા કરાદિ નહીં હોવાને કારણે, अयोग्यत्वापत्तेः=અયોગ્યત્વની પ્રાપ્તિ હોવાથી=છિન્ન કરવાળા તે શરીરમાં સ્મરણના અયોગ્યત્વની પ્રાપ્તિ હોવાથી, (તે કરાદિથી પૂર્વે અનુભવેલા પદાર્થનું સ્મરણ તે છેદાયેલા કરવાળા શરીરને થઈ શકે નહીં, પરંતુ તે અનુભવ થાય છે. માટે શરીરથી પૃથક્ આત્મા છે. આ પ્રમાણે શ્લોકના અર્થનો ધ્વનિ છે.) ॥૧૩/૨૧॥**

**શ્લોકાર્થ :-**

**બાલશરીરમાંથી થતા યુવાશરીરમાં અસ્થૈર્યનું દર્શન હોતે છતે બાલશરીરરૂપ ઉપાદાનથી યુવાશરીરરૂપ ઉપાદેયમાં બાલશરીરના અનુભવની વાસના નથી.**

અહીં પૂર્વપક્ષી કહે કે બાલશરીરથી યુવાશરીર બને છે, તેમાં બાલશરીરના અણુની સ્થિતિ હોવાના કારણે બાલશરીરરૂપ ઉપાદાનથી યુવાશરીરરૂપ ઉપાદેયમાં વાસનાનો સંક્રમ થાય છે. માટે શરીરરૂપ આત્મા સ્વીકારવામાં દોષ નથી.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી ઉત્તરાર્ધથી કહે છે –

**બાલશરીરના અણુઓની યુવાશરીરના અણુઓમાં સ્થિતિ હોતે છતે વાસનાનો સંક્રમ માનવામાં આવે તો, કરાદિ કપાઈ ગયા પછી પૂર્વના કરાદિના અણુની સ્થિતિવાળા કરાદિ નહીં હોવાને કારણે, છિન્ન કરવાળા તે શરીરમાં સ્મરણના અયોગ્યત્વની પ્રાપ્તિ હોવાથી, તે કરાદિથી પૂર્વે અનુભવેલા પદાર્થનું સ્મરણ તે છેદાયેલા કરવાળા શરીરને થઈ શકે નહીં, પરંતુ તે અનુભવ થાય છે. માટે શરીરથી પૃથક્ આત્મા છે. આ પ્રમાણે શ્લોકના અર્થનો ધ્વનિ છે. ॥૧૩/૨૧॥**

**ભાવાર્થ :-**

બાલશરીરના જે પરમાણુ છે, તે પરમાણુથી યુવાશરીર બને તો ઉપાદાનરૂપ બાલશરીરમાં રહેલી વાસનાનો ઉપાદેયરૂપ યુવાશરીરમાં સંક્રમ થાય છે એવો નિયમ બાંધી શકાય. પરંતુ બાળકનું શરીર જે પરમાણુનું બનેલું છે તે પરમાણુથી યુવાનનું શરીર બનેલું રહેતું નથી; કેમ કે બાલશરીર કરતાં યુવાશરીરમાં અનેક પરમાણુની અતિશયતા દેખાય છે. તેથી બાલશરીરના પરમાણુ યુવાશરીરમાં છે તેમ કહી શકાય નહીં, પરંતુ બાલશરીરના પરમાણુઓ ઘણા પરિવર્તન પામી ગયા છે તેવું દર્શન થાય છે. આવું અસ્થૈર્યનું દર્શન હોતે છતે ઉપાદાનથી ઉપાદેયમાં વાસનાનો સંક્રમ થાય છે એમ કહી શકાય નહીં. તેથી પૂર્વપક્ષીને એ નિયમ માનવો પડે કે ઉપાદાનથી ઉપાદેયમાં વાસનાનું સંક્રમણ થતું નથી, પરંતુ કારણથી કાર્યમાં વાસનાનો સંક્રમ થાય છે. માટે કારણરૂપ એવા બાલશરીરથી કાર્યરૂપ એવા યુવાશરીરમાં વાસનાનું સંક્રમણ થાય છે. અને પૂર્વપક્ષી એ નિયમ સ્વીકારે તો બાલ્યાવસ્થાનું સ્મરણ યુવાવસ્થામાં થાય છે તેની સંગતિ શરીરથી અતિરિક્ત આત્મા નહીં સ્વીકારવા છતાં થઈ શકે, પરંતુ જો પૂર્વપક્ષી એમ સ્વીકારે કે કારણથી કાર્યમાં વાસનાનો સંક્રમ થાય છે તો જેમ કારણરૂપ બાલશરીરથી અનુભવાયેલ વસ્તુનું કાર્યરૂપ યુવાશરીરથી સ્મરણ થાય છે તેમ માતાએ અનુભવેલાનું સ્મરણ બાળકને પણ થવું જોઈએ, એ પ્રકારની પૂર્વપક્ષીને આપત્તિ આવે; કેમ કે બાળકના શરીરરૂપ કાર્ય પ્રત્યે માતાનું શરીર કારણ છે.

અહીં પૂર્વપક્ષી સમાધાન કરે છે કે માતાના શરીરના પરમાણુ બાળકના શરીરમાં આવતા નથી, જ્યારે બાલશરીર અને યુવાશરીર વચ્ચે અસ્થૈર્યનું દર્શન હોતે છતે પણ યુવાશરીરમાં બાલશરીરના કેટલાક અણુઓની સ્થિતિ પણ છે, તેથી ત્યાં વાસના સંક્રમ પામે છે. જ્યારે માતાના શરીરના અણુની સ્થિતિ બાળકના શરીરમાં નથી; કેમ કે માતા એ બાળકના શરીર પ્રત્યે નિમિત્ત કારણ છે, પરંતુ ઉપાદાન કારણ નથી. માટે બાળકને માતાના અનુભવના સ્મરણની આપત્તિ નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે બાલશરીરના અણુની સ્થિતિ યુવાશરીરમાં હોય તો કરાદિનું અતથાપણું હોવાના કારણે છિન્ન કરાદિવાળા શરીરમાં વાસનાના અયોગ્યત્વની પ્રાપ્તિ છે.

તાત્પર્ય એ છે કે હસ્તાદિથી જે વસ્તુનો અનુભવ કરેલો છે, તે હસ્તાદિ છેદાઈ ગયા પછી તેના અણુની સ્થિતિ બાકી રહેલા શરીરમાં નથી. તેથી અવશિષ્ટ શરીરમાં હસ્તાદિના અનુભવની વાસનાનો સંક્રમ થઈ શકે નહીં. તેથી હસ્તાદિથી થયેલા અનુભવનું સ્મરણ હસ્તાદિ છેદાયા પછી અવશિષ્ટ શરીરમાં થઈ શકે નહીં; કેમ કે અવશિષ્ટ શરીરમાં હસ્તાદિના અણુઓનો સંક્રમ નથી.

વસ્તુતઃ છેદાયેલા કરાદિવાળા પુરુષને તેનો અનુભવ થાય છે, માટે તેનો અસ્વીકાર કરી શકાય નહીં. માટે ઉપાદાનરૂપ પરમાણુઓથી ઉપાદેયમાં વાસનાનો સંક્રમ થાય છે તેવો નિયમ માની શકાય નહીં, પરંતુ શરીરથી અતિરિક્ત એવું શરીરમાં કોઈ આત્મદ્રવ્ય માનવું પડે કે જે શરીર દ્વારા અનુભવેલ પદાર્થની વાસનાને ધારણ કરે છે અને તેનાથી તેને સ્મરણ થાય છે. માટે શરીરથી અતિરિક્ત આત્મા છે તેમ માનવું જોઈએ. **॥૧૩/૨૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં શરીરરૂપ આત્માને સિદ્ધ કરવા માટે ચાર્વાકે બતાવેલી યુક્તિ શ્લોક-૧૦માં બતાવીને તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૭થી ૨૧ સુધી કર્યું. હવે શ્લોક-૧૧માં ચાર્વાકે શરીરથી પૃથક્ આત્મા નથી, તે સિદ્ધ કરવા માટે મદ્યાંગના દૃષ્ટાંતથી શરીરમાં જ્ઞાન પેદા થાય છે, તેમ સ્થાપિત કરેલ. તેનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે —**

**શ્લોક :-**

**मद्याङ्गेभ्यो मदव्यक्तिरपि नो मेलकं विना ।**
**ज्ञानव्यक्तिस्तथा भाव्याऽन्यथा सा सर्वदा भवेत् ।।२२।।**

**અન્વયાર્થ :-**

**मद्याङ्गेभ्यो मदव्यक्तिः अपि=મદ્યાંગથી મદની અભિવ્યક્તિ પણ, नो मेलकं विना=મેલક વગર થાય નહીં, तथा ज्ञानव्यक्तिः भाव्या=તે પ્રમાણે જ્ઞાનની અભિવ્યક્તિ ભાવન કરવી જોઈએ અર્થાત્ મેલક વગર પાંચ ભૂતોમાંથી જ્ઞાનની અભિવ્યક્તિ પ્રગટ ન થઈ શકે એમ ભાવન કરવું**

**જોઈએ. अन्यथा सा सर्वदा भवेत्=અન્યથા અર્થાત્ મેલક વગર જ્ઞાનની અભિવ્યક્તિ માનીએ તો તે અર્થાત્ જ્ઞાનની અભિવ્યક્તિ સર્વદા થવી જોઈએ. ॥૧૩/૨૨॥**

**શ્લોકાર્થ :-**

**મદ્યાંગથી મદની અભિવ્યક્તિ પણ મેલક વગર થાય નહીં. તેમ મેલક વગર પાંચ ભૂતોમાંથી જ્ઞાનની અભિવ્યક્તિ પ્રગટ ન થઈ શકે એમ ભાવન કરવું જોઈએ. મેલક વગર જ્ઞાનની અભિવ્યક્તિ માનીએ તો જ્ઞાનની અભિવ્યક્તિ સર્વદા થવી જોઈએ. ॥૧૩/૨૨॥**

**ભાવાર્થ :-**

મદ્યાંગથી જે મદની અભિવ્યક્તિ છે તેને માટે તે મદ્યાંગોને ભેગા કરનાર કોઈ પુરુષની આવશ્યકતા રહે છે. તે રીતે જો પાંચ ભૂતોમાંથી જ્ઞાનની અભિવ્યક્તિ થાય છે તેમ માનીએ, તોપણ મદ્યનાં અંગોને એકઠા કરનાર પુરુષની જેમ પાંચ ભૂતોને એકઠાં કરનાર કોઈ પુરુષની આવશ્યકતા રહે છે અને તે પુરુષ પાંચ ભૂતાત્મક શરીરથી ભિન્ન આત્મારૂપે સિદ્ધ થાય છે. વળી, પાંચ ભૂતોથી અતિરિક્ત પાંચ ભૂતોને મેળવનાર આત્મા ન માનવામાં આવે અને પાંચ ભૂતોના સમુદાયમાં મેલક વગર જ્ઞાનની અભિવ્યક્તિ થાય છે તેમ સ્વીકારીએ, તો તે જ્ઞાનની અભિવ્યક્તિ પાંચ ભૂતના સમુદાયમાં સર્વદા થવી જોઈએ; અને તેમ સ્વીકારીએ તો મડદામાં પણ જ્ઞાનની અભિવ્યક્તિ માનવાની આપત્તિ આવે; કેમ કે મડદામાં પણ પાંચ ભૂતોનો સમુદાય વિદ્યમાન છે. તેથી એમ માનવું ઉચિત છે કે શરીરથી જુદો આત્મા ઉત્પત્તિના સ્થાનમાં આવીને પાંચ ભૂતોને એકઠાં કરે છે, અને તે પાંચ ભૂતો સાથે સ્વયં એકમેક ભાવવાળો થાય છે, તેથી તે પાંચ ભૂતોમાં જ્ઞાનની અભિવ્યક્તિ થાય છે; અને પાંચ ભૂતોને એકઠા કરનાર તથા તેની સાથે એકમેક થનાર આત્મા જ્યારે તે દેહનો સંબંધ છોડે છે, ત્યારે પાંચ ભૂતના સમુદાયરૂપ વિદ્યમાન શરીરમાં જ્ઞાનની અભિવ્યક્તિ થતી નથી. માટે શરીરથી પૃથક્ રૂપે આત્મા છે તેમ માનવું ઉચિત છે. **॥૧૩/૨૨॥**

**અવતરણિકા :-**

**ચાર્વાકે શ્લોક-૧૨માં કહેલ કે જેમ પથ્થરમાં સ્વાભાવિક ભેદ દેખાય છે, તેમ રાજરંકાદિનું વૈચિત્ર્ય પણ સ્વાભાવિક છે, પરંતુ પૂર્વભવમાં આત્માએ બાંધેલાં કર્મોથી આ વૈચિત્ર્ય નથી. એમ કહીને ચાર્વાક પરલોકથી આવનાર આત્માનો અપલાપ કરે છે, તેનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**राजरङ्कादिवैचित्र्यमप्यात्मकृतकर्मजम् ।**
**सुखदुःखादिसंवित्तिविशेषो नान्यथा भवेत् ।।२३।।**

**અન્વયાર્થ :-**

**राजरङ्कादिवैचित्र्यम् अपि=રાજરંકાદિરૂપ વૈચિત્ર્ય પણ, आत्मकृतकर्मजम्=આત્મા દ્વારા કરાયેલા કર્મથી જન્મેલું છે. अन्यथा=એમ ન માનીએ તો, सुखदुःखादिसंवित्तिविशेषः न भवेत्=સુખદુઃખાદિની સંવિત્તિવિશેષ થાય નહીં અર્થાત્ સુખદુઃખાદિના સંવેદનનો ભેદ થઈ શકે નહીં. ।।૧૩/૨૩।।**

**શ્લોકાર્થ :-**

**રાજરંકાદિ વૈચિત્ર્ય પણ આત્મા દ્વારા કરાયેલા કર્મથી જન્મેલું છે. એમ ન માનીએ તો સુખદુઃખાદિના સંવેદનનો ભેદ થઈ શકે નહીં. ।।૧૩/૨૩।।**

**ભાવાર્થ :-**

ચાર્વાક કહે છે કે જેમ પથ્થરમાં કોઈક ગોળ છે અને કોઈક અન્ય આકારનો છે અને તે વિચિત્રતા સ્વાભાવિક છે તેમ અહીં દેખાતા મનુષ્યોમાં કોઈક રાજા થાય છે, કોઈક રંક થાય છે, તે વિચિત્રતા સ્વાભાવિક છે, પરંતુ કર્મકૃત નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે એવું માનીએ તો એક જ વસ્તુના ઉપભોગથી એકને સુખ થાય છે અને બીજાને દુઃખ થાય છે તેવો ભેદ સંગત થાય નહીં; કેમ કે સમાન કારણથી સમાન કાર્ય થવું જોઈએ. જેમ એક પથ્થરને કોઈ ગોળ કરવા માટે યત્ન કરે તેવો યત્ન અન્ય પથ્થર પર પણ કરવામાં આવે તો તે પથ્થર પણ ગોળ બને, પરંતુ અન્ય

આકારવાળો બને નહીં; જ્યારે સંસારમાં તો દેખાય છે કે એક સરખું દૂધ પીનારા બે પુરુષોમાંથી તે દૂધ પીવાથી એકને સુખનું સંવેદન થાય છે તો અન્યને દુ:ખનું સંવેદન થાય છે. આ પ્રકારના સંવેદનના ભેદનું કારણ તે જીવોએ પૂર્વના ભવમાં કરેલાં જુદાં કર્મો છે. માટે સુખદુ:ખના સંવેદનના ભેદનું કારણ એવા કર્મને કરનાર એવો આત્મા શરીરથી જુદો છે એમ માનવું જોઈએ.

તેથી એ ફલિત થાય કે દૂધ પીવાની સમાન ક્રિયા હોવા છતાં જીવમાં વર્તતા ભિન્ન પ્રકારના કર્મને કારણે તે દૂધ પીવાથી એકને સુખનું સંવેદન થાય છે અને અન્યને તે દૂધ પીવાથી દુ:ખનું સંવેદન થાય છે. તેથી જેમ સુખદુ:ખના ભેદમાં કર્મ કારણ છે તેમ એક રાજા થાય છે અને એક રંક થાય છે, તેના ભેદમાં પણ તે તે જીવોનાં કર્મો કારણ છે અને તે કર્મ બાંધનાર શરીરથી જુદો આત્મા છે એમ સિદ્ધ થાય છે. **॥૧૩/૨૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦ અને ૧૧માં ચાર્વાકે કહેલ કે પ્રત્યક્ષથી આત્મા અનુપલબ્ધ છે, તેનું શ્લોક-૧૭થી ૨૨ સુધી યુક્તિ દ્વારા ખંડન કરી સ્થાપન કર્યું કે આત્મા પ્રત્યક્ષ ઉપલબ્ધ છે.**

**વળી, શ્લોક-૧૨માં ચાર્વાકે કહેલ કે રાજરંકાદિના વૈચિત્ર્યના બળથી આત્મા શરીરથી જુદો છે, તેવું અનુમાન થઈ શકશે નહીં. તેનું શ્લોક-૨૩માં યુક્તિ દ્વારા ખંડન કરી સ્થાપન કર્યું કે અનુમાનથી પણ આત્મા સિદ્ધ થઈ શકે છે.**

**વળી, શ્લોક-૧૩માં ચાર્વાકે કહેલ કે શાસ્ત્રવચનો પરસ્પર વિરોધી છે, માટે શાસ્ત્રવચનોથી પણ આત્મા સિદ્ધ થઈ શકે નહીં. તેનું ખંડન કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**आगमाद् गम्यते चात्मा, दृष्टेष्टार्थाविरोधिनः ।**
**तद्वक्ता सर्वविच्चैनं, दृष्टवान्वीतकश्मलः ।।२४।।**

**અન્વયાર્થ :-**

**दृष्टेष्टार्थाऽविरोधिनः च आगमात्=અને દૃષ્ટ અર્થના અને ઈષ્ટ અર્થના અવિરોધી એવા આગમથી, आत्मा गम्यते=આત્મા જણાય છે, वीतकश्मलः सर्वविद् च=અને કર્મમલથી રહિત સર્વજ્ઞ એવા, तद्वक्ता एनं दृष्टवान्= તેના વક્તાએ અર્થાત્ આગમના વક્તાએ આને અર્થાત્ આત્માને જોયો છે. ||૧૩/૨૪||**

**શ્લોકાર્થ :-**

**અને દૃષ્ટ અર્થના અને ઈષ્ટ અર્થના અવિરોધી એવા આગમથી આત્મા જણાય છે, અને કર્મમલથી રહિત સર્વજ્ઞ એવા આગમના વક્તાએ આત્માને જોયો છે. ||૧૩/૨૪||**

**ભાવાર્થ :-**

ચાર્વાકે કહેલ કે સર્વ આગમો પરસ્પર વિરોધી છે, તેથી એવા આગમને પ્રમાણ માની શકાય નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે ભિન્ન ભિન્ન દર્શનોના આગમોનાં વચનોની સમ્યક્ પરીક્ષા કરી દૃષ્ટ અર્થનું અને ઇષ્ટ અર્થનું અવિરોધી એવું જે આગમ છે, તેને પ્રમાણભૂત માની શકાય, અને તેથી તેવા આગમથી આત્માનો નિર્ણય થઈ શકે છે. વળી કર્મકલંકથી મુક્ત, સર્વજ્ઞ દૃષ્ટ અર્થના અને ઇષ્ટ અર્થના અવિરોધી એવા આગમના વક્તા છે, અને તેમણે આત્માને જોયો છે, એ નિર્ણય તેના પ્રમાણભૂત વચનના બળથી થઈ શકે છે.

અહીં દૃષ્ટ-ઇષ્ટ અર્થનું અવિરોધી આગમ પ્રમાણભૂત છે એમ કહ્યું. તેનો અર્થ એ છે કે જીવને પ્રત્યક્ષથી દેખાય છે કે સર્વ પદાર્થો પરિણામાંતર પામી રહ્યા છે. તેથી દરેક પદાર્થ કોઈક રીતે સ્થિર છે અને કોઈક રીતે નાશને પામે છે. જેમ માટીમાંથી ઘટ બને છે, ત્યારે તે માટી માટીરૂપે સ્થિર છે, પરંતુ માટીના પિંડ આકારનો નાશ થાય છે અને ઘટ આકાર ઉત્પન્ન થાય છે. એ રીતે દરેક પદાર્થ એક પરિણામને છોડીને અન્ય પરિણામને પામે છે અને તે પદાર્થ સર્વથા નાશ પણ પામતો નથી. આ પ્રકારનો જે દૃષ્ટ અનુભવ છે=જગતમાં જે

સ્પષ્ટ દેખાય છે, તેનાથી વિરુદ્ધ નહીં કહેનારું આગમ તે દૃષ્ટનું અવિરોધી કથન કરનારું આગમ છે.

અને જે આગમનાં વચનો પરસ્પર વિરોધી નથી, તે આગમનાં વચનો ઇષ્ટનાં અવિરોધી છે. અહીં ઇષ્ટ શબ્દથી એ કહેવું છે કે આત્માને જે ઇષ્ટની પ્રાપ્તિ કરાવે તે ઇષ્ટ કહેવાય, અને આગમનાં વચનો આત્માને ઇષ્ટ એવા પરમ કલ્યાણને પ્રાપ્ત કરાવે છે, તેથી આગમ પોતે ઇષ્ટ છે; અને જે આગમ પરલોક અર્થે અહિંસાદિનો ઉપદેશ આપનાર હોવા છતાં પૂર્વ-અપર વિરોધવાળું હોય અથવા તે જ દર્શનના અન્ય આગમ સાથે વિરોધવાળું હોય, તો તે આગમ ઇષ્ટનું વિરોધી છે, અને જે આગમ દૃષ્ટ-ઇષ્ટનાં વિરોધી વચનોને કહેનારું હોય તે આગમ સર્વજ્ઞ કથિત છે, એમ કહી શકાય નહીં. પરંતુ જે આગમનાં વચનો દૃષ્ટથી અને ઇષ્ટથી અવિરુદ્ધ હોય તે આગમ સર્વજ્ઞકથિત છે, માટે પ્રમાણભૂત છે. વળી તે આગમવચનથી આત્મા સિદ્ધ થાય છે, માટે શરીરથી પૃથક્ આત્મા છે. **॥૧૩/૨૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૪માં ચાર્વાકે કહેલ કે આત્માને અને પરલોકને કહેનારા ઉપદેશકો લોકોને ઠગનારા છે. તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**अभ्रान्तानां च विफला, नामुष्मिक्यः प्रवृत्तयः ।**
**परवञ्चनहेतोः कः, स्वात्मानमवसादयेत् ।।२५।।**

**અન્વયાર્થ :-**

**अभ्रान्तानां च=અને અભ્રાન્ત એવા પુરુષોની, आमुष्मिक्यः प्रवृत्तयः= આમુષ્મિકી=પરલોકની પ્રવૃત્તિઓ, न विफला=વિફલ નથી, परवञ्चनहेतोः= પરવંચનના હેતુથી, कः स्वात्मानं अवसादयेत्=કોણ પોતાના આત્માને દુઃખી કરે ?=કોઈ દુઃખી ન કરે. ।।૧૩/૨૫।।**

**શ્લોકાર્થ :-**

**અને અભ્રાન્ત એવા પુરુષોની પરલોકની પ્રવૃત્તિઓ વિફલ નથી. પરવંચનના હેતુથી કોણ પોતાના આત્માને દુઃખી કરે ? ॥૧૩/૨૫॥**

**ભાવાર્થ :-**

જે લોકો વિચારક છે તેઓ પ્રામાણિક પુરુષની પરીક્ષા કરીને તેમના વચનાનુસાર પરલોકની પ્રવૃત્તિ કરનારા છે. તેથી તેઓની પ્રવૃત્તિ ભ્રાંતિવાળી નથી, પરંતુ અભ્રાન્તિવાળી છે; અને જે લોકો તત્ત્વના વિષયમાં અભ્રાન્ત છે, તેઓની પરલોકની પ્રવૃત્તિ નિષ્ફળ નથી, પરંતુ આત્મકલ્યાણની પરંપરાનું કારણ છે.

વળી, આવા યોગીઓ લોકોને ઠગવા માટે ક્યારેય ઉપદેશ આપે નહીં. તેમાં યુક્તિ બતાવે છે :

બીજાને ઠગવાના હેતુથી કયા વિચારક પોતાના આત્માને દુઃખી કરે ? અર્થાત્ કોઈ વિચારક કરે નહીં. અર્થાત્ યોગીઓ તો પોતાના જીવનમાં તપ-સંયમની આચરણાઓ કરે છે, અને જો તેઓ જાણતા હોય કે આત્મા, પરલોક આદિ કાંઈ નથી તો લોકોને ઠગવા માટે સ્વયં તપ-સંયમનાં કષ્ટ કરે નહીં; પરંતુ પોતાના કલ્યાણ અર્થે યોગીઓ તપ-સંયમમાં પ્રયત્ન કરે છે, અને યોગ્ય જીવોના કલ્યાણ અર્થે "આત્મા છે" અને "પરલોકાદિ છે" ઇત્યાદિ ઉપદેશ આપે છે. **॥૧૩/૨૫॥**

**અવતરણિકા :-**

**આ રીતે "આત્મા નથી" એ પ્રકારના ચાર્વાકના મતનું પ્રત્યક્ષાદિ પ્રમાણોથી નિરાકરણ કરીને આત્માની સિદ્ધિ કરી. હવે વિશેષથી આત્માની સિદ્ધિ કરે છે –**

**શ્લોક :-**

**सिद्धिः स्थाण्वादिवद् व्यक्ता, संशयादेव चात्मनः ।**
**असौ खरविषाणादौ, व्यस्तार्थविषयः पुनः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**स्थाण्वादिवत्=સ્થાણુ આદિની જેમ, आत्मनः च संशयात् एव=અને આત્માના સંશયથી જ, व्यक्ता सिद्धिः=વ્યક્ત સિદ્ધિ છે=આત્માની વ્યક્ત સિદ્ધિ છે.**

**(સંશયથી આત્માની સિદ્ધિ સ્વીકારીએ તો "ખરવિષાણ"માં પણ સંશય થવાથી "ખરવિષાણ"ને પણ સ્વીકારવાની આપત્તિ આવે. તેના નિરાકરણ અર્થે કહે છે –)**

**पुनः=વળી, खरविषाणादौ व्यस्तार्थविषयः असौ=ખરવિષાણાદિમાં વ્યસ્તાર્થ વિષયવાળો આ અર્થાત્ સંશય છે. ।।૧૩/૨૬।।**

**શ્લોકાર્થ :-**

**અને સ્થાણુ આદિની જેમ આત્માના સંશયથી જ આત્માની વ્યક્ત સિદ્ધિ છે. (સંશયથી આત્માની સિદ્ધિ સ્વીકારીએ તો "ખરવિષાણ"માં પણ સંશય થવાથી "ખરવિષાણ"ને પણ સ્વીકારવાની આપત્તિ આવે. તેના નિરાકરણ અર્થે કહે છે –)**

**વળી, ખરવિષાણાદિમાં વ્યસ્તાર્થ વિષયવાળો સંશય છે. ।।૧૩/૨૬।।**

❖ "ખર"=ગધેડો અને "વિષાણ"=શિંગડાં એથી ગધેડાને શિંગડા છે કે નહીં ? એ પ્રકારના ખર અને વિષાણના વ્યસ્ત અર્થવાળો સંશય છે, પરંતુ "ખરવિષાણ" રૂપ સમસ્ત પદથી વાચ્ય એવા કોઈક એક અર્થવિષયક સંશય નથી.

**ભાવાર્થ :-**

જેમ સ્થાણુ આદિના વિષયમાં સંશય થાય છે, એનાથી નક્કી થાય છે કે જગતમાં સ્થાણુ નામનો પદાર્થ છે; તેમ આત્માનો સંશય થાય છે, તેનાથી આત્માની સિદ્ધિ થાય છે; કેમ કે જે પદાર્થ જગતમાં ન હોય તેનો સંશય થઈ શકે નહીં, પરંતુ જગતમાં ક્યાંક વિદ્યમાન એવો પદાર્થ કોઈક નિયત સ્થળે છે કે નહીં ? એ પ્રમાણેનો સંશય થઈ શકે છે.

જેમ ખરવિષાણાદિ પદાર્થો જગતમાં ક્યાંય વિદ્યમાન નથી, છતાં તેનો સંશય થઈ શકે છે, તેમ આત્માનો પણ સંશય થાય છે. તેથી ખરવિષાણની જેમ જગતમાં આત્માનું અસ્તિત્વ નથી, એવી કોઈને શંકા થાય તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે :

જેમ "ખર" અને "વિષાણ" એ બે શબ્દો જગતમાં પ્રસિદ્ધ છે; કેમ કે "ખર" શબ્દથી ગધેડો વાચ્ય છે અને "વિષાણ" શબ્દથી શિંગડાં વાચ્ય છે.

પરંતુ "ખરવિષાણ"માં જે સંશય થાય છે તે વ્યસ્તાર્થ વિષયક છે; કેમ કે તે બે જુદા જુદા અર્થવાળા શબ્દોને ભેગા કરીને તે બેના સંબંધવાળી કોઈ વસ્તુ છે કે નહીં ? તેવો સંશય "ખરવિષાણ"માં થાય છે. તેથી વ્યસ્તાર્થ વિષયક સંશયવાળી વસ્તુ પ્રસિદ્ધ નહીં હોવા છતાં સમસ્ત અર્થના વિષયવાળો જ્યાં સંશય થાય છે, ત્યાં તેની અવશ્ય સિદ્ધિ થાય છે.

પરંતુ પૂરોવર્તી પદાર્થ "સ્થાણુ" શબ્દથી વાચ્ય છે કે નહીં તેવો સંશય થાય છે તે સમસ્તાર્થ વિષયક સંશય છે; કેમ કે સંપૂર્ણ શબ્દથી વાચ્ય એવા અર્થનો સંશય ત્યારે થઈ શકે કે તે શબ્દથી વાચ્ય અર્થ જગતમાં ક્યાંક પ્રસિદ્ધ હોય, તે રીતે આત્માના વિષયમાં લોકોને જે સંશય છે તે પણ સમસ્ત એવા "આત્મા" શબ્દથી વાચ્ય અર્થનો સંશય છે; કેમ કે સંપૂર્ણ એવા "આત્મા" શબ્દથી વાચ્ય કોઈ પદાર્થ છે કે નહીં તેવો સંશય આત્મવિષયક છે તેથી આત્મા શબ્દથી વાચ્ય અર્થ જગતમાં ક્યાંક છે તેમ સિદ્ધ થાય છે.

જેમ દૂરથી કોઈક વસ્તુને જોઈને સંશય થાય છે કે "આ સ્થાણુ છે કે પુરુષ છે ?" તેથી જગતમાં ક્યાંક સ્થાણુ પ્રસિદ્ધ છે તેની જેમ સંસારી જીવોને જોઈને સંશય થાય છે કે શરીરમાં શરીરથી અતિરિક્ત આત્મા છે કે નહીં, તેથી સિદ્ધ થાય છે કે આત્મા નામનો પદાર્થ જગતમાં છે.

આનાથી એ ફલિત થયું કે બે અર્થના વાચક એવા બે શબ્દોનો સંયોગ કરીને તેનાથી વાચ્ય પદાર્થ વિષયક શંકા થાય તે વસ્તુ જગતમાં ન હોય તેમ સંભવે, પરંતુ કોઈ અર્થનું વાચક સંપૂર્ણ પદ હોય અને તેના વિષયક સંશય થાય કે "આ છે કે નહીં" તો તે વસ્તુ જગતમાં અવશ્ય હોવી જોઈએ. જેમ સ્થાણુ વિષયક સંશય થાય છે માટે સ્થાણુ જગતમાં છે તેમ આત્મા વિષયક સંશય થાય છે, માટે આત્મા જગતમાં છે એમ સિદ્ધ થાય છે. **||૧૩/૨૬||**

**અવતરણિકા :-**

**આત્માના વિષયમાં સંશય થાય છે, તેથી આત્માની સિદ્ધિ થાય છે, તે વાત પૂર્વના શ્લોકમાં કહી. હવે જગતમાં અજીવ પદાર્થો છે અને તેનો વાચક "અજીવ" શબ્દ પ્રસિદ્ધ છે તેનાથી પણ આત્માની સિદ્ધિ થાય છે. તે બતાવે છે –**

**શ્લોક :-**

**अजीव इति शब्दश्च, जीवसत्तानियन्त्रितः ।**
**असतो न निषेधो यत्संयोगादिनिषेधनात् ।।२७।।**

**અન્વયાર્થ :-**

**अजीव इति शब्दश्च=અને "અજીવ" એ પ્રકારનો શબ્દ, जीवसत्तानियन्त्रितः= જીવની સત્તાથી નિયંત્રિત છે, यत् असतः निषेधः न=જે કારણથી અસત્નો નિષેધ ન થઈ શકે.**

(અસત્ એવા ખરવિષાણાદિનો નિષેધ થાય છે, તેમ અસત્ એવી જીવની સત્તાનો "અજીવ" શબ્દથી નિષેધ થાય છે, એમ કોઈને શંકા થાય. તેના નિરાકરણ માટે હેતુ કહે છે –)

**संयोगादिनिषेधनात्="ખરવિષાણ"માં સંયોગાદિનો નિષેધ છે અર્થાત્ ખર અને વિષાણની સત્તાનો નિષેધ નથી પરંતુ ખર અને વિષાણના સંયોગાદિનો નિષેધ છે. ।।૧૩/૨૭।।**

**શ્લોકાર્થ :-**

**અને "અજીવ" એ પ્રકારનો શબ્દ જીવની સત્તાથી નિયંત્રિત છે; જે કારણથી અસત્નો નિષેધ ન થઈ શકે.**

(અસત્ એવા ખરવિષાણાદિનો નિષેધ થાય છે તેમ અસત્ એવી જીવની સત્તાનો "અજીવ" શબ્દથી નિષેધ થાય છે, એમ કોઈને શંકા થાય. તેના નિરાકરણ માટે હેતુ કહે છે –)

**"ખરવિષાણ"માં સંયોગાદિનો નિષેધ છે અર્થાત્ ખર અને વિષાણની સત્તાનો નિષેધ નથી પરંતુ ખર અને વિષાણના સંયોગાદિનો નિષેધ છે. ।।૧૩/૨૭।।**

**ભાવાર્થ :-**

જગતમાં "અજીવ" શબ્દ પ્રસિદ્ધ છે અને "અજીવ" શબ્દથી વાચ્ય જે જડ પદાર્થો છે તે પણ પ્રસિદ્ધ છે. વળી, તેને અજીવ એટલા માટે કહેવાય છે કે તેમાં

જીવત્વધર્મ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે જીવત્વધર્મવાળી વસ્તુ જગતમાં છે માટે "આ અજીવ પદાર્થો જીવત્વધર્મવાળા નથી" તેવી બુદ્ધિ થાય છે. જો જીવત્વ ધર્મવાળી વસ્તુ જ જગતમાં ન હોય તો જીવત્વ શબ્દથી કોઈ ધર્મની ઉપસ્થિતિ થાય નહીં તેથી આ પદાર્થો જીવત્વ ધર્મવાળા નથી તેવી બુદ્ધિ થાય નહીં. માટે જીવની સત્તાથી નિયંત્રિત એવો "અજીવ" શબ્દ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે જીવત્વધર્મવાળી વસ્તુ જગતમાં નથી એમ સ્વીકારીએ; અને જગતમાં દેખાતા પદાર્થોમાં પણ જીવત્વધર્મ નથી માટે તેને અજીવ કહેવાય છે એમ સ્વીકારીએ; તો શું વાંધો ? તેથી કહે છે કે અસત્નો નિષેધ ન થઈ શકે.

આશય એ છે કે જગતમાં જીવત્વધર્મ કોઈ વસ્તુમાં પ્રસિદ્ધ ન હોય તો તે જીવત્વધર્મ અસત્ છે તેમ માનવું પડે અને અસત્ એવા જીવત્વધર્મનો અભાવ દેખાતી વસ્તુઓમાં છે માટે તેને અજીવ કહેવાય છે, તેમ કહી શકાય નહીં; કેમ કે જે વસ્તુ જગતમાં ક્યાંય ન હોય તે વસ્તુની કોઈ શબ્દથી ઉપસ્થિતિ થાય નહીં અને તેવી વસ્તુની ઉપસ્થિતિ કરીને તેનો નિષેધ કરી શકાય નહીં. જેમ "ઘટ" વસ્તુ જગતમાં છે, તેથી "પ્રસ્તુત સ્થાનમાં ઘટ નથી" તેમ ઉપસ્થિત થાય છે, પરંતુ "ઘટ" શબ્દથી વાચ્ય વસ્તુ જગતમાં ન હોય તો "ઘટ નથી" તેમ કહી શકાય નહીં.

અહીં કોઈને શંકા થાય કે "ખરવિષાણ" જગતમાં ક્યાંય નથી, આમ છતાં "ખરવિષાણ" શબ્દથી વાચ્ય અર્થની ઉપસ્થિતિ કરીને "ખરવિષાણ નથી", તે પ્રકારનો પ્રયોગ થાય છે. તેથી અસત્ એવા "ખરવિષાણ"નો જેમ નિષેધ થઈ શકે છે, તેમ અસત્ એવા જીવત્વધર્મનો અજીવ પદાર્થોમાં નિષેધ થઈ શકે છે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે.

"ખરવિષાણ નથી" એ પ્રકારના પ્રયોગમાં ખરનો નિષેધ નથી અને વિષાણનો પણ નિષેધ નથી, પરંતુ ખરમાં વિષાણના સમવાય સંબંધનો નિષેધ છે; અને ગાયમાં વિષાણનો સમવાય સંબંધ પ્રસિદ્ધ છે, તેથી ખરમાં પણ ગાયમાં પ્રસિદ્ધ એવા વિષાણના સમવાય સંબંધનો નિષેધ કરાય છે. તેમ જીવમાં જીવત્વનો સમવાય સંબંધ પ્રસિદ્ધ છે, તેથી અજીવ પદાર્થમાં પણ જીવમાં પ્રસિદ્ધ એવા જીવત્વના સમવાય સંબંધનો નિષેધ કરાય છે. માટે અર્થથી એ ફલિત થાય કે

જીવત્વધર્મવાળી વસ્તુ જગતમાં છે.

"સંયોગાદિ"માં રહેલા આદિ પદથી સમવાય, સામાન્ય અને વિશેષનો પણ નિષેધ થઈ શકે એમ ગ્રહણ કરવાનું છે. **॥૧૩/૨૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે અસત્નો નિષેધ થઈ શકે નહીં, પરંતુ પ્રસિદ્ધ એવા સંયોગાદિનો જ નિષેધ થાય છે. તેથી જિજ્ઞાસા થાય કે ખરવિષાણાદિ પદાર્થોમાં કોનો કોનો નિષેધ થઈ શકે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**संयोगः समवायश्च, सामान्यं च विशिष्टता ।**
**निषिध्यते पदार्थानां, त एव न तु सर्वथा ।।२८।।**

**અન્વયાર્થ :-**

**पदार्थानां संयोगः समवायश्च=પદાર્થોના સંયોગ અને સમવાય, सामान्यं च विशिष्टता=સામાન્ય અને વિશિષ્ટતા અર્થાત્ વિશેષનો, निषिध्यते=નિષેધ કરાય છે, त एव तु सर्वथा न=પરંતુ તે જ અર્થાત્ ખરવિષાણાદિ શબ્દોથી વાચ્ય એવા અર્થો જ, સર્વથા નિષેધ કરાતા નથી. ।।૧૩/૨૮।।**

**શ્લોકાર્થ :-**

**પદાર્થોના સંયોગ અને સમવાય, સામાન્ય અને વિશેષનો નિષેધ કરાય છે, પરંતુ "ખરવિષાણાદિ" શબ્દોથી વાચ્ય એવા અર્થો જ સર્વથા નિષેધ કરાતા નથી. ।।૧૩/૨૮।।**

**ભાવાર્થ :-**

"ખરવિષાણાદિ" પદાર્થોમાં જે સંબંધોનો નિષેધ કરાય છે, તે આ પ્રમાણે છે –

**(૧) સંયોગ :-** "ભૂમિ પર ઘડો નથી" એ પ્રકારના પ્રયોગમાં ઘડાનો સર્વથા નિષેધ કરાતો નથી, કારણ કે જગતમાં ઘડો પ્રસિદ્ધ છે; પરંતુ ભૂમિ પર ઘડાના સંયોગનો નિષેધ કરાય છે.

(૨) **સમવાય :-** પુરોવર્તી પથ્થરને જોઈને કહેવામાં આવે કે "આ પથ્થરમાં જ્ઞાન નથી" ત્યારે જગતમાં "જ્ઞાન" પદાર્થ સર્વથા નથી, એમ સ્થાપન કરવામાં આવતું નથી, પરંતુ પુરોવર્તી પથ્થરમાં જ્ઞાનનો સમવાય સંબંધ નથી, તેમ કહેવામાં આવે છે. તેથી એમ કહેવાય કે સમવાયનો નિષેધ કરાય છે.

વળી "ખરવિષાણ નથી" એમ કહેવામાં આવે છે, ત્યારે "ખર" અને "વિષાણ"નો સર્વથા નિષેધ કરાતો નથી, પરંતુ ખરમાં વિષાણ નથી અર્થાત્ ખરમાં વિષાણનો સમવાય સંબંધ નથી, તેમ કહેવામાં આવે છે. તેથી અહીં પણ સમવાયનો નિષેધ કરાય છે.

(૩) **સામાન્ય :-** કોઈને કહેવામાં આવે કે "અમુક સ્થાન પર ઘડો છે તે લઈ આવો" અને તે સ્થાન પર ઘડાને બદલે પટ હોય તો લાવનાર વ્યક્તિ કહે કે "ત્યાં ઘડો નથી, પણ પટ છે." તેથી તેના વચનથી ઘડાનો સર્વથા નિષેધ થતો નથી; કારણ કે ઘડો જગતમાં પ્રસિદ્ધ છે, પરંતુ પટરૂપ વસ્તુમાં ઘટત્વરૂપ સામાન્ય ધર્મનો નિષેધ કરાય છે.

(૪) **વિશિષ્ટતા :-** કોઈ વ્યક્તિ કોઈને કહે કે "નીલો ઘડો લાવો" અને ત્યાં નીલા ઘડાને બદલે રક્ત ઘડો હોય તો લાવનાર વ્યક્તિ કહે કે "નીલો ઘડો નથી." તેના તેવા વચનથી નીલા ઘડાનો સર્વથા નિષેધ કરાતો નથી; કેમ કે જગતમાં નીલો ઘડો પ્રસિદ્ધ છે, પરંતુ રક્ત ઘડામાં નીલત્વરૂપ વિશેષ ધર્મ નથી. તેથી વિશેષનો નિષેધ કરાય છે.

આ રીતે સર્વ પ્રયોગોમાં સંયોગાદિ ચારમાંથી યથાયોગ્યનો જ નિષેધ કરાય છે, પરંતુ તે તે શબ્દથી વાચ્ય પદાર્થોનો નિષેધ કરાતો નથી. **॥૧૩/૨૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૭માં "અજીવ"શબ્દના બળથી જીવની સિદ્ધિ કરી. હવે "જીવ"શબ્દ પ્રસિદ્ધ છે. તેના બળથી આત્માની સિદ્ધિ થાય છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**शुद्धं व्युत्पत्तिमज्जीवपदं सार्थं घटादिवत् ।**
**तदर्थश्च शरीरं नो, पर्यायपदभेदतः ।।२९।।**

**અન્વયાર્થ :-**

**घटादिवत्=ઘટાદિની જેમ, शुद्धं व्युत्पत्तिमज्जीवपदं सार्थं=વ્યુત્પત્તિવાળું એવું શુદ્ધ 'જીવ' પદ અર્થવાળું છે, पर्यायपदभेदतः च=અને પર્યાયપદનો ભેદ હોવાને કારણે અર્થાત્ જીવના પર્યાયપદોનો શરીરના પર્યાયપદોથી ભેદ હોવાને કારણે, तदर्थः शरीरं नो=તેનો અર્થ અર્થાત્ 'જીવ'પદનો અર્થ 'શરીર' નથી. ।।૧૩/૨૯।।**

**શ્લોકાર્થ :-**

**ઘટાદિની જેમ, વ્યુત્પત્તિવાળું એવું શુદ્ધ 'જીવ'પદ અર્થવાળું છે અને જીવના પર્યાયપદોનો શરીરના પર્યાયપદોથી ભેદ હોવાને કારણે 'જીવ' પદનો અર્થ 'શરીર' નથી. ।।૧૩/૨૯।।**

**ભાવાર્થ :-**

જેમ ઘટાદિ પદ શુદ્ધ હોતે છતે વ્યુત્પત્તિવાળા છે, તેથી અર્થવાળા છે; તેમ 'જીવ'પદ શુદ્ધ છે અર્થાત્ અસામાસિક છે અને વ્યાકરણની દૃષ્ટિએ વ્યુત્પત્તિવાળું છે, તેથી અર્થવાળું છે અર્થાત્ 'જીવ'પદથી વાચ્ય કોઈ અર્થ છે, એમ નક્કી થાય છે.

અહીં 'શુદ્ધં' અને 'વ્યુત્પત્તિમદ્' એ 'જીવપદ'નું હેતુઅર્થક વિશેષણ છે તેથી અનુમાનનો આકાર આ પ્રમાણે થશે :

"જીવપદ સાર્થ છે, શુદ્ધ હોતે છતે, વ્યુત્પત્તિવાળું હોવાથી, ઘટાદિની જેમ."

આ અનુમાનમાં

પક્ષ :- જીવપદ.

સાધ્ય :- સાર્થ છે.

હેતુ :- શુદ્ધ હોતે છતે, વ્યુત્પત્તિવાળું હોવાથી.

ઉદાહરણ : ઘટાદિ.

વળી, વ્યાકરણની દૃષ્ટિએ જે શબ્દ વ્યુત્પત્તિથી સિદ્ધ હોય તે પદનો વાચક અર્થ જગતમાં અવશ્ય હોય છે; કેમ કે જગતના ભાવોને સામે રાખીને તે તે

ભાવોને દર્શાવનારાં પદો વ્યાકરણનિબદ્ધ છે. તેથી ‘જીવ’પદથી વાચ્ય અર્થ જગતમાં છે.

અહીં પૂર્વપક્ષી કહે કે ‘જીવ’પદથી વાચ્ય અર્થ ‘શરીર’ છે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે ‘જીવ’પદનો અર્થ ‘શરીર’ થઈ શકતો નથી. કારણ કે ‘શરીર’પદનો પર્યાયવાચી શબ્દ ‘જીવ’પદ હોય તો ‘જીવ’પદનો અર્થ ‘શરીર’ થઈ શકે અને વ્યાકરણમાં ‘શરીર’નું પર્યાયવાચી શબ્દ ‘જીવ’પદ નથી. માટે ‘શરીર’થી ભિન્ન ‘જીવ’પદથી વાચ્ય એવો ‘આત્મા’ જગતમાં સિદ્ધ થાય છે. **॥૧૩/૨૯॥**

**અવતરણિકા :-**

**ચાર્વાકદર્શનના નિરાકરણનો ઉપસંહાર કરે છે –**

**શ્લોક :-**

**आत्मव्यवस्थितेस्त्याज्यं, ततश्चार्वाकदर्शनम् ।**
**पापाः किलैतदालापाः, सद्व्यापारविरोधिनः ।।३०।।**

**અન્વયાર્થ :-**

**ततः=તેથી અર્થાત્ શ્લોક-૧૯થી ૨૯ સુધી ચાર્વાક દર્શનની માન્યતાનું નિરાકરણ કરીને આત્માની સિદ્ધિ કરી તેથી, आत्मव्यवस्थितेः=આત્માની વ્યવસ્થિતિ હોવાને કારણે, चार्वाकृदर्शनम् त्याज्यं=ચાર્વાક દર્શન ત્યાજ્ય છે. किल सद्व्यापारविरोधिनः एतदालापाः पापाः=ખરેખર, સદ્વ્યાપારના વિરોધી એવા આના આલાપો અર્થાત્ ચાર્વાકના આલાપો પાપ છે=દુષ્ટ છે. ॥૧૩/૩૦॥**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૧૯થી ૨૯ સુધી ચાર્વાક દર્શનની માન્યતાનું નિરાકરણ કરીને આત્માની સિદ્ધિ કરી. તેથી આત્માની વ્યવસ્થિતિ હોવાને કારણે ચાર્વાક દર્શન ત્યાજ્ય છે. ખરેખર, સદ્વ્યાપારના વિરોધી એવા ચાર્વાકના આલાપો દુષ્ટ છે. ॥૧૩/૩૦॥**

❖ “एतदालापाः” સામાસિક પદનો “एतस्य आलापाः”=“આના આલાપો” એ મુજબનો અર્થ ગ્રહણ કરવાનો છે.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકોમાં ચાર્વાક મતનું નિરાકરણ કરીને "શરીરથી પૃથક્ એવો આત્મા છે" એવો અર્થ સિદ્ધ કર્યો, તેથી ચાર્વાકદર્શન ત્યાજ્ય છે, અને ચાર્વાકદર્શનનાં "આત્મા નથી" આદિ વચનો આત્મકલ્યાણના વ્યાપારનાં વિરોધી છે, માટે દુષ્ટ છે, તેથી આત્મકલ્યાણના અર્થીએ "આત્મા છે" એવો નિર્ણય યુક્તિથી કરવો જોઈએ; અને જે જીવો તે પ્રકારે યુક્તિથી નિર્ણય કરવા પ્રત્યે ઉપેક્ષા કરે છે. તેઓ આત્માને માનનારા હોવા છતાં પરલોકની પ્રધાનતાને ગૌણ કરીને આલોકની પ્રધાનતાથી ચાર્વાકની જેમ જીવે છે. તેઓમાં ચાર્વાકદર્શનની માન્યતાથી બહુ ભેદ નથી. તેથી આત્મકલ્યાણના અર્થી જીવે "આત્મા છે" તેનો યુક્તિપૂર્વક નિર્ણય કરીને આત્મહિતમાં પ્રધાનતાથી યત્ન કરવો જોઈએ. **॥૧૩/૩૦॥**

**અવતરણિકા :-**

**મિથ્યાત્વનાં છ પદોમાં પ્રથમ પદ "આત્મા નથી" એમ માનનાર ચાર્વાકનું નિરાકરણ કરીને "આત્મા નિત્ય નથી" એ પ્રકારના બીજા પદને માનનાર સૌગત મતનું નિરાકરણ કરવા માટે તેનો મત બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानक्षणावलीरूपो, नित्यो नात्मेति सौगताः ।**
**क्रमाक्रमाभ्यां नित्यत्वे, युज्यतेऽर्थक्रिया न हि ।।३१।।**

**અન્વયાર્થ :-**

**ज्ञानक्षणआवलीरूपः आत्मा नित्यः न=જ્ઞાનક્ષણની આવલીરૂપ આત્મા નિત્ય નથી, इति सौगताः=એ પ્રમાણે સૌગત (કહે છે), नित्यत्वे=(કેમ કે) નિત્યત્વ હોતે છતે, क्रमाक्रमाभ्यां=ક્રમ-અક્રમ દ્વારા, अर्थक्रिया न हि युज्यते=અર્થક્રિયા અર્થાત્ તે તે પરિણામરૂપ અર્થની ક્રિયા ઘટતી નથી જ.॥૧૩/૩૧॥**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનક્ષણની આવલીરૂપ આત્મા નિત્ય નથી, એ પ્રમાણે સૌગત કહે છે; કેમ કે નિત્યત્વ હોતે છતે ક્રમ-અક્રમ દ્વારા તે તે પરિણામરૂપ અર્થની ક્રિયા ઘટતી નથી જ. ॥૧૩/૩૧॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ પર્યાયાસ્તિક નયથી ચાલનાર છે અને પર્યાયાસ્તિક નય દરેક વસ્તુને અનિત્ય માને છે. વળી, વસ્તુનો પૂર્વપર્યાય તેના ઉત્તરપર્યાયને પેદા કરે છે તેમ માને છે. પર્યાયાસ્તિક નયના મતમાં પર્યાય વસ્તુ છે અને દ્રવ્ય અસત્ છે તથા પૂર્વપર્યાય ઉત્તરપર્યાયને કરે છે. તેથી પ્રત્યેક ક્ષણવર્તી વસ્તુ ઉત્તરના ભાવરૂપ અર્થને કરનાર છે અને પદાર્થોના પ્રતિક્ષણ નવા નવા જ્ઞાનનો જે પરિણામ અનુભવાય છે તે જ્ઞાનના પ્રવાહરૂપ આત્મા છે, પરંતુ તે જ્ઞાનના પ્રવાહરૂપ આત્માથી ભિન્ન એવો નિત્ય આત્મા નથી. આમ કહીને બૌદ્ધ દર્શનવાદી કહે છે કે જો નિત્ય આત્મા સ્વીકારીએ તો પૂર્વક્ષણનું જ્ઞાન ઉત્તરક્ષણનું જ્ઞાન કરવા રૂપે જે ક્રિયા કરે છે, તે ક્રિયા ક્રમથી થઈ શકે નહીં અને અક્રમથી પણ થઈ શકે નહીં, જે વાત ગ્રંથકારશ્રી સ્વયં હવે પછીના શ્લોકમાં બતાવશે. તેથી બૌદ્ધ મતાનુસાર એ ફલિત થાય કે આત્મા નિત્ય માનવામાં આવે તો અનુભવસિદ્ધ એવા ભિન્ન ભિન્ન જ્ઞાનોનો પરિણામ સંગત થાય નહીં, અને અનુભવથી દેખાય છે કે વર્તમાનમાં જે પુરુષને ઘટ વિષયક જ્ઞાન છે તે પુરુષને ઉત્તરક્ષણમાં અન્ય વિષયક જ્ઞાન થાય છે. તેથી પૂર્વની જ્ઞાનક્ષણ ઉત્તરની જ્ઞાનક્ષણને પેદા કરવારૂપ ક્રિયા કરે છે, અને તે અર્થક્રિયાની સંગતિ આત્માને અનિત્ય માનવાથી થાય છે. **॥૧૩/૩૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બૌદ્ધ દર્શનવાદીએ કહ્યું કે જો વસ્તુનું નિત્યપણું માનવામાં આવે તો ક્રમ અને અક્રમ દ્વારા અર્થક્રિયા ઘટી ન શકે. તેથી હવે ક્રમથી અને અક્રમથી અર્થક્રિયા કેમ ઘટી ન શકે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**स्वभावहानितोऽध्रौव्यं, क्रमेणार्थक्रियाकृतौ ।**
**अक्रमेण च तद्भावे, युगपत्सर्वसम्भवः ।।३२।।**

**અન્વયાર્થ :-**

**क्रमेण अर्थक्रियाकृतौ=ક્રમથી અર્થક્રિયા કરાયે છતે, स्वभावहानितोऽध्रौव्यं=**

**સ્વભાવહાનિ હોવાથી અધ્રૌવ્ય થશે, अक्रमेण च तद्भावे=અને અક્રમથી તેના ભાવમાં અર્થાત્ અર્થક્રિયાના ભાવમાં, युगपत्सर्वसम्भवः=યુગપદ્ સર્વનો સંભવ છે અર્થાત્ એક સાથે સર્વ કાર્યોનો સંભવ છે. ।।૧૩/૩૨।।**

**શ્લોકાર્થ :-**

**ક્રમથી અર્થક્રિયા કરાયે છતે સ્વભાવહાનિ હોવાથી અધ્રૌવ્ય થશે, અને અક્રમથી અર્થક્રિયાના ભાવમાં એકસાથે સર્વ કાર્યોનો સંભવ છે. ।।૧૩/૩૨।।**

**ભાવાર્થ :-**

જેઓ આત્માને નિત્ય માને છે તેને બૌદ્ધ કહે છે કે આત્મામાં ભિન્ન ભિન્ન પ્રકારનાં જ્ઞાનરૂપ કાર્યો થાય છે અને તે કાર્યો ક્રમસર થાય છે અથવા યુગપદ્ થાય છે. જો ક્રમસર થાય છે, તેમ માનો તો પહેલી ક્ષણે જે જ્ઞાન કરવાનો સ્વભાવ આત્મામાં હતો, તે જ્ઞાન કરવાનો સ્વભાવ આત્મામાં બીજી ક્ષણમાં નથી, પરંતુ અન્ય જ્ઞાન કરવાનો સ્વભાવ છે, તેમ સ્વીકારવું પડે; અને સ્વભાવભેદને કારણે વસ્તુ જુદી છે, તેમ માનવું પડે. જેમ ઘટનો સ્વભાવ જુદો છે અને પટનો સ્વભાવ જુદો છે, તેથી ઘટ અને પટ જુદા છે તે સર્વને માન્ય છે. તેમ પ્રથમ ક્ષણે આત્મામાં જે જ્ઞાન કરવાનો સ્વભાવ હતો, તેના કરતાં બીજી ક્ષણે બીજા પ્રકારનું જ્ઞાન કરવાનો સ્વભાવ છે. તેથી આત્મા પ્રતિક્ષણ તે તે જ્ઞાન કરવારૂપ અર્થક્રિયાને ક્રમથી કરે છે, એમ ફલિત થાય, અને સ્વભાવભેદને કારણે પ્રથમ ક્ષણ કરતાં બીજી ક્ષણમાં આત્મા જુદો છે, માટે આત્મા અનિત્ય છે તેમ સિદ્ધ થાય છે.

હવે આત્માને નિત્ય સ્વીકારવા માટે નિત્યવાદી કહે કે આત્મા અક્રમથી ક્રિયા કરે છે, તેથી પ્રતિક્ષણે સ્વભાવનો ભેદ પ્રાપ્ત થશે નહીં, પરંતુ આત્માનો અક્રમથી અર્થક્રિયા કરવાનો સ્વભાવ હોવાના કારણે તે અર્થક્રિયા કરે છે. તેને બૌદ્ધ કહે છે કે જો આત્માનો અક્રમથી અર્થક્રિયા કરવાનો સ્વભાવ સ્વીકારવામાં આવે તો ભિન્ન ભિન્ન ક્ષણોમાં જે ભિન્ન ભિન્ન જ્ઞાનનાં પરિણામો દેખાય છે, તે સર્વ એક સાથે પ્રાપ્ત થવાં જોઈએ, અને એવો અનુભવ થતો નથી. માટે અક્રમથી અર્થક્રિયા સ્વીકારીને આત્મા નિત્ય છે, એમ સ્થાપન થઈ શકે નહીં.

તેથી અર્થથી એમ જ માનવું જોઈએ કે આત્મામાં ક્રમસર અર્થક્રિયા થાય છે, માટે આત્મામાં વર્તતા સ્વભાવભેદને કારણે આત્મા અનિત્ય છે. **॥૧૩/૩૨॥**

**અવતરણિકા :-**

**આત્માને નિત્ય માનવામાં દોષ આવે છે, તેમ પૂર્વશ્લોકમાં બૌદ્ધ દર્શનકારોએ બતાવ્યું. હવે ક્ષણિક માનવામાં કોઈ દોષ નથી, પરંતુ આત્મકલ્યાણમાં ક્ષણિકવાદનો સ્વીકાર ઉપકારક છે, તેમ બૌદ્ધ દર્શનકારો બતાવે છે –**

**શ્લોક :-**

**क्षणिके तु न दोषोऽस्मिन्, कुर्वद्रूपविशेषिते ।**
**ध्रुवेक्षणोत्थतृष्णाया, निवृत्तेश्च गुणो महान् ।।३३।।**

**અન્વયાર્થ :-**

**कुर्वद्रूपविशेषिते क्षणिके तु अस्मिन्=વળી, કુર્વદ્રૂપવિશેષિત એવા ક્ષણિક આમાં અર્થાત્ ક્ષણિક આત્માના સ્વીકારમાં, न दोषो=દોષ નથી, ध्रुवेक्षणोत्थतृष्णाया निवृत्तेश्च=અને ધ્રુવ જોવાથી જે ઉત્પન્ન થયેલી તૃષ્ણા હતી તેની નિવૃત્તિ થવાથી, महान् गुणो=મહાન ગુણ છે અર્થાત્ આત્માને ક્ષણિક સ્વીકારવામાં મહાન ગુણ છે. ॥૧૩/૩૩॥**

**શ્લોકાર્થ :-**

**કુર્વદ્રૂપવિશેષિત એવા ક્ષણિક આત્માના સ્વીકારમાં દોષ નથી, અને ધ્રુવ જોવાથી જે ઉત્પન્ન થયેલી તૃષ્ણા હતી તેની નિવૃત્તિ થવાથી આત્માને ક્ષણિક સ્વીકારવામાં મહાન ગુણ છે. ॥૧૩/૩૩॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ કહે છે કે કુર્વદ્રૂપ=કરતું સ્વરૂપ=ઉત્તરના ભાવને કરતું સ્વરૂપ, એ રૂપ વિશેષણથી વિશેષિત એવો ક્ષણિક આત્મા સ્વીકારવામાં આવે તો દોષની પ્રાપ્તિ નથી.

આશય એ છે કે જો આત્માને નિત્ય માનવામાં આવે તો પ્રતિક્ષણ જુદા જુદા જ્ઞાનનાં પરિણામો દેખાય છે, તે સંગત થાય નહીં. તેથી નિત્ય એવા આત્મામાં

ક્રમથી અર્થક્રિયાનો સ્વીકાર થઈ શકતો નથી, તે દોષ આવે છે; અને ક્રમથી અર્થક્રિયા થાય છે, તે અનુભવસિદ્ધ છે. ક્ષણિકવાદમાં તે દોષની પ્રાપ્તિ નથી; અને આત્માને નિત્ય સ્વીકારવા માટે અક્રમથી અર્થક્રિયા સ્વીકારવામાં આવે તો આત્મામાં એકસાથે સર્વ કાર્યો થાય છે, તેમ માનવું પડે, અને તે અનુભવવિરુદ્ધ છે. ક્ષણિકવાદમાં આ દોષ આવતો નથી; કેમ કે ક્રમસર અર્થક્રિયા થાય છે.

વળી, ક્ષણિકવાદ સ્વીકારવામાં આત્માને લાભ પણ થાય છે, તે વાત શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે.

આત્માને ધ્રુવ જોવામાં આવે તો જોનારને આત્મા પ્રત્યે રાગ થાય છે, અને ધ્રુવ એવા આત્માના સુખનાં સાધનો પ્રત્યે રાગ થાય છે. રાગને કારણે કર્મબંધ અને સંસારના પરિભ્રમણરૂપ અનર્થની પ્રાપ્તિ થાય છે. જ્યારે આત્માને નિત્ય માનવાથી થયેલો રાગ આત્માને ક્ષણિક માનવાથી નાશ પામે છે, અને આત્મા પ્રત્યેનો રાગ નાશ થવાથી ભોગસાધનો પ્રત્યે પણ રાગ થતો નથી. તેથી ક્ષણિક એવા પણ આત્માને નિત્ય માનવાથી જે તૃષ્ણા પ્રગટેલી તેની નિવૃત્તિ થાય છે, અને તૃષ્ણા જવાથી આત્મામાં મહાનગુણ પ્રગટે છે; કેમ કે તૃષ્ણાને કારણે સંસારનું પરિભ્રમણ છે, અને તૃષ્ણા જવાથી સંસારના પરિભ્રમણના અનર્થની નિવૃત્તિ થાય છે, જે મહાન ગુણ છે. આ પ્રમાણે ક્ષણિકવાદી બૌદ્ધ કહે છે. **॥૧૩/૩૩॥**

**અવતરણિકા :-**

**હવે પૂર્વમાં કહેલ બૌદ્ધમતનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**मिथ्यात्ववृद्धिकृन्नूनं, तदेतदपि दर्शनम् ।**
**क्षणिके कृतहानिर्यत्तथात्मन्यकृतागमः ।।३४।।**

**અન્વયાર્થ :-**

**तद् एतद् अपि दर्शनम्=તે આ પણ દર્શન અર્થાત્ પૂર્વના શ્લોક-૩૧થી ૩૩માં કહેલ એવું બૌદ્ધનું પણ દર્શન, मिथ्यात्ववृद्धिकृत्नूनं=ખરેખર મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું છે, यद् क्षणिके आत्मनि=જે કારણથી ક્ષણિક એવા આત્મામાં,**

**कृतहानिः तथा अकृतागमः=કૃતહાનિ અર્થાત્ કરાયેલી ક્રિયાના ફળની હાનિરૂપ દોષ અને અકૃતાગમ અર્થાત્ નહીં કરાયેલી ક્રિયાના ફળની પ્રાપ્તિરૂપ અકૃતાગમ (દોષ છે). ॥૧૩/૩૪॥**

**શ્લોકાર્થ :-**

**પૂર્વના શ્લોક-૩૧થી ૩૩માં કહેલ એવું બૌદ્ધનું પણ દર્શન ખરેખર મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું છે, જે કારણથી ક્ષણિક એવા આત્મામાં કરાયેલી ક્રિયાના ફળની હાનિરૂપ દોષ, અને નહીં કરાયેલી ક્રિયાના ફળની પ્રાપ્તિરૂપ અકૃતાગમ દોષ છે. ॥૧૩/૩૪॥**

❖ અહીં 'अपि'થી એ ગ્રહણ કરવાનું છે કે અગાઉ વર્ણન કરાયેલ ચાર્વાક દર્શન તો મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું છે, પરંતુ બૌદ્ધદર્શન પણ મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું છે.

**ભાવાર્થ :-**

ક્ષણિકવાદમાં કૃતહાનિ અને અકૃતાગમ દોષ છે. તેથી પૂર્વમાં કહેલ બૌદ્ધ દર્શન પણ મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું છે.

આશય એ છે કે આત્માને એકાંત ક્ષણિક માનવામાં આવે તો જે ક્ષણે આત્મા પાપ કરે છે, તે પાપનું ફળ તેને પ્રાપ્ત થતું નથી. તેથી કરાયેલા પાપના ફળની અપ્રાપ્તિરૂપ કૃતહાનિ દોષની પ્રાપ્તિ થાય છે.

વળી, એકાંત ક્ષણિકવાદ પ્રમાણે પાપ કરનારના સંતાનને તે ફળની પ્રાપ્તિ થાય છે. તેથી પાપ કરનાર વ્યક્તિ નાશ પામે અને તેનાથી ઉત્પન્ન થયેલ સંતાન કે જેણે પાપ કર્યું નથી, તેને તે પાપના ફળની પ્રાપ્તિરૂપ અકૃતાગમ દોષની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જે પાપ તેણે કર્યું નથી, એવા અકૃત પાપના ફળના આગમનરૂપ દોષની તેને પ્રાપ્તિ થાય છે. તેથી એકાંત ક્ષણિકવાદને સ્વીકારવામાં પાપ-પુણ્યના ફળની સંગતિ થતી નથી; કેમ કે પાપ કરનારને પાપનું ફળ મળતું નથી અને પાપ નહીં કરનારને પાપનું ફળ મળે છે. તે રીતે યોગની સાધના કરનારને યોગનું ફળ મળતું નથી, પરંતુ યોગની સાધના કરનારથી અન્ય એવા સંતાનને યોગનું ફળ મળે છે. તેથી તે દર્શનનાં વચનોને સાંભળીને વિચારકને થાય કે જે દર્શનના વચનાનુસાર કરાયેલા કૃત્યનું ફળ મને મળવાનું નથી, તે દર્શનના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને

મારે શું પ્રયોજન છે ? આ પ્રકારની બુદ્ધિ થવાથી યોગમાર્ગ પ્રત્યે અનુત્સાહ પ્રગટે છે. તેથી આત્મહિતના એક કારણ એવા યોગમાર્ગ પ્રત્યે અનુત્સાહ કરાવે તેવો, તેમ જ અનુભવ અને યુક્તિથી વિરુદ્ધ એવો એકાંત ક્ષણિકવાદ જે દર્શન બતાવતું હોય, તે દર્શનના વચનથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે. માટે તે દર્શન પણ આદરણીય નથી. **॥૧૩/૩૪॥**

**અવતરણિકા :-**

**બૌદ્ધદર્શનકારો કહે છે કે પુણ્ય-પાપ તે વાસનારૂપ છે, અને જે પુરુષ પાપ કરે છે તે પુરુષમાં પાપની વાસના પડે છે, અને તેના સંસ્કારો તેના સંતાનમાં સંક્રમ પામે છે, તેથી કરાયેલા પાપના ફળની પ્રાપ્તિ તેના સંતાનને થાય છે. માટે કૃતહાનિ દોષ આવશે નહીં; અને પોતાના પૂર્વના સંતાને કરેલ કૃત્યની વાસનાનો પોતાનામાં સંક્રમ હોવાથી પોતાને તેના ફળની પ્રાપ્તિ થાય છે. માટે નહીં કરાયેલા પાપના ફળની પ્રાપ્તિરૂપ અકૃતના આગમનો દોષ આવશે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**एकद्रव्यान्वयाभावाद्वासनासङ्क्रमश्च न ।**
**पौर्वापर्य्यं हि भावानां, सर्वत्रातिप्रसक्तिमत् ।।३५।।**

**અન્વયાર્થ :-**

**एकद्रव्यान्वयाऽभावात् च=અને એક દ્રવ્યના અન્વયનો અભાવ હોવાથી, वासनासङ्क्रमः न=વાસનાનો સંક્રમ નથી, हि=यस्मात्=જે કારણથી, भावानां पौर्वापर्य्यं सर्वत्र अतिप्रसक्तिमत्=ભાવોનું પૌર્વાપર્ય સર્વત્ર અતિપ્રસક્તિવાળું છે. ॥૧૩/૩૫॥**

**શ્લોકાર્થ :-**

**અને એક દ્રવ્યના અન્વયનો અભાવ હોવાથી વાસનાનો સંક્રમ નથી, જે કારણથી ભાવોનું પૌર્વાપર્ય સર્વત્ર અતિપ્રસક્તિવાળું છે. ॥૧૩/૩૫॥**

**ભાવાર્થ :-**

ક્ષણિકવાદ પ્રમાણે પ્રત્યેક ક્ષણ ઉત્તરક્ષણને પેદા કરે છે, અને તે દરેક ક્ષણોમાં અનુગત એક દ્રવ્ય નથી. પરંતુ તેમ માનવામાં આવે તો પૂર્વક્ષણ ઉત્તરક્ષણમાં વાસનાનો સંક્રમ કરી શકે નહીં. તે આ રીતે :

કોઈ આત્મા ૯મી ક્ષણમાં છે, એકાંત ક્ષણિકવાદ પ્રમાણે ૧૦મી ક્ષણમાં તે આત્મા નથી, અને ૧૦મી ક્ષણમાં જે આત્મા ઉત્પન્ન થયો તે વખતે ૯મી ક્ષણવાળો આત્મા નહીં હોવાથી ૧૦મી ક્ષણવાળા આત્મામાં પોતાની વાસનાનો સંક્રમ કરી શકે નહીં; કેમ કે વાસનાનો સંક્રમ કરવા અર્થે જેમાં વાસનાનો સંક્રમ કરવો છે, તેની સાથે તેનો સંબંધ આવશ્યક છે. જેમ પુષ્પ પોતાની સુગંધની વાસના જેમાં સંક્રમણ કરે છે, તેની સાથે તેનો સંબંધ થાય છે.

આથી પૂર્વક્ષણનો આત્મા ઉત્તરક્ષણના આત્મામાં વાસનાનું સંક્રમણ કરે છે, તેમ સ્વીકારવું હોય તો એક અન્વયી એવું આત્મદ્રવ્ય માનવું પડે અર્થાત્ પૂર્વની ક્ષણમાં જે આત્મા હતો, તેણે જે પુણ્ય કે પાપ કર્યું, તે આત્મા ઉત્તરક્ષણમાં વિદ્યમાન છે, તેથી ઉત્તરક્ષણવર્તી આત્મામાં વાસનાની અનુવૃત્તિ થઈ; અને તેમ સ્વીકારીએ તો આત્મા આત્મારૂપે અન્વયી છે તથા પૂર્વભાવરૂપે નાશ પામે છે અને ઉત્તરભાવરૂપે ઉત્પન્ન થાય છે, તેમ માનવું પડે. જો તેમ બૌદ્ધ સ્વીકારે તો કરાયેલા પુણ્ય-પાપની હાનિનો પ્રસંગ ન આવે અને અકૃત એવા પુણ્ય-પાપના ફળની પ્રાપ્તિનો પ્રસંગ ન આવે; કેમ કે પૂર્વક્ષણના જે આત્માએ પાપ કર્યું છે, તે આત્માને તે પાપનું ફળ મળે છે, અન્યને નહીં.

અહીં પૂર્વપક્ષી કહે કે પૂર્વક્ષણનો આત્મા ઉપાદાન છે અને ઉત્તરક્ષણનો આત્મા ઉપાદેય છે તથા તે બે વચ્ચે પૂર્વ-અપર ભાવ છે. તેથી પૂર્વભાવવાળો આત્મા ઉત્તરભાવવાળા આત્મામાં વાસનાનો સંક્રમ કરે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે –

જેમ એક સંતાનની વચ્ચે દરેક ક્ષણમાં પૂર્વાપર ભાવ છે, તેમ અન્ય સંતાનની ઉત્તરક્ષણ પ્રત્યે પણ તે સંતાનની પૂર્વક્ષણ છે. તેથી એકનો પૂર્વઅપરભાવ છે. સંતાનની વાસનાનો સંક્રમ અપરભાવવર્તી અન્ય સંતાનમાં માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થશે; કેમ કે આ આત્માની આ ક્ષણનો ઉત્તરના આ જ આત્મા સાથે સંબંધ છે, અન્ય સાથે નથી એમ માનવા માટે અનુગત એક આત્મદ્રવ્ય બૌદ્ધમતે

નથી તેથી ગમે તે આત્માની કોઈક ક્ષણની વાસના ગમે તે આત્માની ઉત્તર ક્ષણની વાસના થઈ શકે છે તેમ માનવું પડે. તેથી અન્યકૃત પાપાદિના સંસ્કારોની અન્યને પ્રાપ્તિ થશે. માટે આત્માને એકાંત ક્ષણિક સ્વીકારવામાં કૃતહાનિ અને અકૃતઆગમદોષનું નિવારણ થાય નહીં. માટે બૌદ્ધ દર્શન મિથ્યા છે. **॥૧૩/૩૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૩માં કહેલ કે કુર્વદ્રૂપથી વિશેષિત એવા પદાર્થના ક્ષણિક સ્વીકારમાં દોષ નથી. તેનું નિરાકરણ કરતા કહે છે –**

**શ્લોક :-**

**कुर्वद्रूपविशेषे च, न प्रवृत्तिर्न वाऽनुमा ।**
**अनिश्चयान्न वाध्यक्षं, तथा चोदयनो जगौ ।।३६।।**

**અન્વયાર્થ :-**

**कुर्वद्रूपविशेषे च प्रवृत्तिः न=અને કુર્વદ્રૂપ વિશેષ હોતે છતે પ્રવૃત્તિ ન થાય, वा अनुमा न=અથવા અનુમાન ન થાય, अनिश्चयात् वा अध्यक्षं न=અથવા અનિશ્ચય હોવાને કારણે અધ્યક્ષ અર્થાત્ પ્રત્યક્ષ ન થાય, तथा च उदयनः जगौ=અને તે પ્રમાણે ઉદયનાચાર્યએ કહ્યું છે. ।।૧૩/૩૬।।**

**શ્લોકાર્થ :-**

**અને કુર્વદ્રૂપ વિશેષ હોતે છતે પ્રવૃત્તિ ન થાય અથવા અનુમાન ન થાય અથવા અનિશ્ચય હોવાને કારણે અધ્યક્ષ અર્થાત્ પ્રત્યક્ષ ન થાય અને તે પ્રમાણે ઉદયનાચાર્યએ કહ્યું છે. ।।૧૩/૩૬।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી દરેક પદાર્થને ક્ષણિક માને છે. અને તેઓ કહે છે કે દરેક પદાર્થથી ઉત્તરક્ષણનું કાર્ય થાય છે, અને જે કાર્યને અનુરૂપ પૂર્વક્ષણમાં કુર્વદ્રૂપ હોય છે તેને અનુરૂપ ઉત્તરનું કાર્ય થાય છે; અને દરેક પદાર્થમાં જુદા જુદા પ્રકારનું કુર્વદ્રૂપત્વ છે, તેથી ઉત્તરમાં જુદા જુદા પ્રકારનું કાર્ય થાય છે.

જેમ, જે ક્ષણના શાલિના=ચોખાના, બીજમાં શાલિના અંકુરાને પેદા કરવાનું

કુર્વદ્રૂપત્વ છે, તેની ઉત્તર ક્ષણમાં તે શાલિના બીજથી શાલિનો અંકુરો થાય છે, પરંતુ તેની પૂર્વની ક્ષણના તે શાલિના બીજમાં શાલિનો અંકુરો પેદા કરવાનું કુર્વદ્રૂપત્વ ન હતું, તેથી શાલિના અંકુરારૂપ કાર્ય થયું નહીં. વળી જે ક્ષણના ગોધૂમના=ઘઉંના, બીજમાં ગોધૂમના અંકુરાને પેદા કરવાનું કુર્વદ્રૂપત્વ છે, તેની ઉત્તરક્ષણમાં તે ગોધૂમના બીજથી ગોધૂમનો અંકુરો થાય છે; પરંતુ તેની પૂર્વની ક્ષણના તે ગોધૂમના બીજમાં ગોધૂમનો અંકુરો પેદા કરવાનું કુર્વદ્રૂપત્વ ન હતું, તેથી ગોધૂમના અંકુરારૂપ કાર્ય થયું નહીં. તેથી બંને બીજમાં કુર્વદ્રૂપત્વનો ભેદ હોવાથી ઉત્તરમાં ભિન્ન પ્રકારનું કાર્ય થાય છે. આમ કહીને બૌદ્ધદર્શનવાદી સર્વ પદાર્થોને એકાંતે ક્ષણિક સ્થાપન કરે છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે પદાર્થમાં કુર્વદ્રૂપત્વ વિશેષ છે, તેને અનુરૂપ ઉત્તરમાં કાર્ય થાય છે, તેમ સ્વીકારવામાં આવે તો કાર્યના અર્થીની પ્રવૃત્તિ થઈ શકે નહીં. તે આ રીતે :

શાલિના અંકુરાનો અર્થી જે પુરુષ શાલિના બીજને વાવીને અંકુરા માટે યત્ન કરે છે, તે પુરુષ શાલિના અંકુરાના ઉપાયરૂપ, શાલિના બીજમાં પ્રવૃત્તિ કરે છે; પરંતુ જે શાલિના બીજમાંથી ઉત્તરમાં શાલિનો અંકુરો પેદા થાય છે, તે શાલિના બીજમાં જ જો શાલિનું કુર્વદ્રૂપત્વ હોય તો કયા શાલિના બીજમાંથી શાલિનો અંકુરો પેદા થશે અને કયા શાલિના બીજમાંથી શાલિનો અંકુરો પેદા થશે નહીં, તેવો વિશેષ નિર્ણય નહીં હોવાથી શાલિના અંકુરારૂપ કાર્યના અર્થીની શાલિના બીજમાં પ્રવૃત્તિ થઈ શકશે નહીં; કેમ કે બૌદ્ધ મતાનુસાર જે ક્ષણમાં શાલિના અંકુરારૂપ કાર્ય થશે, તેની પૂર્વની ક્ષણના બીજમાં જ શાલિના અંકુરારૂપ કાર્યનું કુર્વદ્રૂપત્વ છે, અન્ય ક્ષણના શાલિના બીજમાં શાલિના અંકુરાનું કુર્વદ્રૂપત્વ નથી, તેથી અન્ય ક્ષણના શાલિના બીજમાં શાલિના અંકુરાના અર્થીની પ્રવૃત્તિ થઈ શકે નહીં.

વસ્તુત: શાલિનાં સર્વ બીજોમાં શાલિનો અંકુરો પેદા કરવાની યોગ્યતા હોવાથી જ શાલિના અંકુરાના અર્થીની ગમે તે ક્ષણના શાલિના બીજમાં પ્રવૃત્તિ છે છતાં ક્ષણિકવાદી કહે છે કે જે શાલિના બીજમાંથી ઉત્તરક્ષણમાં શાલિનો અંકુરો પેદા થાય છે, તેની પૂર્વની ક્ષણના શાલિના બીજમાં જ શાલિના અંકુરાનું કુર્વદ્રૂપત્વ છે

પરંતુ તેની પૂર્વની ક્ષણના શાલિના બીજમાં શાલિના અંકુરાનું કુર્વદ્રૂપત્વ ન હતું, આથી પૂર્વની ક્ષણના તે શાલિના બીજમાંથી શાલિનો અંકુરો થયો નહીં, અને જે ક્ષણમાં શાલિનો અંકુરો થયો, તેની પૂર્વની ક્ષણના બીજમાં જ શાલિનો અંકુરો થવાનું કુર્વદ્રૂપત્વ હતું, અન્ય ક્ષણમાં વર્તતા તે શાલિના બીજમાં શાલિના અંકુરાનું કુર્વદ્રૂપત્વ ન હતું, અને તેમ સ્વીકારીને બૌદ્ધ દરેક ક્ષણનાં બીજોને ભિન્ન ભિન્ન પ્રકારના કુર્વદ્રૂપત્વવાળાં સ્થાપન કરે છે. હવે જો બૌદ્ધ સ્વીકારે છે, તેમ બીજને ક્ષણિક સ્વીકારીએ તો કઈ ક્ષણવાળા શાલિના બીજમાં શાલિના અંકુરાનું કુર્વદ્રૂપત્વ છે, તેવો નિર્ણય નહીં થવાથી શાલિના અંકુરાના અર્થીની શાલિના બીજમાં પ્રવૃત્તિ સંગત થાય નહીં.

વળી, પ્રતિક્ષણનાં બીજોમાં કુર્વદ્ રૂપત્વવિશેષ સ્વીકારવામાં આવે તો અનુમાન પણ થઈ શકે નહીં.

વળી, બૌદ્ધ મતાનુસાર સવિકલ્પ જ્ઞાનકાળમાં પદાર્થનો અભાવ હોવાને કારણે "આ બીજ છે" ઇત્યાદિ લોકોને જે પ્રત્યક્ષ થાય છે, તે પણ ક્ષણિકવાદમાં સંગત થશે નહીં; કેમ કે ઇન્દ્રિયનો પદાર્થ સાથે સંપર્ક થયા પછી બીજી ક્ષણમાં થતા સવિકલ્પ જ્ઞાનથી પદાર્થનો નિર્ણય થાય છે, અને પદાર્થ ક્ષણિક હોય તો બીજી ક્ષણમાં તે પદાર્થ નહીં હોવાથી બીજી ક્ષણમાં સવિકલ્પ જ્ઞાન થઈ શકે નહીં.

અને તે પ્રમાણે ઉદયનાચાર્યએ કહ્યું છે=ક્ષણિકવાદમાં અનુમાન થઈ શકશે નહીં અને પ્રત્યક્ષ પણ થઈ શકે નહીં, તે પ્રમાણે ઉદયનાચાર્યએ કહ્યું છે.

પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ક્ષણિકવાદમાં અનુમાન થઈ શકશે નહીં અને અનિશ્ચયને કારણે પ્રત્યક્ષ થઈ શકે નહીં, અને તે કેમ થઈ શકશે નહીં ? તેનું સ્પષ્ટીકરણ આગળના શ્લોકમાં છે. તેથી અહીં કરવામાં આવ્યું નથી. **॥૧૩/૩૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે "તે પ્રમાણે" ઉદયનાચાર્યે કહ્યું છે=પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે ઉદયનાચાર્યએ કહ્યું છે. તેથી હવે ઉદયનાચાર્યે જે કહ્યું છે તે ઉદયનાચાર્યના વચનથી બતાવે છે –**

**શ્લોક :-**

**न वैजात्यं विना तत् स्यान्न तस्मिन्ननुमा भवेत् ।**
**विना तेन न तत्सिद्धिर्नाध्यक्षं निश्चयं विना ।।३७।।**

**અન્વયાર્થ :-**

**वैजात्यं विना तत् न स्यात्=વૈજાત્ય વગર તે ન થાય અર્થાત્ પૂર્વઉત્તરક્ષણવર્તી શાલિ આદિના બીજમાં વૈજાત્ય વગર શાલિ આદિ બીજનું ક્ષણિકત્વ સિદ્ધ ન થાય. तस्मिन् अनुमा न भवेत्=તે હોતે છતે અર્થાત્ પૂર્વઉત્તરક્ષણવર્તી શાલિ આદિના બીજમાં વૈજાત્ય હોતે છતે, અનુમાન ન થાય, तेन विना= તેના વગર અર્થાત્ અનુમાન વગર, तत्सिद्धिः न=તેની સિદ્ધિ નથી અર્થાત્ શાલિ આદિના બીજમાં રહેલા કુર્વદ્રૂપત્વવિશેષની સિદ્ધિ ન થાય, निश्चयं विना अध्यक्षं न=નિશ્ચય વિના અધ્યક્ષ નથી. ।।૧૩/૩૭।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વઉત્તરક્ષણવર્તી શાલિ આદિના બીજમાં વૈજાત્ય વગર શાલિ આદિ બીજનું ક્ષણિકત્વ સિદ્ધ ન થાય. પૂર્વઉત્તરક્ષણવર્તી શાલિ આદિના બીજમાં વૈજાત્ય હોતે છતે, અનુમાન ન થાય. અનુમાન વગર શાલિ આદિના બીજમાં રહેલા કુર્વદ્રૂપત્વવિશેષની સિદ્ધિ ન થાય. નિશ્ચય વિના અધ્યક્ષ નથી. ।।૧૩/૩૭।।**

**ભાવાર્થ :-**

ઉદયનાચાર્ય પદાર્થને ક્ષણિક માનતા નથી અને પદાર્થને એકાંતે ક્ષણિક માનનાર બૌદ્ધ મતનું ખંડન કરતાં કહે છે કે શાલિ આદિ બીજ દીર્ઘકાળસ્થાયી પ્રત્યક્ષથી દેખાય છે, તેને ભૂમિમાં વાવવામાં આવે ત્યારે જલાદિના સંયોગથી અંકુરો થતો દેખાય છે, અને જે ક્ષણમાં અંકુરો પેદા થયો, તેની પૂર્વની ઘણી ક્ષણો સુધી તે બીજ બીજરૂપે અવસ્થિત દેખાય છે તેથી તે બીજની સર્વક્ષણોમાં તે તે કુર્વદ્રૂપત્વ છે=પ્રથમક્ષણના બીજમાં અંકુરા ક્ષણવાળા બીજની નજીકના એવા બીજી ક્ષણના બીજનું કુર્વદ્રૂપત્વ છે અને બીજી ક્ષણના બીજમાં તેના કરતાં અંકુરો ક્ષણના બીજની વધારે નજીકના એવા ત્રીજી ક્ષણના બીજને કરવાનું કુર્વદ્રૂપ છે ઇત્યાદિ રૂપ તે કુર્વદ્રૂપત્વ છે તેમ સ્વીકારવા માટે કોઈ

પ્રમાણ નથી; અને જ્યાં સુધી ઘણી ક્ષણો સુધી બીજરૂપે અવસ્થિત એવા તે શાલિના બીજની દરેક ક્ષણમાં પરસ્પર વૈજાત્ય સિદ્ધ ન થાય=તે તે કુર્વદ્રૂપત્વ રૂપ વૈજાત્ય સિદ્ધ ન થાય, ત્યાં સુધી "આ બીજ ક્ષણિક છે" તેમ સિદ્ધ થઈ શકે નહીં.

વળી, પોતાની વાતની પુષ્ટિ કરવા માટે ઉદયનાચાર્ય કહે છે કે : બીજરૂપે દીર્ઘકાળ અવસ્થિત દેખાતા એવા પણ શાલિના બીજમાં બૌદ્ધદર્શનકાર પ્રતિક્ષણે જુદું જુદું કુર્વદ્રૂપત્વ છે, તેમ સ્વીકારીને દીર્ઘકાળ બીજરૂપે પ્રતિત થતાં પણ બીજની ક્ષણોમાં પરસ્પર વૈજાત્ય સ્વીકારે છે. પરંતુ તેમ સ્વીકારી લઈએ તો અનુમાન થઈ શકે નહીં. તે આ રીતે –

ધૂમને જોઈને પર્વતમાં અગ્નિનું અનુમાન થાય છે, ત્યાં ધૂમ વહ્નિથી જન્ય છે, તેવો નિર્ણય હોવાથી, અનુમાન કરાય છે કે પર્વતમાં ધુમાડો દેખાય છે; અને આ ધુમાડો પર્વતમાં વહ્નિ વગર પેદા થઈ શકે નહીં, માટે પર્વતમાં અવશ્ય વહ્નિ છે. હવે જો દીર્ઘકાળ બીજરૂપે પ્રતિત થતા એવા પણ શાલિના બીજમાં બૌદ્ધમતને અભિમત એવું પ્રતિક્ષણના બીજમાં વૈજાત્ય સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે શાલિના બીજથી ઉત્તરમાં શાલિનું બીજ પણ પેદા થાય છે અને ક્વચિત્ શાલિના બીજથી શાલિનો અંકુરો પણ થાય છે; અને તે નિયમ પ્રમાણે વહ્નિથી ધૂમ પેદા થાય છે અને પૂર્વપૂર્વનો ધૂમ ઉત્તરઉત્તરના ધૂમને પણ પેદા કરે છે, તેમ માનવું પડે. તેથી એ પ્રાપ્ત થાય કે વહ્નિથી જ ધૂમ પેદા થાય છે તેવો નિર્ણય સ્વીકારી શકાય નહીં, પરંતુ ક્યારેક વહ્નિથી પણ ધૂમ પેદા થાય છે તો ક્યારેક પૂર્વના ધૂમથી પણ ઉત્તરનો ધૂમ પેદા થાય છે, તેમ માનવું પડે, અને તેમ સ્વીકારીએ તો વહ્નિથી જ ધૂમ જન્ય છે, એવી નિયત વ્યાપ્તિ નહીં પ્રાપ્ત થવાથી ધૂમને જોઈને વહ્નિનું અનુમાન થઈ શકે નહીં.

હવે આનાથી શું ફલિત થાય તે બતાવવા ઉદયનાચાર્ય કહે છે :

બૌદ્ધ મતાનુસાર પ્રતિક્ષણના બીજાદિમાં પરસ્પર વૈજાત્ય સ્વીકારવાથી પૂર્વમાં બતાવ્યું એ રીતે કોઈપણ સ્થાને અનુમાન કરી શકાય નહીં, અને અનુમાન વગર કુર્વદ્રૂપત્વની સિદ્ધિ નથી; કેમ કે જે બૌદ્ધમતાનુસાર અનુમાન થઈ ન શકે તે બૌદ્ધમતને આશ્રયીને શાલિના બીજમાંથી પેદા થયેલા અંકુરાને જોઈને અંકુરાની પૂર્વની ક્ષણના શાલિના બીજમાં અંકુરાનું કુર્વદ્રૂપત્વ છે અને અંકુરાના

કુર્વદ્રૂપત્વવાળી ક્ષણથી પૂર્વની બધી ક્ષણોના તે બીજમાં અંકુરાનું કુર્વદ્રૂપત્વ નથી, તેમ કહી શકાય નહીં; કેમ કે અંકુરરૂપ કાર્યથી જ પૂર્વની ક્ષણના બીજમાં કુર્વદ્રૂપત્વનું અનુમાન થઈ શકે છે.

વળી, ઉદયનાચાર્ય કહે છે કે બીજાદિમાં કુર્વદ્રૂપત્વવિશેષ સ્વીકારવામાં આવે તો બીજાદિનો નિશ્ચય નહીં થવાથી બીજાદિનું પ્રત્યક્ષ થઈ શકશે નહીં તે આ રીતે :-

બીજ આદિનો ઇન્દ્રિય સાથે સંબંધ થાય છે ત્યારે પ્રથમ નિર્વિકલ્પ બોધ થાય છે, નિર્વિકલ્પ બોધમાં બીજ, બીજત્વ તેમ જ બીજ અને બીજત્વનો સંબંધ : આ ત્રણેય પૃથક્ ભાસે છે, ત્યારપછી સવિકલ્પ બોધ થાય છે. અને સવિકલ્પ બોધમાં બીજત્વ-વિશિષ્ટ-બીજનો બોધ થાય છે. સર્વત્ર બોધ થવામાં આ પ્રકારની મર્યાદા છે તેથી આ પ્રકારના બોધમાં પ્રથમ બીજ આદિ ત્રણે પૃથક્ ભાસતા હતા, ત્યારે નિર્વિકલ્પ બોધ હતો, અને બીજત્વ-વિશિષ્ટ-બીજનો બોધ થાય છે ત્યારે સવિકલ્પ બોધ થયો, અને સવિકલ્પ બોધથી "આ બીજ છે" એવો નિશ્ચય થાય છે; કેમ કે બીજત્વ-વિશિષ્ટ-બીજની પ્રતીતિ સવિકલ્પ બોધમાં થાય છે, અને સવિકલ્પ બોધમાં "આ બીજ છે" એવો નિર્ણય થવાથી "આ બીજ છે," "આ ઘટ છે" ઇત્યાદિ સર્વ વ્યવહાર પ્રવર્તે છે.

હવે જો બીજાદિકને ક્ષણિક માનવામાં આવે તો ઇન્દ્રિય સાથે બીજનો સંપર્ક થાય ત્યારે તેનો નિર્વિકલ્પ બોધ સ્વીકારી શકાય, અને બીજી ક્ષણમાં સવિકલ્પ બોધ થાય ત્યારે તે ક્ષણમાં તે બીજ નષ્ટ થઈ ગયું છે તેમ માનવું પડે. તેથી સવિકલ્પ બોધવાળી ક્ષણમાં તે બીજ નહીં હોવાથી આ બીજ છે તેવો નિશ્ચય થાય નહીં; કેમ કે ઉત્તરમાં થયેલા બીજને જોઈને આ બીજ છે તેવો આ બોધ નથી, પરંતુ પૂર્વક્ષણના બીજને જોઈને આ નિર્ણય થાય છે અને પૂર્વક્ષણનું બીજ ત્યારે નષ્ટ થઈ ગયું છે તેથી બોધક્ષણમાં તે બીજરૂપ વિષયનો અભાવ હોવાથી આ બીજ છે તેવો નિશ્ચય થાય નહીં. અને "આ બીજ છે" એવો નિર્ણય થાય નહીં તો "ચક્ષુથી દેખાતું આ બીજ છે" એ પ્રકારનો પ્રત્યક્ષ સંગત થાય નહીં. માટે લોકોને થતા પ્રત્યક્ષની સંગતિ પદાર્થને ક્ષણિક સ્વીકારવામાં થઈ શકે નહીં. તેથી ક્ષણિકવાદ અપ્રમાણભૂત છે, એમ ઉદયનાચાર્ય કહે છે. **॥૧૩/૩૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં પદાર્થને ક્ષણિક સ્વીકારવામાં શું દોષો પ્રાપ્ત થાય છે તે બતાવ્યું. હવે ક્ષણિક પક્ષમાં બાધ બતાવે છે –**

**શ્લોક :-**

**एकताप्रत्यभिज्ञानं, क्षणिकत्वं च बाधते ।**
**योऽहमन्वभवं सोऽहं, स्मरामीत्यवधारणात् ।।३८।।**

**અન્વયાર્થ :-**

**योऽहमन्वभवं च=અને જે મેં અનુભવ્યું, सोऽहं स्मरामि=તે હું સ્મરણ કરું છું, इति अवधारणात्=એ પ્રકારના અવધારણથી, एकताप्रत्यभिज्ञानं=એકતાનું પ્રત્યભિજ્ઞાન, क्षणिकत्वं बाधते=ક્ષણિકત્વનો બાધ કરે છે. ।।૧૩/૩૮।।**

**શ્લોકાર્થ :-**

**અને "જે મેં અનુભવ્યું તે હું સ્મરણ કરું છું" એ પ્રકારના અવધારણથી એકતાનું પ્રત્યભિજ્ઞાન ક્ષણિકત્વનો બાધ કરે છે. ।।૧૩/૩૮।।**

**ભાવાર્થ :-**

"જે મેં અનુભવ કર્યો તેનું હું સ્મરણ કરું છું" એ પ્રકારના અવધારણમાં અનુભવ કરનાર અને સ્મરણ કરનાર પુરુષમાં જે એકતાની પ્રતીતિ થાય છે, તે એકતાનું પ્રત્યભિજ્ઞાન છે. અહીં અનુભવ કરનાર અને સ્મરણ કરનાર પુરુષ એક જ છે, તેથી ત્યાં એકતા છે; અને પૂર્વમાં જે અનુભવેલ તે જ વિષય વર્તમાનમાં સ્મરણનો વિષય છે, તેથી તે પ્રત્યભિજ્ઞાન છે; અને એકતાને કરાવનાર પ્રત્યભિજ્ઞાન ક્ષણિકત્વનો બાધ કરે છે; કેમ કે જો પદાર્થ ક્ષણિક જ હોય તો અનુભવ કરનાર અને સ્મરણ કરનારમાં એકતાની પ્રતીતિ થઈ શકે નહીં, અને એકતાની પ્રતીતિ થાય છે માટે પદાર્થમાં ક્ષણિકત્વ નથી. **।।૧૩/૩૮।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે એકતાનું પ્રત્યભિજ્ઞાન ક્ષણિકત્વનો બાધ કરે છે. તેથી એકાંત ક્ષણિકવાદી કહે કે "આમાં વિષયનો બાધ છે" અર્થાત્ તમે જે**

પ્રત્યભિજ્ઞાન બતાવ્યું, તેમાં અનુભવ કરનાર અને સ્મરણ કરનારમાં જે એકતારૂપ વિષય છે, તેનો બાધ છે; કેમ કે અનુભવ કરનાર પુરુષ પ્રતિક્ષણ પરિવર્તનશીલ દેખાય છે, અને ઘણાં વર્ષો પછી તે પુરુષ પૂર્વ અનુભવનું સ્મરણ કરે છે, ત્યારે તેનું શરીર અતિ વિસદૃશ હોય છે. તેથી તે બેમાં એકતા છે એમ માની શકાય નહીં. માટે ત્યાં એકતાના વિષયનો બાધ છે. વસ્તુતઃ "અનુભવ કરનારના સંતાનમાં તે અનુભવના સંસ્કારનું આધાન થવાના કારણે સ્મરણકાળમાં પૂર્વના અનુભવ કરનારની સાથે સ્મરણ કરનારની એકતાનો ભ્રમ થાય છે." માટે અનુભવ કરનાર અને સ્મરણ કરનારમાં એકતા વાસ્તવિક નથી. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**नास्मिन्विषयबाधो यत्, क्षणिकेऽपि यथैकता ।**
**नानाज्ञानान्वये तद्वत्, स्थिरे नानाक्षणान्वये ।।३९।।**

**અન્વયાર્થ :-**

अस्मिन् विषयबाधो न=આમાં વિષયનો બાધ નથી, यत्=જે કારણથી, नानाज्ञानान्वये क्षणिके अपि यथा एकता=જુદા જુદા જ્ઞાનના અન્વયવાળા ક્ષણિક પદાર્થમાં પણ જે પ્રમાણે એકતા છે, तद्वत्=તેની જેમ, नानाक्षणान्वये स्थिरे=જુદી જુદી ક્ષણના અન્વયવાળા સ્થિર પદાર્થમાં, (એકતા છે.) ।।૧૩/૩૯।।

**શ્લોકાર્થ :-**

**આમાં વિષયનો બાધ નથી, જે કારણથી જુદા જુદા જ્ઞાનના અન્વયવાળા ક્ષણિક પદાર્થમાં પણ જે પ્રમાણે એકતા છે, તેની જેમ જુદી જુદી ક્ષણના અન્વયવાળા સ્થિર પદાર્થમાં એકતા છે. ।।૧૩/૩૯।।**

**ભાવાર્થ :-**

એકાંત ક્ષણિકવાદી કહે છે કે "જે મેં અનુભવ્યું, તેનું હું સ્મરણ કરું છું," એ પ્રકારની પ્રતીતિમાં એકતાના વિષયનો બાધ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે જે પ્રકારે ક્ષણિકવાદના મતાનુસાર કોઈ પુરુષ અનેક વર્ણવાળા

વસ્ત્રને જુએ, ત્યારે તે વસ્ત્રવિષયક જે જ્ઞાનનો ઉપયોગ છે, તે જ્ઞાનના ઉપયોગમાં અનેક વર્ણો પ્રતીત થાય; અને તે અનેક વર્ણોનું જ્ઞાન ભિન્ન ભિન્ન કાળમાં નથી, પરંતુ એકકાળવર્તી છે, અને એકજ્ઞાનનો ઉપયોગ છે; કેમ કે એક વર્ણવાળા વસ્ત્રને જોવાથી થયેલું તે એકજ્ઞાન છે, તેથી જુદા જુદા વર્ણોના જ્ઞાનમાં એકજ્ઞાનરૂપે એકતાનો અન્વય છે. તેની જેમ "બાલ્યાવસ્થામાં અનુભવ કરનાર અત્યારે હું સ્મરણ કરું છું" એ પ્રકારના અનુભવમાં જુદી જુદી ક્ષણના અન્વયમાં "સ્થિર એવું એક આત્મદ્રવ્ય છે" એ પ્રકારની એકતાની પ્રતીતિ છે. માટે એકતાની પ્રતીતિનો વિષય પ્રત્યભિજ્ઞાનમાં નથી, તેમ જે બૌદ્ધ કહે છે તે સંગત નથી. **॥૧૩/૩૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૩માં એકાંત ક્ષણિકવાદીએ કહ્યું કે આત્માને નિત્ય માનવામાં શ્લોક-૩૧ અને ૩૨માં બતાવેલ દોષોની પ્રાપ્તિ છે, અને તે દોષો ક્ષણિક પક્ષમાં નથી, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ ક્ષણિકવાદમાં આવતા કૃતહાનિ આદિ દોષો શ્લોક-૩૪માં બતાવ્યા. ત્યારપછી ઉદયનાચાર્યે આપેલા કુર્વદ્રૂપત્વવિશેષમાં આવતા દોષો શ્લોક-૩૬ અને ૩૭માં બતાવ્યા, જેથી ક્ષણિક પક્ષ અસંગત છે, એમ સ્થાપિત કર્યું. ત્યારપછી એકતાના પ્રત્યભિજ્ઞાનરૂપ અનુભવથી પણ ક્ષણિકત્વ અસંગત છે, તે શ્લોક-૩૮ અને ૩૯માં બતાવ્યું.**

**હવે ક્ષણિકવાદીએ શ્લોક-૩૧ અને ૩૨માં કહેલ કે નિત્યપક્ષમાં અર્થક્રિયા ઘટશે નહીં. તે દોષ એકાંત નિત્યપક્ષમાં પ્રાપ્ત થાય છે, પરંતુ સ્યાદ્વાદીના નિત્ય પક્ષમાં તે દોષો નથી, તેમ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नानाकार्यैक्यकरणस्वाभाव्ये च विरुध्यते ।**
**स्याद्वादसन्निवेशेन, नित्यत्वेऽर्थक्रिया न हि ।।४०।।**

**અન્વયાર્થ :-**

**स्याद्वादसन्निवेशेन च=અને સ્યાદ્વાદના સન્નિવેશથી, नानाकार्यैक्यकरणस्वाभाव्ये नित्यत्वे=જુદા જુદા કાર્યના ઐક્યકરણના સ્વભાવપણાસ્વરૂપ નિત્યપણું**

હોતે છતે, अर्थक्रिया न हि विरुद्ध्यते=અર્થક્રિયા વિરુદ્ધ થતી નથી જ. ॥૧૩/૪૦॥

**શ્લોકાર્થ :-**

**અને સ્યાદ્વાદના સન્નિવેશથી જુદા જુદા કાર્યના ઐક્યકરણના સ્વભાવપણાસ્વરૂપ નિત્યપણું હોતે છતે અર્થક્રિયા વિરુદ્ધ થતી નથી જ. ॥૧૩/૪૦॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધે કહેલ કે નિત્યપક્ષમાં અર્થક્રિયા ક્રમ અને અક્રમ દ્વારા ઘટશે નહીં, તે એકાન્ત નિત્યપક્ષમાં ન જ ઘટે; પરંતુ સ્યાદ્વાદના સન્નિવેશથી અર્થાત્ કથંચિત્ના સન્નિવેશથી જુદા જુદા કાર્યમાં ઐક્યકરણ સ્વભાવરૂપ નિત્યપણામાં અર્થક્રિયા ઘટી શકશે. તે આ રીતે –

સ્યાદ્વાદના મતે સર્વ પદાર્થો કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે. તેથી દ્રવ્યાસ્તિકનયથી આત્માને જોવામાં આવે ત્યારે અનિત્યથી સંવલિત એવો નિત્ય આત્મા દેખાય છે. તેથી જુદાં જુદાં કાર્યોની સાથે ઐક્યકરણના સ્વભાવવાળું એવું આત્માનું નિત્યપણું છે અર્થાત્ જુદાં જુદાં કાર્યોથી સંવલિત એક આત્મદ્રવ્ય છે, તેવી પ્રતીતિ થાય છે; અને આત્માનું આવું નિત્યપણું સ્વીકારવાથી આત્મામાં અર્થક્રિયાનો વિરોધ આવતો નથી; કેમ કે કથંચિત્ નિત્ય સ્વભાવવાળા આત્મામાં પણ તે તે ભાવ થવારૂપ જુદાં જુદાં કાર્યો સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. તેથી આત્મા તે તે ભાવરૂપે થાય છે, તે રૂપ અર્થક્રિયા આત્મામાં સંગત છે.

જેમ,

આત્મારૂપ દ્રવ્ય પ્રથમ બાલ્યાવસ્થારૂપે, પછી યુવાવસ્થારૂપે અને પછી વૃદ્ધાવસ્થારૂપે થાય છે. માટે આત્મદ્રવ્યમાં બાલ્યાદિ અવસ્થા થવારૂપ અર્થક્રિયા માનવામાં કોઈ વિરોધ નથી.

અહીં વિશેષ એ છે કે એકાંતનિત્યવાદી નિત્યનું લક્ષણ કરે છે કે "અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિરએકસ્વભાવપણું નિત્યપણું છે." તેથી તે મત પ્રમાણે પદાર્થમાં લેશ પણ પરિવર્તન નથી. તેથી એકાંતનિત્યવાદીના મતમાં અર્થક્રિયાની સંગતિ નથી.

સ્યાદ્વાદી નિત્યનું લક્ષણ કરે છે કે तद्भावाव्ययं नित्यं="તેના ભાવનો અવ્યય

નિત્ય છે.” તેથી એ પ્રાપ્ત થાય કે આત્માદિ પદાર્થો તે તે ભાવરૂપે પરિણમન પામવા છતાં આત્માદિ પદાર્થો પોતાના આત્માદિ ભાવરૂપે નાશ પામતા નથી. તેથી આત્માદિ દ્રવ્યમાં તે તે ભાવો તે તે ક્ષણમાં થાય છે. માટે સ્યાદ્વાદીના મતમાં આત્માદિ પદાર્થો નિત્ય હોવા છતાં તે તે ભાવ થવારૂપ અર્થક્રિયાની સંગતિ થાય છે. **॥૧૩/૪૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સ્યાદ્વાદના સન્નિવેશથી પદાર્થનું જુદા જુદા કાર્યમાં ઐક્યકરણ સ્વભાવરૂપ નિત્યપણું માન્યું. ત્યાં બૌદ્ધ કહે કે એક જ પદાર્થ જો જુદાં જુદાં કાર્યો કરતો હોય તો તે જુદા જુદા સ્વભાવવાળો છે, તેમ માનવું પડે, અને સ્વભાવના ભેદથી વસ્તુનો ભેદ માનવો પડે; નહીં તો ઘટ અને પટ જુદા થઈ શકે નહીં. તેથી એક વસ્તુ જુદાં જુદાં કાર્યો કરવાના સ્વભાવવાળી છે, તેમ માની ન શકાય. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नीलादावप्यतद्भेदशक्तयः सुवचाः कथम् ।**
**परेणापि हि नानेकस्वभावोपगमं विना ।।४१।।**

**અન્વયાર્થ :-**

**निलादावप्यतद्भेदशक्तयः=નીલાદિમાં પણ અતદ્ભેદની શક્તિઓ=નીલ વસ્તુમાં પણ પીતાદિના ભેદની શક્તિઓ, कथम् सुवचाः=કેવી રીતે સુવચ થાય ? અર્થાત્ સુવચ ન થાય, हि=જે કારણથી, अनेकस्वभावोपगमं विना= અનેક સ્વભાવના ઉપગમ વિના અર્થાત્ એક ક્ષણસ્થાયી પદાર્થમાં પણ અનેક સ્વભાવ સ્વીકાર્યા વગર, परेणापि=પર વડે પણ અર્થાત્ બૌદ્ધ વડે પણ, न=ન થાય અર્થાત્ અતદ્ભેદની શક્તિઓ સુવચ ન થાય. ।।૧૩/૪૧।।**

**શ્લોકાર્થ :-**

**નીલ વસ્તુમાં પણ પીતાદિના ભેદની શક્તિઓ કેવી રીતે સુવચ થાય ? જે કારણથી એક ક્ષણસ્થાયી પદાર્થમાં પણ અનેક સ્વભાવ સ્વીકાર્યા વગર અતદ્ભેદની શક્તિઓ બૌદ્ધ વડે પણ સુવચ ન થાય. ॥૧૩/૪૧॥**

**ભાવાર્થ :-**

સ્યાદ્વાદી અભાવને પદાર્થનો પર્યાય સ્વીકારે છે. તેથી નીલ વસ્તુમાં પીતનો અભાવ એ નીલ વસ્તુનો પર્યાય છે તેમ કહે છે.

નૈયાયિક દર્શનવાળા અભાવને સ્વતંત્ર પદાર્થ માને છે. તેથી "નીલ વસ્તુમાં પીતનો અભાવ છે" તેમ કહે છે.

બૌદ્ધદર્શનવાળા અભાવને તુચ્છ માને છે અર્થાત્ અભાવ એ કોઈ પદાર્થ નથી કે કોઈ પદાર્થનો ધર્મ નથી, પરંતુ જે વસ્તુ દેખાય છે તે બીજી ક્ષણમાં નષ્ટ થાય છે, તેથી 'તે નથી' તેવી પ્રતીતિ થાય છે. તેમ કહે છે છતાં નીલ વસ્તુને જોઈને "આ પીતાદિ નથી" એની સંગતિ કરવા બૌદ્ધ કહે છે કે દરેક પદાર્થ પોતાની ઇતરથી વ્યાવૃત્તિ કરે છે. તેથી પદાર્થનું સ્વરૂપ જ ઇતરની વ્યાવૃત્તિરૂપ છે. માટે નીલ વસ્તુ નીલથી ઇતર એવી, પીતાદિ વસ્તુની વ્યાવૃત્તિરૂપ છે. આ રીતે બૌદ્ધ દર્શનવાળા નીલાદિને જોઈને "આ પીતાદિ નથી" તેની સંગતિ કરે છે.

તેથી બૌદ્ધદર્શનકારને પણ નીલ વસ્તુમાં અતદ્ભેદની શક્તિ છે, એમ સ્વીકારવું પડે અર્થાત્ તદ્=નીલ અને અતદ્=નીલથી અન્ય, તેના ભેદની શક્તિ છે, એમ સ્વીકારવું પડે, અને એક વસ્તુમાં અનેક સ્વભાવ સ્વીકાર્યા વગર બૌદ્ધ મતમાં પણ નીલ વસ્તુમાં નીલથી અન્ય પીતાદિના ભેદની શક્તિ સંગત થઈ શકે નહીં. અને જો બૌદ્ધ દર્શનકાર નીલાદિ દ્રવ્યમાં અતદ્ભેદની સંગતિ કરવા એક વસ્તુને અનેક સ્વભાવરૂપે સ્વીકારે તો કથંચિત્ નિત્ય એવું નીલાદિ દ્રવ્ય જુદી જુદી ક્ષણમાં જુદા જુદા કાર્ય કરવાના સ્વભાવવાળું છે તેમ પણ સ્વીકારી શકાય તેથી પદાર્થ દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય સિદ્ધ થાય અને પદાર્થ દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય છે તેથી દરેક દ્રવ્ય પ્રતિક્ષણ તે તે રૂપે પરિણમન પામે છે તેમ સંગત થાય માટે દરેક દ્રવ્યમાં તે તે કાર્ય થવા રૂપે અર્થક્રિયા સ્યાદ્વાદના મતમાં સુવચ છે. **॥૧૩/૪૧॥**

**અવતરણિકા :-**

**ક્ષણિકવાદમાં તૃષ્ણાની નિવૃત્તિરૂપ મહાન ગુણ છે. એમ બૌદ્ધ કહે છે તે વાત શ્લોક-૩૩માં ગ્રંથકારશ્રીએ બતાવેલ. હવે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**ध्रुवेक्षणेऽपि न प्रेम, निवृत्तमनुपप्लवात् ।**
**ग्राह्याकार इव ज्ञाने, गुणस्तन्नात्र दर्शने ।।४२।।**

**અન્વયાર્થ :-**

**ज्ञाने ग्राह्याकार इव=જ્ઞાનમાં ગ્રાહ્ય આકારની જેમ=બૌદ્ધ મતાનુસાર પ્રવૃત્તિવિજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે જ્ઞાનમાં ગ્રાહ્ય એવા ઘટપટાદિ આકારોની નિવૃત્તિ થાય છે તેની જેમ, अनुपप्लवात्=અનુપપ્લવને કારણે અર્થાત્ તત્ત્વના પર્યાલોચનથી ચિત્તમાં રાગાદિના શમનને કારણે, निवृत्तं प्रेम=નિવૃત્ત થયેલો પ્રેમ અર્થાત્ રાગ, ध्रुवेक्षणे अपि न=ધ્રુવ ઈક્ષણમાં પણ નથી અર્થાત્ આત્માને નિત્ય સ્વીકારવામાં પણ નથી, तद्=તે કારણથી અર્થાત્ ધ્રુવ ઈક્ષણમાં પણ નિવૃત્ત થયેલો પ્રેમ નથી તે કારણથી, अत्र दर्शने=આ દર્શનમાં અર્થાત્ આ ક્ષણિકવાદી એવા બૌદ્ધ દર્શનમાં, गुणः न=ગુણ નથી અર્થાત્ આત્માને ક્ષણિક સ્વીકારીએ તો જ આત્માને રાગ નિવર્તન થાય, અન્યથા નહીં. એમ જે બૌદ્ધ દર્શનકાર કહે છે તે ગુણ નથી. ।।૧૩/૪૨।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનમાં ગ્રાહ્ય આકારની જેમ અનુપપ્લવને કારણે નિવૃત્ત થયેલો પ્રેમ ધ્રુવ ઈક્ષણમાં પણ નથી. તે કારણથી આ ક્ષણિકવાદી એવા બૌદ્ધ દર્શનમાં ગુણ નથી. ।।૧૩/૪૨।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શન પ્રમાણે પ્રવૃત્તિવિજ્ઞાન અને આલયવિજ્ઞાન એમ બે પ્રકારનાં વિજ્ઞાનો છે. સંસારી જીવોને પ્રવૃત્તિવિજ્ઞાન હોય છે. તેથી સંસારી જીવો બાહ્ય પદાર્થોનું જ્ઞાન કરીને ઇષ્ટમાં પ્રવૃત્તિ કરે છે અને અનિષ્ટમાંથી નિવૃત્તિ કરે છે.

વળી, મુક્ત જીવોને આલયવિજ્ઞાન હોય છે, પ્રવૃત્તિવિજ્ઞાન હોતું નથી, અને મુક્ત આત્માઓને “અહં અહં” એવી પ્રતીતિ કરાવે તેવી જ્ઞાનની સંતતિ વર્તે છે, પરંતુ બાહ્ય પદાર્થોનું જ્ઞાન કરતા નથી; અને બાહ્ય પદાર્થોનું જ્ઞાન નહીં

થવાથી બાહ્ય પદાર્થોમાં ઇષ્ટાનિષ્ટની બુદ્ધિ વર્તતી નથી, પરંતુ આત્માના જ્ઞાનસ્વરૂપમાં લય પામેલું વિજ્ઞાન તેઓને હોય છે; અને સાધના કરીને આત્મા જ્યારે મુક્ત થાય છે, ત્યારે બૌદ્ધ મતાનુસાર જેમ મુક્ત આત્માઓના આલયવિજ્ઞાનરૂપ જ્ઞાનમાં ગ્રાહ્ય એવા ઘટપટાદિ આકારોની નિવૃત્તિ થાય છે, તેમ સ્યાદ્વાદના મતાનુસાર તત્ત્વના પર્યાલોચનથી ઉપપ્લવની=રાગરૂપ ઉપપ્લવની, નિવૃત્તિ થાય છે, તેથી આત્માને ધ્રુવ જોવા છતાં પણ નિવૃત્ત થયેલો એવો રાગ ફરી પ્રગટ થતો નથી.

આશય એ છે કે સ્યાદ્વાદના મતાનુસાર પદાર્થના વાસ્તવિક સ્વરૂપનું પર્યાલોચન કરવાથી આત્મા આત્મારૂપે નિત્ય જણાય છે અને આત્મા પર્યાયરૂપે અનિત્ય જણાય છે. વળી, સંસારી આત્મા કર્મોથી બંધાયેલો જણાય છે અને મુક્ત આત્મા કર્મથી રહિત જણાય છે. વળી, સંસારી જીવો કર્મોથી બંધાયેલા હોવાને કારણે ચાર ગતિના પરિભ્રમણરૂપ વિડંબણાને પામતા જણાય છે, અને આ વિડંબણાનું બીજ રાગ છે તેમ જણાય છે; કેમ કે રાગથી જીવ બાહ્ય પદાર્થમાં પ્રવૃત્તિ કરે છે, આરંભ-સમારંભ કરે છે, અને તેના કારણે કર્મ બાંધે છે તેમ જણાય છે. તેથી આ સર્વ અનિષ્ટનું બીજ રાગ છે તેવો બોધ થાય છે. તે વખતે સ્યાદ્વાદથી વિવેકવાળી દૃષ્ટિ થવાને કારણે ચિત્તમાં રાગના ઉપપ્લવનું શમન થાય છે અને ચિત્તમાં રાગના ઉપપ્લવના શમનને કારણે નિવૃત્ત થયેલો રાગ આત્માને ધ્રુવ જોવા છતાં પણ પ્રગટ થતો નથી.

તેથી ગ્રંથકારશ્રી કહે છે કે બૌદ્ધ દર્શનવાળા જે કહે છે કે "આત્માને ક્ષણિક સ્વીકારવાથી જ આત્મા પ્રત્યેનો રાગ નિવૃત્ત થાય છે, અન્યથા નહીં, તે પ્રકારનો ગુણ ક્ષણિક દર્શનમાં છે" એવું નથી, પરંતુ આત્માને ધ્રુવ જોવા છતાં પણ રાગના અનર્થકારી સ્વરૂપના પર્યાલોચનને કારણે રાગ નિવૃત્ત થઈ શકે છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે "આત્માને ધ્રુવ સ્વીકારીએ તો આત્મા પ્રત્યેનો રાગ જાય નહીં, અને આત્મા પ્રત્યેનો રાગ જાય નહીં તો મુક્તિ થાય નહીં. વળી, આત્માને ક્ષણિક સ્વીકારવાથી ક્ષણિક એવા આત્મા પ્રત્યેનો રાગ જાય છે, તેથી મુક્તિ થાય છે. પરંતુ 'આત્મા ક્ષણિક છે' એટલું સ્વીકારવામાત્રથી કે વિચારવામાત્રથી આત્માનો ક્ષણિક ભાવ સ્થિર થતો નથી, પરંતુ ક્ષણિકવાદના પરમાર્થનું પર્યાલોચન કરવાથી આત્માના ક્ષણિકપણાનો બોધ સ્થિરપણાને

પામે છે ત્યારે આત્મા પ્રત્યેનો રાગ જાય છે; તેથી મુક્તિ થાય છે," તેમ બૌદ્ધ દર્શનકાર કહે છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે આત્માને ધ્રુવ સ્વીકારવા છતાં પણ રાગના અનર્થકારી સ્વરૂપનું પર્યાલોચન કરવામાં આવે, અને શાસ્ત્રવચનાનુસાર રાગના ઉચ્છેદમાં ઉદ્યમ કરવામાં આવે, તો મુક્ત આત્માઓના જ્ઞાનમાં બૌદ્ધ મતાનુસાર જેમ ગ્રાહ્ય આકારોની નિવૃત્તિ થાય છે, તેમ સ્યાદ્વાદ મતાનુસાર ચિત્તમાં રાગના ઉપપ્લવની નિવૃત્તિ થાય છે. તેથી આત્માને ધ્રુવ સ્વીકારવા છતાં રાગની પ્રાપ્તિ થતી નથી. માટે "આત્માને ક્ષણિક સ્વીકારીએ તો જ રાગની નિવૃત્તિરૂપ ગુણ પ્રાપ્ત થાય છે" એમ જે બૌદ્ધ કહે છે, તે સંગત નથી.

આ કથન સમાન કથન "યોગબિંદુ"ના શ્લોક-૪૭૫માં છે. **॥૧૩/૪૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે ક્ષણિકદર્શનમાં ગુણ નથી. હવે તેમાં જે અનર્થ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**प्रत्युतानित्यभावे हि, स्वतः क्षणजनुर्द्धिया ।**
**हेत्वनादरतः सर्वक्रियाविफलता भवेत् ।।४३।।**

**અન્વયાર્થ :-**

**प्रत्युतानित्यभावे हि=ઊલટું, અનિત્યભાવ હોતે છતે=આત્માનો ક્ષણ સ્થાયી સ્વભાવ હોતે છતે, स्वतः क्षणजनुर्द्धियाः=સ્વતઃ અર્થાત્ અન્યથી નહીં પરંતુ સ્વતઃ "ક્ષણ-જન્મ"ની બુદ્ધિ થવાના કારણે પોતે એક ક્ષણ રહેવાનો છે એવી બુદ્ધિ થવાને કારણે, हेत्वनादरतः=હેતુનો અનાદર થવાથી=મોક્ષના હેતુ એવા યોગમાર્ગનો અનાદર થવાથી, सर्वक्रियाविफलता भवेत्=સર્વ ક્રિયાઓની વિફલતા થશે અર્થાત્ મોક્ષના ઉપાયરૂપે ઉપદેશ અપાતી સર્વક્રિયાઓની વિફલતા થશે. ॥૧૩/૪૩॥**

**શ્લોકાર્થ :-**

**ઊલટું, અનિત્યભાવ હોતે છતે=આત્માનો ક્ષણ સ્થાયી સ્વભાવ**

**હોતે છતે સ્વતઃ "ક્ષણ-જન્મ"ની બુદ્ધિ થવાના કારણે મોક્ષના હેતુ એવા યોગમાર્ગનો અનાદર થવાથી મોક્ષના ઉપાયરૂપે ઉપદેશ અપાતી સર્વ ક્રિયાઓની વિફલતા થશે. ।।૧૩/૪૩।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૩માં ક્ષણિકવાદી બૌદ્ધે સ્થાપન કરેલ કે પદાર્થને ધ્રુવ જોવાથી ઉત્પન્ન થયેલ તૃષ્ણા પદાર્થને ક્ષણિક જોવાથી નિવૃત્તિને પામે છે. માટે ક્ષણિકવાદ સ્વીકારવામાં મહાન ગુણ છે.

તેનું નિરાકરણ કરતાં શ્લોક-૪૨માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પદાર્થને ધ્રુવ જોવામાં પણ પ્રેમનાશરૂપ ગુણ થઈ શકે છે. વળી, પદાર્થને ક્ષણિક સ્વીકારીએ તો, ઊલટું ક્ષણિકપક્ષમાં પદાર્થ સ્વતઃ ક્ષણસ્થિતિજન્મવાળો છે અર્થાત્ અન્ય દ્વારા નાશ પામતો નથી, પરંતુ ઉત્પન્ન થયા પછી એકક્ષણ સ્થિતિ રહીને સ્વતઃ નાશ પામે છે, તેવી બુદ્ધિ થવાને કારણે સંસારના ઉચ્છેદના હેતુઓમાં અનાદર થશે; કેમ કે જો આત્મા ઉત્પન્ન થઈને સ્વતઃ જ બીજી ક્ષણે નાશ પામવાનો હોય તો આત્માને મોક્ષની પ્રાપ્તિ, કરવાની રહે નહીં તેથી કોઈ વિચારક મોક્ષના ઉપાયને સેવવાની પ્રવૃત્તિ કરે નહીં માટે ક્ષણિકવાદના સ્થાપનમાં યોગમાર્ગની સર્વ ક્રિયાઓ વિફલ સિદ્ધ થાય તેથી ક્ષણિકવાદ યોગમાર્ગની પ્રવૃત્તિના વિઘટનનું કારણ છે. **।।૧૩/૪૩।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૪થી ૪૩ સુધી કરેલ ક્ષણિકવાદના નિરાકરણનું નિગમન કરતાં કહે છે=ફલિતાર્થ બતાવે છે –**

**શ્લોક :-**

**तस्मादिदमपि त्याज्यमनित्यत्वस्य दर्शनम् ।**
**नित्यसत्यचिदानन्दपदसंसर्गमिच्छता ।।४४।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી અર્થાત્ પૂર્વના શ્લોકોમાં અનિત્ય પક્ષમાં દોષો બતાવ્યા તે કારણથી, नित्यसत्यचिदानन्दपदसंसर्गमिच्छता=નિત્ય સત્ય ચિદાનન્દ**

**સ્વરૂપ પદના=મોક્ષના, સંસર્ગને ઈચ્છતા એવા પુરુષ વડે, अनित्यत्वस्य इदमपि दर्शनं=અનિત્યત્વનું=અનિત્યત્વને કહેનારનું આ પણ દર્શન, त्याज्यं=ત્યાજ્ય છે. ॥૧૩/૪૪॥**

**શ્લોકાર્થ :-**

**પૂર્વના શ્લોકોમાં અનિત્ય પક્ષમાં દોષો બતાવ્યા તે કારણથી, નિત્ય સત્ય ચિદાનન્દરૂપ પદના સંસર્ગને ઈચ્છતા એવા પુરુષ વડે અનિત્યત્વને કહેનારનું આ પણ દર્શન ત્યાજ્ય છે. ॥૧૩/૪૪॥**

❖ અહીં 'अपि'થી એ ગ્રહણ કરવાનું છે કે ચાર્વાકનું દર્શન તો ત્યાજ્ય છે, પરંતુ બૌદ્ધનું દર્શન પણ ત્યાજ્ય છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં અનિત્ય પક્ષમાં પદાર્થની સંગતિ નથી તે બતાવ્યું; અને અંતે બતાવ્યું કે ક્ષણિકવાદમાં મોક્ષના ઉપાયભૂત સર્વ ક્રિયાઓ વિફલ થશે, તે કારણથી નિત્ય, સત્ય અને ચૈતન્યના આનંદસ્વરૂપ મોક્ષપદને ઇચ્છતા પુરુષે અનિત્યદર્શનનો ત્યાગ કરવો જોઈએ. અહીં મોક્ષનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે નિત્ય, સત્ય અને ચિદાનંદ સ્વરૂપ મોક્ષ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્મા મુક્ત થયા પછી સદા મુક્ત રહે છે, માટે મોક્ષ નિત્યપદરૂપ છે. વળી, મોક્ષમાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે, માટે મોક્ષ સત્યપદરૂપ છે. વળી, આત્માનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાનના આનંદ સ્વરૂપ છે, પરંતુ સંસારના ભોગાદિથી થતા વિકારી આનંદ સ્વરૂપ નથી. તેથી તેવા આનંદના ઇચ્છુક પુરુષે તેની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ એવા અનિત્યદર્શનનો ત્યાગ કરવો જોઈએ. **॥૧૩/૪૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં કહેલાં મિથ્યાત્વનાં છ સ્થાનોમાંથી "આત્મા નથી" એમ ચાર્વાક માને છે, તેનું નિરાકરણ પ્રથમ કર્યું. ત્યારબાદ "આત્મા નિત્ય નથી" એમ બૌદ્ધ માને છે, તેનું નિરાકરણ કર્યું. હવે મિથ્યાત્વના ત્રીજા અને ચોથા સ્થાનને સ્વીકાર કરનાર કપિલના દર્શનને બતાવીને તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે —**

**શ્લોક :-**

**न कर्त्ता नापि भोक्तात्मा, कापिलानां तु दर्शने ।**
**जन्यधर्माश्रयो नायं, प्रकृतिः परिणामिनी ।।४५।।**

**અન્વયાર્થ :-**

**कापिलानां तु दर्शने=વળી, કપિલના દર્શનમાં અર્થાત્ કપિલ ઋષિના અનુયાયી એવા સાંખ્યદર્શનમાં, आत्मा न कर्ता, नापि भोक्ता=આત્મા કર્તા નથી, ભોક્તા પણ નથી, जन्यधर्माश्रयो नायं=જન્યધર્મનો આશ્રય આ અર્થાત્ આત્મા નથી, प्रकृतिः परिणामिनी=પ્રકૃતિ પરિણામી છે. ।।૧૩/૪૫।।**

**શ્લોકાર્થ :-**

**વળી, કપિલ ઋષિના અનુયાયી એવા સાંખ્યદર્શનમાં આત્મા કર્તા નથી, ભોક્તા પણ નથી, જન્યધર્મનો આશ્રય આત્મા નથી, પ્રકૃતિ પરિણામી છે. ।।૧૩/૪૫।।**

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શનના મતે આત્મા કર્તા નથી, ભોક્તા પણ નથી. વળી, જન્યધર્મનો આશ્રય આત્મા નથી. તેથી એ ફલિત થાય કે આત્મા કૂટસ્થ નિત્ય છે અર્થાત્ સદા અવિચલિત એવા એક સ્વભાવવાળો છે, અને આત્માથી અતિરિક્ત પ્રકૃતિ છે, તે પરિણામ પામવાના સ્વભાવવાળી છે. **।।૧૩/૪૫।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે પ્રકૃતિ પરિણામી છે. તેથી સાંખ્યદર્શન મુજબ પ્રકૃતિના પરિણામો બતાવે છે –**

**શ્લોક :-**

**प्रथमः परिणामोऽस्या, बुद्धिर्धर्माष्टकाऽन्विता ।**
**ततोऽहङ्कारतन्मात्रेन्द्रियभूतोदयः क्रमात् ।।४६।।**

**અન્વયાર્થ :-**

**अस्या प्रथमः परिणामः=આનો=પ્રકૃતિનો પ્રથમ પરિણામ, धर्माष्टकाऽन्विता बुद्धिः=ધર્માષ્ટકથી અન્વિત=આઠ ધર્મથી અન્વિત એવી બુદ્ધિ છે. ततः= તેનાથી=બુદ્ધિથી, अहङ्कारतन्मात्रेन्द्रियभूतोदयः क्रमात्=અહંકાર, તન્માત્રા, ઇન્દ્રિય અને ભૂતનો ઉદય ક્રમથી થાય છે અર્થાત્ બુદ્ધિમાંથી અહંકાર, અહંકારમાંથી અગિયાર ઇન્દ્રિય અને પાંચ તન્માત્ર, પાંચ તન્માત્રમાંથી પાંચ ભૂત ક્રમથી પેદા થાય છે. ||૧૩/૪૬||**

**શ્લોકાર્થ :-**

**પ્રકૃતિનો પ્રથમ પરિણામ આઠ ધર્મથી અન્વિત એવી બુદ્ધિ છે. બુદ્ધિમાંથી અહંકાર, અહંકારમાંથી અગિયાર ઇન્દ્રિય અને પાંચ તન્માત્ર, પાંચ તન્માત્રમાંથી પાંચ ભૂત ક્રમથી પેદા થાય છે. ||૧૩/૪૬||**

**ભાવાર્થ :-**

પરિણામ પામવાના સ્વભાવવાળી પ્રકૃતિનો પ્રથમ પરિણામ બુદ્ધિ છે, જે આઠ ધર્મથી યુક્ત છે. આ આઠ ધર્મો આ મુજબ છે : (૧) જ્ઞાન, (૨) અજ્ઞાન, (૩) ઐશ્વર્ય, (૪) અનૈશ્વર્ય, (૫) વૈરાગ્ય, (૬) અવૈરાગ્ય, (૭) ધર્મ, (૮) અધર્મ. સાંખ્યદર્શનનાં મુખ્ય ૨૫ તત્ત્વોને બતાવવા "સાંખ્યકારિકા" નામના ગ્રંથમાં શ્લોક-૨૩માં બુદ્ધિના આ આઠ ધર્મો બતાવ્યા છે.

બુદ્ધિમાંથી અહંકાર પેદા થાય છે. અહંકારમાંથી અગિયાર ઇન્દ્રિયો અને પાંચ તન્માત્ર પેદા થાય છે. અગિયાર ઇન્દ્રિયો આ મુજબ છે : (૧) શ્રોત્રેન્દ્રિય, (૨) ઘ્રાણેન્દ્રિય, (૩) જિહ્વાઇન્દ્રિય, (૪) નયનેન્દ્રિય, (૫) સ્પર્શનેન્દ્રિય ઃ એ પાંચ જ્ઞાનેન્દ્રિય; (૬) વાક્, (૭) પાણિ=હાથ (૮) પાદ=પગ (૯) પાયુ (મલેન્દ્રિય) (૧૦) ઉપસ્થ (મૂત્રેન્દ્રિય) : એ પાંચ કર્મેન્દ્રિય અને (૧૧) મન : એ ઉભયેન્દ્રિય છે.

પાંચ તન્માત્રમાંથી પાંચ મહાભૂત પેદા થાય છે. (૧) શબ્દ તન્માત્રમાંથી આકાશ, (૨) સ્પર્શ તન્માત્રમાંથી વાયુ, (૩) રૂપ તન્માત્રમાંથી તેજ (૪) રસ તન્માત્રમાંથી જલ અને (૫) ગંધ તન્માત્રમાંથી પૃથ્વી પેદા થાય છે.

સાંખ્યદર્શનને માન્ય ૨૫ તત્ત્વો નીચે પ્રમાણે છે. **||૧૩/૪૬||**

(૧) પુરુષ (અપરિણામી)

(૨) પ્રકૃતિ (પરિણામી)

↓

(૩) બુદ્ધિ

(૪) અહંકાર

↓

અગિયાર ઇન્દ્રિય

| પાંચ જ્ઞાનેન્દ્રિય | પાંચ કર્મેન્દ્રિય | ઉભયેન્દ્રિય |
|---|---|---|
| (૫) શ્રોત્રેન્દ્રિય | (૧૦) વાક્ | (૧૫) મન |
| (૬) ઘ્રાણેન્દ્રિય | (૧૧) પાણિ (હાથ) | |
| (૭) જિહ્વાઇન્દ્રિય | (૧૨) પાદ (પગ) | |
| (૮) નયનેન્દ્રિય | (૧૩) પાયુ (મલેન્દ્રિય) | |
| (૯) સ્પર્શનેન્દ્રિય | (૧૪) ઉપસ્થ (મૂત્રેન્દ્રિય) | |

| પાંચ તન્માત્ર | | પાંચ ભૂત | |
|---|---|---|---|
| (૧૬) શબ્દતન્માત્ર | → | આકાશ | (૨૧) |
| (૧૭) સ્પર્શતન્માત્ર | → | વાયુ | (૨૨) |
| (૧૮) રૂપતન્માત્ર | → | તેજ | (૨૩) |
| (૧૯) રસતન્માત્ર | → | જલ | (૨૪) |
| (૨૦) ગન્ધતન્માત્ર | → | પૃથ્વી | (૨૫) |

**અવતરણિકા :-**

**શ્લોક-૪૫માં બતાવ્યું કે કાપિલ મતાનુસાર આત્મા કર્તા અને ભોક્તા નથી, વળી, પ્રકૃતિ પરિણામી છે, અને શ્લોક-૪૬માં પ્રકૃતિના પરિણામો બતાવ્યા. ત્યાં પ્રશ્ન થાય કે પ્રકૃતિના પરિણામોથી જગતની વ્યવસ્થા સંગત થઈ જાય છે, તો આત્માને=પુરુષને, માનવાની શું જરૂર છે ? તેથી કપિલદર્શનવાળા હવે પુરુષની સિદ્ધિ કરે છે –**

**શ્લોક :-**

**चिद्रूपपुरुषो बुद्धेः, सिध्यै चैतन्यमानतः ।**
**सिद्धिस्तस्याऽविषयाऽवच्छेदनियमान्वितः ।।४७।।**

**અન્વયાર્થ :-**

**अविषयाऽवच्छेदनियमान्वितः चिद्रूपपुरुषः=અવિષયના અવચ્છેદ નિયમથી અન્વિત એવો ચિદ્રૂપ પુરુષ છે, चैतन्यमानतः बुद्धेः सिध्यै=ચૈતન્યના પ્રમાણથી બુદ્ધિની સિદ્ધિ માટે, तस्य सिद्धिः=તેની અર્થાત્ પુરુષની, સિદ્ધિ છે. ।।૧૩/૪૭।।**

**શ્લોકાર્થ :-**

**અવિષયના અવચ્છેદ નિયમથી અન્વિત એવો ચિદ્‌રૂપ પુરુષ છે. ચૈતન્યના પ્રમાણથી બુદ્ધિની સિદ્ધિ માટે પુરુષની સિદ્ધિ છે. ||૧૩/૪૭||**

❖ શ્લોકના ઉત્તરાર્ધમાં 'सिद्धिस्तस्या अविषयाऽवच्छेदनियमान्वितः' ઉપલબ્ધ પુસ્તકમાં છે તેના સ્થાને 'सिद्धिस्तस्याऽविषयाऽवच्छेदनियमान्वितः' એમ પાઠ હોવો જોઈએ તેમ ભાસે છે અને તે પ્રમાણે અર્થ કરેલ છે; કેમ કે 'तस्या' શબ્દથી 'चिद्रूपपुरुष'નો પરામર્શ થતો નથી, અને શ્લોકના અર્થ પ્રમાણે 'तस्य' શબ્દ 'चिद्रूपपुरुष'નો પરામર્શક જોઈએ. તેથી 'तस्या'ને સ્થાને 'तस्य' ગ્રહણ કરેલ છે, અને 'तस्य+अविषयावच्छेदनियमान्वितः' એ પ્રમાણેની સંધિપૂર્વકનું એક પદ લખેલ છે.

**ભાવાર્થ :-**

સાંખ્ય મત પ્રમાણે ચિદ્રૂપ પુરુષ છે, અને તે ચિદ્રૂપ પુરુષ કોઈ પદાર્થનું જ્ઞાન કરતો નથી. તે બતાવવા માટે કહ્યું કે અવિષય-અવચ્છેદના નિયમથી યુક્ત એવો ચિદ્રૂપ પુરુષ છે; અને પુરુષ ચિદ્રૂપ હોવા છતાં વિષયોનું જ્ઞાન કરતો નથી, તેનું પ્રમાણ શું ? તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રી સ્વયં શ્લોક-૪૮માં કરશે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે જો માત્ર પ્રકૃતિનો આખો જગતવિલાસ હોય અને ચિદ્રૂપ પુરુષ કાંઈ જ કરતો ન હોય, તો પુરુષને સ્વીકારવામાં ન આવે અને પ્રકૃતિથી દેખાતા સર્વ પદાર્થોની સંગતિ કરવામાં આવે તો શું વાંધો ? કેમ કે દૃષ્ટ પદાર્થોની વ્યવસ્થાની સંગતિ કરવા માટે જ નવા પદાર્થોની કલ્પના કરવામાં આવે છે, અને પુરુષ દેખાતો નથી, તેથી તેની કલ્પના વગર પણ પદાર્થની વ્યવસ્થા સંગત થઈ જતી હોય તો પુરુષને માનવાની જરૂર રહે નહીં. તેના નિરાકરણ માટે પુરુષને સ્વીકારવાની યુક્તિ સાંખ્યદર્શનકારો બતાવે છે :

બુદ્ધિ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી છે, અને પ્રકૃતિ જડ છે તેથી તેના કારણે બુદ્ધિ પણ જડ સિદ્ધ થાય, અને જડ એવી બુદ્ધિમાં પણ ચૈતન્ય દેખાય છે. તેથી બુદ્ધિમાં ચૈતન્યની સિદ્ધિ કરવા માટે પુરુષની સિદ્ધિ છે. એમ સાંખ્યદર્શનકારો કહે છે અને તેમાં યુક્તિ આપે છે કે બુદ્ધિ જડ હોવા છતાં બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેથી બુદ્ધિમાં ચૈતન્યભાવ દેખાય છે; અને કહે છે કે બુદ્ધિમાં

ચૈતન્યભાવ તો સંગત થાય કે જડ એવી બુદ્ધિમાં પણ ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે, એમ સ્વીકારવામાં આવે. આમ, બુદ્ધિમાં દેખાતા ચૈતન્યની સંગતિ પુરુષને સ્વીકાર્યા વગર થાય નહીં. તેથી બુદ્ધિથી અતિરિક્ત ચૈતન્યરૂપ આત્મા સિદ્ધ થાય છે, એમ સાંખ્યદર્શનકારનો મત છે. **॥૧૩/૪૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે અવિષય અવચ્છેદ નિયમથી અન્વિત ચિદ્રૂપ પુરુષ છે અર્થાત્ વિષયોનો બોધ નહીં કરવાના નિયમથી યુક્ત પુરુષ છે. તેથી ચિદ્રૂપ પુરુષને વિષયોનો બોધ કરનારો માનીએ તો શું દોષ આવે ? તે બતાવવા અર્થે, અને બુદ્ધિ સિવાય અન્ય કોઈ પદાર્થો વિષયોના બોધમાં કેમ કારણ નથી ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**हेतुत्वे पुंस्प्रकृत्यर्थेन्द्रियाणामत्र निर्वृतिः ।**
**दृष्टादृष्टविभागश्च, व्यासङ्गश्च न युज्यते ॥४८॥**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં અર્થાત્ વિષયના અવચ્છેદમાં, पुंस्प्रकृत्यर्थेन्द्रियाणाम् हेतुत्वे= પુરુષનું, પ્રકૃતિનું, અર્થનું અને ઇન્દ્રિયોનું હેતુપણું હોતે છતે, निर्वृतिः दृष्टादृष्टविभागश्च व्यासङ्गश्च न युज्यते=મોક્ષ, દૃષ્ટાદૃષ્ટ વિભાગ અને વ્યાસંગ ઘટે નહીં. ॥૧૩/૪૮॥**

**શ્લોકાર્થ :-**

**વિષયના અવચ્છેદમાં પુરુષનું, પ્રકૃતિનું, અર્થનું અને ઇન્દ્રિયોનું હેતુપણું હોતે છતે મોક્ષ, દૃષ્ટાદૃષ્ટ વિભાગ અને વ્યાસંગ ઘટે નહીં અર્થાત્ વિષયના બોધમાં પુરુષ અથવા પ્રકૃતિનું હેતુપણું હોતે છતે મોક્ષ ઘટે નહીં, અર્થનું હેતુપણું હોતે છતે દૃષ્ટાદૃષ્ટ વિભાગ ઘટે નહીં અને ઇન્દ્રિયોનું હેતુપણું હોતે છતે વ્યાસંગ ઘટે નહીં. ॥૧૩/૪૮॥**

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શનકાર કહે છે કે પુરુષને જ્ઞાનના વિષયભૂત પદાર્થોનો જાણનારો

સ્વીકારીએ તો પુરુષ નિત્ય છે, તેથી બાહ્ય વિષયોનું જ્ઞાન પુરુષને સદા થયા કરશે. તેથી મોક્ષની પ્રાપ્તિ નહીં થાય; કેમ કે સાંખ્ય મતાનુસાર બાહ્ય પદાર્થોનું બુદ્ધિ જે જ્ઞાન કરે છે, તે જ્ઞાન કરવાનું બંધ થાય તે મોક્ષ છે; અને આત્મા જ્ઞાન કરે છે, તેમ સ્વીકારીએ તો આત્મા નિત્ય હોવાથી સદા જ્ઞાન થયા કરે. તેથી મોક્ષની પ્રાપ્તિ થાય નહીં.

પ્રકૃતિ જ્ઞાન કરે છે તેમ સ્વીકારીએ તો પ્રકૃતિ પણ નિત્ય છે. તેથી સદા જ્ઞાન થયા કરે તેથી મોક્ષની પ્રાપ્તિ થાય નહીં.

આ રીતે પુરુષને અને પ્રકૃતિને બોધનો હેતુ સ્વીકારીએ તો મોક્ષની સંગતિ થાય નહીં. માટે તે બેને છોડીને કોઈ અન્ય પદાર્થને બાહ્ય પદાર્થોના બોધનો હેતુ સ્વીકારીએ તો, મોક્ષની સંગતિ થાય છે; કેમ કે સાંખ્યમતાનુસાર બાહ્ય પદાર્થો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે અને સાધના દ્વારા તે બાહ્ય પદાર્થો પ્રકૃતિમાં વિલય પામી જાય છે, માટે બાહ્ય વિષયોનો અભાવ થવાથી અને બાહ્ય પદાર્થનો બોધ કરનાર એવા પ્રકૃતિ અને પુરુષથી અન્ય પદાર્થનો પણ અભાવ થવાથી, બાહ્ય વિષયોનું જ્ઞાન થાય નહીં. તેથી સાંખ્યદર્શનકારો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી અને પુરુષ-પ્રકૃતિથી ભિન્ન એવી બુદ્ધિને બોધનો હેતુ સ્વીકારે છે.

વળી બુદ્ધિને બદલે બોધ પ્રત્યે બાહ્ય પદાર્થોરૂપ અર્થને હેતુ સ્વીકારીએ તો જગતમાં જેટલા પદાર્થો છે, તે સર્વ પદાર્થોનો બોધ થવો જોઈએ; કેમ કે બાહ્ય પદાર્થો જ બોધના હેતુ છે તેથી તે સર્વ પદાર્થો પોતાનો બોધ અવશ્ય કરાવે એમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો સંસારી જીવોને બાહ્ય પદાર્થોમાંથી કેટલાક પદાર્થો દૃષ્ટ છે અને કેટલાક પદાર્થો અદૃષ્ટ છે, તે વિભાગ ઘટે નહીં; કેમ કે બોધ પ્રત્યે બાહ્ય પદાર્થો હેતુ હોય તો જગતમાં વિદ્યમાન એવા સર્વ પદાર્થોનો બોધ થવો જોઈએ. માટે બોધ પ્રત્યે અર્થને=બાહ્ય પદાર્થોને, પણ હેતુ માની શકાય નહીં, એમ સાંખ્ય દર્શનકારો કહે છે.

આ રીતે પુરુષને કે પ્રકૃતિને બોધનો હેતુ ન સ્વીકારીએ અને બાહ્ય પદાર્થોને બોધનો હેતુ સ્વીકારીએ તો મોક્ષની સંગતિ થાય, પરંતુ બાહ્ય પદાર્થોને બોધનો હેતુ સ્વીકારીએ તો દૃષ્ટાદૃષ્ટ વિભાગની સંગતિ થાય નહીં. તેથી મોક્ષની અને દૃષ્ટાદૃષ્ટ વિભાગ બંનેની સંગતિ કરવા માટે પુરુષને, પ્રકૃતિને અને બાહ્ય

પદાર્થોને : એ ત્રણેને છોડીને અન્ય કોઈને બોધનો હેતુ માનવો પડે તેમ સાંખ્ય દર્શનકારો કહે છે.

હવે જો ઇન્દ્રિયોને બોધનો હેતુ સ્વીકારીએ તો, સાંખ્યમતાનુસાર ઇન્દ્રિયો પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિના ક્રમથી ઉત્પન્ન થાય છે, અને સાધના દ્વારા ઇન્દ્રિયો પ્રકૃતિમાં વિલય પામે છે, ત્યારે બોધનો અભાવ થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે ઇન્દ્રિયો બોધનો હેતુ સ્વીકારી શકાય અને ઇન્દ્રિયોને બોધનું કારણ સ્વીકારીએ તો જે પદાર્થો ઇન્દ્રિયો સાથે સંબંધમાં આવે, તેનો બોધ થાય, અન્યનો નહીં. તેથી પદાર્થરૂપ અર્થોને બોધનું કારણ સ્વીકારવાથી બોધના જે દૃષ્ટાદૃષ્ટ વિભાગની પ્રતીતિ છે તેની સંગતિ થતી ન હતી તેની સંગતિ થાય. છતાં ઇન્દ્રિયોને બોધનું કારણ સ્વીકારીએ તો વ્યાસંગની અનુપપત્તિ છે; કેમ કે ઇન્દ્રિયોને બોધનું કારણ સ્વીકારીએ તો જે વિષયોનો ઇન્દ્રિયો સાથે સંપર્ક હોય તેનો અવશ્ય બોધ થાય, અને જે વિષયોનો ઇન્દ્રિયો સાથે સંપર્ક ન હોય તેનો બોધ ન થાય તેમ માનવું પડે.

વસ્તુત: ઇન્દ્રિયોનો વિષયો સાથે સંપર્ક હોય તોપણ ચિત્ત વ્યાસંગ અવસ્થામાં હોય અર્થાત્ અન્યમનસ્ક હોય તો બોધ થતો નથી. તેથી ઇન્દ્રિયોને બોધનો હેતુ સ્વીકારવાથી વ્યાસંગની સંગતિ નહીં થતી હોવાથી ઇન્દ્રિયોને બોધનો હેતુ સ્વીકારી શકાય નહીં એમ સાંખ્યદર્શનકારો કહે છે.

તેથી સાંખ્યદર્શનકારના મતે એ પ્રાપ્ત થયું કે પુરુષ, પ્રકૃતિ, અર્થ અને ઇન્દ્રિયો બાહ્ય પદાર્થના બોધ પ્રત્યે હેતુ નથી. માટે અનન્ય ગતિથી બુદ્ધિને બોધ પ્રત્યે હેતુ સ્વીકારી શકાય, અને સાધના કરવાથી બુદ્ધિ પ્રકૃતિમાં વિલય પામે છે ત્યારે પદાર્થનો બોધ કરનાર બુદ્ધિ નહીં હોવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ રીતે પુરુષાદિ બોધ પ્રત્યે હેતુ નથી, તેમ સાંખ્ય દર્શનકારના મત અનુસાર સ્થાપન કર્યું. તેથી સાંખ્ય દર્શનકારના મત પ્રમાણે એ અર્થ પ્રાપ્ત થયો કે "ચિદ્રૂપ એવો પુરુષ અવિષય અવચ્છેદ નિયમથી અન્વિત છે" અર્થાત્ પદાર્થોનો બોધ નહીં કરવાના સ્વભાવવાળો છે; કેમ કે જો પુરુષ વિષયનો બોધ કરે છે તેમ સ્વીકારીએ તો પુરુષનો મોક્ષ ઘટે નહીં. **॥૧૩/૪૮॥**

**અવતરણિકા :-**

**સાંખ્યમતાનુસાર બુદ્ધિથી જગતની વ્યવસ્થા સંગત થતી હોવા છતાં**

**પુરુષને માનવાનું પ્રયોજન શું છે ? તે યુક્તિથી શ્લોક-૪૭માં બતાવ્યું. હવે સાંખ્યમત પ્રમાણે બુદ્ધિના કાર્યરૂપે અહંકારની સિદ્ધિ કરે છે –**

**શ્લોક :-**

**स्वप्ने व्याघ्रादिसङ्कल्पान्नरत्वानभिमानतः ।**
**अहङ्कारश्च नियतव्यापारः परिकल्प्यते ।।४९।।**

**અન્વયાર્થ :-**

**स्वप्ने व्याघ्रादिसङ्कल्पात् नरत्वानभिमानतः=સ્વપ્નમાં વ્યાઘ્રાદિના સંકલ્પથી નરત્વનું અનભિમાન થવાને કારણે, नियतव्यापारः अहङ्कारश्च परिकल्प्यते= નિયત વ્યાપારવાળો અહંકાર કલ્પના કરાય છે. ।।૧૩/૪૯।।**

**શ્લોકાર્થ :-**

**સ્વપ્નમાં વ્યાઘ્રાદિના સંકલ્પથી નરત્વનું અનભિમાન થવાને કારણે નિયત વ્યાપારવાળો અહંકાર કલ્પના કરાય છે. ।।૧૩/૪૯।।**

**ભાવાર્થ :-**

કોઈને સ્વપ્ન આવે કે "હું વાઘ છું" ત્યારે તેને સ્વપ્નમાં વાઘનું અભિમાન થાય છે અને તે વખતે પોતે નર હોવા છતાં "હું નર છું" એવું અભિમાન થતું નથી. આ પ્રકારના અનુભવના બળથી અહંકારની કલ્પના કરાય છે અને એ રીતે પુરુષ કોઈ કાર્ય નહીં કરતો હોવા છતાં પુરુષને "હું કરું છું" એવું અભિમાન થાય છે, જેમ સ્વપ્નમાં નરને વાઘનું અભિમાન થાય છે. અને બુદ્ધિ આ સર્વ કાર્યો કરતી હોવા છતાં બુદ્ધિને "હું આ કરું છું" એવું અભિમાન થતું નથી. જેમ સ્વપ્નમાં નરને નરનું અભિમાન થતું નથી. તેથી બુદ્ધિથી અતિરિક્ત અહંકાર છે, તેમ સાંખ્ય દર્શનકારો કહે છે.

"હું વાઘ છું" એવા પ્રકારની બુદ્ધિ એ અહંકાર છે. "હું કર્તા છું" એવા પ્રકારની બુદ્ધિ એ પણ અહંકાર છે. **।।૧૩/૪૯।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સાંખ્યમતાનુસાર બુદ્ધિમાંથી અહંકાર થાય છે, તે બતાવ્યું.**

હવે તેમાંથી તન્માત્રાદિની ઉત્પત્તિ થાય છે, તે બતાવીને સાંખ્યમતનો ફલિતાર્થ કહે છે –

**શ્લોક :-**

**तन्मात्रादिक्रमस्तस्मात्प्रपञ्चोत्पत्तिहेतवे ।**

**इत्थं बुद्धिर्जगत्कर्त्री, पुरुषो न विकारभाक् ।।५०।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તેનાથી અર્થાત્ અહંકારથી, प्रपञ्चोत्पत्तिहेतवे तन्मात्रादिक्रमः=પ્રપંચની ઉત્પત્તિના હેતુઅર્થક તન્માત્રાદિનો ક્રમ છે, इत्थं=આ રીતે અર્થાત્ પૂર્વશ્લોકોમાં બુદ્ધિની સિદ્ધિ કરી તથા બુદ્ધિમાંથી અહંકાર અને તન્માત્રાદિ થાય છે તેમ કહ્યું એ રીતે, बुद्धिः जगत्कर्त्री=બુદ્ધિ જગત્કર્ત્રી છે, पुरुषः न विकारभाक्=પુરુષ વિકારવાળો નથી. ।।૧૩/૫૦।।**

**શ્લોકાર્થ :-**

**અહંકારથી પ્રપંચની ઉત્પત્તિના હેતુઅર્થક તન્માત્રાદિનો ક્રમ છે. પૂર્વશ્લોકોમાં બુદ્ધિની સિદ્ધિ કરી તથા બુદ્ધિમાંથી અહંકાર અને તન્માત્રાદિ થાય છે તેમ કહ્યું એ રીતે બુદ્ધિ જગત્કર્ત્રી છે, પુરુષ વિકાર-વાળો નથી. ।।૧૩/૫૦।।**

**ભાવાર્થ :-**

સાંખ્યમતાનુસાર અહંકારમાંથી પાંચ તન્માત્રા અને અગિયાર ઇન્દ્રિયોની ઉત્પત્તિ થાય છે, તથા પાંચ તન્માત્રામાંથી પાંચ ભૂત પ્રગટ થાય છે. આમ, બાહ્ય જગતમાં દેખાતા તમામ પદાર્થો, પાંચ ભૂતના મિલનથી પ્રગટ થતો દેહ, ગંધાદિ પાંચ તન્માત્રા તથા મન આદિ અગિયાર ઇન્દ્રિયો એ સર્વરૂપ પ્રપંચની ઉત્પત્તિ અહંકારમાંથી થાય છે.

શ્લોક-૪૫થી અત્યાર સુધી સાંખ્યમતના પદાર્થો બતાવ્યા, તેનો ફલિતાર્થ શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

બુદ્ધિ જ જગતની કર્તા છે અને પુરુષ વિકારવાળો નથી. તાત્પર્ય એ છે કે સાંખ્યમત મુજબ જગતમાં આપણે જે કાર્યો કરીએ છીએ તે સર્વે પ્રકૃતિથી

ઉત્પન્ન થયેલ બુદ્ધિ જ કરે છે, અને આત્મા કૂટસ્થ નિત્ય છે માટે કર્તા અને ભોક્તા નથી. **II૧૩/૫૦II**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે પુરુષ વિકારવાળો નથી. ત્યાં પ્રશ્ન થાય કે જો પુરુષ વિકારવાળો ન હોય તો ચેતન એવો "હું કરું છું" એ પ્રમાણેની સર્વજનને થતી પ્રતીતિ કઈ રીતે સંગત થાય ? અને પુરુષ વિકાર વગરનો જ હોય તો વિકાર વગરની અવસ્થારૂપ મોક્ષની પ્રાપ્તિ અર્થે સાધનાનો ઉપદેશ કઈ રીતે સંગત થાય ? તેના સમાધાન માટે સાંખ્યદર્શનકાર શ્લોક-૫૧ અને ૫૨માં કહે છે –**

**શ્લોક :-**

**पुरुषार्थोपरागौ द्वौ, व्यापारावेश एव च ।**
**अत्रांशो वेद्म्यहं वस्तु, करोमीति च धीस्ततः ।।५१।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં અર્થાત્ બુદ્ધિમાં, पुरुषार्थोपरागौ द्वौ=પુરુષ ઉપરાગ, અર્થ ઉપરાગ એ બે, व्यापारावेश एव च=અને વ્યાપારાવેશ જ, अंशः=અંશ છે, ततः=તેથી અર્થાત્ બુદ્ધિમાં ઉપરોક્ત અંશ છે તેથી, वेद्म्यहं वस्तु करोमीति च इति धीः="હું વસ્તુ જાણું છું અને હું કરું છું" એ પ્રમાણેની બુદ્ધિ થાય છે. ।।૧૩/૫૧।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિમાં પુરુષ ઉપરાગ, અર્થઉપરાગ એ બે અને વ્યાપારાવેશ જ અંશ છે. તેથી "હું વસ્તુ જાણું છું" અને "હું કરું છું" એ પ્રમાણેની બુદ્ધિ થાય છે. ।।૧૩/૫૧।।**

**ભાવાર્થ :-**

સાંખ્યમત મુજબ બુદ્ધિના ત્રણ અંશો છે : (૧) **પુરુષઉપરાગ**, (૨) **અર્થઉપરાગ** અને (૩) **વ્યાપારાવેશ.**

**(૧) પુરુષઉપરાગ :-** બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે ત્યારે બુદ્ધિ પુરુષથી ઉપરંજિત થાય છે અને પુરુષ ચૈતન્યરૂપ હોવાથી બુદ્ધિને "હું ચૈતન્યરૂપ છું" એવો ભ્રમ થાય છે.

જેમ આકાશમાં રહેલા ચંદ્રનું પ્રતિબિંબ નિર્મળ જળમાં પડવાથી ચંદ્ર જળમાં છે તેવું ભાસે છે; તેમ ચૈતન્યરૂપ પુરુષનું પ્રતિબિંબ નિર્મળ એવી બુદ્ધિમાં પડવાથી બુદ્ધિ જડ હોવા છતાં ચૈતન્યરૂપ ભાસે છે, તે બુદ્ધિમાં પુરુષનો ઉપરાગ છે.

**(૨) અર્થઉપરાગ :-** બાહ્ય અર્થનો=પદાર્થોનો, પ્રતિભાસ થાય છે ત્યારે બુદ્ધિ ઘટ-પટાદિ બાહ્ય અર્થથી ઉપરંજિત બને છે તેથી ઘટાકાર-પટાકારરૂપ બુદ્ધિ પેદા થાય છે, તે અર્થઉપરાગ છે.

**(૩) વ્યાપારઆવેશ :-** પુરુષ ઉપરાગથી "હું ચૈતન્ય છું" એ પ્રકારની બુદ્ધિ થાય છે અને અર્થઉપરાગથી "હું ઘટપટાદિને જાણું છું" એ પ્રકારની બુદ્ધિ થાય છે. ત્યારપછી બોધને અનુરૂપ બુદ્ધિ ઘટપટાદિ પદાર્થોમાં ગ્રહણને અનુકૂળ કે નિવૃત્તિને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે, તે બુદ્ધિનો વ્યાપારઆવેશ છે.

આ રીતે પુરુષઉપરાગ, અર્થઉપરાગ અને વ્યાપારઆવેશરૂપ બુદ્ધિના ત્રણ અંશોથી જ્ઞાન અને વ્યાપારરૂપ સર્વ ક્રિયાઓ થાય છે. પુરુષ કાંઈ જાણતો નથી, કાંઈ કરતો નથી, એ તો સર્વથા વિકારરહિત છે અને બુદ્ધિ જ જ્ઞાન કરે છે, વ્યાપાર કરે છે.

અહીં વિશેષ એ છે કે બુદ્ધિથી "मम इदं कर्तव्यं" એ પ્રકારનો અધ્યવસાય થાય છે, તેમાં બુદ્ધિના ત્રણેય અંશો છે :

(૧) બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડવાથી "मम"ની પ્રતીતિ થાય છે, અને "मम" શબ્દથી પુરુષ વાચ્ય બને છે, તેથી પુરુષથી ઉપરંજિત એવી બુદ્ધિને "मम"ની જે પ્રતીતિ છે, તે બુદ્ધિમાં પુરુષ ઉપરાગ છે.

(૨) બુદ્ધિમાં પુરોવર્તી વસ્તુ દેખાય છે તે "इदं"થી પ્રતીત થાય છે, અને "इदं" શબ્દથી બાહ્ય વિષયો વાચ્ય બને છે તેથી વિષયોના સ્વરૂપથી ઉપરંજિત એવી બુદ્ધિને "इदं"ની જે પ્રતીતિ છે, તે બુદ્ધિમાં અર્થનો ઉપરાગ છે.

(૩) બોધ થયા પછી બાહ્ય પદાર્થો વિષયક "આ મારા માટે કર્તવ્ય છે" અર્થાત્ "આ મારે ગ્રહણ કરવું જોઈએ અથવા આ મારે ત્યાગ કરવું જોઈએ" એવી બુદ્ધિ થવાથી ગ્રહણ અને ત્યાગને અનુકૂળ વ્યાપાર થાય છે તેથી તે પ્રકારના વ્યાપારથી ઉપરંજિત એવી બુદ્ધિને "कर्तव्यं"ની જે પ્રતીતિ છે, તે બુદ્ધિમાં તે વ્યાપારનો આવેશ છે.

અહીં (૧) બુદ્ધિથી પુરુષ પૃથક્ હોવાથી પુરુષઉપરાગ અતાત્ત્વિક છે, અને બુદ્ધિને હું પુરુષરૂપ છું, એવો ભ્રમ છે. (૨) બુદ્ધિ જ અર્થાકારરૂપે પરિણમન પામે છે. તેથી અર્થઉપરાગ તાત્ત્વિક છે. (૩) બુદ્ધિમાં કૃતિગુણ હોવાને કારણે વ્યાપારઆવેશ તાત્ત્વિક છે.

આ લખાણ "શાસ્ત્રવાર્તા સમુચ્ચય, સ્તબક-૩"ના શ્લોક-૧૮ની ટીકા પ્રમાણે કરેલ છે. **॥૧૩/૫૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૫ અને ૪૬માં "સાંખ્યમત પ્રમાણે આત્મા કર્તા-ભોક્તા નથી, વળી જગત ૨૫ તત્ત્વાત્મક છે, અને પ્રકૃતિતત્ત્વમાંથી અન્ય ૨૩ તત્ત્વો પ્રગટ થાય છે" તે વાત કરી. ત્યારપછી બુદ્ધિથી અતિરિક્ત પુરુષને માનવાની યુક્તિ શ્લોક-૪૭માં બતાવી અને શ્લોક-૪૮માં તેનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી શ્લોક-૪૯માં બતાવ્યું કે બુદ્ધિમાંથી અહંકાર અને અહંકારમાંથી તન્માત્રાદિના ક્રમથી પ્રપંચ ઉત્પન્ન થાય છે અર્થાત્ અહંકારમાંથી દેખાતા બાહ્ય પદાર્થો, શરીર, ઈન્દ્રિય, મન વગેરે રૂપ પ્રપંચ થાય છે. આ રીતે જગતની વ્યવસ્થા બતાવીને બુદ્ધિ આખા જગતની કર્ત્રી છે, પુરુષ નહીં, એમ શ્લોક-૫૦માં સિદ્ધ કર્યું. ત્યાં પુરુષને કર્તૃત્વનું અભિમાન કેમ થયું ? તે બતાવવા માટે બુદ્ધિના ત્રણ અંશો શ્લોક-૫૧માં બતાવ્યા. આ રીતે સાંખ્યમત પ્રમાણે દેખાતા જગતની વ્યવસ્થા બતાવી. હવે સાંખ્યદર્શન પ્રમાણે મોક્ષ કઈ રીતે સંગત થાય છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**चेतनोऽहं करोमीति, बुद्धेर्भेदाग्रहात्स्मयः ।**
**एतन्नाशेऽनवच्छिन्नं, चैतन्यं मोक्ष इष्यते ।।५२।।**

**અન્વયાર્થ :-**

**बुद्धेः भेदाऽग्रहात्=બુદ્ધિથી ભેદનો અગ્રહ હોવાથી અર્થાત્ બુદ્ધિથી ચેતનના ભેદનું અજ્ઞાન હોવાને કારણે, चेतनोऽहं करोमीति स्मयः="ચેતન એવો હું કરું છું" એ પ્રમાણેનો સ્મય થાય છે અર્થાત્ આત્માને અભિમાન થાય છે. एतन्नाशेऽनवच्छिन्नं चैतन्यं=આના નાશમાં અર્થાત્ "ચેતન એવો હું કરું છું" એવા અભિમાનના નાશમાં અનવચ્છિન્ન એવું ચૈતન્ય અર્થાત્ "હું આ કરું છું" ઈત્યાદિ કૃતિથી અનવચ્છિન્ન એવું ચૈતન્ય, मोक्षः इष्यते=મોક્ષ ઈચ્છાય છે. ।।૧૩/૫૨।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિથી ચેતનના ભેદનું અજ્ઞાન હોવાને કારણે "ચેતન એવો હું કરું છું" એ પ્રમાણેનું આત્માને અભિમાન થાય છે. આના નાશમાં અનવચ્છિન્ન એવું ચૈતન્ય મોક્ષ ઈચ્છાય છે. ।।૧૩/૫૨।।**

**ભાવાર્થ :-**

બુદ્ધિથી ચેતનના ભેદનું અજ્ઞાન હોવાને કારણે "ચેતન એવો હું કરું છું" એ પ્રકારનું આત્માને અભિમાન થાય છે. વસ્તુતઃ બુદ્ધિ જ સર્વ કાર્યો કરે છે, પરંતુ બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડતું હોવાથી અને બુદ્ધિથી ભેદનો અગ્રહ હોવાથી આત્માને "ચૈતન્ય એવો હું કરું છું" એવું અભિમાન થાય છે, અને બુદ્ધિ સાથેના ભેદના અજ્ઞાનને કારણે અકર્તા એવો આત્મા બુદ્ધિનાં કાર્યો પોતે કરે છે, એવું અભિમાન ધારણ કરે છે, તે સંસાર છે અને ઉપદેશ દ્વારા પુરુષને વિવેક પેદા થાય છે ત્યારે સાધનાથી પુરુષને થયેલું કર્તૃત્વનું અભિમાન નાશ પામે છે. તેથી કર્તૃત્વની બુદ્ધિ પણ નાશ પામે છે, જેના કારણે અનવચ્છિન્ન ચૈતન્ય પ્રગટ થાય છે અર્થાત્ પૂર્વમાં "આ કાર્ય હું કરું છું" એ પ્રકારનાં તે તે કાર્યોથી અવચ્છિન્ન ચૈતન્ય હતું. હવે કર્તૃત્વબુદ્ધિ નાશ થવાથી ચૈતન્ય તે તે કાર્યોથી અવચ્છિન્ન રહેતું નથી, પરંતુ અનવચ્છિન્ન ચૈતન્ય પ્રગટ થાય છે, અને તે અનવચ્છિન્ન ચૈતન્ય મોક્ષ છે.

અહીં વિશેષ એ છે કે સાંખ્ય મતાનુસાર બુદ્ધિમાં ચૈતન્ય પ્રતિબિંબિત થાય છે અને બુદ્ધિ જ વિષયનો બોધ કરે છે અને તે તે કાર્યો કરે છે. તેથી બુદ્ધિમાં પ્રતિબિંબિત થયેલું ચૈતન્ય વિષયાવચ્છિન્ન બને છે, અને બુદ્ધિનો નાશ થવાથી

બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ થતું નથી, તેથી વિષયઅનવચ્છિન્ન ચૈતન્ય પ્રાપ્ત થાય છે, અને તે મોક્ષ છે એમ સાંખ્યદર્શન કહે છે. **॥૧૩/૫૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૦માં કહ્યું કે બુદ્ધિ જગતની કર્ત્રી છે, પુરુષ વિકારભાક્ નથી, તો પ્રશ્ન થાય કે પુરુષને સુખ-દુઃખનો જે અનુભવ થાય છે તે કેમ સંભવે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**कर्तृबुद्धिगते दुःखसुखे पुंस्युपचारतः ।**
**नरनाथे यथा भृत्यगतौ जयपराजयौ ।।५३।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, भृत्यगतौ जयपराजयौ नरनाथे (उपचारतः)=ભૃત્યગત જયપરાજય નરનાથમાં (ઉપચારથી છે), कर्तृबुद्धिगते दुःखसुखे पुंसि उपचारतः= તે પ્રમાણે કર્તૃબુદ્ધિગત દુઃખસુખ પુરુષમાં ઉપચારથી છે. ॥૧૩/૫૩॥**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે ભૃત્યગત જયપરાજય નરનાથમાં ઉપચારથી છે, તે પ્રમાણે કર્તૃબુદ્ધિગત દુઃખસુખ પુરુષમાં ઉપચારથી છે. ॥૧૩/૫૩॥**

**ભાવાર્થ :-**

જેમ, રાજસેવકો યુદ્ધમાં જય પામે છે કે પરાજય પામે છે, છતાં રાજા વિજય પામ્યો કે પરાજય પામ્યો એ પ્રમાણેનો ઉપચાર થાય છે, તે રીતે, "હું ભોગ કરું છું" એ પ્રકારની કર્તૃબુદ્ધિમાં સુખ અને દુઃખ ઉત્પન્ન થાય છે, છતાં પુરુષને સુખ અને દુઃખ થાય છે, એ પ્રમાણેનો ઉપચાર થાય છે.

તાત્પર્ય એ છે કે સાંખ્યમતાનુસાર પુરુષ સુખદુઃખથી અતીત સર્વથા વિકારરહિત છે. તેથી પુરુષ સુખદુઃખનો અનુભવ કરતો નથી, પરંતુ જલમાં ચંદ્રની જેમ બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ હોવાને કારણે બુદ્ધિમાં ઉત્પન્ન થતા સુખદુઃખનો ઉપચાર પુરુષમાં થાય છે. **॥૧૩/૫૩॥**

**અવતરણિકા :-**

**સાંખ્યમતના પદાર્થોની સિદ્ધિ કર્યા પછી હવે સાંખ્યમતનો ફલિતાર્થ કહે છે –**

**શ્લોક :-**

**कर्त्ता भोक्ता च नो तस्मादात्मा नित्यो निरञ्जनः ।**
**अध्यासादन्यथाबुद्धिस्तथा चोक्तं महात्मना ।।५४।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી અર્થાત્ પૂર્વમાં સિદ્ધ કર્યું કે બુદ્ધિ જગત્કર્ત્રી છે અને પુરુષ વિકારાત્મક નથી તે કારણથી, नित्यः निरञ्जनः आत्मा=નિત્ય, નિરંજન એવો આત્મા, कर्ता भोक्ता च नो=કર્તા અને ભોક્તા નથી, अध्यासादन्यथाबुद्धिः=અધ્યાસથી અન્યથાબુદ્ધિ થાય છે અર્થાત્ બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ હોવાને કારણે "હું ચેતન છું" એ પ્રમાણે બુદ્ધિને અધ્યાસ હોવાને કારણે "ચેતન એવો હું કરું છું" એવી વિપરીત બુદ્ધિ થાય છે, तथा च महात्मना उक्तं=અને તે પ્રમાણે મહાત્મા વડે અર્થાત્ મહાત્મા એવા પતંજલિ ઋષિ વડે કહેવાયું છે. ।।૧૩/૫૪।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં સિદ્ધ કર્યું કે બુદ્ધિ જગત્કર્ત્રી છે અને પુરુષ વિકારાત્મક નથી. તે કારણથી નિત્ય, નિરંજન એવો આત્મા કર્તા અને ભોક્તા નથી, અધ્યાસથી અન્યથાબુદ્ધિ થાય છે, અને તે પ્રમાણે મહાત્મા એવા પતંજલિ ઋષિ વડે કહેવાયું છે. ।।૧૩/૫૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૫૦માં સિદ્ધ કર્યું કે બુદ્ધિ જગત્કર્ત્રી છે અને પુરુષ વિકારરહિત છે. તે રીતે આત્મા સંસારના કોઈ ભાવનો કર્તા નથી અને કોઈ ભાવનો ભોક્તા પણ નથી. આત્મા કૂટસ્થ નિત્ય છે અને નિરંજન છે અર્થાત્ કોઈ ભાવોથી અંજિત થતો નથી, તેથી વિકારભાક્ નથી; પરંતુ બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેથી બુદ્ધિને અધ્યાસ થાય છે કે "હું પુરુષ છું" અને તે અધ્યાસથી "હું

એવો પુરુષ કરું છું”, “હું એવો પુરુષ ભોગવું છું.” એ પ્રકારની અન્યથાબુદ્ધિ થાય છે, અને તે પ્રમાણે મહાત્મા પતંજલિ ઋષિ વડે કહેવાયું છે, જે હવે પછીના શ્લોકમાં બતાવે છે. **॥૧૩/૫૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે “મહાત્મા વડે કહેવાયું છે”, તેથી હવે મહાત્મા એવા પતંજલિ ઋષિ વડે શું કહેવાયું છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**प्रकृतेः क्रियमाणानि, गुणैः कर्माणि सर्वथा ।**
**अहङ्कारविमूढात्मा, कर्त्ताहमिति मन्यते ।।५५।।**

**અન્વયાર્થ :-**

**सर्वथा प्रकृतेः गुणैः=સર્વથા અર્થાત્ સંપૂર્ણ રીતે પ્રકૃતિના ગુણો વડે, क्रियमाणानि कर्म्माणि=કરાતાં એવાં કર્મો છે અર્થાત્ કૃત્યો છે, अहङ्कार-विमूढात्मा=અહંકારથી વિમૂઢ એવો આત્મા, कर्ताऽहमिति मन्यते=“હું કર્તા છું” એમ માને છે. ॥૧૩/૫૫॥**

**શ્લોકાર્થ :-**

**સંપૂર્ણ રીતે પ્રકૃતિના ગુણો વડે કરાતાં એવાં કૃત્યો છે, અહંકારથી વિમૂઢ એવો આત્મા “હું કર્તા છું” એમ માને છે. ॥૧૩/૫૫॥**

**ભાવાર્થ :-**

સાંખ્યમતને માનનાર પતંજલિ ઋષિ કહે છે કે સંપૂર્ણ રીતે પ્રકૃતિના ગુણો વડે કરીને કરાતાં કૃત્યો છે.

આશય એ છે કે પ્રકૃતિ એ સત્ત્વ, રજસ અને તમસ ગુણાત્મક છે, અને પ્રકૃતિ તેવા ગુણોને કારણે આ સર્વ ક્રિયાઓ કરે છે. તેથી જગતમાં જે કાંઈ કૃત્ય દેખાય છે, તે સંપૂર્ણ રીતે પ્રકૃતિનો વિલાસ છે. અહીં “સર્વથા” કહીને એ બતાવવું છે કે પુરુષ અને પ્રકૃતિ એ બંને ભેગાં થઈને આ સંસારની સર્વ ક્રિયાઓ કરતાં નથી, પરંતુ પ્રકૃતિ જ સર્વ ક્રિયાઓ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રકૃતિ સર્વ કૃત્યો કરતી હોય તો આત્માને “હું કર્તા છું” એવી બુદ્ધિ કેમ થાય છે ? તેથી કહે છે :

પ્રકૃતિમાંથી પેદા થયેલ અહંકારથી વિમૂઢ થયેલો આત્મા “હું કર્તા છું” એમ માને છે. વસ્તુત: આત્મા કર્તા નથી, પ્રકૃતિ કર્તા છે. આ પ્રકારે સાંખ્યદર્શનકાર કહે છે. **||૧૩/૫૫||**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૫થી ૫૫ સુધી સાંખ્યદર્શનને અભિમત ૨૫ તત્ત્વો બતાવી આત્મા કર્તા અને ભોક્તા કેમ નથી તે યુક્તિથી બતાવ્યું. હવે સાંખ્યદર્શનની આ માન્યતા યુક્તિયુક્ત નથી, તે બતાવે છે –**

**શ્લોક :-**

**विचार्यमाणं नो चारु, तदेतदपि दर्शनम् ।**
**कृतिचैतन्ययोर्व्यक्तं, सामानाधिकरण्यतः ।।५६।।**

**અન્વયાર્થ :-**

**कृतिचैतन्ययोः व्यक्तं सामानाधिकरण्यतः=કૃતિ અને ચૈતન્યનું વ્યક્ત સમાનાધિકરણપણું હોવાથી, विचार्यमाणं=વિચાર કરાતું અર્થાત્ પરીક્ષા કરાતું, तदेतदपि दर्शनं=તે આ પણ દર્શન=પૂર્વમાં વર્ણન કર્યું તે આ સાંખ્યદર્શન પણ, नो चारु=સુંદર નથી. ।।૧૩/૫૬।।**

**શ્લોકાર્થ :-**

**કૃતિ અને ચૈતન્યનું વ્યક્ત સમાનાધિકરણપણું હોવાથી વિચાર કરાતું તે આ સાંખ્યદર્શન પણ સુંદર નથી. ||૧૩/૫૬||**

❖ અગાઉ વાત કરી ગયા તે ચાર્વાક અને બૌદ્ધદર્શન તો સુંદર નથી જ અને આ સાંખ્યદર્શન પણ સુંદર નથી, એ મુજબ ‘अपि’થી ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

કૃતિ એટલે વ્યાપાર. શરીરધારી જીવ ખાવાનું, પીવાનું, બોલવાનું, ચાલવાનું આદિ વ્યાપાર કરે છે, તેથી જીવમાં વ્યાપાર છે અર્થાત્ જીવમાં કૃતિ

છે; અને જીવ ચેતન છે, માટે જીવમાં ચૈતન્ય છે. આ પ્રકારે વ્યક્ત પ્રતીતિ છે. તેથી નક્કી થાય છે કે આત્મારૂપ એક અધિકરણમાં કૃતિ છે અને ચૈતન્ય છે. આમ છતાં સાંખ્યદર્શન આત્માને કર્તા માનતો નથી અને પ્રકૃતિને કર્તા કહે છે તે અનુભવથી વિરુદ્ધ છે. માટે સંસારની વ્યવસ્થા કઈ રીતે સંગત છે, તેની વિચારણા કરાતી હોય, અને તેની સંગતિ માટે સાંખ્યદર્શનનો વિચાર કરાતો હોય ત્યારે પૂર્વમાં વર્ણન કરેલ સાંખ્યદર્શનની માન્યતા સુંદર નથી; કેમ કે આત્મામાં ચૈતન્ય છે અને આત્મામાં કૃતિ છે, તેમ અનુભવ હોવા છતાં, ચૈતન્યનો આધાર આત્મા છે અને કૃતિનો આધાર આત્માથી ભિન્ન એવી પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ છે તેમ કહેવું એ અનુભવ વિરુદ્ધ છે. માટે સાંખ્યદર્શનની માન્યતા મિથ્યા છે. **॥૧૩/૫૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કૃતિ અને ચૈતન્યનું સમાનાધિકરણપણું હોવાને કારણે સાંખ્યદર્શન સુંદર નથી. આમ છતાં કૃતિનું અધિકરણ ચેતન ન માનીએ અને બુદ્ધિને માનીએ તો શું દોષ આવે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**बुद्धिः कर्त्री च भोक्त्री च, नित्या चेन्नास्ति निर्वृतिः ।**
**अनित्या चेन्न संसारः, प्राग्धर्मादेरयोगतः ।।५७।।**

**અન્વયાર્થ :-**

**कर्त्री भोक्त्री च बुद्धिः=કર્તા અને ભોક્તા એવી બુદ્ધિ, नित्या चेत्=જો નિત્ય હોય તો, निर्वृतिः नास्ति=નિર્વૃતિ નથી. अनित्या चेत्=જો અનિત્ય હોય તો, प्राग्धर्मादेरयोगतः=પૂર્વમાં અર્થાત્ અનિત્ય એવી બુદ્ધિની ઉત્પત્તિની પૂર્વમાં ધર્માદિનો અયોગ હોવાને કારણે=બુદ્ધિનિષ્ઠ પુણ્યપાપરૂપ ધર્માદિનો અયોગ હોવાને કારણે, संसारः न=સંસાર નથી=પુણ્યપાપના કાર્યરૂપ સંસાર નથી. ॥૧૩/૫૭॥**

**શ્લોકાર્થ :-**

**કર્તા અને ભોક્તા એવી બુદ્ધિ જો નિત્ય હોય તો નિર્વૃત્તિ નથી. જો**

**અનિત્ય હોય તો બુદ્ધિની ઉત્પત્તિની પૂર્વમાં ધર્માદિનો અયોગ હોવાને કારણે સંસાર નથી. ||૧૩/૫૭||**

**ભાવાર્થ :-**

સાંખ્યમતાનુસાર બુદ્ધિને કર્તા અને ભોક્તા માનીએ તોપણ પૂર્વપક્ષીને સંમત એવો સંસાર અને મોક્ષ સંગત થઈ શકે નહીં. તે આ રીતે –

જો બુદ્ધિ નિત્ય હોય તો નિર્વૃતિ=મોક્ષ, સંભવે નહીં; કેમ કે સાંખ્યમતાનુસાર બુદ્ધિનો પ્રકૃતિમાં વિલય થવાથી મોક્ષ થાય છે. અને બુદ્ધિ નિત્ય હોય તો બુદ્ધિનો પ્રકૃતિમાં વિલય સંભવે નહીં.

જો બુદ્ધિ અનિત્ય હોય તો સંસાર સંગત થાય નહીં; કેમ કે અનિત્ય પદાર્થની ઉત્પત્તિ હોય છે, અને ધર્માદિ આઠ ધર્મોથી યુક્ત એવી બુદ્ધિ હોવાને કારણે બુદ્ધિની ઉત્પત્તિની પૂર્વે ધર્માદિનો અયોગ પ્રાપ્ત થશે, અને બુદ્ધિમાં રહેલા ધર્માધર્મ સંસારનું કારણ છે. તેથી બુદ્ધિની ઉત્પત્તિ પૂર્વે ધર્માદિનો યોગ નહીં હોવાને કારણે સંસારરૂપ કાર્ય થશે નહીં.

આનાથી એ ફલિત થાય કે પૂર્વશ્લોકમાં કહ્યું કે કૃતિ અને ચૈતન્યનું વ્યક્ત સમાનાધિકરણપણું હોવાને કારણે સાંખ્યદર્શન સુંદર નથી, તેમ બુદ્ધિને કર્તા અને ભોક્તા સ્વીકારવાથી મોક્ષ અને સંસાર ઘટતા નથી. માટે પણ સાંખ્યનું આ દર્શન સુંદર નથી. **||૧૩/૫૭||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે બુદ્ધિને અનિત્ય માનવાથી સાંખ્ય દર્શનકારના મતમાં સંસાર સંગત થાય નહીં. તેથી સાંખ્યદર્શનકાર કહે કે ધર્માદિને અમે પ્રકૃતિમાં સ્વીકારીશું, તેથી સંસાર સંગત થશે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**प्रकृतावेव धर्मादिस्वीकारे बुद्धिरेव का ।**
**सुवचश्च घटादौ स्यादीदृग्धर्म्मान्वयस्तथा ।।५८।।**

**અન્વયાર્થ :-**

**प्रकृतावेव धर्मादिस्वीकारे=પ્રકૃતિમાં જ ધર્માદિના સ્વીકારમાં, बुद्धिरेव का= બુદ્ધિ જ શું રહે ? અર્થાત્ પ્રકૃતિથી પૃથક્ કોઈ બુદ્ધિશબ્દથી વાચ્ય પદાર્થ રહે નહીં.**

આમ છતાં અદૃષ્ટ એવી પ્રકૃતિને ધર્માદિના આધારરૂપે સ્વીકાર કરવા કરતાં દૃષ્ટ એવા ઘટાદિ પદાર્થને ધર્માદિના આધારરૂપે સ્વીકારવા ઉચિત છે, તે બતાવવા અર્થે કહે છે –

**तथा च=અને તે રીતે અર્થાત્ પ્રકૃતિમાં ધર્માદિ આઠને સ્વીકાર્યા તે રીતે, इदृग्धर्मान्वयः=આવા પ્રકારનો ધર્મનો અન્વય અર્થાત્ પ્રકૃતિમાં ધર્માદિ આઠનો સ્વીકાર કર્યો તેવા પ્રકારના ધર્મનો અન્વય, घटादौ सुवचः स्यात्=ઘટાદિમાં સુવચ થાય અર્થાત્ દૃષ્ટ એવા ઘટાદિમાં સુવચ થાય. ।।૧૩/૫૮।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકૃતિમાં જ ધર્માદિના સ્વીકારમાં પ્રકૃતિથી પૃથક્ કોઈ બુદ્ધિશબ્દથી વાચ્ય પદાર્થ રહે નહીં.**

આમ છતાં અદૃષ્ટ એવી પ્રકૃતિને ધર્માદિના આધારરૂપે સ્વીકાર કરવા કરતાં દૃષ્ટ એવા ઘટાદિ પદાર્થોને ધર્માદિના આધારરૂપે સ્વીકારવા ઉચિત છે, તે બતાવવા અર્થે કહે છે –

**અને પ્રકૃતિમાં ધર્માદિ આઠને સ્વીકાર્યા તે રીતે પ્રકૃતિમાં ધર્માદિ આઠનો સ્વીકાર કર્યો તેવા પ્રકારના ધર્મનો અન્વય દૃષ્ટ એવા ઘટાદિમાં સુવચ થાય. ।।૧૩/૫૮।।**

**ભાવાર્થ :-**

સાંખ્યમતાનુસાર બુદ્ધિ ધર્માદિ આઠ ગુણોથી યુક્ત છે, અને પૂર્વશ્લોકમાં બતાવ્યું કે બુદ્ધિને અનિત્ય સ્વીકારવાથી બુદ્ધિની નિષ્પત્તિ પૂર્વે ધર્માદિનો અયોગ હોવાના કારણે સંસાર સંગત થાય નહીં. તેથી પૂર્વપક્ષી કહે કે બુદ્ધિમાં ધર્માદિ ગુણોનો સ્વીકાર કરવાને બદલે પ્રકૃતિમાં ધર્માદિ આઠ ગુણોનો સ્વીકાર કરી લેવાથી અનિત્ય એવી બુદ્ધિથી સંસાર સંગત થઈ જશે અર્થાત્ સાંખ્યમતાનુસાર પ્રકૃતિ અને પુરુષ બે નિત્ય પદાર્થો છે, અને નિત્ય એવી પ્રકૃતિમાં ધર્માદિ

સ્વીકારવાથી તે ધર્માદિના કાર્યરૂપ સંસાર સંગત થઈ જશે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે તમે જે ધર્માદિ આઠ પરિણામ સ્વરૂપ બુદ્ધિને માનો છો, તે ધર્મો પ્રકૃતિમાં સ્વીકારી લેશો તો પ્રકૃતિથી અતિરિક્ત એવો “બુદ્ધિ” નામનો કોઈ પદાર્થ પ્રાપ્ત થશે નહીં; કેમ કે બુદ્ધિના આઠ ધર્મોથી જે કાર્યો થતાં હતાં તે સર્વ કાર્યો પ્રકૃતિમાં રહેતા આઠ ધર્મોથી સંગત થઈ જાય છે. માટે પ્રકૃતિથી અતિરિક્ત બુદ્ધિને માનવાની જરૂર રહેતી નથી.

વળી, જો પ્રકૃતિને ધર્માદિના આધારરૂપે સ્વીકારીને દૃષ્ટ એવા સંસારની વ્યવસ્થા સાંખ્યદર્શનકારો સંગત કરે, તો જેમ પ્રકૃતિથી અતિરિક્ત બુદ્ધિને માનવાની જરૂર રહે નહીં, તેમ અન્ય દોષ પણ પ્રાપ્ત થાય છે, તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

તમારા મત પ્રમાણે પ્રકૃતિ નિત્ય છે અને નિત્ય એવી પ્રકૃતિમાં ધર્માદિ આઠ ધર્મો સ્વીકારીને દેખાતી સંસારની સર્વ વ્યવસ્થા તમે સંગત કરતા હો તો તમારા મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ બેય સર્વથા ભિન્ન પદાર્થ છે. વળી, પુરુષ ચેતન છે અને પ્રકૃતિ જડ છે. જડ એવી પ્રકૃતિના ધર્માદિ આઠ ધર્મો સ્વીકારીને સંસારની સંગતિ કરવી હોય તો દેખાતા ઘટાદિ પદાર્થોથી અતિરિક્ત નહીં દેખાતી એવી પ્રકૃતિની કલ્પના કરવી પડે છે. વળી, તે પ્રકૃતિ પુરુષથી સર્વથા ભિન્ન છે તેમ ઘટાદિ પણ પુરુષથી ભિન્ન છે. વળી, જેમ પ્રકૃતિ નિત્ય છે, તેમ તે તે ઘટાદિ તે તે વ્યક્તિરૂપે નિત્ય નહીં હોવા છતાં જડ એવા ઘટાદિ પદાર્થો ઘટાદિરૂપે નિત્ય છે. હવે જો પ્રકૃતિમાં ધર્માદિ સ્વીકારવાને બદલે દેખાતા એવા ઘટાદિમાં ધર્માદિ સ્વીકારવામાં આવે તો તે ઘટાદિમાં રહેલા આવા સ્વભાવને કારણે સંસારવ્યવસ્થા સંગત થઈ શકે છે. તેથી નહીં દેખાતી એવી પ્રકૃતિની કલ્પના કરવાની જરૂર રહે નહીં. માટે પુરુષ અને પ્રકૃતિ એમ બે પદાર્થ માનવાને બદલે પુરુષ નિત્ય છે અને પુરુષથી ભિન્ન એવા દેખાતા ઘટાદિ પદાર્થોને સ્વીકારીને તેમાં ધર્માદિનો અન્વય સ્વીકારવાથી સાંખ્યદર્શનને માન્ય એવી સંસારની વ્યવસ્થા સંગત થશે. માટે પણ સાંખ્યદર્શનનો મત સુંદર નથી, તેમ શ્લોક-૫૬ સાથે સંબંધ છે. **॥૧૩/૫૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૭માં કહ્યું કે બુદ્ધિને કર્ત્રી અને ભોક્ત્રી માનીને જો તેને નિત્ય**

માનીએ તો મોક્ષ ન ઘટે અને અનિત્ય માનીએ તો સંસાર ન ઘટે. તે રીતે અન્ય પણ દોષ પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –

**શ્લોક :-**

**कृतिभोगौ च बुद्धेश्चेद् बन्धो मोक्षश्च नात्मनः ।**
**ततश्चात्मानमुद्दिश्य, कूटमेतद्यदुच्यते ।।५९।।**

**અન્વયાર્થ :-**

**बुद्धेः च कृतिभोगौ चेत्=અને બુદ્ધિના કૃતિ અને ભોગ હોય તો, आत्मनः बन्धः मोक्षश्च न=આત્માના બંધ અને મોક્ષ ન થાય, ततश्चाऽऽत्मानमुद्दिश्य= અને તેથી આત્માને ઉદ્દેશીને, यद् उच्यते=જે કહેવાય છે અર્થાત્ હવે પછીના શ્લોક-૬૦માં જે કહેવાય છે, एतद् कूटं=એ ફૂટ છે અર્થાત્ મૃષા છે. ।।૧૩/૫૯।।**

**શ્લોકાર્થ :-**

**અને બુદ્ધિના કૃતિ અને ભોગ હોય તો આત્માના બંધ અને મોક્ષ ન થાય, અને તેથી આત્માને ઉદ્દેશીને હવે પછીના શ્લોક-૬૦માં જે કહેવાય છે, એ મૃષા છે. ।।૧૩/૫૯।।**

**ભાવાર્થ :-**

કૃતિ એટલે પ્રવૃત્તિ, અને સંસારી જીવો જે ભોગ કરે છે તે ભોગ, આ બંને બુદ્ધિ કરે છે, તેમ સાંખ્યદર્શનવાળા કહે છે; અને તેમ સ્વીકારીએ તો આત્માને બંધ ઘટે નહીં; કેમ કે આત્મા સંસારની પ્રવૃત્તિઓ કરે છે અને ભોગો કરે છે, તેથી બંધાય છે; અને એ પ્રમાણે સ્વીકારીએ તો આત્માની સંસારી પ્રવૃત્તિથી અને સાંસારિક ભોગોથી આત્માને બંધ થાય છે એમ સ્વીકારી શકાય. પરંતુ સાંખ્યદર્શનના મત પ્રમાણે આત્માને નિર્લેપ સ્વીકારવામાં આવે, અને બુદ્ધિ કૃતિ કરે છે, ભોગ કરે છે તેમ સ્વીકારવામાં આવે, તો આત્મા કર્મથી બંધાતો નથી; અને આત્મા કર્મથી બંધાતો ન હોય તો આત્માનો મોક્ષ છે, તેમ સ્વીકારી શકાય નહીં, અને તેમ સ્વીકારીએ તો સાંખ્યદર્શનકાર પણ આત્માને ઉદ્દેશીને મોક્ષ માટેનો જે ઉપદેશ આપે છે તે મૃષાવચન છે, તેમ માનવું પડે; અને

સાંખ્યદર્શનકાર આત્માની મુક્તિ માટેનો જ ઉપદેશ આપે છે, તે સ્વયં ગ્રંથકારશ્રી હવે પછીના શ્લોકમાં કહે છે. **॥૧૩/૫૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે "જો કૃતિ અને ભોગ બુદ્ધિના સ્વીકારવામાં આવે તો આત્માને બંધ અને મોક્ષ ઘટે નહીં. તેથી આત્માને આશ્રયીને સાંખ્ય દ્વારા કરાયેલું આ કથન મિથ્યા છે." તેથી હવે સાંખ્યનું તે કથન બતાવે છે –**

**શ્લોક :-**

**पञ्चविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः ।**
**जटी मुण्डी शिखी चापि, मुच्यते नात्र संशयः ।।६०।।**

**અન્વયાર્થ :-**

**यत्र पञ्चविंशतितत्त्वज्ञः=જેમાં અર્થાત્ જે આશ્રમમાં પચીશ તત્ત્વોને જાણનારો છે, तत्राश्रमे रतः=તે આશ્રમમાં રત એવો, जटी, मुण्डी, शिखी चापि मुच्यते=જટી, મુંડી કે શિખી અર્થાત્ જટાવાળો, મુંડન કરેલો કે શિખાવાળો પણ મુકાય છે અર્થાત્ મુક્ત બને છે, अत्र संशयः न=એમાં સંશય નથી. ।।૧૩/૬૦।।**

**શ્લોકાર્થ :-**

**જે આશ્રમમાં પચીશ તત્ત્વોને જાણનારો છે, તે આશ્રમમાં રત એવો જટી, મુંડી કે શિખી પણ મુક્ત બને છે, એમાં સંશય નથી. ।।૧૩/૬૦।।**

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શનકારો કહે છે કે પુરુષ અને પ્રકૃતિ એ બે મુખ્ય તત્ત્વો છે અને પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિ ક્રમથી અન્ય તત્ત્વો પ્રગટ થાય છે, અને તે પચીશ તત્ત્વો છે.

કોઈપણ દર્શનમાં રહેલ સંન્યાસી હોય અને તે સંન્યાસી જટા રાખતો હોય, મુંડન કરતો હોય કે શિખા રાખતો હોય, પરંતુ આ પચીશ તત્ત્વોને યથાર્થ જાણીને તેને અનુસાર સમ્યક્ યત્ન કરવા રત હોય તો તે અવશ્ય સંસારથી મુક્ત થાય છે. તેમાં લેશ પણ સંશય નથી.

આ રીતે સાંખ્યદર્શનકાર આત્માને આશ્રયીને મોક્ષના ઉપાયનું વર્ણન કરે છે, અને પૂર્વના શ્લોકમાં વર્ણન કર્યું તે પ્રમાણે બુદ્ધિને કર્તા અને ભોક્તા સ્વીકારીએ તો બંધ અને મોક્ષ પણ બુદ્ધિને પ્રાપ્ત થાય, આત્માને નહીં. તેથી આત્માના મોક્ષનો "આ ઉપાય છે" તે વચન મૃષા થાય, તે પ્રકારનો પૂર્વશ્લોક સાથે સંબંધ છે. **॥૧૩/૬૦॥**

**અવતરણિકા :-**

**અહીં પૂર્વપક્ષી કહે કે બુદ્ધિના કૃતિ અને ભોગ હોવાના કારણે આત્માના બંધ અને મોક્ષ નિરુપચરિત સંભવે નહીં, પરંતુ બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડેલું હોવાના કારણે ઉપચારથી બંધ અને મોક્ષ પુરુષના કહેવાય છે. માટે શ્લોક-૬૦માં કહેવાયેલ સાંખ્યશાસ્ત્રનું વચન અસંગત નથી. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**एतस्य चोपचारत्वे, मोक्षशास्त्रं वृथाखिलम् ।**
**अन्यस्य हि विमोक्षार्थे, न कोऽप्यन्यः प्रवर्तते ।।६१।।**

**અન્વયાર્થ :-**

**एतस्य च उपचारत्वे=અને આનું અર્થાત્ મોક્ષનું ઉપચારપણું હોતે છતે, अखिलं मोक्षशास्त्रं वृथा=આખું મોક્ષશાસ્ત્ર વૃથા છે અર્થાત્ ખોટું છે. हि=જે કારણથી, अन्यस्य विमोक्षार्थे=અન્યના મોક્ષ માટે, अन्यः कोऽपि न प्रवर्तते= અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરતું નથી. ॥૧૩/૬૧॥**

**શ્લોકાર્થ :-**

**અને મોક્ષનું ઉપચારપણું હોતે છતે આખું મોક્ષશાસ્ત્ર ખોટું છે; જે કારણથી અન્યના મોક્ષ માટે અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરતું નથી. ॥૬૧॥**

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શન કહે છે કે મોક્ષશાસ્ત્રમાં બતાવેલા ઉપાયોથી બુદ્ધિનો મોક્ષ થાય છે અને બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડેલું હોવાના કારણે ઉપચારથી પુરુષનો મોક્ષ થયો એમ કહેવાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તોપછી સર્વ મોક્ષશાસ્ત્ર

વ્યર્થ થશે; કેમ કે મોક્ષશાસ્ત્રએ બતાવેલા ઉપાયના સેવનથી બુદ્ધિને મોક્ષ પ્રાપ્ત થશે, અને અન્યના મોક્ષ માટે કોઈ અન્ય પ્રવૃત્તિ કરે નહીં, તેથી બુદ્ધિના મોક્ષ માટે બુદ્ધિથી અતિરિક્ત એવો પુરુષ યત્ન કરે નહીં, તેથી પુરુષને આશ્રયીને મોક્ષનો ઉપદેશ વ્યર્થ છે. **॥૧૩/૬૧॥**

**અવતરણિકા :-**

**"આત્મા કર્તા નથી અને ભોક્તા નથી" એમ સાંખ્યદર્શનકારો કહે છે, તેનું સ્થાપન શ્લોક-૪૫માં કર્યું. ત્યારપછી સાંખ્યની પ્રક્રિયા બતાવીને તે પ્રક્રિયા પ્રમાણે 'બુદ્ધિને' કર્તા-ભોક્તા સ્વીકારવી અને 'આત્માને' કર્તા-ભોક્તા ન સ્વીકારવો તે ઉચિત નથી તેમ બતાવ્યું. હવે સર્વ કથનોનું નિગમન કરવા કહે છે –**

**શ્લોક :-**

**कापिलानां मते तस्मादस्मिन्नैवोचिता रतिः ।**
**यत्रानुभवसंसिद्धः, कर्त्ता भोक्ता च लुप्यते ।।६२।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી અર્થાત્ શ્લોક-૫૬થી ૬૧ સુધી સાંખ્યદર્શન યુક્તિયુક્ત નથી, એમ સ્થાપન કર્યું તે કારણથી, कापिलानां अस्मिन् मते=કપિલ-દર્શનવાળાઓના આ મતમાં, रतिः उचिता नैव=રતિ ઉચિત નથી જ, यत्र=જેમાં અર્થાત્ જે કપિલદર્શનવાળાના મતમાં, अनुभवसंसिद्धः कर्ता भोक्ता च लुप्यते=અનુભવસંસિદ્ધ કર્તા અને ભોક્તા લોપાય છે અર્થાત્ અનુભવથી સિદ્ધ એવું આત્માનું કર્તાપણું અને ભોક્તાપણું લોપાય છે. ।।૧૩/૬૨।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી કપિલદર્શનવાળાઓના આ મતમાં રતિ ઉચિત નથી જ, જેમાં અનુભવથી સંસિદ્ધ એવું આત્માનું કર્તાપણું અને ભોક્તાપણું લોપાય છે. ।।૧૩/૬૨।।**

**ભાવાર્થ :-**

સર્વ લોકોને પ્રત્યક્ષથી અનુભવ છે કે "હું આ પ્રવૃત્તિ કરું છું અને મારી આ

પ્રવૃત્તિના ફળને હું ભોગવું છું" આથી બાહ્ય પ્રવૃત્તિઓનો કર્તા આત્મા છે અને તેના ફળનો ભોક્તા આત્મા છે, એવો સર્વ લોકોને અનુભવ છે, અને જે દર્શનમાં સર્વ લોકોને અનુભવસિદ્ધ એવા આત્માના કર્તાપણા અને ભોક્તાપણાનો લોપ કરાય છે, તે દર્શન વિચારકને આસ્થા કરવા યોગ્ય નથી. વળી, યોગીઓ મોક્ષ માટે પ્રવૃત્તિ કરે છે, અને આત્માને અકર્તા અને અભોક્તા સ્વીકારવાથી આત્માનો બંધ અને મોક્ષ પણ ઘટતા નથી. તેથી તે દર્શનમાં મોક્ષમાર્ગ પણ વ્યર્થ સિદ્ધ થાય છે. માટે કપિલદર્શનનો સ્વીકાર કરવો ઉચિત નથી. **॥૧૩/૬૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં મિથ્યાત્વનાં છ સ્થાનો બતાવ્યાં. તેમાં પ્રથમનાં ચાર સ્થાનો બતાવીને તે યુક્તિયુક્ત નથી, તેમ સ્થાપન કર્યું. હવે "મોક્ષ નથી" એ પ્રકારના મિથ્યાત્વના પાંચમા સ્થાનને બતાવે છે –**

**શ્લોક :-**

**नास्ति निर्वाणमित्याहुरात्मनः केऽप्यबन्धतः ।**
**प्राक्पश्चाद्युगपद्वापि, कर्म्मबन्धाव्यवस्थितेः ।।६३।।**

**અન્વયાર્થ :-**

**आत्मनः निर्वाणं नास्ति इति केऽपि आहुः="આત્માનું નિર્વાણ નથી" એમ કેટલાક કહે છે, अबन्धतः=કેમ કે બંધનો અભાવ છે. (બંધના અભાવમાં હેતુ કહે છે –) प्राक्पश्चाद्युगपद्वापि कर्मबन्धाव्यवस्थितेः=પૂર્વમાં અથવા પશ્ચાત્ અથવા યુગપદ્ પણ કર્મબંધની અવ્યવસ્થિતિ છે અર્થાત્ આત્માના અસ્તિત્વની પૂર્વે અથવા આત્માના અસ્તિત્વ પછી અથવા આત્માના અસ્તિત્વની સાથે પણ આત્માને કર્મબંધનો અસંભવ છે. ॥૧૩/૬૩॥**

**શ્લોકાર્થ :-**

**"આત્માનું નિર્વાણ નથી" એમ કેટલાક કહે છે; કેમ કે બંધનો અભાવ છે. (બંધના અભાવમાં હેતુ કહે છે –) આત્માના અસ્તિત્વની પૂર્વે અથવા આત્માના અસ્તિત્વ પછી અથવા આત્માના અસ્તિત્વની સાથે પણ આત્માને કર્મબંધનો અસંભવ છે. ॥૧૩/૬૩॥**

**ભાવાર્થ :-**

"આત્માનું નિર્વાણ નથી" એમ માનનારા કેટલાક દર્શનકારો કહે છે કે આત્માને કર્મબંધનો અભાવ હોવાથી કર્મથી મુક્ત થવારૂપ નિર્વાણ છે, તેમ કહી શકાય નહીં.

આત્માની સાથે કર્મબંધ સ્વીકારવામાં ત્રણ વિકલ્પો થઈ શકે : (૧) પહેલાં બંધ અને પછી આત્મા, (૨) પહેલાં આત્મા અને પછી બંધ, (૩) આત્મા અને કર્મનો બંધ બંને સાથે.

"મોક્ષ નથી" એવું માનનારા કહે છે કે આ ત્રણે વિકલ્પો સંગત નથી, માટે આત્માને કર્મબંધ છે તેમ સ્વીકારી શકાય નહીં, અને આ કથન માટે તેઓ નીચેની યુક્તિઓ આપે છે –

**(૧) પહેલાં બંધ અને પછી આત્મા :-**

આત્માના અસ્તિત્વ પૂર્વે બંધ સંભવે નહીં; કેમ કે આત્મા ન હોય તો કર્મનો બંધ આત્માને થયો છે, તેમ કહી શકાય નહીં. તેથી "પહેલાં બંધ અને પછી આત્મા" તેમ કહેવું સંગત નથી.

**(૨) પહેલાં આત્મા અને પછી બંધ :-**

પહેલાં આત્મા અને પછી બંધ માનવાથી પહેલાં આત્મા કર્મબંધ વગરનો હતો, તેથી તે શુદ્ધ હતો એમ માનવું પડે, અને તે શુદ્ધ આત્માને જો કર્મબંધ થઈ શકે, એમ સ્વીકારવામાં આવે તો કર્મથી મુક્ત થયા પછી પણ શુદ્ધ આત્માને ફરી કર્મબંધ થવાની આપત્તિ આવે. તેથી "પહેલાં આત્મા અને પછી બંધ" તેમ કહેવું પણ સંગત નથી.

**(૩) આત્મા અને કર્મનો બંધ બંને સાથે :-**

આત્મા અને કર્મબંધ બંને સાથે થાય છે, એમ સ્વીકારીએ તો કર્મબંધ પ્રત્યે આત્મા કારણ છે, એમ માની શકાય નહીં; કેમ કે સમકાલભાવી પદાર્થ પ્રત્યે કાર્યકારણભાવ સંભવી શકે નહીં, પરંતુ કારણ પૂર્વમાં હોય અને કાર્ય પછી હોય. જેમ પિતા પૂર્વમાં હોય અને પુત્ર પછી થાય. તેથી આત્મા અને કર્મબંધ એ બંનેનો યુગપદ્ સંભવ પણ નથી.

આમ, આ ત્રણેય રીતે કર્મબંધનો સંભવ નહીં હોવાથી આત્મા કર્મબંધ

વગરનો છે, અને આત્માને કર્મનો બંધ નહીં હોવાથી કર્મથી મુક્ત થવા રૂપ નિર્વાણ છે, તેમ કહી શકાય નહીં. આ પ્રકારે નિર્વાણને નહીં માનનારાઓ કહે છે. ॥૧૩/૬૩॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્માની પહેલાં અથવા પછી અથવા એકસાથે કર્મબંધની અવ્યવસ્થિતિ છે, તેથી બંધ નથી. તેની સામે કર્મબંધને માનનાર પક્ષ કહે છે કે જીવ અને કર્મનો અનાદિ સંબંધ છે. માટે પહેલાં અથવા પછી અથવા એકસાથે એવા વિકલ્પો ઊઠતા નથી. તેનું નિરાકરણ કરવા અર્થે નિર્વાણને નહીં માનનાર કહે છે –**

**શ્લોક :-**

**अनादिर्यदि सम्बन्ध, इष्यते जीवकर्मणोः ।**
**तदानंत्यान्न मोक्षः स्यात्तदात्माकाशयोगवत् ।।६४।।**

**અન્વયાર્થ :-**

**यदि=જો, जीवकर्मणोः अनादिः सम्बन्धः इष्यते=જીવ અને કર્મનો અનાદિ સંબંધ ઈચ્છાય છે, तदा=તો, आत्माऽऽकाशयोगवत् तदानन्त्यात्=આત્મા અને આકાશના યોગની જેમ તેનું અર્થાત્ જીવ અને કર્મના સંબંધનું અનંતપણું હોવાથી, मोक्षः न स्यात्=મોક્ષ ન થાય. ॥૧૩/૬૪॥**

**શ્લોકાર્થ :-**

**જો જીવ અને કર્મનો અનાદિ સંબંધ ઈચ્છાય છે, તો આત્મા અને આકાશના યોગની જેમ જીવ અને કર્મના સંબંધનું અનંતપણું હોવાથી મોક્ષ ન થાય. ॥૧૩/૬૪॥**

**ભાવાર્થ :-**

જો જીવ અને કર્મબંધનો સંબંધ અનાદિનો સ્વીકારવામાં આવે તો જેમ આત્મા અને આકાશનો યોગ અનાદિનો હોવાને કારણે અનંત છે અર્થાત્ અંત વગરનો છે અર્થાત્ સદાકાળ રહે છે, તેમ જીવ અને કર્મનો સંબંધ પણ સદાકાળ રહેશે અને તેથી મોક્ષ સંભવે નહીં.

અહીં વિશેષ એ છે કે મોક્ષ નહીં માનનારાના મત પ્રમાણે પહેલાં બંધ અને પછી આત્મા, અથવા પહેલાં આત્મા અને પછી બંધ અથવા આત્મા અને બંધ બંને એકસાથે એ ત્રણેય વિકલ્પો ઘટતા નથી. માટે આત્માને કર્મનો બંધ નથી, તેથી મોક્ષ નથી.

હવે જો આત્મા અને કર્મનો અનાદિ બંધ સ્વીકારીએ તોપણ મોક્ષની સિદ્ધિ થાય નહીં. માટે પણ મોક્ષ નથી. આમ છતાં મોક્ષ નહીં સ્વીકારનાર "આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા-ભોક્તા છે", તેમ સ્વીકારે છે. તેથી આત્મા જે જે કૃત્યો કરે છે તે તે કૃત્યોનું ફળ આત્માને પરલોકમાં મળે છે, તેમ પણ તે સ્વીકારે છે તોપણ નિર્વાણને નહીં માનનારા દર્શનકારો આત્માને કર્મબંધ સ્વીકારતા નથી, તેમના મત પ્રમાણે પોતાનાં વર્તમાનનાં કૃત્યોથી આત્મામાં ધર્માધર્મરૂપ અદૃષ્ટ પેદા થાય છે, એમ તેઓ સ્વીકારે છે અને કહે છે કે તે ધર્માધર્મરૂપ અદૃષ્ટ આત્માના સ્વભાવરૂપ છે અને તે અદૃષ્ટ પ્રમાણે જન્માંતરમાં ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ આત્મા પોતાનાથી ભિન્ન એવા કર્મોને બાંધતો નથી તેથી મોક્ષ નથી. **॥૧૩/૬૪॥**

**અવતરણિકા :-**

**"નિર્વાણ નથી" એ પ્રકારનું મિથ્યાત્વનું પાંચમું સ્થાન માનનાર મતની યુક્તિ શ્લોક-૬૩ અને ૬૪માં બતાવી. હવે તે મતની યુક્તિ કઈ રીતે અસંગત છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**तदेतदत्यसम्बद्धं, यन्मिथो हेतुकार्ययोः ।**
**सन्तानानादिता बीजाङ्कुरवत् देहकर्मणोः ।।६५।।**

**અન્વયાર્થ :-**

**तदेतदत्यसंबद्धं=તે આ=શ્લોક-૬૩ અને ૬૪માં પૂર્વપક્ષીએ જે કહ્યું તે આ, અતિ અસંબદ્ધ છે અર્થાત્ અત્યંત અસંબદ્ધ છે, यद्=જે કારણથી, मिथो हेतुकार्ययोः देहकर्मणोः=પરસ્પર હેતુ અને કાર્યભૂત એવા દેહ અને**

**કર્મમાં, बीजाङ्कुरवत् सन्तानानादिता=બીજ-અંકુરની જેમ સંતાનઅનાદિતા છે. ॥૧૩/૬૫॥**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૬૩ અને ૬૪માં પૂર્વપક્ષીએ જે કહ્યું તે આ અતિ અસંબદ્ધ છે, જે કારણથી પરસ્પર હેતુ અને કાર્યભૂત એવા દેહ અને કર્મમાં, બીજ-અંકુરની જેમ સંતાનઅનાદિતા છે. ॥૧૩/૬૫॥**

**ભાવાર્થ :-**

બીજ અને અંકુર વચ્ચે કાર્યકારણભાવ છે, તેથી બીજથી અંકુર થાય છે અને અંકુરથી થયેલા વૃક્ષમાં નવાં બીજો થાય છે, જેમાંથી નવા અંકુરા થાય છે.

વળી, જેમ બીજ અને અંકુર વચ્ચે કાર્યકારણભાવ છે, તેમ દેહ અને કર્મ વચ્ચે કાર્યકારણભાવ છે; કેમ કે દેહધારી જીવ જ કર્મ બાંધે છે અને કર્મબંધવાળો જીવ જ ફરી નવા દેહને પ્રાપ્ત કરે છે.

વળી, બીજ અને અંકુરમાં અનાદિની સંતાનતા છે; કેમ કે બીજ વગર અંકુર થાય નહીં અને અંકુર વગર નવા બીજની પ્રાપ્તિ થાય નહીં.

વળી, જેમ બીજ અને અંકુરની અનાદિની સંતાનતા છે, તેમ દેહ અને કર્મની અનાદિની સંતાનતા છે; કેમ કે દેહ વગર કર્મબંધ થાય નહીં અને કર્મબંધ વિના દેહની પ્રાપ્તિ થાય નહીં.

વળી, જેમ બીજ અને અંકુર વચ્ચે કાર્યકારણભાવ છે, તેમ ઉપાદાન-ઉપાદેય ભાવ પણ છે. તેથી બીજ જ અંકુરારૂપે થાય છે અને તે અંકુરો જ વૃક્ષ આદિ રૂપે થઈને નવા બીજરૂપે થાય છે.

વળી, જેમ દેહ અને કર્મ વચ્ચે કાર્યકારણભાવ છે, તેમ ઉપાદાન-ઉપાદેય ભાવ પણ છે. તેથી કાર્મણ શરીરવાળો જીવ નવા ભવમાં જાય છે ત્યારે તે કાર્મણ શરીર જ નવા દેહનાં પુદ્ગલોને ગ્રહણ કરીને એકમેક ભાવને પામે છે. તેથી દેહનાં પુદ્ગલો પ્રત્યે કાર્મણ શરીર ઉપાદાન છે, અને પ્રાપ્ત થયેલો દેહ નવા કાર્મણ પુદ્ગલોને ગ્રહણ કરીને તેની સાથે એકમેક ભાવને પામે છે. તેથી વર્તમાનનો દેહ કાર્મણ શરીરનું ઉપાદાન કારણ છે અને કાર્મણ શરીર નવા ભવના દેહનું ઉપાદાન કારણ છે.

તેથી નિર્વાણને નહીં માનનારે શ્લોક-૬૩ અને શ્લોક-૬૪માં જે કહ્યું કે આત્માની સાથે કર્મનો સંબંધ ઘટતો નથી તે અત્યંત અસંબદ્ધ છે; કેમ કે કાર્મણશરીરરૂપ દેહ અને અન્ય શરીરરૂપ દેહ વચ્ચે અનાદિ સંતાનતા છે.

આથી આત્માથી અતિરિક્ત કર્મ છે અને યત્નથી કર્મનો નાશ થાય છે માટે મોક્ષ છે તેમ માનવું જોઈએ. **॥૧૩/૬૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૩માં નિર્વાણ નહીં માનનાર પૂર્વપક્ષે કર્મબંધની અસંગતિ છે, એમ યુક્તિથી સ્થાપન કર્યું. શ્લોક-૬૫માં ગ્રંથકારશ્રીએ તેનું નિરાકરણ કરીને બતાવ્યું કે બીજઅને અંકુરની જેમ દેહ અને કર્મની વચ્ચે કાર્યકારણભાવ છે. હવે દેહવિષયક થતી પ્રવૃત્તિમાં આત્મા કઈ રીતે કર્તા છે, કર્મબંધમાં આત્મા કઈ રીતે કર્તા છે, તેમ જ આત્મા દેહવિષયક જે પ્રવૃત્તિ કરે છે અને કર્મબંધની જે ક્રિયા કરે છે, તેના ફળનો આત્મા કઈ રીતે ભોક્તા છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**कर्त्ता कर्मान्वितो देहे, जीवः कर्मणि देहयुक् ।**
**क्रियाफलोपभुक्कुम्भे, दण्डान्वितकुलालवत् ।।६६।।**

**અન્વયાર્થ :-**

**कुम्भे दण्डान्वितकुलालवत्=કુંભમાં દંડાન્વિત કુલાલની જેમ, देहे कर्मान्वितः जीवः कर्ता=દેહમાં અર્થાત્ દેહવિષયક પ્રવૃત્તિમાં કર્માન્વિત એવો જીવ કર્તા છે, कर्मणि देहयुक् जीवः कर्ता=કર્મમાં અર્થાત્ કર્મબંધની ક્રિયામાં દેહયુક્ત એવો જીવ કર્તા છે. क्रियाफलोपभुक्=ક્રિયાના ફળનો ઉપભોગ કરનાર છે અર્થાત્ જીવ ક્રિયાના ફળનો ઉપભોગ કરનાર છે. ।।૧૩/૬૬।।**

**શ્લોકાર્થ :-**

**કુંભમાં દંડાન્વિત કુલાલની જેમ દેહવિષયક પ્રવૃત્તિમાં કર્માન્વિત એવો જીવ કર્તા છે, કર્મબંધની ક્રિયામાં દેહયુક્ત એવો જીવ કર્તા છે. જીવ ક્રિયાના ફળનો ઉપભોગ કરનાર છે. ।।૧૩/૬૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું કે દેહ અને કર્મની વચ્ચે બીજ અને અંકુરની જેમ કાર્યકારણભાવ છે, તેથી કર્મની સિદ્ધિ થઈ. હવે જીવ દેહની પ્રવૃત્તિમાં કઈ રીતે કર્તા છે, તે બતાવવા અર્થે કહે છે કે કર્મથી યુક્ત એવો જીવ દેહમાં કર્તા છે. તેથી એ ફલિત થયું કે જે જીવો કર્મથી યુક્ત નથી, તેઓ દેહવિષયક કોઈ પ્રવૃત્તિ કરતા નથી. જેમ સિદ્ધના આત્માઓ કર્મવાળા નથી, તેથી દેહનાં પુદ્ગલોને ગ્રહણ કરવું અને પરિણમન પમાડવું વગેરે ક્રિયાઓ કરતા નથી, જ્યારે સંસારી જીવો લોમાહાર-કવલાહાર દ્વારા દેહવિષયક પ્રવૃત્તિઓ કરે છે. તેથી કર્માન્વિત જીવ દેહવિષયક પ્રવૃત્તિમાં કર્તા છે.

વળી, દેહવાળો જીવ કર્મમાં કર્તા છે; કેમ કે દેહવાળો જીવ મન, વચન અને કાયા દ્વારા વ્યાપાર કરે છે અને તે વ્યાપારના નિમિત્તને પામીને કાર્મણવર્ગણાનાં પુદ્ગલોની સાથે જીવનો સંબંધ થાય છે. તેથી દેહવાળો જીવ કર્મ બાંધે છે.

વળી, દેહવાળો જીવ મન, વચન અને કાયાને અવલંબીને જે ક્રિયાઓ કરે છે, તે ક્રિયાઓના ફળને ભોગવનાર છે અર્થાત્ પોતે મન, વચન અને કાયાની જે જે ક્રિયાઓ કરે છે તે ક્રિયાઓ દ્વારા કર્મ બાંધે છે અને કર્મના ફળને પ્રાપ્ત કરે છે. તેથી જીવ વડે કરાયેલી ક્રિયાઓ કર્મબંધ દ્વારા જીવને તે તે ફળની પ્રાપ્તિ કરાવે છે.

આત્મા કર્મવિષયક કર્તા છે અને કર્મના ફળને ભોગવનાર છે, તેમાં દૃષ્ટાંત આપે છે– જેમ દંડથી યુક્ત કુંભાર ક્રિયા કરીને ઘટ પેદા કરે છે અને તે ઘટના ફળને ભોગવે છે, તેથી દંડથી યુક્ત કુંભાર ઘટનો કર્તા છે અને ઘટને વેચીને જે ધન પ્રાપ્ત થાય છે તેનો ભોક્તા છે; તેમ દેહથી યુક્ત એવો જીવ કર્મ બાંધે છે અને તે કર્મના ફળને ભોગવે છે. તેથી એ પ્રાપ્ત થયું કે જેમ દંડથી યુક્ત કુંભાર કુંભ બનાવવાની પ્રવૃત્તિ કરે છે, તેમ દેહથી યુક્ત જીવ કર્મબંધ કરવાની પ્રવૃત્તિ કરે છે; અને દંડથી યુક્ત કુંભારે કુંભ બનાવવાની જે ક્રિયા કરી તેનાથી પ્રાપ્ત થયેલ ધનરૂપ ફળને ભોગવે છે, તેમ દેહથી યુક્ત જીવ કર્મબંધની ક્રિયા કરે છે અને તે ક્રિયાથી બંધાયેલા કર્મથી પ્રાપ્ત થયેલ સુખદુ:ખરૂપ ફળને ભોગવે છે. **॥૧૩/૬૬॥**

અવતરણિકા :-

નિર્વાણ નહીં માનનાર પૂર્વપક્ષે યુક્તિથી બતાવેલ કે આત્મા સાથે પ્રાક્, પશ્ચાત્ કે યુગપદ્ કર્મબંધનો સંબંધ નથી, અને જ્યારે કર્મબંધ જ ન હોય ત્યારે કર્મથી મુક્ત થવારૂપ નિર્વાણ કઈ રીતે સંભવે ? તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી શ્લોક-૬૫માં સિદ્ધ કર્યું કે દેહ અને કર્મમાં બીજ અને અંકુરની જેમ ઉપાદાન-ઉપાદેય ભાવરૂપે કાર્યકારણ ભાવ છે. તેથી કર્મબંધ અનાદિનો છે. વળી, જીવ કર્મ કેવી રીતે બાંધે છે ? અને તેના ફળને કેવી રીતે ભોગવે છે ? તે વાત શ્લોક-૬૬માં બતાવી. તેથી એ ફલિત થયું કે આત્મા અનાદિકાળથી કર્મ બાંધે છે અને કર્મના ફળને ભોગવે છે. માટે કર્મબંધ નથી, એમ કહીને નિર્વાણનો અપલાપ કરવો એ ઉચિત નથી. ત્યાં પૂર્વપક્ષીએ શ્લોક-૬૪માં કહેલ કે જો કર્મબંધને અનાદિનો માનશો તો જીવનો મોક્ષ થઈ શકશે નહીં. તેના નિરાકરણ માટે કહે છે –

શ્લોક :-

अनादिसन्ततेर्नाशः, स्याद् बीजाङ्कुरयोरिव ।
कुक्कुटयण्डकयोः स्वर्णमलयोरिव वानयोः ।।६७।।

અન્વયાર્થ :-

बीजाङ्कुरयोरिव=બીજ-અંકુરની જેમ, कुक्कुटयण्डकयोः स्वर्णमलयोरिव वा=કૂકડી-અંડકની જેમ અથવા સુવર્ણ-મલની જેમ, अनयोः अनादिसंततेः= આ બેની અર્થાત્ દેહ અને કર્મની અનાદિ સંતતિનો=દેહ અને કર્મના સંબંધની અનાદિ સંતતિનો, नाशः स्यात्=નાશ થાય છે. ।।૧૩/૬૭।।

શ્લોકાર્થ :-

**બીજ-અંકુરની જેમ, કૂકડી-અંડકની જેમ અથવા સુવર્ણ-મલની જેમ દેહ અને કર્મના સંબંધની અનાદિ સંતતિનો નાશ થાય છે. ।।૧૩/૬૭।।**

ભાવાર્થ :-

જેમ બીજ અને અંકુરની અનાદિ સંતતિ છે, આમ છતાં બીજને બાળી

નાંખવાથી તેમાંથી અંકુર ઉત્પન્ન થઈ ન શકે અથવા અંકુરનો નાશ કરી નાખવાથી વૃક્ષ ન થઈ શકે તેથી નવું બીજ ન થઈ શકે, તેથી બીજ અને અંકુરની અનાદિ સંતતિનો નાશ થાય છે; તેમ જીવ સાથે કર્મના સંબંધની અનાદિ સંતતિ હોવા છતાં જીવ યત્નપૂર્વક કર્મનો નાશ કરે તો જીવ અને કર્મના સંબંધની અનાદિ સંતતિનો ઉચ્છેદ થાય છે.

વળી, કૂકડી અને અંડકની અનાદિ સંતતિ છે. આમ છતાં અંડકનો નાશ કરવાથી કૂકડી ઉત્પન્ન થઈ ન શકે, તેથી અનાદિ સંતતિનો નાશ થાય છે; તે રીતે જીવ યત્નપૂર્વક સાધના દ્વારા કર્મનો નાશ કરે તો જીવ અને કર્મના સંબંધની અનાદિ સંતતિનો નાશ થાય છે.

વળી, સુવર્ણ અને મલની અનાદિ સંતતિ છે. આમ છતાં સુવર્ણમાંથી મલ છૂટું પાડી દેવામાં આવે તો અનાદિ સંતતિનો નાશ થાય છે, તે રીતે જીવ યત્નપૂર્વક કર્મનો નાશ કરે તો જીવ અને કર્મના સંબંધની અનાદિ સંતતિનો નાશ થાય છે.

અહીં બીજ અને અંકુરની વચ્ચે અનાદિનો ઉપાદાન-ઉપાદેયભાવ છે, તેથી તેને દૃષ્ટાંતરૂપે બતાવેલ છે.

વળી, કૂકડી અને અંડકની વચ્ચે અનાદિનો નિમિત્ત-નૈમિત્તિકભાવ છે, તેથી તેને દૃષ્ટાંતરૂપે બતાવેલ છે.

વળી, સુવર્ણ અને મલ વચ્ચે અનાદિનો એકમેક ભાવરૂપ સંબંધ છે, તેથી તેને દૃષ્ટાંતરૂપે બતાવેલ છે. **॥૧૩/૬૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં દૃષ્ટાંત દ્વારા બતાવ્યું કે અનાદિ સંતતિનો નાશ થઈ શકે છે. તેથી ત્યાં પ્રશ્ન થાય કે તે અનાદિ સંતતિનો નાશ સર્વ જીવોમાં થઈ શકે છે ? કે અમુક જીવોમાં થઈ શકે છે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**भव्येषु च व्यवस्थेयं, सम्बन्धो जीवकर्मणोः ।**
**अनाद्यनन्तोऽभव्यानां, स्यादात्माकाशयोगवत् ।।६८।।**

**અન્વયાર્થ :-**

भव्येषु व्यवस्थेयं=ભવ્ય જીવોમાં આ વ્યવસ્થા છે અર્થાત્ દેહ અને કર્મની અનાદિ સંતતિનો નાશ થાય છે એવી વ્યવસ્થા છે, जीवकर्मणोः च सम्बन्धो= અને જીવ-કર્મનો સંબંધ, आत्माऽऽकाशयोगवत्=આત્મા અને આકાશના યોગની જેમ, अभव्यानां=અભવ્યોને, अनाद्यनन्तो स्यात्=અનાદિ અનંત છે. ॥૧૩/૬૮॥

**શ્લોકાર્થ :-**

**ભવ્ય જીવોમાં દેહ અને કર્મની અનાદિ સંતતિનો નાશ થાય છે એવી વ્યવસ્થા છે, અને જીવ-કર્મનો સંબંધ આત્મા અને આકાશના યોગની જેમ અભવ્યોને અનાદિ અનંત છે. ॥૧૩/૬૮॥**

**ભાવાર્થ :-**

ભવ્ય જીવોની સાથે કર્મના સંબંધની જે અનાદિ સંતતિ છે, તે જીવના યત્નથી નાશ થઈ શકે છે, તે પ્રકારની શાસ્ત્રીય વ્યવસ્થા છે. આમ છતાં બધા જ ભવ્ય જીવોમાં દેહ અને કર્મના સંબંધની અનાદિ સંતાનતાનો નાશ થાય જ એવું નથી.

જેમ આત્મા અને આકાશનો સંબંધ અનાદિકાળથી છે અને સદા માટે રહેનારો છે, તે રીતે અભવ્ય જીવની સાથે કર્મનો સંબંધ અનાદિકાળથી છે અને સદા માટે રહેનારો છે. **॥૧૩/૬૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભવ્ય જીવોમાં અનાદિ કર્મસંતતિનો નાશ થઈ શકે છે, અને અભવ્ય જીવોમાં અનાદિ કર્મસંતતિનો નાશ થઈ શકતો નથી. તે વાત દૃષ્ટાંત આપી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**द्रव्यभावे समानेऽपि, जीवाजीवत्वभेदवत् ।**
**जीवभावे समानेऽपि भव्याभव्यत्वयोर्भिदा ।।६९।।**

**અન્વયાર્થ :-**

द्रव्यभावे समानेऽपि जीवाजीवत्वभेदवत्=દ્રવ્યભાવ સમાન હોતે છતે પણ

**અર્થાત્ જીવ અને અજીવમાં દ્રવ્ય પરિણામ સમાન હોતે છતે પણ જીવત્વ-અજીવત્વના ભેદની જેમ, जीवभावे समानेऽपि भव्याभव्यत्वयोर्भिदा=જીવભાવ સમાન હોતે છતે પણ અર્થાત્ ભવ્ય અને અભવ્ય જીવોમાં જીવ પરિણામ સમાન હોતે છતે પણ ભવ્યત્વ-અભવ્યત્વનો ભેદ છે. ॥૧૩/૬૯॥**

**શ્લોકાર્થ :-**

**જીવ અને અજીવમાં દ્રવ્ય પરિણામ સમાન હોતે છતે પણ જીવત્વ-અજીવત્વના ભેદની જેમ, ભવ્ય અને અભવ્ય જીવોમાં જીવ પરિણામ સમાન હોતે છતે પણ ભવ્યત્વ-અભવ્યત્વનો ભેદ છે. ॥૧૩/૬૯॥**

**ભાવાર્થ :-**

જીવ અને અજીવ બંને દ્રવ્યો છે. તેથી જીવ-અજીવમાં દ્રવ્ય પરિણામ સમાન છે, તોપણ જીવદ્રવ્યમાં જીવત્વ છે અને અજીવ દ્રવ્યમાં અજીવત્વ છે. તેથી જીવ અને અજીવ દ્રવ્યરૂપે સમાન છે, પરંતુ જીવત્વ અને અજીવત્વ ધર્મથી અસમાન છે.

તે રીતે સર્વ જીવોમાં જીવભાવ સમાન છે તોપણ કેટલાક જીવોમાં સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ છે, તો કેટલાક જીવોમાં સિદ્ધિગમનઅયોગ્યત્વરૂપ અભવ્યત્વ છે. તેથી સર્વ જીવો જીવરૂપે સમાન હોવા છતાં ભવ્યત્વ-અભવ્યત્વરૂપ અસમાન પરિણામવાળા છે. માટે ભવ્ય જીવોમાં અનાદિ કર્મથી સંતતિનો નાશ થઈ શકે છે અને અભવ્ય જીવોમાં અનાદિ કર્મસંતતિનો નાશ થઈ શકતો નથી, તેમ માનવામાં કોઈ વિરોધ નથી. **॥૧૩/૬૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે દ્રવ્યભાવ સમાન હોતે છતે પણ જેમ જીવત્વ-અજીવત્વનો ભેદ છે, તેમ જીવભાવ સમાન હોતે છતે પણ ભવ્યત્વ-અભવ્યત્વનો ભેદ છે. ત્યાં પ્રશ્ન થાય કે જેમ પદાર્થમાં જીવત્વ-અજીવત્વ સ્વાભાવિક છે તેથી તેનો નાશ થઈ શકતો નથી, તેમ ભવ્યમાં રહેલું ભવ્યત્વ પણ સ્વાભાવિક હોવાથી નાશ થઈ શકશે નહીં. માટે મોક્ષ પણ સંગત થાય નહીં; કેમ કે "ભવ્યત્વના નાશથી જ મોક્ષ થાય છે" તેમ મનાય છે. તેના નિરાકરણ માટે કહે છે –**

શ્લોક :-

**स्वाभाविकं च भव्यत्वं, कलशप्रागभाववत् ।**
**नाशकारणसाम्राज्याद्विनश्यन्न विरुद्ध्यते ।।७०।।**

અન્વયાર્થ :-

कलशप्रागभाववत् च=અને કલશના પ્રાગભાવની જેમ, स्वाभाविकं भव्यत्वं= સ્વાભાવિક એવું ભવ્યત્વ, नाशकारणसाम्राज्याद्विनश्यत्=નાશકારણના સામ્રાજ્યથી નાશ પામતું, न विरुद्ध्यते=વિરોધી નથી. ।।૧૩/૭૦।।

શ્લોકાર્થ :-

**અને કલશના પ્રાગભાવની જેમ સ્વાભાવિક એવું ભવ્યત્વ નાશકારણના સામ્રાજ્યથી નાશ પામતું વિરોધી નથી. ।।૧૩/૭૦।।**

ભાવાર્થ :-

કલશનો પ્રાગભાવ કલશના ઉપાદાન કારણરૂપ માટીમાં કલશની પૂર્વે હોય છે, જે કલશની નિષ્પત્તિની યોગ્યતારૂપ છે. વળી, માટીમાં રહેલ કલશનો પ્રાગભાવ અનાદિકાળથી છે અને માટીના સ્વભાવભૂત છે, પરંતુ કોઈનાથી જન્મેલ નથી. આમ છતાં કલશનિષ્પત્તિના સામ્રાજ્યથી કળશ પેદા થાય છે ત્યારે તે કલશના પ્રાગભાવનો નાશ થાય છે. તેથી એ ફલિત થાય કે કલશનો પ્રાગભાવ સ્વાભાવિક છે, છતાં નાશ થઈ શકે છે.

તે રીતે આત્મામાં ભવ્યત્વ પણ સ્વાભાવિક છે, છતાં નાશકારણના વ્યાપારથી નાશ થઈ શકે છે, એમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

અહીં વિશેષ એ છે કે ભવ્ય જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતારૂપ ભવ્યત્વ કર્મકૃત નથી, પરંતુ સ્વાભાવિક છે અને આવા જીવો યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીને કર્મના નાશમાં યત્ન કરે છે ત્યારે તેમનું ભવ્યત્વ પરિપાકને પામે છે, અને યોગમાર્ગની પૂર્ણ સાધના દ્વારા સર્વ કર્મોનો નાશ કરે છે, ત્યારે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ ભવ્યત્વ પણ નાશ પામે છે. માટે સ્વાભાવિક એવું ભવ્યત્વ નાશ પામે છે, તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **।।૧૩/૭૦।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે ભવ્ય જીવો મોક્ષની પ્રાપ્તિ કરે છે, ત્યારે સ્વાભાવિક એવું ભવ્યત્વ નાશ પામે છે, અને તેમ સ્વીકારીએ તો અનાદિકાળથી ભવ્ય જીવો મોક્ષમાં જઈ રહ્યા છે, તેથી કોઈક એવો કાળ આવશે કે જ્યારે સર્વ ભવ્યો મોક્ષમાં પહોંચી જશે. તેથી મોક્ષમાર્ગનો ઉચ્છેદ થશે. તે પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –**

**શ્લોક :-**

भव्योच्छेदो न चैवं स्याद् गुर्वानन्त्यान्नभोंशवत् ।
प्रतिमादलवत् क्वापि, फलाभावेपि योग्यता ।।७१।।

**અન્વયાર્થ :-**

**चैवं=અને આ રીતે અર્થાત્ શ્લોક-૬૮માં કહ્યું કે ભવ્ય જીવો અનાદિના કર્મસંબંધનો નાશ કરીને મોક્ષમાં જાય છે, એવી વ્યવસ્થા છે, એ રીતે नभोंशवत्=નભો અંશની જેમ અર્થાત્ આકાશપ્રદેશની જેમ, गुर्वानन्त्यात्=ગુરુઅનંતપણું હોવાથી અર્થાત્ ઘણું મોટું અનંતપણું હોવાથી, भव्योच्छेदो न स्यात्=ભવ્યોનો ઉચ્છેદ નહીં થાય.**

અહીં પ્રશ્ન થાય કે તો પછી સર્વ ભવ્યો મોક્ષમાં જવાના નથી, એમ ફલિત થાય, અને તેથી જે ભવ્યો મોક્ષે જવાના નથી, તે ભવ્યો અભવ્ય કરતાં કઈ રીતે જુદા પડશે ? તેથી કહે છે –

**प्रतिमादलवत्=પ્રતિમાદળની જેમ=પ્રતિમાના ઉપાદાન કારણરૂપ લાકડામાં પ્રતિમાની નિષ્પત્તિરૂપ ફળના અભાવમાં પણ પ્રતિમાની યોગ્યતાની જેમ, फलाभावे अपि=ફળના અભાવમાં પણ=સિદ્ધિગમનરૂપ ફળના અભાવમાં પણ, क्वापि योग्यता=ક્યાંક પણ અર્થાત્ કેટલાક ભવ્યજીવોમાં પણ યોગ્યતા છે અર્થાત્ સિદ્ધિગમનની યોગ્યતા છે. ।।૧૩/૭૧।।**

**શ્લોકાર્થ :-**

**અને શ્લોક-૬૮માં કહ્યું કે ભવ્ય જીવો અનાદિના કર્મસંબંધનો નાશ કરીને મોક્ષમાં જાય છે, એવી વ્યવસ્થા છે એ રીતે, આકાશપ્રદેશની જેમ ઘણું મોટું અનંતપણું હોવાથી ભવ્યોનો ઉચ્છેદ નહીં થાય.**

અહીં પ્રશ્ન થાય કે તોપછી સર્વ ભવ્યો મોક્ષમાં જવાના નથી, એમ ફલિત થાય, અને તેથી જે ભવ્યો મોક્ષે જવાના નથી, તે ભવ્યો અભવ્ય જીવો કરતાં કઈ રીતે જુદા પડશે ? તેથી કહે છે –

**પ્રતિમાદળની જેમ, સિદ્ધિગમનરૂપ ફળના અભાવમાં પણ કેટલાક ભવ્ય જીવોમાં પણ સિદ્ધિગમનની યોગ્યતા છે. ॥૧૩/૭૧॥**

❖ (૧) नभोंशवत्=नभः+अंशवत् (૨) 'क्वापि'માં 'अपि'થી એ કહેવું છે કે બધા ભવ્ય જીવોમાં ફલાભાવ નથી, પરંતુ કોઈક ભવ્યોમાં ફલાભાવ છે, તોપણ યોગ્યતા છે. 'फलाभावे अपि'માં 'अपि'થી એ કહેવું છે કે જે ભવ્ય જીવોને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થવાની છે, તે ભવ્ય જીવોમાં તો યોગ્યતા છે, પરંતુ જે ભવ્ય જીવોને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિનો અભાવ છે, તે ભવ્ય જીવોમાં પણ યોગ્યતા છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે જીવ અને કર્મનો સંબંધ અનાદિનો હોવા છતાં ભવ્ય જીવો તેનો નાશ કરી શકે છે. વળી, શાસ્ત્રીય વ્યવસ્થા પ્રમાણે છ મહિનાના સમયગાળામાં એક ભવ્ય જીવ અવશ્ય મોક્ષે જાય અને છ મહિનાના સમયગાળામાં ઘણા પણ ભવ્ય જીવો મોક્ષે જાય. વળી, જે ભવ્ય જીવો મોક્ષમાં જાય છે તે જીવો સંસારમાં ફરી આવતા નથી, આ રીતે મોક્ષગમનનો પ્રવાહ ચાલુ રહે તો કોઈક એવો કાળ આવશે કે જ્યારે સર્વ ભવ્યો મોક્ષમાં પહોંચી જશે તેથી ભવ્યોનો ઉચ્છેદ થશે. આ પ્રકારની કોઈને શંકા થાય તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે જેમ આકાશપ્રદેશોની સંખ્યા ઘણી મોટી અનંત છે, તેમ ભવ્ય જીવોની સંખ્યા પણ ઘણી મોટી અનંત છે. તેથી અનાદિકાળથી ભવ્ય જીવો મોક્ષમાં જઈ રહ્યા છે અને સદા મોક્ષમાં જતા રહેશે તોપણ સંસારમાં ભવ્ય જીવોનો ઉચ્છેદ થશે નહીં.

અહીં પ્રશ્ન થાય કે જો સર્વ ભવ્યો મોક્ષમાં નહીં જાય તો જે ભવ્ય જીવો મોક્ષમાં જવાના નથી તેવા ભવ્ય જીવો અને અભવ્ય જીવોમાં કોઈ ભેદ રહેશે નહીં. તેથી આ ભવ્ય જીવો છે અને આ અભવ્ય જીવો છે, તેવી વ્યવસ્થા કઈ રીતે સંગત થાય ? તેથી કહે છે :

કોઈક ભવ્ય જીવોમાં મોક્ષપ્રાપ્તિરૂપ ફળનો અભાવ હોવા છતાં મોક્ષપ્રાપ્તિની

યોગ્યતા તેઓમાં છે, જે અભવ્યોમાં નથી.

જેમ પ્રતિમાને યોગ્ય કોઈ લાકડું હોય અને તેમાંથી પ્રતિમા ન બને તોપણ પ્રતિમાને અયોગ્ય લાકડા કરતાં પ્રતિમાને યોગ્ય લાકડું જુદા પ્રકારનું છે.

તે રીતે અભવ્ય જીવો કરતાં ભવ્ય જીવો જુદા પ્રકારના છે તેમ છતાં સાધનાને અનુકૂળ અન્ય સામગ્રીની અપ્રાપ્તિને કારણે તે ભવ્ય જીવો મોક્ષમાં ન જાય તોપણ તે ભવ્ય જીવો અભવ્ય જીવો કરતાં જુદા છે.

આનાથી એ ફલિત થાય કે કેટલાક જીવો મોક્ષમાં જવાને અયોગ્ય છે એ અભવ્ય છે; કેટલાક જીવો મોક્ષમાં જવાને યોગ્ય છે છતાં સામગ્રીની અપ્રાપ્તિને કારણે મોક્ષમાં જતા નથી તોપણ ભવ્ય છે અને કેટલાક જીવો સામગ્રીને પામીને મોક્ષમાં અવશ્ય જાય છે, અને મોક્ષમાં જવાનું સદા ચાલુ રહેશે પરંતુ મોક્ષમાં જવાનો ક્રમ ક્યારેય બંધ થશે નહીં. **II૧૩/૭૧II**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સિદ્ધિગમનરૂપ ફળના સદા અભાવમાં પણ સિદ્ધિગમનની યોગ્યતારૂપ ભવ્યત્વ કેટલાક જીવોમાં છે. ત્યાં પ્રશ્ન થાય કે મોક્ષમાં જનાર હોય તેને ભવ્ય કહેવાય છે. આમ છતાં કેટલાક ભવ્યોનું મોક્ષરૂપ કાર્ય થતું ન હોય તો તેને ભવ્ય કેમ કહી શકાય ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**नैतद्वयं वदामो यद् भव्यः सर्वोऽपि सिध्यति ।**
**यस्तु सिध्यति सोऽवश्यं, भव्य एवेति नो मतम् ।।७२।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, सर्वोऽपि भव्यः सिध्यति=સર્વ પણ ભવ્ય સિદ્ધ થાય છે, एतद्वयं न वदामो=એ અમે કહેતા નથી, यस्तु सिध्यति=પરંતુ જે સિદ્ધ થાય છે, सोऽवश्यं भव्य एव=તે અવશ્ય ભવ્ય જ છે. इति नो मतम्=એ પ્રકારનો અમારો મત છે અર્થાત્ જૈનોનો મત છે. (તે કારણથી મોક્ષરૂપ કાર્ય નહીં થવા છતાં પણ મોક્ષમાં જવાની યોગ્યતા છે, એ પ્રમાણે यद्=यस्मात् પૂર્વશ્લોક સાથે સંબંધ છે.) ।।૧૩/૭૨।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી સર્વ પણ ભવ્ય સિદ્ધ થાય છે, એ અમે કહેતા નથી, પરંતુ જે સિદ્ધ થાય છે તે અવશ્ય ભવ્ય જ છે એ પ્રકારનો અમારો જૈનોનો મત છે. (તે કારણથી મોક્ષરૂપ કાર્ય નહીં થવા છતાં મોક્ષમાં જવાની યોગ્યતા છે એ પ્રમાણે યદ્=યસ્માત્‌નો પૂર્વશ્લોક સાથે સંબંધ છે.) ।।૧૩/૭૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સર્વ ભવ્ય જીવો મોક્ષમાં જવાના નથી, તેથી મોક્ષમાર્ગ સદા ચાલુ જ રહેશે તોપણ પ્રતિમાદળની જેમ મોક્ષમાં જવાની યોગ્યતાવાળા છે. ત્યાં પ્રશ્ન થાય કે જીવો મોક્ષ પ્રાપ્ત કરતા નથી, તેઓમાં મોક્ષમાં જવાની યોગ્યતા છે, એમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

જે કોઈ સિદ્ધ થશે તે અવશ્ય ભવ્ય છે, પરંતુ બધા ભવ્યો સિદ્ધ થશે એ પ્રમાણેનો સર્વજ્ઞનો મત નથી. તેથી કેટલાક ભવ્યો પણ સામગ્રીના અભાવથી સિદ્ધ ન થાય તોપણ તેઓને ભવ્ય સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

અહીં વિશેષ એ છે કે લાકડામાં રહેલી પ્રતિમાની યોગ્યતા છદ્મસ્થ જીવ અનુભવના બળથી જોઈ શકે છે, તેથી અનુભવી પુરુષ કહી શકે છે કે "આ લાકડામાંથી પ્રતિમા થઈ શકશે અને આ લાકડામાંથી પ્રતિમા થઈ શકશે નહીં." તેની જેમ "આ જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા છે અને આ જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા નથી." તેવો નિર્ણય છદ્મસ્થ જીવ કરી શકે નહીં.

વળી, કેટલાક જીવોમાં તીર્થંકર થવાની યોગ્યતા હોય છે અને કેટલાક જીવોમાં તીર્થંકર થવાની યોગ્યતા નથી. જેઓમાં તીર્થંકર થવાની યોગ્યતા છે તેઓ જ તીર્થંકર થઈને મોક્ષમાં જાય છે, અન્ય જીવો તીર્થંકર થયા વગર મોક્ષમાં જાય છે, આવો નિયમ છે. તે સ્થાનમાં પણ જીવમાં રહેલી તીર્થંકરની યોગ્યતા તીર્થંકર થયા પૂર્વે છદ્મસ્થ જીવ જોઈ શકતા નથી; આમ છતાં, તીર્થંકર થશે તેવું જ્ઞાન શાસ્ત્રથી થાય અથવા જે તીર્થંકર થયા એમને જોઈને અનુમાન કરાય છે કે પૂર્વમાં પણ તે આત્મામાં તીર્થંકર થવાની યોગ્યતા હતી; અને જેઓ તીર્થંકર થયા વગર સિદ્ધ થાય છે એમને જોઈને અનુમાન કરાય છે કે "આ સિદ્ધ

થનારા જીવમાં તીર્થંકર થવાની યોગ્યતા ન હતી.” તેથી જીવને જોઈને પણ તીર્થંકરની યોગ્યતાનો નિર્ણય છદ્મસ્થ જીવો કરી શકતા નથી, પરંતુ તીર્થંકરરૂપ કાર્ય જોઈને “આ જીવમાં તીર્થંકર થવાની યોગ્યતા હતી, માટે તીર્થંકર થયા” તેમ છદ્મસ્થ જીવ અનુમાન કરી શકે છે.

તે રીતે ભવ્યત્વ અંગે પણ જે જીવોમાં ભવ્યત્વનું કાર્ય દેખાય તે જીવોમાં ભવ્યત્વ છે, તેવું અનુમાન છદ્મસ્થ જીવ કરી શકે છે; પરંતુ જે ભવ્યો મોક્ષમાં ગયા નથી અને મોક્ષમાર્ગમાં ગમનનો પ્રારંભ પણ કરેલ નથી તેવા જીવોમાં રહેલા ભવ્યત્વનો નિર્ણય છદ્મસ્થ જીવો કરી શકતા નથી; પણ સર્વજ્ઞ સર્વ દ્રવ્ય અને સર્વ ભાવોને સાક્ષાત્ જોનારા છે. વળી, જે જીવો પ્રકૃતિથી ભવ્ય છે તેઓમાં રહેલા ભવ્યત્વને સાક્ષાત્ જોનારા છે. વળી, જે જીવો પ્રકૃતિથી અભવ્ય છે તેઓમાં રહેલા અભવ્યત્વને પણ સાક્ષાત્ જુએ છે. વળી, ભવ્ય જીવો પણ બધા મોક્ષમાં જનારા નથી, અને જે જે ભવ્ય જીવોનો જ્યારે જ્યારે કાળ પાકે છે ત્યારે તે તે ભવ્ય જીવો યોગમાર્ગમાં ઉદ્યમ કરીને અવશ્ય મોક્ષમાં જાય છે, અને સદા માટે ભવ્ય જીવો આ રીતે મોક્ષમાં જતા પ્રાપ્ત થશે, તેમ પણ સર્વજ્ઞ જુએ છે. વળી, બધા ભવ્યો એક દિવસ મોક્ષમાં પહોંચી જશે તેવું પણ સર્વજ્ઞ જોતા નથી, પરંતુ ભવ્ય જીવોનું સિદ્ધિગમન સદા પ્રાપ્ત થાય છે અને બધા ભવ્ય જીવોમાં મોક્ષની યોગ્યતા છે, તેમ કેવલી કહે છે; અને કેવલીના વચનથી છદ્મસ્થ પણ “બધા ભવ્ય જીવો મોક્ષમાં જવાના નથી, છતાં તેઓમાં મોક્ષની યોગ્યતા છે” તેવો નિર્ણય કરી શકે છે. **॥૧૩/૭૨॥**

**અવતરણિકા :-**

**“મોક્ષ નથી” એમ માનનારા મતનો શ્લોક-૬૩થી ઉપન્યાસ કરીને યુક્તિથી સ્થાપન કર્યું કે અનાદિ કર્મસંયોગનો પણ નાશ થઈ શકે છે, અને જે ભવ્ય જીવો છે તે સાધના કરીને કર્મોનો નાશ કરી શકે છે, તેથી મોક્ષની સિદ્ધિ થાય છે. ત્યાં મોક્ષ નહીં માનનાર પૂર્વપક્ષી શંકા કરે કે જે જે જન્ય પદાર્થો છે, તે તે નાશ પામતા દેખાય છે, તેમ મોક્ષ પણ પ્રયત્નથી જન્ય છે, એમ તમે સ્વીકારશો તો તેનો નાશ માનવો પડશે. તે શંકાનું ઉદ્ભાવન કરીને તેનું નિરાકરણ કરે છે –**

**શ્લોક :-**

**ननु मोक्षेऽपि जन्यत्वाद्विनाशिनी भवस्थितिः ।**
**नैवं प्रध्वंसवत्तस्यानिधनत्वव्यवस्थितेः ।।७३।।**

**અન્વયાર્થ :-**

**ननु='ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે, मोक्षेऽपि=મોક્ષમાં પણ, जन्यत्वाद्विनाशिनी भवस्थितिः=જન્યપણું હોવાથી વિનાશીની ભવસ્થિતિ છે અર્થાત્ મોક્ષરૂપ ભવની અવસ્થા વિનાશ પામનારી છે.**

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**नैवं=એ પ્રમાણે નથી અર્થાત્ "મોક્ષરૂપ ભવની સ્થિતિ વિનાશી છે, એ પ્રમાણે નથી", प्रध्वंसवत्तस्याऽनिधनत्वव्यवस्थितेः=કેમ કે પ્રધ્વંસની જેમ અર્થાત્ નાશની જેમ તેના અર્થાત્ મોક્ષની ભવસ્થિતિના અનિધનપણાની વ્યવસ્થિતિ છે અર્થાત્ અનાશપણાની વ્યવસ્થિતિ છે. ।।૧૩/૭૩।।**

**શ્લોકાર્થ :-**

**'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે. મોક્ષમાં પણ જન્યપણું હોવાથી મોક્ષરૂપ ભવની અવસ્થા વિનાશ પામનારી છે.**

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**"મોક્ષરૂપ ભવની સ્થિતિ વિનાશી છે એ પ્રમાણે નથી;" કેમ કે નાશની જેમ મોક્ષની ભવસ્થિતિના અનાશપણાની વ્યવસ્થિતિ છે. ।।૧૩/૭૩।।**

**ભાવાર્થ :-**

"જે જે પદાર્થો જન્ય છે તે તે પદાર્થો નાશ પામે છે" આ પ્રમાણેની સામાન્ય રીતે દેખાતી વ્યાપ્તિને ગ્રહણ કરીને મોક્ષને નહીં માનનાર પૂર્વપક્ષી કહે છે કે તમારા મતે મોક્ષ પણ પ્રયત્નથી જન્ય છે, તેથી જેમ સર્વ જન્ય પદાર્થો નાશ પામે છે, તેમ મોક્ષરૂપ ભવની સ્થિતિ પણ નાશ પામનારી છે તેમ માનવું પડે, અને તેમ સ્વીકારીએ તો શાશ્વત મોક્ષ છે તે સિદ્ધ થઈ શકે નહીં.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે કે "મોક્ષરૂપ ભવની અવસ્થા

નાશ પામનારી છે એમ જે તું કહે છે, એ પ્રમાણે નથી;" કેમ કે જેમ પદાર્થો જન્ય છે, તેમ પદાર્થનો નાશ પણ જન્ય છે; પરંતુ નાશનો નાશ થતો નથી. આથી ઘટને કોઈ દંડ દ્વારા નાશ કરી નાખે તો તે નાશ ઉત્પન્ન થયા પછી ફરી તે નાશનો નાશ થતો નથી, અને જો નાશનો નાશ માનીએ તો ઘટના નાશનો નાશ થાય છે, તેમ માનવું પડે, અને તેથી તે ઘટ ફરી ઉત્પન્ન થાય તેમ માનવું પડે; પરંતુ સર્વજનને અનુભવ છે કે નાશનો નાશ થતો નથી. તેમ જીવની સંસાર અવસ્થાના નાશરૂપ મોક્ષનો પણ નાશ થતો નથી. માટે મોક્ષમાં ગયેલાને ફરી ક્યારેય જન્મ નથી. તેથી સાદિ અનંત ભાવે મોક્ષની વ્યવસ્થિતિ છે. **॥૧૩/૭૩॥**

**અવતરણિકા :-**

**સામાન્ય રીતે ભાવાત્મક પદાર્થો જે જન્ય હોય છે, તે વિનાશી હોય છે, અને મોક્ષ પણ ભાવાત્મક પદાર્થ છે તો તે વિનાશી કેમ નહીં ? વળી, પ્રધ્વંસ તો અભાવાત્મક પદાર્થ છે. તેથી અવિનાશી હોવા છતાં તેના દૃષ્ટાંતથી ભાવાત્મક એવો મોક્ષ અવિનાશી છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**आकाशस्येव वैविक्त्या, मुद्गरादेर्घटक्षये ।**
**ज्ञानादेः कर्मणो नाशे, नात्मनो जायतेऽधिकम् ।।७४।।**

**અન્વયાર્થ :-**

**मुद्गरादेर्घटक्षये=મુદ્ગરાદિથી ઘટના ક્ષયમાં, आकाशस्य इव वैविक्त्या अधिकं न जायते=જેમ આકાશના વિભાજનથી અધિક થતું નથી, તેમ, ज्ञानादेः कर्मणो नाशे आत्मानः (वैविक्त्या अधिकं न जायते)=જ્ઞાનાદિથી કર્મના નાશમાં આત્માના, (વિભાજનથી અધિક થતું નથી.) ॥૧૩/૭૪॥**

**શ્લોકાર્થ :-**

**મુદ્ગરાદિથી ઘટના ક્ષયમાં જેમ આકાશના વિભાજનથી અધિક થતું નથી, તેમ જ્ઞાનાદિથી કર્મના નાશમાં આત્માના વિભાજનથી અધિક થતું નથી. ॥૧૩/૭૪॥**

**ભાવાર્થ :-**

મુદ્ગરાદિથી ઘટનો નાશ કરવામાં આવે ત્યારે જે આકાશમાં ઘટ હતો, તે આકાશમાં ઘટનું વિભાજન થવાથી તે સ્થાનમાં ઘટરહિત એવું કેવળ આકાશ પ્રાપ્ત થાય છે. તેથી ઘટવિભાજનથી આકાશનું ઘટથી પૃથક્ થવા સિવાય અધિક કાંઈ થતું નથી.

તે રીતે જ્ઞાનાદિ કારણોથી કર્મનો નાશ થાય છે ત્યારે આત્માનું કર્મથી પૃથક્ થવા સિવાય અધિક કાંઈ થતું નથી, અને આત્માનું કર્મથી પૃથક્પણું તે જ મોક્ષ છે, તેથી જન્ય એવો પણ મોક્ષ અવિનાશી છે.

આશય એ છે કે જ્ઞાનાદિ દ્વારા આત્મામાં કાંઈક અધિક પેદા થતું હોત તો જન્ય એવો તે અધિકભાવનો અમુક કાળ પછી વિનાશ થઈ શકે. જેમ કર્મના ઉદયથી આત્માને અધિક એવા નવા જન્મની પ્રાપ્તિ થાય છે, તેથી તે નવો જન્મ વિનાશી છે, પરંતુ મોક્ષપ્રાપ્તિ વખતે આત્માથી માત્ર કર્મ પૃથક્ થાય છે, પણ અધિક કાંઈ પ્રાપ્ત થતું નથી. માટે મોક્ષ અવિનાશી છે. **॥૧૩/૭૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે મોક્ષ જન્ય હોવા છતાં મોક્ષનો નાશ થતો નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે સિદ્ધના આત્માઓ પણ ચૌદ રાજલોક અંતર્ગત સિદ્ધશિલા પર રહે છે, એમ તમારો મત છે, અને ચૌદ રાજલોકમાં સર્વત્ર કાર્મણવર્ગણાઓ પણ વ્યાપ્ત છે. તેથી તમારા મત પ્રમાણે જ્યાં સિદ્ધના આત્માઓ છે, ત્યાં કાર્મણવર્ગણાઓ પણ છે. તેથી સિદ્ધના આત્માઓને કર્મના અણુની સાથે પણ સંબંધ છે, અને આ રીતે સિદ્ધના આત્માઓને કર્મની સાથે સંબંધ હોવાને કારણે કર્મથી મુક્ત થયા છે, એમ કહી શકાય નહીં. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે —**

**શ્લોક :-**

**न च कर्माणुसम्बन्धान्मुक्तस्यापि न मुक्तता ।**
**योगानां बन्धहेतूनामपुनर्भावसम्भवात् ।।७५।।**

**અન્વયાર્થ :-**

**कर्माणुसम्बंधात् च मुक्तस्यापि न मुक्तता=અને કર્માણુના સંબંધથી મુક્તની પણ મુક્તતા નથી, न=એમ ન કહેવું, बन्धहेतूनाम् योगानाम् अपुनर्भावसंभवात्= કેમ કે બંધહેતુ એવા યોગોનો અપુનર્ભાવનો=ફરી નહીં થવારૂપ ભાવનો સંભવ છે. ॥૧૩/૭૫॥**

**શ્લોકાર્થ :-**

**અને કર્માણુના સંબંધથી મુક્તની પણ મુક્તતા નથી, એમ ન કહેવું; કેમ કે બંધહેતુ એવા યોગોનો અપુનર્ભાવનો સંભવ છે. ॥૧૩/૭૫॥**

**ભાવાર્થ :-**

મોક્ષને નહીં માનનાર પૂર્વપક્ષી મોક્ષ માનનાર પક્ષને કહે છે કે તમે પણ મુક્ત આત્માઓને સિદ્ધશિલા ઉપર રહેલા સ્વીકારો છો, અને તમારા મત પ્રમાણે કાર્મણ વર્ગણા ચૌદ રાજલોક વ્યાપી છે. તેથી એ સિદ્ધ થાય કે કાર્મણવર્ગણા સાથે મુક્તનું એક આકાશપ્રદેશમાં અવગાહન હોવાના કારણે મુક્ત આત્માઓનો કાર્મણવર્ગણા સાથે સંબંધ છે. તેથી જેને તમે મુક્ત કહો છો તે પણ મુક્ત નથી, તેમ માનવું પડે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે કર્મની સાથે એક આકાશપ્રદેશના અવગાહનના સંબંધમાત્રથી આત્માને કર્મવાળો અમે સ્વીકારતા નથી; પરંતુ જે આત્મામાં કર્મબંધના કારણભૂત યોગો વર્તતા હોય, અને તે યોગને કારણે આત્મા અને કર્મનો કથંચિત્ એકમેકભાવ થાય, તે રીતે કર્મના સંશ્લેષવાળા આત્માઓને અમે અમુક્ત કહીએ છીએ; પરંતુ જ્યારે સાધના કરીને આત્મા બંધના હેતુ એવા યોગોનો નિરોધ કરે છે, પછી ફરી કર્મના બંધના કારણભૂત મન, વચન અને કાયાના યોગો સંભવતા નથી. તેથી મન, વચન, કાયાના યોગોથી બંધાતા કર્મનો સંશ્લેષ જેનો સદા માટે ગયો છે, તેવા આત્માને અમે મુક્ત કહીએ છીએ. તેથી તેવા મુક્ત આત્માઓને એક આકાશના અવગાહનરૂપ કર્મનો સંબંધ હોવા છતાં મુક્ત કહેવામાં કોઈ વિરોધ નથી. **॥૧૩/૭૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૩ અને ૬૪માં "આત્માનો મોક્ષ નથી" એમ કહેનારા મતની યુક્તિ બતાવી. ત્યારપછી તે મત કઈ રીતે સંગત નથી, તે અત્યાર સુધી બતાવ્યું. હવે અનુભવના બળથી પણ મોક્ષને સ્વીકારવાની યુક્તિ બતાવે છે –**

**શ્લોક :-**

**सुखस्य तारतम्येन, प्रकर्षस्यापि सम्भवात् ।**
**अनन्तसुखसंवित्तिर्मोक्षः सिध्यति निर्भयः ।।७६।।**

**અન્વયાર્થ :-**

**सुखस्य तारतम्येन=સુખનું તારતમ્ય હોવાને કારણે અર્થાત્ સંસારના સુખના તારતમ્યની પ્રાપ્તિ પ્રત્યક્ષ હોવાને કારણે, प्रकर्षस्यापि सम्भवात्=પ્રકર્ષનો પણ સંભવ હોવાથી=સુખના પ્રકર્ષનો પણ ક્યાંક સંભવ હોવાથી, अनन्तसुखसंवित्तिः निर्भयः मोक्षः सिध्यति=અનંત સુખની સંવિત્તિરૂપ નિર્ભય એવો મોક્ષ સિદ્ધ થાય છે. ।।૧૩/૭૬।।**

**શ્લોકાર્થ :-**

**સુખનું તારતમ્ય હોવાને કારણે પ્રકર્ષનો પણ સંભવ હોવાથી અનંત સુખની સંવિત્તિરૂપ નિર્ભય એવો મોક્ષ સિદ્ધ થાય છે. ।।૧૩/૭૬।।**

❖ અહીં 'अपि'થી એ કહેવું છે કે સુખનો અપકર્ષ અને સુખનું તારતમ્ય તો છે જ અને પ્રકર્ષનો પણ સંભવ છે.

**ભાવાર્થ :-**

સંસારી જીવોને પોતાને ઇષ્ટ એવા પદાર્થો પ્રાપ્ત થાય છે ત્યારે તે ઇષ્ટની પ્રાપ્તિથી ક્ષણભર તે ઇષ્ટવિષયક ઇચ્છાનું શમન થાય છે. તેથી "મને સુખ થયું" એ પ્રકારની જીવને પ્રતીતિ થાય છે. વળી, સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણીને 'ઇચ્છાની આકુળતા જીવ માટે દુઃખરૂપ છે,' તેવો બોધ થવાથી યોગીઓ નિઃસ્પૃહી ચિત્ત પેદા કરવા માટે યત્ન કરે છે અને જે જે અંશે નિઃસ્પૃહિતા પ્રગટે છે તે તે અંશે અનિચ્છાનું સુખ યોગીઓને અનુભવસિદ્ધ છે. વળી, આ સંસારનું

વિષયજન્ય સુખ અને ઇચ્છાના ઉપશમજન્ય સુખ તરતમતાથી પ્રાપ્ત થાય છે, તેથી અનુમાન થાય છે કે જે સુખમાં તરતમતા છે તે સુખ પ્રકર્ષવાળું પણ ક્યાંક હોવું જોઈએ અને સુખની પ્રકર્ષવાળી અવસ્થા તે મોક્ષ છે. તેથી સર્વ ભયથી રહિત અનન્ત સુખના સંવેદનરૂપ મોક્ષ સિદ્ધ થાય છે. **II૧૩/૭૬II**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૩-૬૪માં મોક્ષ નથી, એ પ્રકારના મિથ્યાત્વના પાંચમા સ્થાનનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી યુક્તિથી તેનું નિરાકરણ કરીને મોક્ષ કઈ રીતે સિદ્ધ થાય છે તે બતાવ્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**वचनं नास्तिकाभानां मोक्षसत्तानिषेधकम् ।**
**भ्रान्तानां तेन नादेयं, परमार्थगवेषिणा ।।७७।।**

**અન્વયાર્થ :-**

**तेन=તે કારણથી અર્થાત્ પૂર્વશ્લોકોમાં યુક્તિથી મોક્ષની સિદ્ધિ કરી તે કારણથી, नास्तिकाभानां भ्रान्तानां=નાસ્તિકના જેવી આભાવાળા ભ્રાન્તોનું, मोक्षसत्तानिषेधकं वचनं=મોક્ષસત્તાનો નિષેધ કરનારું વચન, परमार्थगवेषिणा नादेयं=પરમાર્થના ગવેષી વડે આદેય નથી. ।।૧૩/૭૭।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વશ્લોકોમાં યુક્તિથી મોક્ષની સિદ્ધિ કરી, તે કારણથી નાસ્તિકના જેવી આભાવાળા ભ્રાન્તોનું, મોક્ષસત્તાનો નિષેધ કરનારું વચન પરમાર્થના ગવેષી વડે આદેય નથી. ।।૧૩/૭૭।।**

**ભાવાર્થ :-**

નાસ્તિકો આત્માને માનતા નથી, અને બીજા નિર્વાણને નહીં માનનારા મતવાળાઓ આત્માને માને છે, પરંતુ આત્માનો મોક્ષ નથી, તેમ કહે છે. તેથી આત્માને માનનારા હોવાથી નાસ્તિક નહીં હોવા છતાં આત્માની પરમ શ્રેયકારી એવી મોક્ષઅવસ્થાનો અપલાપ કરનાર હોવાથી નાસ્તિક જેવા છે. વળી તત્ત્વને જોવામાં ભ્રાન્ત છે, આથી અતીન્દ્રિય પદાર્થોમાં સ્વમતિકલ્પના પ્રમાણે યથા-

તથા પદાર્થને જોડે છે.

વસ્તુત: અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે, અને વિચારક જીવો સર્વજ્ઞનો સંભવ કઈ રીતે છે, તેનો યુક્તિથી વિચાર કરે છે, અને કયું વચન સર્વજ્ઞનું છે, તેની પણ યુક્તિથી વિચારણા કરે છે, અને જે વચન કષ-છેદ-તાપશુદ્ધ હોય તે વચન સર્વજ્ઞનું છે, તેમ નિર્ણય કરે છે. વળી, સર્વજ્ઞના વચન અનુસાર અનુભવ અને યુક્તિને આધારે મોક્ષતત્ત્વનો સ્વીકાર કરે છે; પરંતુ જેઓ અર્ધવિચારક છે, તેઓ સ્વમતિકલ્પના પ્રમાણે મોક્ષ નથી, તેમ માને છે, અને સ્વકલ્પના અનુસાર મોક્ષનો અપલાપ કરે છે. તેવા ભ્રાન્ત પુરુષોનું વચન આત્માના પરમાર્થને વિચારનારા જીવોએ સ્વીકારવું જોઈએ નહીં, પરંતુ શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર "આત્માની સુંદર અવસ્થારૂપ મોક્ષ છે" તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૩/૭૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં કહેલા મિથ્યાત્વનાં છ સ્થાનોમાંથી અવસરપ્રાપ્ત છઠ્ઠા સ્થાનનું નિરૂપણ કરે છે –**

**શ્લોક :-**

**न मोक्षोपाय इत्याहुरपरे नास्तिकोपमाः ।**
**कार्यमस्ति न हेतुश्चेत्येषा तेषां कदर्थना ।।७८।।**

**અન્વયાર્થ :-**

**नास्तिकोपमा अपरे=નાસ્તિકની ઉપમાવાળા બીજાઓ, मोक्षोपायः न इत्याहुः=મોક્ષનો ઉપાય નથી, એમ કહે છે, तेषां=તેઓની, कार्यमस्ति हेतुश्च न=કાર્ય છે અર્થાત્ મોક્ષરૂપ કાર્ય છે, અને હેતુ નથી અર્થાત્ મોક્ષના ઉપાયરૂપ હેતુ નથી, इति=એ પ્રકારની, एषा कदर्थना=આ કદર્થના છે અર્થાત્ મોક્ષના ઉપાયનો અપલાપ કરનારી અસંબદ્ધ પ્રલાપરૂપ આ કદર્થના છે. ॥૧૩/૭૮॥**

**શ્લોકાર્થ :-**

**નાસ્તિકની ઉપમાવાળા બીજાઓ "મોક્ષનો ઉપાય નથી" એમ કહે**

**છે, તેઓની "મોક્ષરૂપ કાર્ય છે, અને મોક્ષના ઉપાયરૂપ હેતુ નથી" એ પ્રકારની મોક્ષના ઉપાયનો અપલાપ કરનારી અસંબદ્ધ પ્રલાપરૂપ આ કદર્થના છે. ||૧૩/૭૮||**

**ભાવાર્થ :-**

આત્મા નથી એમ માનનાર નાસ્તિક છે અને મોક્ષનો ઉપાય નથી એમ માનનારને ગ્રંથકારશ્રીએ નાસ્તિક ન કહ્યા, પરંતુ નાસ્તિકની ઉપમાવાળા કહ્યા; કેમ કે તેઓ આત્માદિને માને છે, તેમ છતાં મોક્ષનો ઉપાય નથી એમ કહીને સત્પુરુષાર્થનો ધ્વંસ કરે છે. નાસ્તિકો જેમ "આત્મા નથી" એમ કહીને સત્પુરુષાર્થનો ધ્વંસ કરે છે, તેમ આ લોકો "મોક્ષનો ઉપાય નથી" એમ કહીને મોક્ષના ઉપાયભૂત યોગમાર્ગનો અપલાપ કરે છે, અને તેઓનો આ મત કેમ યુક્ત નથી ? તે વાત શ્લોકના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે –

તેઓ "મોક્ષરૂપ કાર્ય માને છે અને મોક્ષના ઉપાયરૂપ હેતુ નથી" એમ કહે છે. આ વચન અનુભવવિરુદ્ધ છે. માટે "મોક્ષનો ઉપાય નથી" એમ જે તેઓ કહે છે, તે તેઓનો મિથ્યા પ્રલાપ છે.

આશય એ છે કે કાર્ય હંમેશાં કારણથી થાય છે, અને જેનું કોઈ કારણ ન હોય તે જન્ય ન હોય એવો સામાન્ય નિયમ છે છતાં "મોક્ષ છે" અને મોક્ષનું કારણ નથી તેમ કોઈ કહે તો તે વિરોધી વચન છે માટે "મોક્ષનો ઉપાય નથી" એમ જે કહે છે, તે તેઓની અસંબદ્ધ પ્રલાપરૂપ કદર્થના છે. **||૧૩/૭૮||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે "કાર્ય છે અને હેતુ નથી" એ તેઓની કદર્થના છે. તેનું સમાધાન કરતાં પૂર્વપક્ષી કહે કે "મોક્ષ હેતુથી થતો નથી, પરંતુ અકસ્માત જ થાય છે." તે બતાવીને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**अकस्मादेव भवतीत्यलीकं नियतावधेः ।**
**कादाचित्कस्य दृष्टत्वाद् बभाषे तार्किकोऽप्यदः ।।७९।।**

**અન્વયાર્થ :-**

**अकस्मादेव भवति=અકસ્માત જ થાય છે અર્થાત્ મોક્ષરૂપ કાર્ય તેનો ઉપાય સેવવાથી નહીં, પરંતુ અકસ્માત જ થાય છે, इति अलीकं=એ અલીક છે અર્થાત્ મૃષા છે. (તેમાં હેતુ કહે છે –)**

**नियतावधेः=નિયત અવધિ છે અર્થાત્ મોક્ષ સદા નથી, પરંતુ નિયત કાળે મોક્ષરૂપ કાર્યની પ્રાપ્તિ હોવાથી નિયતકાળમાં મોક્ષપ્રાપ્તિની મર્યાદા છે.**

**(અહીં પ્રશ્ન થાય કે મોક્ષપ્રાપ્તિની નિયત અવધિ કેમ છે ? તેમાં હેતુ કહે છે –)**

**कादाचित्कस्य दृष्टत्वात्=કાદાચિત્કનું દૃષ્ટપણું છે અર્થાત્ પૂર્વમાં સંસાર અવસ્થા હતી, ત્યારે મોક્ષનું દૃષ્ટપણું ન હતું, પરંતુ સંસાર અવસ્થાનો વિલય થાય છે ત્યારે મોક્ષનું દૃષ્ટપણું છે.**

**(પોતાની વાતની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –) तार्किकोऽप्यदः बभाषे=તાર્કિકો પણ આ અર્થાત્ અમે જે કહ્યું એ કહે છે. (જે હવે પછીના શ્લોકમાં કહેવાનાર છે.) ॥૧૩/૭૯॥**

**શ્લોકાર્થ :-**

**મોક્ષ અકસ્માત જ થાય છે એ મૃષા છે, (તેમાં હેતુ કહે છે) નિયત અવધિ છે.**

**(અહીં પ્રશ્ન થાય કે મોક્ષપ્રાપ્તિની નિયત અવધિ કેમ છે ? તેમાં હેતુ કહે છે –) કાદાચિત્કનું દૃષ્ટપણું છે. (પોતાની વાતની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –) તાર્કિકો પણ આ કહે છે. (જે હવે પછીના શ્લોકમાં કહેવાનાર છે –) ॥૧૩/૭૯॥**

**ભાવાર્થ :-**

મોક્ષના ઉપાયને નહીં માનનારા વાદીઓ પણ મોક્ષને સ્વીકારે છે, અને કોઈ જીવ સદા માટે મુક્ત છે, તેમ તેઓ કહેતા નથી, પરંતુ ક્યારેક કોઈક જીવમુક્ત થાય છે તેમ માને છે. તેથી તેમના મત પ્રમાણે પણ કોઈક જીવને આશ્રયીને મોક્ષ કાદાચિત્ક દૃષ્ટ છે, તેથી મોક્ષપ્રાપ્તિની નિયત અવધિ છે. આમ છતાં નિયત

અવધિવાળા મોક્ષનો ઉપાય નહીં માનનારા વાદીઓ "મોક્ષ અકસ્માત જ થાય છે" એમ કહે છે, તે તેમનું વચન મૃષા છે; કેમ કે "જે નિયત અવધિવાળો હોય તે કારણજન્ય હોય" તેવો નિયમ છે જેમ કોઈપણ જન્મ નિયત અવધિવાળો છે તેથી કારણજન્ય છે અને "જે કારણજન્ય ન હોય તે સદા હોય અથવા સદા ન હોય" તેવો નિયમ છે. પ્રથમ વિકલ્પે જેમ આત્મા કોઈનાથી જન્ય નથી, તેથી તે સદા છે, પરંતુ પૂર્વમાં આત્મા ન હતો અને પાછળથી આત્મા ઉત્પન્ન થયો એવું નથી. તેથી જે કારણજન્ય ન હોય તે સદા હોય તેવો નિયમ છે. બીજા વિકલ્પે શશશૃંગ કારણજન્ય નથી, તેથી તે સદા નથી. માટે જે કારણજન્ય ન હોય તે સદા ન હોય તેવો નિયમ છે. તેથી મોક્ષને નિયત અવધિવાળો સ્વીકારીને મોક્ષ અકસ્માત જ થાય છે, એમ કહેવું, તે અનુભવથી વિરુદ્ધ કથન છે, અને તેની પુષ્ટિ માટે સાક્ષી આપવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે તાર્કિકો પણ આ કહે છે અર્થાત્ અમે જે કહ્યું, એ તાર્કિકો પણ કહે છે. **II૧૩/૭૯II**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે તાર્કિકો પણ અમે કહ્યું એ કહે છે. તેથી હવે તાર્કિકો શું કહે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**हेतुभूतिनिषेधो न, स्वानुपाख्याविधिर्न च ।**
**स्वभाववर्णना नैवमवधेर्नियतत्वतः ।।८०।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે અર્થાત્ "મોક્ષ અકસ્માત થાય છે" એમ પૂર્વપક્ષીએ કહ્યું એ રીતે, "हेतुभूतिनिषेधो" न="હેતુનો નિષેધ છે" એમ નહીં અર્થાત્ 'अकस्मादेव भवति' એ શબ્દથી હેતુનો નિષેધ છે, એ બરાબર નથી, અને "ભૂતિનો નિષેધ છે" એમ નહીં અર્થાત્ "अकस्मादेव भवति" એ શબ્દથી મોક્ષના ભવનનો નિષેધ છે, એ બરોબર નથી. "स्वानुपाख्याविधिः" न च=અને "સ્વવિધિ છે" એમ નહીં અર્થાત્ "अकस्मादेव भवति" એ શબ્દથી મોક્ષની વિધિ છે એમ નહીં અર્થાત્ હેતુ વગર મોક્ષના ભવનનું વિધાન છે એ**

બરોબર નથી, અને "અનુપાખ્ય વિધિ છે" એમ નહીં અર્થાત્ "अकस्मादेव भवति" એ શબ્દથી અનુપાખ્ય વિધિ છે એમ નહીં અર્થાત્ મોક્ષના કાલ્પનિક હેતુનું વિધાન છે, એ બરોબર નથી, "स्वभाववर्णना" न="સ્વભાવવર્ણના છે" એમ નહીં અર્થાત્ 'अकस्मादेव भवति' એ શબ્દથી સ્વભાવરૂપ હેતુનું કથન છે અર્થાત્ સ્વભાવથી જ મોક્ષ થાય છે, એ રૂપ હેતુનું કથન છે, એ બરોબર નથી. (પૂર્વમાં કહેલા "अकस्मादेव भवति" એ શબ્દના પાંચેય અર્થો કેમ બરોબર નથી ? તેમાં હેતુ કહે છે –) "अवधेर्नियतत्त्वतः"= અવધિનું નિયતપણું છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિની અવધિનું નિયતપણું છે. ।।૧૩/૮૦।।

**શ્લોકાર્થ :-**

**"મોક્ષ અકસ્માત થાય છે" એમ પૂર્વપક્ષીએ કહ્યું એ રીતે, "હેતુનો નિષેધ છે", "ભૂતિનો નિષેધ છે" એમ નહીં; "સ્વવિધિ છે", "અનુપાખ્ય વિધિ છે" એમ નહીં; "સ્વભાવવર્ણના છે" એમ નહીં.**

**(પૂર્વમાં કહેલા "अकस्मादेव भवति" એ શબ્દના પાંચેય અર્થો કેમ બરોબર નથી ? તેમાં હેતુ કહે છે –)**

**અવધિનું નિયતપણું છે. ।।૧૩/૮૦।।**

**ભાવાર્થ :-**

મોક્ષ છે, પરંતુ મોક્ષનો ઉપાય નથી, એમ માનનાર કહે છે કે "મોક્ષ અકસ્માત જ થાય છે." તેના આ વચનના તાર્કિકો પાંચ વિકલ્પો બતાવે છે :

(૧) અકસ્માત જ થાય છે, એટલે હેતુનો નિષેધ છે.

(૨) અકસ્માત જ થાય છે, એટલે ભૂતિનો નિષેધ છે.

(૩) અકસ્માત જ થાય છે, એટલે સ્વની વિધિ છે=હેતુ વગર મોક્ષની નિષ્પત્તિનું વિધાન છે.

(૪) અકસ્માત જ થાય છે, એટલે અનુપાખ્ય વિધિ છે=અલિક હેતુનું વિધાન છે અર્થાત્ મોક્ષનો હેતુ કાલ્પનિક છે એ પ્રકારનું વિધાન છે.

(૫) અકસ્માત જ થાય છે, એટલે સ્વભાવથી થાય છે.

આ પાંચેય અર્થો "अकस्मादेव भवति" એ પદથી પ્રાપ્ત થાય છે. આ પાંચેય વિકલ્પો સંગત નથી; કેમ કે અવધિનું નિયતપણું છે.

આ રીતે અવધિનું નિયતપણું હોવાથી પાંચેય વિકલ્પો સંગત નથી, એમ તાર્કિકો સ્થાપન કરે છે. તેથી એ સિદ્ધ થાય છે કે મોક્ષ ચોક્કસ હેતુથી થાય છે અને તેનો ઉપાય યોગમાર્ગ છે. માટે "મોક્ષનો ઉપાય નથી" એ વચન મૃષા છે.

આશય એ છે કે :

(૧) 'हेतुनिषधो' न अवधेर्नियतत्वतःનો અર્થ આ મુજબ થાય :- પૂર્વપક્ષીએ કહેલ કે "મોક્ષ અકસ્માત જ થાય છે" તેનો અર્થ આ પ્રમાણે કરીએ તો, 'अकस्मादेव भवति' એ કથનમાં "अ" નિષેધવાચક છે અને 'अ=न'નો અન્વય 'कस्मात्' સાથે કરીએ તો 'न कस्मात् एव भवति' એવો અર્થ થાય. એટલે "કોઈનાથી જ થતો નથી" એવો અર્થ પ્રાપ્ત થાય. માટે હેતુનો નિષેધ પ્રાપ્ત થાય. એને તાર્કિકો કહે છે કે હેતુનો નિષેધ નથી; કેમ કે મોક્ષપ્રાપ્તિની અવધિનું નિયતપણું છે.

તાત્પર્ય એ છે કે જે વસ્તુ કોઈક કાળે થાય અને સદા ન હોય તે કારણજન્ય હોય. તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષ કોઈક કાળે થાય છે અને પૂર્વે નથી તેથી સદા નથી, માટે મોક્ષ કારણજન્ય છે. જેમ ઘટ કોઈક કાળે પેદા થાય છે, અને સદા નથી. તેથી તે કારણજન્ય છે, માટે "મોક્ષ અકસ્માત જ થાય છે" એ વચનથી મોક્ષના હેતુનો નિષેધ થઈ શકે નહીં.

(૨) 'भूतिनिषेधो' न अवधेर्नियतत्वतःનો અર્થ આ મુજબ થાય :- પૂર્વપક્ષીએ કહેલ કે "મોક્ષ અકસ્માત જ થાય છે" તેનો અર્થ આ પ્રમાણે કરીએ તો, 'अकस्मादेव भवति' એ કથનમાં 'अ' નિષેધવાચક છે અને 'अ=न'નો અન્વય 'भवति'ની સાથે કરીએ તો 'कस्मात् एव न भवति' એવો અર્થ પ્રાપ્ત થાય. એટલે કોઈનાથી થતો જ નથી, એવો અર્થ પ્રાપ્ત થાય અર્થાત્ કોઈ હેતુથી મોક્ષ થતો જ નથી, એવો અર્થ પ્રાપ્ત થાય. માટે કોઈ હેતુથી મોક્ષના ભવનનો નિષેધ પ્રાપ્ત થાય. તેને તાર્કિકો કહે છે કે ભૂતિનો નિષેધ નથી; કેમ કે મોક્ષપ્રાપ્તિની અવધિનું નિયતપણું છે.

તાત્પર્ય એ છે કે મોક્ષપ્રાપ્તિની અવધિનું નિયતપણું હોય ત્યારે મોક્ષનું કોઈ હેતુથી ભવન જ નથી, તેમ કહી શકાય નહીં. માટે "મોક્ષ અકસ્માત જ થાય

છે” એ વચનથી મોક્ષની ભૂતિનો નિષેધ થઈ શકે નહીં.

(૩) 'स्वविधिः' न अवधेर्नियतत्वतःનો અર્થ આ મુજબ થાય :- 'स्व' એટલે મોક્ષરૂપ કાર્ય, અને તેની વિધિ એટલે તેનું વિધાન. પૂર્વપક્ષીએ કહેલ કે “મોક્ષ અકસ્માત જ થાય છે” તેનો અર્થ આ પ્રમાણે કરીએ તો 'अकस्मात् भवति एव' એ કથનમાં अकस्मात्=હેતુ વગર भवति एव=થાય જ છે અર્થાત્ મોક્ષ હેતુ વગર થાય જ છે એવો અર્થ પ્રાપ્ત થાય. એટલે હેતુ વગર મોક્ષરૂપ કાર્યનું વિધાન છે, એવો અર્થ પ્રાપ્ત થાય. માટે સ્વવિધિ પ્રાપ્ત થાય અર્થાત્ સ્વ=મોક્ષ, તેની વિધિ=પ્રાપ્તિનું વિધાન, અકસ્માત=હેતુ વગર છે અર્થાત્ કોઈ હેતુ વગર મોક્ષ પ્રાપ્ત થાય જ છે એ પ્રમાણે વિધાન છે. તેને તાર્કિકો કહે છે કે સ્વની વિધિ નથી; કેમ કે મોક્ષપ્રાપ્તિની અવધિનું નિયતપણું છે.

તાત્પર્ય એ છે કે જે વસ્તુ કોઈક કાળે થતી હોય અને સદા ન હોય તે કારણજન્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષ કોઈક કાળે થાય છે અને સદા નથી માટે કારણજન્ય છે. જેમ ઘટ કોઈક કાળે પેદા થાય છે, તેથી કારણજન્ય છે. માટે “મોક્ષ અકસ્માત જ થાય છે” એ વચનથી હેતુ વગર મોક્ષનું વિધાન થઈ શકે નહીં.

(૪) 'अनुपाख्यविधिः' न अवधेर्नियतत्वतःનો અર્થ આ મુજબ થાય :- 'अनुपाख्य' એટલે અલિક અને તેની 'विधि' એટલે તેનું વિધાન. પૂર્વપક્ષીએ કહેલ કે “મોક્ષ અકસ્માત જ થાય છે” તેનો અર્થ આ પ્રમાણે કરીએ તો, 'अ कस्मात् एव भवति' એ કથનમાં अ=અલિક=કાલ્પનિક, कस्मात् एव=કોઈક હેતુથી જ भवति= થાય છે અર્થાત્ “કાલ્પનિક એવા કોઈક હેતુથી જ મોક્ષ થાય છે” એવો અર્થ પ્રાપ્ત થાય. માટે અનુપાખ્યવિધિ છે. તેને તાર્કિકો કહે છે કે “અનુપાખ્ય વિધિ નથી;” કેમ કે મોક્ષપ્રાપ્તિની અવધિનું નિયતપણું છે.

તાત્પર્ય એ છે કે જે કાર્ય થતું હોય તે કાલ્પનિક કારણથી પેદા થતું નથી, પરંતુ વાસ્તવિક કારણથી પેદા થાય છે. જેમ ઘટ કોઈક કારણથી પેદા થાય છે, તે કાલ્પનિક કારણથી પેદા થતો નથી, પરંતુ વાસ્તવિક એવા દંડાદિ કારણોથી પેદા થાય છે. તેમ મોક્ષ પણ કાલ્પનિક કારણથી પેદા થઈ શકે નહીં, પરંતુ વાસ્તવિક એવા યોગમાર્ગના સેવનરૂપ કારણથી પેદા થઈ શકે. માટે “મોક્ષ અકસ્માત જ થાય છે”

એ વચનથી કાલ્પનિક હેતુથી મોક્ષ થાય છે, એવું વિધાન થઈ શકે નહીં.

(૫) "स्वभाववर्णना" न अवधेर्नियतत्वतः નો અર્થ આ મુજબ થાય : પૂર્વપક્ષીએ કહેલ કે "મોક્ષ અકસ્માત જ થાય છે" તેનો અર્થ આ પ્રમાણે કરીએ તો, 'अकस्मादेव भवति' એ કથનમાં अकस्मात् एव=પ્રયત્નરૂપ કોઈ હેતુથી નહીં, પરંતુ સ્વભાવથી જ भवति=થાય છે, એવો અર્થ પ્રાપ્ત થાય અર્થાત્ પ્રયત્નરૂપ કોઈ હેતુથી નહીં, પરંતુ સ્વભાવથી જ મોક્ષ થાય છે એવો અર્થ પ્રાપ્ત થાય, માટે સ્વભાવવર્ણના છે. તેને તાર્કિકો કહે છે કે સ્વભાવવર્ણના નથી; કેમ કે મોક્ષપ્રાપ્તિની અવધિનું નિયતપણું છે.

તાત્પર્ય એ છે કે જે કાર્ય થતું હોય તે કોઈકના પ્રયત્નથી થાય છે, સ્વભાવથી થતું નથી. જેમ ઘટરૂપ કાર્ય કુંભારના પ્રયત્નથી થાય છે, કુંભારના પ્રયત્ન વગર સ્વભાવથી જ માટીમાંથી ઘડો થતો નથી. માટે મોક્ષ અકસ્માત જ થાય છે, એ વચનથી મોક્ષ સ્વભાવથી જ થાય છે, એવું વિધાન થઈ શકે નહીં.

અહીં વિશેષ એ છે કે આ શ્લોક તાર્કિકના વચનને બતાવનાર છે. "મોક્ષ અકસ્માત જ થાય છે" એ વચનનું નિરાકરણ કરતાં તાર્કિકો કહે છે કે સ્વભાવવર્ણના નથી, પરંતુ જૈનશાસ્ત્રના મત પ્રમાણે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, નિસર્ગથી અને અધિગમથી બંને રીતે થાય છે. જેમ ઘટાદિ કાર્ય કુંભારાદિના પ્રયત્નથી થાય છે, સ્વયં થતાં નથી; અને પરમાણુમાંથી સ્કંધો કોઈના પ્રયત્નથી થતા નથી, સ્વયં થાય છે. તેમ કેટલાક જીવોને સમ્યક્દર્શન આદિ ત્રણેમાંથી એક, બે કે ત્રણેય નિસર્ગથી પણ થઈ શકે છે, તોપણ મોટાભાગના જીવોને સમ્યક્દર્શન આદિ ત્રણેય પ્રયત્નથી થાય છે. તેથી માત્ર સ્વભાવથી જ થાય છે એમ કહીને મોક્ષમાર્ગના પ્રયત્નનો અપલાપ કરી શકાય નહીં. ફક્ત મરુદેવા માતા જેવા કેટલાક જીવોને સ્વભાવથી કેવળજ્ઞાન થાય છે તે આશ્ચર્યમાં ગણાય છે. તેથી અનંતકાળે મરુદેવા માતા જેવા કોઈક જીવો સ્વભાવથી કેવળજ્ઞાન પામે એટલા માત્રથી તેમનું અવલંબન લઈને મોક્ષ માટે રત્નત્રયીમાં કરાતા ઉદ્યમનો અપલાપ કરવો તે માર્ગના ઉચ્છેદનું કારણ છે અને તે પ્રમાણે કરનાર જીવો સન્માર્ગના લોપક છે. માટે મોક્ષ સ્વભાવથી જ થાય છે, તે મૃષાવચન છે. **॥૧૩/૮૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે અવધિનું નિયતપણું હોવાથી પાંચેય વિકલ્પો સંગત થતા નથી એમ તાર્કિકો કહે છે, માટે મોક્ષ સહેતુક છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે મોક્ષને સદા સ્વીકારી લઈએ તો અવધિનું નિયતપણું માનવાની જરૂર પડે નહીં, અને મોક્ષનો હેતુ છે એમ પણ સ્વીકારવાની આપત્તિ આવે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**न च सार्वत्रिको मोक्षः, संसारस्यापि दर्शनात् ।**
**न चेदानीं न तद्व्यक्तिर्व्यञ्जको हेतुरेव यत् ।।८१।।**

**અન્વયાર્થ :-**

**संसारस्यापि च दर्शनात्=અને સંસારનું પણ દર્શન હોવાથી અર્થાત્ સર્વ જીવોમાં મોક્ષની પ્રાપ્તિ પૂર્વે સંસારનું દર્શન થાય છે, તેથી, सार्वत्रिको मोक्षः न=સાર્વત્રિક મોક્ષ નથી અર્થાત્ કોઈ નિયત જીવને આશ્રયીને સર્વકાળમાં મોક્ષ નથી.**

પૂર્વમાં કહ્યું કે સંસાર દેખાય છે માટે આત્માનો સદા મોક્ષ કહી શકાય નહીં. ત્યાં પૂર્વપક્ષી કહે કે આત્મા સદા મુક્ત જ છે, ફક્ત હમણાં તેની અભિવ્યક્તિ નથી, માટે સંસાર દેખાય છે, તેથી મોક્ષનો હેતુ નથી. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**इदानीं च न तद्व्यक्तिः=અને હમણાં તેની વ્યક્તિ નથી અર્થાત્ તેની અભિવ્યક્તિ નથી, न=એમ ન કહેવું, यत् व्यञ्जको हेतुरेव=જે કારણથી વ્યંજક હેતુ જ છે અર્થાત્ મોક્ષનો વ્યંજક છે તે હેતુ જ છે. ।।૧૩/૮૧।।**

**શ્લોકાર્થ :-**

**અને સંસારનું પણ દર્શન હોવાથી સાર્વત્રિક મોક્ષ નથી.**

પૂર્વમાં કહ્યું કે સંસાર દેખાય છે માટે આત્માનો સદા મોક્ષ કહી શકાય નહીં. ત્યાં પૂર્વપક્ષી કહે કે આત્મા સદા મુક્ત જ છે, ફક્ત હમણાં તેની અભિવ્યક્તિ નથી, માટે સંસાર દેખાય છે, તેથી મોક્ષનો હેતુ નથી. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**અને “હમણાં તેની અભિવ્યક્તિ નથી” એમ ન કહેવું; જે કારણથી મોક્ષનો વ્યંજક છે તે હેતુ જ છે. ।।૧૩/૮૧।।**

**ભાવાર્થ :-**

મોક્ષ છે અને મોક્ષનો હેતુ નથી, એમ માનનાર પૂર્વપક્ષી કહે છે કે “સર્વ જીવોનો મોક્ષ સદા છે, માટે નિયત કાળે મોક્ષ થાય છે, એમ માનવાની જરૂર નથી” અને તેમ સ્વીકારીએ તો તાર્કિકોએ મોક્ષ નિયત અવધિવાળો છે, એમ કહીને પાંચ વિકલ્પો બતાવ્યા, અને તેના દ્વારા મોક્ષ સહેતુક છે એમ સ્થાપન કર્યું, તેમ માનવાની જરૂર રહેતી નથી, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

બધા જીવો સદા મુક્ત છે, એમ માની શકાય નહીં; કેમ કે સંસાર પણ દેખાઈ રહ્યો છે. તેથી નક્કી થાય છે કે સંસારમાં રહેલા જીવો સાધના કરીને મુક્ત થાય છે. તેથી દરેક જીવ સદા મુક્ત છે, એમ કહી શકાય નહીં. ત્યાં પૂર્વપક્ષી કહે કે દરેક જીવ સદા મુક્ત જ છે, આમ છતાં કેટલાક જીવોનો સંસાર દેખાય છે, તેનું કારણ અત્યારે તે જીવોમાં મોક્ષ અભિવ્યક્ત થયો નથી. જેમ માટીના બનેલા નવા ઘડામાં માટીની ગંધ હોય છે, છતાં ગંધ આવતી નથી, પરંતુ પાણી નાખવાથી ગંધ અભિવ્યક્ત થાય છે; તેમ સર્વ જીવો સદા મુક્ત છે, પરંતુ જે જીવો સંસારમાં દેખાય છે, તે જીવોનો મોક્ષ હમણાં અભિવ્યક્ત થયો નથી, માટે સંસારી જીવો પણ મુક્ત હોવા છતાં દેખાતા સંસારની સંગતિ થઈ શકે છે. વળી, પૂર્વપક્ષી કહે છે, સર્વ સંસારી જીવો સદા મુક્ત હોવાથી “મોક્ષનો હેતુ છે” તેમ માનવાની પણ જરૂર રહેતી નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીનું આ કથન પણ યુક્ત નથી; કેમ કે સંસારી જીવોમાં રહેલો મોક્ષ જે રત્નત્રયથી અભિવ્યક્ત થાય છે, તે રત્નત્રય મોક્ષનો હેતુ જ છે. માટે “મોક્ષ અહેતુક છે” એમ કહી શકાય નહીં.

અહીં વિશેષ એ છે કે વ્યવહારનયથી સંસારી આત્મા મુક્ત નથી, પરંતુ સાધના કરીને મુક્તિ મેળવે છે. તેથી રત્નત્રય મોક્ષનો હેતુ છે.

વળી, નિશ્ચયનયથી સંસારી જીવો પણ મુક્ત છે. આમ છતાં મુક્ત અવસ્થા કર્મથી આવરાયેલી છે, અને રત્નત્રયીના સેવનથી મુક્ત અવસ્થાનું આવરણ દૂર થાય છે. તેથી નિશ્ચયનયથી આત્મામાં રહેલી મુક્ત અવસ્થાની અભિવ્યંજક રત્નત્રયી છે.

જેમ નવા ઘડામાં ગંધ છે તે ગંધ પાણી નાંખવાથી અભિવ્યક્ત થાય છે, તેમ જીવમાં મોક્ષ છે અને તે મોક્ષ રત્નત્રયીમાં યત્ન કરવાથી અભિવ્યક્ત થાય છે. તેથી મોક્ષને નિત્ય સ્વીકારીને અભિવ્યંજકથી મોક્ષ અભિવ્યક્ત થાય છે, એમ પૂર્વપક્ષી સ્વીકારે તો નિશ્ચયનયની દૃષ્ટિથી કોઈ દોષ નથી; પરંતુ પૂર્વપક્ષી જેને મુક્ત અવસ્થાનું અભિવ્યંજક સ્વીકારે તે રત્નત્રયીના સેવનરૂપ જ પ્રાપ્ત થાય અને નિશ્ચયનયથી જે રત્નત્રયી મોક્ષની અભિવ્યંજક છે તે જ રત્નત્રયી વ્યવહારનયથી મોક્ષનો જનક હેતુ છે. માટે "મોક્ષનો કોઈ હેતુ નથી" એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અસંગત છે. ફક્ત જૈનદર્શન પ્રમાણે વ્યવહારનયથી રત્નત્રયી મોક્ષની જનક હેતુ છે અને નિશ્ચયનયથી રત્નત્રયી મોક્ષની અભિવ્યંજક છે એ વિશેષ છે. **॥૧૩/૮૧॥**

**અવતરણિકા :-**

**મોક્ષનો ઉપાય નથી, એમ માનનાર મતનું અત્યાર સુધી નિરાકરણ કર્યું. તેથી મોક્ષનો ઉપાય નથી, એમ કહેનાર કહે કે તમારી યુક્તિ પ્રમાણે મોક્ષનો ઉપાય છે એમ સ્વીકારી લઈએ, તોપણ મોક્ષનો ઉપાય શું છે તે નક્કી નથી. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**मोक्षोपायोऽस्तु किन्त्वस्य, निश्चयो नेति चेन्मतम् ।**
**तन्न रत्नत्रयस्यैव, तथाभावविनिश्चयात् ।।८२।।**

**અન્વયાર્થ :-**

**मोक्षोपायोऽस्तु=મોક્ષનો ઉપાય હો, किन्तु अस्य निश्चयो न इति चेत् मतम्=પરંતુ આનો અર્થાત્ મોક્ષના ઉપાયનો નિશ્ચય નથી, એ પ્રમાણે તું માને તો, तन्न=તે બરાબર નથી અર્થાત્ "મોક્ષના ઉપાયનો નિશ્ચય નથી" તે વાત બરાબર નથી, रत्नत्रयस्य एव तथाभावविनिश्चयात्=કેમ કે રત્નત્રયનો જ તે પ્રકારના ભાવરૂપે વિનિશ્ચય છે અર્થાત્ મોક્ષના ઉપાયરૂપે વિનિશ્ચય છે. ॥૧૩/૮૨॥**

**શ્લોકાર્થ :-**

**મોક્ષનો ઉપાય હો, પરંતુ મોક્ષના ઉપાયનો નિશ્ચય નથી, એ પ્રમાણે તું માને તો તે બરાબર નથી; કેમ કે રત્નત્રયનો જ તે પ્રકારના ભાવરૂપે વિનિશ્ચય છે. ။૧૩/૮૨။**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી "મોક્ષનો ઉપાય નથી" એમ માને છે. તેનું નિરાકરણ કરીને ગ્રંથકારશ્રીએ પૂર્વશ્લોકોમાં સિદ્ધ કર્યું કે મોક્ષનો ઉપાય છે. તેથી પૂર્વપક્ષી કહે કે "મોક્ષનો ઉપાય છે, પરંતુ તેનો નિશ્ચય નથી, એ પ્રકારનો અમારો મત છે અર્થાત્ મોક્ષનો ઉપાય નથી એ કથનથી મોક્ષના ઉપાયનો નિશ્ચય નથી એમ અમે સ્વીકારીએ છીએ." તેથી ગ્રંથકારશ્રી કહે છે કે તે વાત બરોબર નથી; કેમ કે રત્નત્રયનું જ તે પ્રકારના ભાવરૂપે વિનિશ્ચયપણું છે અર્થાત્ મોક્ષના ઉપાયરૂપે રત્નત્રયીનો જ વિનિશ્ચય છે.

આશય એ છે કે સંસારી જીવો મિથ્યાજ્ઞાન, મિથ્યારુચિ અને મિથ્યાપ્રવૃત્તિ કરીને કર્મ બાંધે છે. તેનાથી વિરુદ્ધ એવા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ રુચિ અને સમ્યગ્પ્રવૃત્તિથી કર્મનો નાશ થાય છે. માટે કર્મનાશનો ઉપાય રત્નત્રયી છે. તેથી રત્નત્રયીમાં યત્ન કરવાથી પ્રકર્ષને પામેલ એવી રત્નત્રયીથી સર્વ કર્મના નાશરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે મોક્ષનો ઉપાય રત્નત્રયી છે, એવો નિર્ણય થઈ શકે છે. **॥૧૩/૮૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે રત્નત્રયી જ મોક્ષનો ઉપાય છે, એવો નિર્ણય થાય છે. તેથી હવે રત્નત્રયી મોક્ષનો ઉપાય છે, તેવો નિર્ણય કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**भवकारणरागादिप्रतिपक्षमदः खलु ।**
**तद्विपक्षस्य मोक्षस्य, कारणं घटतेतराम् ।।८३।।**

**અન્વયાર્થ :-**

**भवकारणरागादिप्रतिपक्षमदः खलु=ભવના કારણ એવા રાગાદિનું પ્રતિપક્ષભૂત એવું આ અર્થાત્ રત્નત્રય, ખરેખર, तद्विपक्षस्य मोक्षस्य कारणं=તેના અર્થાત્ ભવના વિપક્ષ એવા મોક્ષનું કારણ, घटतेतराम्=અત્યન્ત ઘટે છે. ॥૧૩/૮૩॥**

**શ્લોકાર્થ :-**

**ભવના કારણ એવા રાગાદિનું પ્રતિપક્ષભૂત એવું રત્નત્રય ખરેખર ભવના વિપક્ષ એવા મોક્ષનું કારણ અત્યન્ત ઘટે છે. ॥૧૩/૮૩॥**

**ભાવાર્થ :-**

ભવનાં કારણ એવા રાગ-દ્વેષ અને અજ્ઞાન છે અને પોતાના પારમાર્થિક સુખરૂપ અસંગ અવસ્થાના અજ્ઞાનને કારણે બાહ્ય પદાર્થના સંગવાળી અવસ્થામાંથી સુખ પ્રાપ્ત કરવાના અભિલાષવાળો જીવ રાગ-દ્વેષ કરીને ભવની પરંપરા પ્રાપ્ત કરે છે, અને મોક્ષ એ ભવથી વિપરીત એવી જીવની અવસ્થા છે; કેમ કે ભવ એ જીવની કર્મવાળી અવસ્થા છે અને મોક્ષ એ જીવની કર્મરહિત અવસ્થા છે. તેથી જેમ ભવથી વિપરીત મોક્ષ છે, તેમ ભવના ઉપાયથી વિપરીત મોક્ષનો ઉપાય છે, એ પ્રમાણે યુક્તિથી સ્વીકારી શકાય છે; તેથી ભવના કારણ એવા રાગ-દ્વેષ અને અજ્ઞાનથી વિપરીત એવી રત્નત્રયી મોક્ષનું કારણ છે. અને તે રત્નત્રયી એ રાગાદિના ઉચ્છેદને અનુકૂળ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ રુચિ અને સમ્યગ્પ્રવૃત્તિરૂપ છે=આત્માની પારમાર્થિક અસંગ અવસ્થાનું યથાર્થજ્ઞાન, તે અવસ્થામાં યથાર્થ રુચિ અને આત્માની અસંગ અવસ્થાને પ્રગટ કરવા માટેની સમ્યગ્ પ્રવૃત્તિરૂપ છે. માટે મોક્ષનું કારણ રત્નત્રય છે, તે અત્યન્ત ઘટે છે. **॥૧૩/૮૩॥**

**અવતરણિકા :-**

**મોક્ષ છે અને મોક્ષનો ઉપાય નથી, એમ માનનાર મતનું શ્લોક-૭૮ થી અત્યાર સુધી નિરાકરણ કરીને રત્નત્રયી મોક્ષનું કારણ છે, તેમ પૂર્વશ્લોકમાં બતાવ્યું. તેથી હવે મોક્ષનો ઉપાય નથી તેમ માનનાર વાદી રત્નત્રયીને મોક્ષનું અકારણ સ્વીકારવાની યુક્તિ બતાવે છે –**

શ્લોક :-

**अथ रत्नत्रयप्राप्तेः, प्राक्कर्म्मलघुता यथा ।**
**परतोऽपि तथैव स्यादिति किं तदपेक्षया ।।८४।।**

અન્વયાર્થ :-

अथ=હવે (પૂર્વપક્ષી) કહે છે, यथा=જે પ્રમાણે, रत्नत्रयप्राप्तेः प्राक् कर्मलघुता=રત્નત્રયની પ્રાપ્તિની પૂર્વે કર્મલઘુતા (કારણ છે) અર્થાત્ કર્મલઘુતા પૂર્વસેવાનું કારણ છે, तथैव=તે પ્રમાણે જ અર્થાત્ પૂર્વમાં જે પ્રમાણે કર્મલઘુતાથી પૂર્વસેવા થઈ તે પ્રમાણે જ, परतोऽपि स्यात्=પછી પણ થાય અર્થાત્ પછી પણ કર્મનાશથી મોક્ષ થાય, પરંતુ રત્નત્રયીથી નહીં. इति किं तदपेक्षया=એથી તેની અપેક્ષા વડે શું ? અર્થાત્ રત્નત્રયીની અપેક્ષા નથી. ।।૧૩/૮૪।।

શ્લોકાર્થ :-

**હવે પૂર્વપક્ષી કહે છે "જે પ્રમાણે રત્નત્રયની પ્રાપ્તિની પૂર્વે કર્મલઘુતા પૂર્વસેવાનું કારણ છે, તે પ્રમાણે જ પછી પણ કર્મનાશથી મોક્ષ થાય, પરંતુ રત્નત્રયીથી નહીં. એથી મોક્ષની પ્રાપ્તિ માટે રત્નત્રયીની અપેક્ષા વડે શું ?" ।।૧૩/૮૪।।**

ભાવાર્થ :-

મોક્ષ છે અને મોક્ષનો ઉપાય નથી, એમ માનનાર મતનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું કે, મોક્ષનો ઉપાય રત્નત્રયી છે. તેનું નિરાકરણ કરવા અર્થે પૂર્વપક્ષી "अथ"થી કહે છે :

રત્નત્રયીની પ્રાપ્તિની પૂર્વે જીવમાં જે ગુણ પ્રગટે છે, તે ગુણ જે પ્રમાણે કર્મલઘુતાથી થાય છે, તે પ્રમાણે પૂર્ણ ગુણરૂપ મોક્ષ પણ કર્મના નાશથી પ્રગટ થાય તેમ સ્વીકારવામાં કોઈ વાંધો નથી. ફક્ત મોક્ષનું કારણ રત્નત્રયી છે, તેમ માનવાની જરૂર નથી.

આશય એ છે કે મોક્ષનો ઉપાય છે એમ માનનાર સિદ્ધાંતકાર પણ માને છે

કે મોક્ષને અનુકૂળ એવો પ્રથમ ગુણ કર્મની લઘુતાથી થાય છે, પરંતુ તે ગુણની પ્રાપ્તિનું અન્ય કોઈ કારણ નથી; અને કર્મની લઘુતાથી જીવમાં તત્ત્વને અભિમુખ એવો કંઈક ગુણ પ્રગટે છે, જેથી તે ભૂમિકાવાળા જીવો પૂર્વસેવાને આચરે છે, અને તે પૂર્વસેવાના સેવનથી જીવ ક્રમસર શુદ્ધિને પ્રાપ્ત કરે છે; જેનાથી સંયમની યોગ્યતા આવે છે, અને સંયમની યોગ્યતા આવ્યા પછી જીવ સંયમ સ્વીકારીને રત્નત્રયીનું પાલન કરે છે, અને જ્યારે રત્નત્રયીના પાલનથી રત્નત્રયીનો પ્રકર્ષ પ્રગટે છે, ત્યારે જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રકારના સિદ્ધાંતકારના આશયને સામે રાખીને મોક્ષના અનુપાયવાદી કહે છે કે જેમ કર્મની લઘુતાથી પૂર્વસેવારૂપ પ્રથમ ગુણ પ્રગટ્યો, તેમ કર્મના નાશથી પૂર્ણગુણરૂપ મોક્ષ પ્રગટ થશે; અને જેમ પૂર્વસેવારૂપ પ્રથમ ગુણ પ્રગટ કરવા માટે કર્મની લઘુતા સિવાય અન્ય કોઈ કારણ નથી, તેમ પૂર્ણગુણરૂપ મોક્ષ પ્રગટ કરવા માટે કર્મનાશ સિવાય અન્ય કોઈ કારણ નથી. તેથી સ્વાભાવિક કર્મલઘુતા થવાથી જેમ પ્રથમ ગુણ પ્રગટ્યો, તેમ ઉચિત કાળે સ્વાભાવિક સર્વ કર્મનો નાશ થવાથી મોક્ષ પ્રગટ થશે. માટે મોક્ષ છે, પરંતુ મોક્ષનો ઉપાય નથી, તેમ સ્વીકારવું ઉચિત છે. આ પ્રકારની મોક્ષના અનુપાયવાદીની યુક્તિ છે. **॥૧૩/૮૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૮૪માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે પ્રથમ ગુણ જેમ કર્મલઘુતાથી પ્રગટે છે, તેમ પૂર્ણગુણરૂપ મોક્ષ પણ કર્મનાશથી થાય છે. તેથી મોક્ષની પ્રાપ્તિ માટે રત્નત્રયીની જરૂર નથી. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नैवं यत्पूर्वसेवैव, मृद्वी नो साधनक्रिया ।**
**सम्यक्त्वादिक्रिया तस्माद्, दृढैव शिवसाधने ।।८५।।**

**અન્વયાર્થ :-**

**"यत्=જે કારણથી, पूर्वसेवा मृद्वी एव=પૂર્વસેવા મૃદુ જ છે, (તે કારણથી) साधनक्रिया नो=સાધનક્રિયા નથી અર્થાત્ પૂર્વસેવાને સાધવાની કોઈ ક્રિયા**

**નથી." एवं न=એ પ્રમાણે નથી અર્થાત્ પૂર્વપક્ષી કહે છે કે "જેમ પૂર્વસેવા કર્મલઘુતાથી થાય છે, અન્ય ક્રિયાથી નહીં, તેમ મોક્ષ પણ કર્મનાશથી થાય છે, રત્નત્રયીથી નહીં." તેને ગ્રંથકારશ્રી કહે છે, એ પ્રમાણે નથી.**

**तस्माद्=તે કારણથી અર્થાત્ પૂર્વપક્ષીએ કહ્યું એ બરોબર નથી તે કારણથી, शिवसाधने=શિવસાધનમાં અર્થાત્ મોક્ષની સિદ્ધિમાં, दृढैव सम्यक्त्वादिक्रिया=દૃઢ જ સમ્યક્ત્વાદિ ક્રિયા, (કારણ છે.) ।।૧૩/૮૫।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી "પૂર્વસેવા મૃદુ જ છે તે કારણથી પૂર્વસેવાને સાધવાની કોઈ ક્રિયા નથી" એમ પૂર્વપક્ષી કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે, એ પ્રમાણે મોક્ષ માટે નથી. તે કારણથી મોક્ષની સિદ્ધિમાં દૃઢ જ સમ્યક્ત્વાદિ ક્રિયા કારણ છે. ।।૧૩/૮૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૪માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે "રત્નત્રયીની પ્રાપ્તિની પૂર્વે પૂર્વસેવા પ્રગટે છે અને તેને સાધવા માટે કોઈ ક્રિયા કરવાની હોતી નથી, પરંતુ કર્મની લઘુતાથી તે પૂર્વસેવા પ્રગટે છે; અને પૂર્વસેવારૂપ ગુણ જેમ કર્મની લઘુતાથી પ્રગટ થયો, તેમ પૂર્ણગુણરૂપ મોક્ષ પણ કર્મનાશથી થાય છે. માટે મોક્ષને સાધવા માટે રત્નત્રયીની ક્રિયા નથી." તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીએ જે કહ્યું એ એમ નથી; કેમ કે પૂર્વસેવા એ નાનો ગુણ છે, માટે તેને સાધવાની કોઈ ક્રિયા નથી, પરંતુ કોઈક રીતે જીવમાં કર્મની લઘુતા થાય છે, તેથી પ્રથમ ગુણરૂપ પૂર્વસેવા પ્રગટે છે; પરંતુ પૂર્ણગુણરૂપ મોક્ષ પૂર્વસેવા જેવો મૃદુ નથી, તેથી તેને સાધવા માટેની દૃઢ એવી ક્રિયા છે.

વળી, પૂર્વસેવા પ્રાથમિક ભૂમિકાનો ગુણ છે. તેથી જેમ નદીમાં પડેલ પથ્થર અથડાતાં કુટાતાં ગોળ થાય છે, તેમ કેટલાક સંસારી જીવો પણ પૂર્વસેવાને અનુકૂળ એવી અકામનિર્જરાથી પ્રથમ ભૂમિકાનો ગુણ પ્રાપ્ત કરે છે, પરંતુ મોક્ષ પ્રથમ ભૂમિકાના ગુણની જેમ સહજ રીતે પ્રાપ્ત થાય તેવો ગુણ નથી; પણ અનાદિકાળથી સુઅભ્યસ્ત એવી સંસારની પ્રવૃત્તિથી બંધાયેલાં ગાઢ કર્મોના નાશથી પ્રગટ થતો હોવાને કારણે અતિ પ્રયત્નસાધ્ય છે. તેથી સંસારથી ભય પામેલા પણ સાધક

જીવો જો દૃઢ પ્રયત્ન ન કરી શકે તો સંપૂર્ણ કર્મનો નાશ કરી શકતા નથી. આથી જેમ ઘણા યોગીઓ રત્નત્રયીમાં યત્ન કરે છે છતાં તેવો દૃઢ યત્ન એક ભવમાં ન કરી શકે તો ઘણા ભવ સુધી રત્નત્રયીના સેવનથી સંચિત શક્તિવાળા થાય ત્યારે રત્નત્રયીમાં દૃઢ યત્ન કરી શકે છે. માટે મોક્ષની પ્રાપ્તિ માટે દૃઢ જ રત્નત્રયીની ક્રિયા કારણ છે, તેમ સ્વીકારવું ઉચિત છે. **॥૧૩/૮૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીનું નિરાકરણ કરીને "પહેલો ગુણ કર્મની લઘુતાથી થાય છે, તોપણ પૂર્ણગુણરૂપ મોક્ષ તો રત્નત્રયીની દૃઢ જ ક્રિયાથી થાય છે, પરંતુ પહેલા ગુણની જેમ મોક્ષ વગર પ્રયત્ને થતો નથી" તેમ સ્થાપન કર્યું. હવે આત્મામાં પ્રથમ ભૂમિકાનો ગુણ પ્રગટ્યા પછી તે પ્રથમ ભૂમિકાનો ગુણ ઉત્તરઉત્તરના ગુણોની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ બને છે, અને ઉત્તરઉત્તરના ગુણોની વૃદ્ધિને અનુરૂપ રત્નત્રયીનું પાલન છે, તે યુક્તિથી બતાવવા માટે "અથવા"થી કહે છે –**

**શ્લોક :-**

**गुणाः प्रादुर्भवन्त्युच्चैरथवा कर्मलाघवात् ।**
**तथाभव्यतया तेषां, कुतोऽपेक्षानिवारणम् ।।८६।।**

**અન્વયાર્થ :-**

**अथवा कर्मलाघवात्=અથવા કર્મના લાઘવને કારણે, तथाभव्यतया= તથાભવ્યત્વથી=તથાભવ્યત્વ તે રૂપે પરિણમન પામવાથી, गुणाः उच्चैः प्रादुर्भवन्ति=ગુણો અત્યંત પ્રાદુર્ભાવ થાય છે. तेषां अपेक्षानिवारणम् कुतो=તેઓની અર્થાત્ ગુણોની અપેક્ષાનું નિવારણ કેવી રીતે થાય ? અર્થાત્ મોક્ષની પ્રાપ્તિમાં ગુણોની અપેક્ષાનું નિવારણ ન થાય. ॥૧૩/૮૬॥**

**શ્લોકાર્થ :-**

**અથવા કર્મના લાઘવને કારણે તથાભવ્યત્વથી ગુણો અત્યંત પ્રાદુર્ભાવ થાય છે. મોક્ષની પ્રાપ્તિમાં ગુણોની અપેક્ષાનું નિવારણ કેવી રીતે થાય? ॥૧૩/૮૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ શ્લોક-૮૪માં કહેલ કે જે પ્રમાણે કર્મની લઘુતાથી પૂર્વસેવારૂપ પ્રથમ ગુણ પ્રગટે છે તેમ પૂર્ણગુણરૂપ મોક્ષ પણ કર્મનાશથી પ્રગટ થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે કર્મના લાઘવને કારણે જીવમાં રહેલી તથાભવ્યતા તે પ્રકારે ગુણરૂપે પરિણમન પામે છે તેથી જીવમાં ક્રમસર ગુણો પ્રગટે છે અને તે ગુણો વૃદ્ધિ પામીને અંતે પૂર્ણગુણરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે ગુણોની અપેક્ષા નથી, તેમ કેમ કહી શકાય ? અર્થાત્ ન કહી શકાય.

ગ્રંથકારશ્રીનો આશય એ છે કે કર્મની લઘુતાથી જીવમાં પ્રથમ ગુણ પ્રગટ્યો તે જીવમાં રહેલી તથાભવ્યતા જ કર્મની લઘુતાને કારણે તે ગુણરૂપે પરિણમન પામી તેથી પ્રથમ ગુણ પ્રગટ્યો અને તે પ્રથમ ગુણ પ્રગટ્યા પછી જેમ જેમ જીવ ઉત્તરઉત્તરના ગુણ માટે પ્રયત્ન કરે છે, તેમ તેમ તેની તથાભવ્યતા તે તે ગુણરૂપે પરિણમન પામી અંતે પૂર્ણગુણરૂપે પરિણમન પામે છે. તેથી મોક્ષની પ્રાપ્તિમાં ગુણોની અપેક્ષા છે. માટે “પ્રથમ ગુણ જેમ કર્મની લઘુતાથી થયો તેમ પૂર્ણગુણરૂપ મોક્ષ પણ કર્મનાશથી થાય છે, ગુણથી નહીં, તેથી મોક્ષને મેળવવા અર્થે રત્નત્રયીરૂપ ગુણમાં યત્નની આવશ્યકતા નથી,” એમ જે મોક્ષના અનુપાયવાદી કહે છે, તે ઉચિત નથી.

અહીં વિશેષ એ છે કે તથાભવ્યતા એટલે તે તે પ્રકારના ગુણરૂપે પરિણમન પામીને પૂર્ણગુણમય મોક્ષરૂપે થવાની યોગ્યતા, અને મોક્ષ પ્રગટ થાય છે ત્યારે મોક્ષમાં જવાની યોગ્યતાનો નાશ થાય છે. માટે મોક્ષમાં તથાભવ્યતા નથી; અને તથાભવ્યતા=તે પ્રકારની ભવ્યતા, જેમ જેમ મોક્ષને અભિમુખ ગુણરૂપે પરિણમન પામે છે, તેમ તેમ તથાભવ્યતાનો પરિપાક થાય છે અને મોક્ષમાં જવાની યોગ્યતા કાર્યની નજીકની અવસ્થાને પ્રાપ્ત કરે તે તથાભવ્યતાનો પરિપાક છે. તેથી જેમ જેમ તથાભવ્યતા અધિક અધિક પરિપાક પામે તેમ તેમ જીવમાં ઘણા ગુણો પ્રગટે, અને જે જીવ પૂર્ણગુણરૂપ મોક્ષ પ્રાપ્ત કરે છે ત્યારે તે જીવની મોક્ષમાં જવાની યોગ્યતા=પૂર્ણગુણરૂપે પરિણમન પામવાની અતિ નજીકની યોગ્યતા, પોતાના કાર્યરૂપે=પૂર્ણગુણરૂપ મોક્ષરૂપે, પરિણમન પામી ગઈ. તેથી હવે તે જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા નથી. **॥૧૩/૮૯॥**

અવતરણિકા :-

પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે "તથાભવ્યત્વના કારણે ગુણો પ્રગટે છે, માટે મોક્ષ પ્રત્યે રત્નત્રયીના સેવનરૂપ ગુણની અપેક્ષા છે." ત્યાં પૂર્વપક્ષી કહે કે "કર્મના લાઘવથી તથાભવ્યતાનો પરિપાક થાય છે અને તથાભવ્યતાનો પ્રકૃષ્ટ પરિપાક થવાને કારણે મોક્ષ થાય છે, તેથી મોક્ષપ્રાપ્તિ માટે ગુણોમાં યત્ન કરવાની આવશ્યકતા રહેતી નથી." તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

तथाभव्यतयाक्षेपाद् गुणा न च न हेतवः ।
अन्योन्यसहकारित्वाद्, दण्डचक्रभ्रमादिवत् ।।८७।।

અન્વયાર્થ :-

तथाभव्यतयाऽऽक्षेपाद् च=અને તથાભવ્યત્વથી આક્ષેપ થતો હોવાને કારણે અર્થાત્ ગુણોનો આક્ષેપ થતો હોવાને કારણે, गुणाः न हेतवः=ગુણો હેતુ નથી=ગુણો મોક્ષના હેતુ નથી, न=એમ નહીં, दण्डचक्रभ्रमादिवत् अन्योन्य-सहकारित्वात्=કેમ કે દંડચક્રભ્રમણાદિની જેમ અન્યોન્યનું સહકારીપણું છે અર્થાત્ ઘટરૂપ કાર્ય પ્રત્યે દંડ, ચક્ર, ચક્રનું ભ્રમણ, ચીવર, કુલાલ આદિ જેમ પરસ્પર સહકારી છે, તેમ મોક્ષરૂપ કાર્ય પ્રત્યે તથાભવ્યત્વ અને ગુણો અન્યોન્ય સહકારી છે અર્થાત્ તથાભવ્યત્વનું ગુણોને પ્રગટ કરવામાં સહકારીપણું છે, અને પ્રગટ થયેલા ગુણો તથાભવ્યત્વને ઉત્તરગુણરૂપે પરિણમન પમાડવામાં સહકારી છે. ।।૧૩/૮૭।।

શ્લોકાર્થ :-

**"અને તથાભવ્યત્વથી ગુણોનો આક્ષેપ થતો હોવાને કારણે ગુણો મોક્ષના હેતુ નથી" એમ નહીં; કેમ કે દંડચક્રભ્રમણાદિની જેમ અન્યોન્યનું સહકારીપણું છે. ।।૧૩/૮૭।।**

ભાવાર્થ :-

મોક્ષના અનુપાયવાદીનું કહેવું છે કે "કર્મના લાઘવથી તથાભવ્યત્વના પરિપાકને

કારણે જેમ પ્રથમ ગુણ પ્રગટે છે તેમ અધિક અધિક કર્મલાઘવથી તથાભવ્યત્વ ઉત્તરોત્તર તે તે ગુણરૂપે પરિણમન પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસન પામે છે, માટે મોક્ષના અર્થીએ “આ મોક્ષના ઉપાયો છે” તેમ વિચારીને તેમાં યત્ન કરવાની આવશ્યકતા નથી, પરંતુ કર્મલાઘવથી તથાભવ્યત્વને કારણે જેમ પ્રથમ ગુણ સ્વતઃ પ્રગટ્યો તેમ ઉત્તરઉત્તરગુણ અધિક અધિક કર્મના લાઘવથી સ્વયં પ્રગટ થશે.” તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે :

“જીવની તથાભવ્યતાને કારણે જીવમાં ગુણોનો આક્ષેપ થાય છે માટે ગુણો હેતુ નથી” એમ નહીં અર્થાત્ તથાભવ્યત્વ જેમ પ્રથમ ગુણનો આક્ષેપ કરે છે, તેમ સર્વ ગુણોનો આક્ષેપ કરીને મોક્ષરૂપે પ્રગટ થશે. માટે “ગુણોને હેતુ માનવાની જરૂર નથી,” એમ કહી શકાય નહીં; કેમ કે ઘટરૂપ કાર્યની નિષ્પત્તિમાં જેમ દંડ, ચક્રભ્રમણ, કુલાલ, ચીવર આદિ સર્વ કારણો પરસ્પર સહકારી થઈને કાર્ય કરે છે. તેથી કોઈ એક કારણને સ્વીકારીને અન્ય કારણોનો જેમ અપલાપ થાય નહીં, તેમ તથાભવ્યત્વ અને ગુણો પરસ્પર સહકારી હોવાથી તથાભવ્યત્વને મોક્ષનું કારણ સ્વીકારીને મોક્ષપ્રાપ્તિમાં ગુણ કારણ નથી, એમ કહી શકાય નહીં અને મોક્ષ પ્રત્યે ગુણો કારણ હોવાથી ગુણોને પ્રગટ કરવા યત્ન કરવો જોઈએ જેથી ગુણો પ્રગટે, પરંતુ ગુણોમાં યત્ન કર્યા વગર તથાભવ્યત્વથી આક્ષિપ્ત થઈને મોક્ષફળ મળશે, તેમ કહી શકાય નહીં; તેથી જેમ તથાભવ્યત્વથી ગુણો આક્ષિપ્ત થાય છે, તેમ ગુણમાં યત્ન કરવાથી તથાભવ્યત્વ ઉત્તરઉત્તરગુણની પ્રાપ્તિમાં કારણ બને છે, અન્યથા નહીં, એમ સ્વીકારવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે કર્મનું લાઘવ થાય ત્યારે તથાભવ્યત્વ મોક્ષને અનુકૂળ એવા પ્રથમ ગુણનો આક્ષેપ કરે છે અને આક્ષેપ થયેલો ગુણ જીવને તત્ત્વાતત્ત્વનો વિચાર કરવા પ્રેરણા કરે છે. તેથી તે ગુણના સહકારથી તથાભવ્યત્વ ઉત્તરગુણનો આક્ષેપ કરે છે અને ઉત્તરનો ગુણ વિશેષ પ્રકારના તત્ત્વના માર્ગમાં પ્રવૃત્તિ કરાવીને તથાભવ્યત્વને તેનાથી ઉત્તરગુણના આક્ષેપમાં સહકારી બને છે. તેથી એ ફલિત થાય કે તથાભવ્યત્વ એ ગુણ પ્રગટ કરવામાં સહકારી છે અને પ્રગટ થયેલો ગુણ એ તથાભવ્યત્વને ઉત્તરગુણરૂપે પરિણમન પમાડવામાં સહકારી છે.

આ રીતે તથાભવ્યત્વ અને ગુણો પરસ્પર સહકારી છે. તેથી તથાભવ્યત્વથી

પ્રગટ થયેલા ગુણવાળો આત્મા ઉત્તરગુણમાં યત્ન કરે ત્યારે ઉત્તરગુણને પ્રગટ કરવામાં તથાભવ્યત્વ સહકારી થાય છે અને પ્રગટ થયેલો ઉત્તરનો ગુણ તથાભવ્યત્વથી ઉત્તરનો ગુણ પ્રગટ કરવામાં સહકારી થાય છે. તેથી જેમ તથાભવ્યતા મોક્ષનું કારણ છે, તેમ ગુણો પણ મોક્ષનું કારણ છે. તેથી મોક્ષના અર્થીએ ગુણોમાં પણ યત્ન કરવો જોઈએ.

જેમ ઘટનો અર્થી દંડમાં પણ યત્ન કરે અને ચક્રભ્રમણ આદિમાં પણ યત્ન કરે; કેમ કે પરસ્પર સહકારી સર્વ કારણોમાં યત્ન ન કરવામાં આવે તો તે સામગ્રીથી કાર્ય થાય નહીં; તેમ મોક્ષનો અર્થી જીવ મોક્ષના ઉપાયભૂત ગુણોમાં યત્ન કરે તો તે ગુણો તથાભવ્યત્વને ઉત્તરના ગુણને આક્ષેપ કરવામાં સહાયક થાય અને જો મોક્ષનો અર્થી જીવ ગુણોમાં યત્ન ન કરે તો તથાભવ્યત્વથી ઉત્તરઉત્તરના ગુણોનો આક્ષેપ થાય નહીં અને ઉત્તરઉત્તરના ગુણોનો આક્ષેપ થાય નહીં તો મોક્ષરૂપ કાર્ય થાય નહીં. માટે ગુણો મોક્ષનું કારણ છે અને તે ગુણો રત્નત્રયીરૂપ છે.

માટે મોક્ષના અર્થીએ રત્નત્રયીમાં યત્ન કરવો જોઈએ, જેથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય અને તથાભવ્યત્વને કારણે સ્વયં મોક્ષ મળશે, તેમ માનીને ઉપાયની ઉપેક્ષા કરવી ઉચિત નથી. **॥૧૩/૮૭॥**

**અવતરણિકા :-**

**"મોક્ષનો ઉપાય નથી" એ મિથ્યાત્વનું છઠ્ઠું સ્થાન છે, અને તેને સ્વીકારનાર મતનું શ્લોક-૭૮થી અત્યાર સુધી નિરાકરણ કર્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે —**

**શ્લોક :-**

**ज्ञानदर्शनचारित्राण्युपायास्तद् भवक्षये ।**
**एतन्निषेधकं वाक्यं, त्याज्यं मिथ्यात्ववृद्धिकृत् ।।८८।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે કારણથી અર્થાત્ શ્લોક-૭૮થી અત્યાર સુધી સિદ્ધ કર્યું કે સમ્યગ્દર્શનાદિ ગુણો મોક્ષ પ્રત્યે હેતુ છે તે કારણથી, भवक्षये=ભવના ક્ષયમાં, ज्ञानदर्शनचारित्राण्युपायाः=જ્ઞાન, દર્શન, ચારિત્ર ઉપાયો છે,**

**मिथ्यात्ववृद्धिकृत्=મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું, एतन्निषेधकं वाक्यं त्याज्यं= આનું નિષેધક અર્થાત્ મોક્ષના ઉપાયનું નિષેધક, એવું વચન ત્યાજ્ય છે. ॥૧૩/૮૮॥**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૭૮થી અત્યાર સુધી સિદ્ધ કર્યું કે સમ્યગ્દર્શનાદિ ગુણો મોક્ષ પ્રત્યે હેતુ છે.**

**તે કારણથી ભવના ક્ષયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ઉપાયો છે. મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું મોક્ષના ઉપાયનું નિષેધક એવું વચન ત્યાજ્ય છે. ॥૧૩/૮૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે મોક્ષના ઉપાયો જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. તેથી એ ફલિત થયું કે ભવના ક્ષયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર કારણ છે. આમ છતાં જેઓ મોક્ષ માને છે અને મોક્ષનો ઉપાય નથી એમ કહે છે, તે લોકો મોક્ષના ઉપાયભૂત એવા યોગમાર્ગમાં પ્રયત્ન કરવા માટે જીવને અનુત્સાહી બનાવે છે અને વિપરીત બુદ્ધિ પેદા કરાવે છે કે તથાભવ્યત્વના પાકથી મોક્ષ પ્રાપ્ત થશે, માટે મોક્ષ અર્થે યત્ન કરવાની આવશ્યકતા નથી. આ પ્રકારનું મિથ્યાત્વની વૃદ્ધિને કરનારું મોક્ષના અનુપાયવાદીનું વચન ત્યાજ્ય છે. **॥૧૩/૮૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧માં કહેલ કે મિથ્યાત્વના ત્યાગથી શુદ્ધ સમ્યક્ત્વ થાય છે અને ત્યારપછી મિથ્યાત્વનો ત્યાગ કરવા અર્થે મિથ્યાત્વનાં છ સ્થાનો શ્લોક-૨માં બતાવ્યાં. ત્યારપછી મિથ્યાત્વનાં છ સ્થાનો કઈ રીતે અસંગત છે, તેનું અત્યાર સુધી વર્ણન કર્યું. હવે તે મિથ્યાત્વનાં છ સ્થાનોનો કઈ રીતે ત્યાગ કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**मिथ्यात्वस्य पदान्येतान्युत्सृज्योत्तमधीधनः ।**
**भावयेत्प्रातिलोम्येन, सम्यक्त्वस्य पदानि षट् ।।८९।।**

**અન્વયાર્થ :-**

**मिथ्यात्वस्य एतानि पदानि उत्सृज्य=મિથ્યાત્વનાં આ પદોને છોડીને અર્થાત્ પૂર્વમાં વર્ણન કરાયેલાં એવાં આ છ પદોનો ત્યાગ કરીને, उत्तमधीधनः=ઉત્તમ બુદ્ધિરૂપ ધનવાળા અર્થાત્ માર્ગાનુસારી બુદ્ધિરૂપ ધનવાળા યોગી પુરુષ, प्रतिलोम्येन=મિથ્યાત્વનાં છ પદોના વિપરીતપણાથી, सम्यक्त्वस्य षट् पदानि भावयेत्=સમ્યક્ત્વનાં છ પદોનું ભાવન કરે. ।।૧૩/૮૯।।**

**શ્લોકાર્થ :-**

**મિથ્યાત્વનાં આ છ પદોને છોડીને ઉત્તમ બુદ્ધિરૂપ ધનવાળા યોગીપુરુષ મિથ્યાત્વનાં છ પદોના વિપરીતપણાથી સમ્યક્ત્વનાં છ પદોનું ભાવન કરે. ।।૧૩/૮૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યાં એ છ મિથ્યાત્વનાં સ્થાનો છે, અને જે આરાધક જીવ પાસે ઉત્તમ બુદ્ધિરૂપી ધન છે એવા જીવોએ આ છએ પદો કઈ રીતે મિથ્યાત્વરૂપ છે, તેનું સમ્યક્ સમાલોચન કરીને આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી તે આત્મામાં "આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે અને આત્મા કર્મનો ભોક્તા છે, પૂર્ણ સુખરૂપ મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે" તેવી સ્થિર બુદ્ધિ થાય, અને નિત્ય એવા પોતાના આત્માના હિત અર્થે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ થાય, અને ક્રમે કરીને આ સંસારનો અંત થાય. તેથી જે ઉત્તમ બુદ્ધિવાળા પુરુષ મિથ્યાત્વનાં છએ સ્થાનોનો મિથ્યાત્વરૂપે નિર્ણય કરીને તેનાથી વિપરીત એવાં સમ્યક્ત્વનાં છ સ્થાનોથી આત્માને ભાવિત કરે, તો તેના આત્મામાં સમ્યક્ત્વ ન પ્રગટ્યું હોય તો પ્રગટ થાય અને પ્રગટ થયું હોય તો સ્થિર થાય, અને સ્થિર થયેલું સમ્યક્ત્વ મોક્ષના ઉપાયમાં દૃઢ પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે, જેથી ક્રમે કરીને આ સંસારનો અંત થાય છે. **।।૧૩/૮૯।।**

।। इति मिथ्यात्वत्यागाधिकारः ।।१३।।

# અધિકાર-૧૪

# અસદ્ગ્રહત્યાગ અધિકાર

**પૂર્વના અધિકાર સાથેનું જોડાણ :-**

વૈરાગ્યને દૃઢ અને સ્થિર કરવા મમતાના ત્યાગની આવશ્યકતા આઠમા અધિકારમાં બતાવી.

ત્યારબાદ ૯મા અધિકારમાં સમતાનો સ્વીકાર કરવાની વાત કરી.

મોક્ષમાર્ગમાં કયા સદનુષ્ઠાન છે અને કયા અસદનુષ્ઠાન છે, તે ૧૦મા અધિકારમાં બતાવ્યું.

કોઈપણ અનુષ્ઠાનને સદનુષ્ઠાન બનાવવા મનઃશુદ્ધિની આવશ્યકતા ૧૧મા અધિકારમાં બતાવી.

મનઃશુદ્ધિ સમ્યક્ત્વથી થાય છે, તેથી ૧૨મો સમકિત અધિકાર બતાવ્યો.

વળી, સ્વીકારાયેલું સમ્યક્ત્વ પણ મિથ્યાત્વના ત્યાગથી શુદ્ધ બને છે. તેથી મિથ્યાત્વનાં છ સ્થાનો મિથ્યાત્વત્યાગના ૧૩મા અધિકારમાં બતાવ્યાં.

જેમ સમ્યક્ત્વને દૃઢ કરવા માટે મિથ્યાત્વનાં છ સ્થાનોનો ત્યાગ આવશ્યક છે, તેમ અસદ્ગ્રહનો ત્યાગ પણ આવશ્યક છે. તેથી ૧૩મા અધિકારમાં મિથ્યાત્વનાં છ સ્થાનોનો કઈ રીતે ત્યાગ કરવો તે બતાવ્યા બાદ હવે ૧૪મો 'અસદ્ગ્રહત્યાગ' અધિકાર બતાવે છે –

**અવતરણિકા :-**

**અસદ્ગ્રહનો ત્યાગ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ કઈ રીતે છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**मिथ्यात्वदावानलनीरवाह-**
**मसद्ग्रहत्यागमुदाहरन्ति ।**
**अतो रतिस्तत्र बुधैर्विधेया,**
**विशुद्धभावैः श्रुतसारविद्भिः ।।१।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहत्यागम् मिथ्यात्वदावानलनीरवाहम् उदाहरन्ति=(તત્ત્વના જાણનારા પુરુષો) અસદ્ગ્રહના ત્યાગને મિથ્યાત્વરૂપી દાવાનલ માટે જળભરેલાં વાદળાં કહે છે. अतः=આથી અર્થાત્ અસદ્ગ્રહનો ત્યાગ મિથ્યાત્વરૂપી દાવાનળને બુઝાવનાર છે આથી, श्रुतसारविद्भिः बुधैः=શ્રુતના સારને જાણનારા એવા બુધ પુરુષોએ, तत्र विशुद्धभावैः रतिः विधेया=ત્યાં અર્થાત્ અસદ્ગ્રહના ત્યાગમાં વિશુદ્ધ ભાવોથી રતિ કરવી જોઈએ. ।।૧૪/૧।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વના જાણનારા પુરુષો અસદ્ગ્રહના ત્યાગને મિથ્યાત્વરૂપી દાવાનલ માટે જળભરેલાં વાદળો કહે છે. આથી શ્રુતના સારને જાણનારા એવા બુધ પુરુષોએ અસદ્ગ્રહના ત્યાગમાં વિશુદ્ધ ભાવોથી રતિ કરવી જોઈએ. ।।૧૪/૧।।**

**ભાવાર્થ :-**

જેમ "આત્મા નથી" આદિ છ સ્થાનો મિથ્યાત્વને જિવાડનાર છે, તેમ તત્ત્વના તીવ્ર પક્ષપાતને છોડીને સ્વસ્વમતિ અનુસાર શાસ્ત્રવચનને જોડવાની મતિરૂપ અસદ્ગ્રહ પણ મિથ્યાત્વને જિવાડનાર છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિના અર્થીએ જેમ મિથ્યાત્વનાં છ સ્થાનોને યથાર્થ જાણીને તે સ્થાનોનો ત્યાગ કરવો જોઈએ, તેમ અસદ્ગ્રહના પારમાર્થિક સ્વરૂપને જાણીને પોતાના આત્મામાં વર્તતા અને અનાદિકાળથી જીવતા એવા અસદ્ગ્રહનો પણ ત્યાગ કરવો જોઈએ.

જીવમાં વર્તતું મિથ્યાત્વ એ દાવાનલ જેવું છે. જેમ દાવાનલ રમ્ય એવા પણ ઉપવનને બાળીને ભસ્મ કરે છે, તેમ મિથ્યાત્વરૂપી દાવાનલ આત્માની રમ્ય એવી પરિણતિનો વિનાશ કરે છે, અને જેમ દાવાનલ બુઝાવવા માટે પાણીથી ભરેલાં વાદળાંઓ સમર્થ છે, તેમ અસદ્ગ્રહનો ત્યાગ એ જીવમાં વર્તતા મિથ્યાત્વરૂપી દાવાનલને બુઝાવે છે. તેથી શાસ્ત્રના પરમાર્થને જેણે જાણ્યો છે તેવા બુધ પુરુષોએ વિશુદ્ધ ભાવો વડે અસદ્ગ્રહના ત્યાગમાં રતિ કરવી જોઈએ.

આશય એ છે કે યોગ્ય જીવો શાસ્ત્રો ભણે તો શ્રુતનો સાર તેમના હાથમાં આવે, અને શ્રુતનો સાર એ છે કે સ્વમતિની કલ્પના વગર સર્વજ્ઞનાં વચનોનો પરમાર્થ

જાણે, જાણ્યા પછી તેને સ્થિર કરે, અને સ્થિર થયેલા તે બોધને જીવનમાં ઉતારે, જેથી સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય; અને જે યોગ્ય જીવ છે અને બુદ્ધિશાળી છે, તે જીવને આવા શ્રુતનો સાર જણાય છે, અને શ્રુતનો સાર જાણનારા એવા બુધ પુરુષોએ પણ વિશુદ્ધભાવથી અસદ્ગ્રહના ત્યાગમાં યત્ન કરવો જોઈએ; કેમ કે જો જીવ સાવધાનીપૂર્વક શાસ્ત્રવચનના પરમાર્થને જાણવા માટે યત્ન ન કરે તો અનાભોગથી પણ સ્વરુચિ અનુસાર શાસ્ત્રના અર્થને જોડવા માટેનો યત્ન થાય, અને જો તેવો વિપરીત યત્ન થાય તો શાસ્ત્રથી પણ પરમાર્થની પ્રાપ્તિ થાય નહીં. તેથી પોતાની પ્રજ્ઞાનું સમ્યક્ સમાલોચન કરીને, જ્યાં પોતાની પ્રજ્ઞા પ્રવેશ ન પામતી હોય ત્યાં યોગ્ય માર્ગાનુસારી બુધ પુરુષના વચનના આલંબનથી તત્ત્વ જાણવા માટે યત્ન કરવો જોઈએ; અને આવા વિશુદ્ધ ભાવથી તત્ત્વ જાણવાનો યત્ન તે પુરુષ કરી શકે કે જેને અસદ્ગ્રહના ત્યાગમાં રતિ છે. તેથી ક્વચિત્ પોતાનામાં અનાભોગથી પણ અસદ્ગ્રહ વર્તતો હોય તો વિશુદ્ધ ભાવથી અસદ્ગ્રહના ત્યાગમાં રતિ રાખીને પ્રયત્ન કરવામાં આવે તો નષ્ટપ્રાય: પણ અસદ્ગ્રહ સંપૂર્ણ દૂર થાય છે. તેથી શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે અને અસદ્ગ્રહના ત્યાગમાં નિપુણ બુદ્ધિપૂર્વક કરાયેલા યત્નથી મિથ્યાત્વનો નાશ થાય છે. **॥૧૪/૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે અસદ્ગ્રહનો ત્યાગ મિથ્યાત્વરૂપી દાવાનલને નાશ કરવા સમર્થ છે. હવે જો અસદ્ગ્રહનો નાશ ન થયો હોય તો શાસ્ત્રાભ્યાસથી પણ હિત થતું નથી, તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**असद्ग्रहाग्निज्वलितं यदन्तः,**
**क्व तत्र तत्त्वव्यवसायवल्लिः ।**
**प्रशान्तपुष्पाणि हितोपदेश-**
**फलानि चान्यत्र गवेषयन्तु ।।२।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहाग्निज्वलितं यदन्तः तत्र=અસદ્ગ્રહરૂપી અગ્નિથી જ્વલિત જેનું**

**અંતઃકરણ છે ત્યાં અર્થાત્ અસદ્ગ્રહથી જ્વલિત અંતઃકરણમાં, तत्त्वव्यवसाय-वल्लिः क्व=તત્ત્વવ્યવસાયરૂપી વલ્લી ક્યાંથી હોય=ન હોય અને તત્ત્વ-વ્યવસાયરૂપી વલ્લી ન હોય તો, प्रशान्तपुष्पाणि हितोपदेशफलानि च= પ્રશાન્તભાવરૂપી પુષ્પો અને હિતોપદેશરૂપી ફળો, अन्यत्र गवेषयन्तु=અન્યત્ર ગવેષણા કરો. ।।૧૪/૨।।**

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહરૂપી અગ્નિથી જ્વલિત જેનું અંતઃકરણ છે ત્યાં, તત્વવ્યવસાયરૂપી વલ્લી ક્યાંથી હોય ? અને તત્વવ્યવસાયરૂપી વલ્લી ન હોય તો પ્રશાન્તભાવરૂપી પુષ્પો અને હિતોપદેશરૂપી ફળો અન્યત્ર ગવેષણા કરો. ।।૧૪/૨।।**

**ભાવાર્થ :-**

જેમ અગ્નિ બળતો હોય તો વેલડીઓ બળી જાય છે, તેમ અંતઃકરણમાં અસદ્ગ્રહરૂપી અગ્નિ બળતો હોય તો તત્ત્વમાં વ્યવસાય કરાવે તેવી વેલડીઓ બળી જાય છે, આથી કોઈ યોગ્ય જીવો કોઈક નિમિત્તને પામીને ભગવાનના શાસનના પરમાર્થને જાણવા માટે યત્ન કરે, શાસ્ત્ર ભણે અને શાસ્ત્ર ભણીને તત્ત્વવ્યવસાયરૂપ બુદ્ધિ પોતાના આત્મામાં પ્રાપ્ત કરે, આમ છતાં કોઈક નિમિત્તને પામીને જમાલિ આદિની જેમ અસદ્ગ્રહવાળા થાય તો તેઓમાં પ્રગટ થયેલી તત્ત્વવ્યવસાયરૂપ વેલડી બળી જાય છે અને આવા જીવો ત્યારપછી શાસ્ત્ર ભણવાની ક્રિયા કરે તોપણ તત્ત્વની પ્રાપ્તિ કરી શકતા નથી. તેથી તેઓની શાસ્ત્ર ભણવાની ક્રિયા પણ તત્ત્વપ્રાપ્તિનું કારણ બનતી નથી; અને જેના હૈયામાં શાસ્ત્ર ભણવાથી પણ તત્ત્વની પ્રાપ્તિ થાય નહીં, તેના હૈયામાં પ્રશાન્તભાવ રૂપ પુષ્પો ક્યાંથી પ્રાપ્ત થાય ? અર્થાત્ પ્રાપ્ત થાય નહીં. ક્વચિત્ બાહ્ય ત્યાગની આચરણા હોય, તેથી ભોગાદિની ઇચ્છાના શમનરૂપ પ્રશાન્તભાવ દેખાતો હોય, તોપણ અતત્ત્વના રાગરૂપ અપ્રશાન્તભાવ તેઓનાં ચિત્તમાં વર્તતો હોવાથી પરમાર્થથી મોક્ષનાં કારણ બને એવાં પ્રશાન્તભાવરૂપ તત્વવ્યવસાયરૂપી વેલડીનાં પુષ્પો તે આત્મામાં પ્રગટ થતાં નથી. તેથી શાસ્ત્ર ભણવાની ક્રિયા તેમના આત્માના કલ્યાણનું કારણ બનતી નથી.

વળી, તત્ત્વવ્યવસાયમાં કરાયેલા યત્નથી જેમ જીવમાં પ્રશાન્તભાવ આવે છે, તેમ શાસ્ત્રના પરમાર્થને જાણ્યા પછી જગતમાં યોગ્ય જીવોને હિતનો ઉપદેશ આપીને સ્વપરના કલ્યાણની પ્રવૃત્તિ થાય છે, જે તત્ત્વવ્યવસાયરૂપ વેલડીનું ફળ છે; અને જે જીવમાં અસદ્ગ્રહ વર્તતો હોય તે જીવ શાસ્ત્રો ભણે તોપણ તેને તત્ત્વનો બોધ થતો નથી, અને તત્ત્વનો પારમાર્થિક બોધ નહીં હોવાથી પ્રશાન્તભાવરૂપી પુષ્પો આવતાં નથી, અને શાસ્ત્રનો સમ્યગ્બોધ નહીં હોવાને કારણે સ્વપરના કલ્યાણના કારણભૂત એવા હિતોપદેશરૂપ ફળની પણ તેઓને પ્રાપ્તિ થતી નથી; પરંતુ વિપરીત બોધ હોવાને કારણે અન્ય જીવોને ઉપદેશ આપે તોપણ તે ઉપદેશ સ્વપરના અકલ્યાણનું કારણ બને છે. **॥૧૪/૨॥**

**અવતરણિકા :-**

**અસદ્ગ્રહવાળા જે જીવો આત્માદિ કે પરલોકાદિ વિષયક શંકાઓ ઉદ્ભાવન કરીને ચિત્તને અસદ્ગ્રહથી કલુષિત રાખે છે, પરંતુ માર્ગાનુસારી બુદ્ધિથી તત્ત્વને જાણવા યત્ન કરતા નથી, તેવા જીવોને પ્રશાંતભાવ અને હિતોપદેશરૂપી ફળો પ્રાપ્ત થતાં નથી, તે પૂર્વના શ્લોકમાં કહ્યું. હવે શાસ્ત્રો ભણનારા પણ અસદ્ગ્રહવાળા જીવો કેવા હોય છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अधीत्य किञ्चिच्च निशम्य किञ्चि-**
**दसद्ग्रहात्पण्डितमानिनो ये ।**
**मुखं सुखं चुम्बितमस्तु वाचो,**
**लीलारहस्यं तु न तैर्जगाहे ।।३।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहात्=અસદ્ગ્રહથી=મોક્ષના ઉપાયને બતાવનારા એવા સદ્શાસ્ત્રના પરમાર્થને જ મારે જાણવું છે તેવી માર્ગાનુસારી સૂક્ષ્મબુદ્ધિથી નહીં પરંતુ પોતાની મતિ અનુસાર શાસ્ત્રના સાર્થને ગ્રહણ કરવારૂપ અસદ્ગ્રહથી, किञ्चित् अधीत्य=કાંઈક જાણીને, किञ्चिच्च निशम्य=અને કાંઈક સાંભળીને અર્થાત્ વિદ્વાનો પાસેથી થોડું કાંઈક સાંભળીને, ये पण्डितमानिनो=જેઓ**

પંડિતપણાના અભિમાનવાળા છે અર્થાત્ પોતાને પંડિત માને છે, वाचः चुम्बितं मुखं सुखं अस्तु=(તેઓને) વાણીના ચુંબિત એવા મુખનું સુખ હો. तैः तु=પરંતુ તેઓ વડે, लीलारहस्यं न जगाहे=લીલારહસ્ય અર્થાત્ શાસ્ત્ર અધ્યયનની લીલાનું રહસ્ય પ્રાપ્ત કરાયું નથી. ||૧૪/૩||

**શ્લોકાર્થ :-**

**અસદ્‌ગ્રહથી કાંઈક જાણીને અને કાંઈક સાંભળીને જેઓ પંડિતપણાના અભિમાનવાળા છે, તેઓને વાણીનું ચુંબિત એવા મુખનું સુખ હો, પરંતુ તેઓ વડે લીલારહસ્ય પ્રાપ્ત કરાયું નથી. ||૧૪/૩||**

**ભાવાર્થ :-**

સામાન્યથી તે તે કાળમાં ઉપલબ્ધ સર્વ શાસ્ત્રોના પારને પામેલા તો કોઈક વિરલા હોય છે, પરંતુ જેઓ સર્વ શાસ્ત્રોના પારને પામ્યા નથી, આમ છતાં તત્ત્વના અર્થી છે, તેથી વિદ્વાનો પાસેથી કાંઈક શાસ્ત્રો ભણે છે અને કાંઈક શાસ્ત્રના અર્થોને સાંભળે છે, તોપણ તેઓ તત્ત્વના અર્થી હોવાથી પોતાના યત્કિંચિત્ બોધમાત્રમાં પંડિતપણાના અભિમાનને ધારણ કરતા નથી. તેવા આરાધક જીવો તો પોતાની મતિ પ્રમાણે જે કાંઈ મેળવ્યું છે, તેમાંથી પણ શાસ્ત્રોના રહસ્યને પ્રાપ્ત કરે છે અને અધિક અધિક રહસ્યોને પ્રાપ્ત કરવા ઉદ્યમ કરે છે; પરંતુ જેઓ સદ્‌શાસ્ત્રો ભણે છે, તોપણ જેઓની મતિ અસદ્‌ગ્રહથી દુષિત છે તેવા પુરુષો યત્કિંચિત્ શાસ્ત્રો ભણીને અને યોગીઓ પાસેથી યત્કિંચિત્ શાસ્ત્રોના અર્થોને સાંભળીને પોતે શાસ્ત્રોના રહસ્યને પામેલા છે, તેવી પંડિતપણાની બુદ્ધિને ધારણ કરે છે. આવા જીવો શાસ્ત્રવચનોનું મુખના ચુંબનરૂપ સુખમાત્ર પામે છે, પરંતુ શાસ્ત્રના રહસ્યને પામતા નથી અર્થાત્ શાસ્ત્રવચનોનો શબ્દમાત્રરૂપે બોધ કરે છે, પરંતુ શાસ્ત્રવચનો દ્વારા યોગમાર્ગની નિષ્પત્તિને અનુકૂળ એવા ઉત્તમ ભાવોને પ્રાપ્ત કરતા નથી. **||૧૪/૩||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં અસદ્‌ગ્રહવાળા જીવો શાસ્ત્ર ભણે તોપણ શાસ્ત્રના રહસ્યને પામતા નથી, તેમ બતાવ્યું. હવે અસદ્‌ગ્રહવાળા જીવો વિદ્વાન થાય તોપણ લોકોને માટે ઉપદ્રવ કરનારા છે, તે બતાવે છે —**

**શ્લોક :-**

**असद्ग्रहोत्सर्पदतुच्छदर्पै-**
**र्बोधांशतोऽन्धीकृतमुग्धलोकैः ।**
**विडम्बिता हन्त जडैर्वितण्डा-**
**पाण्डित्यकण्डूलतया त्रिलोकी ।।४।।**

**અન્વયાર્થ :-**

**हन्त=અહો ! असद्ग्रहोत्सर्पदतुच्छदर्पैः बोधांशतोऽन्धीकृतमुग्धलोकैः जडैः= અસદ્ગ્રહને કારણે વધતા એવા અતુચ્છ દર્પવાળા=ઘણા દર્પવાળા (અને) (પોતાનામાં વર્તતા) બોધના અંશથી અંધીકૃત કર્યા છે મુગ્ધ લોકોને જેમણે તેવા જડો વડે, वितण्डापाण्डित्यकण्डूलतया=વિતંડાપાંડિત્યરૂપ કંડુલતાથી અર્થાત્ વિતંડાવાદમાં પાંડિત્યની ખણજપણાને કારણે, त्रिलोकी विडम्बिता= ત્રિલોકી વિડંબિત કરાઈ અર્થાત્ ત્રણે લોક સંબંધી લોકો વિડંબિત કરાયા. ।।૧૪/૪।।**

❖ અહીં 'हन्त' ખેદઅર્થક અવ્યય છે.

**શ્લોકાર્થ :-**

**અહો ! અસદ્ગ્રહને કારણે વધતા એવા અતુચ્છ દર્પવાળા અને પોતાનામાં વર્તતા બોધના અંશથી અંધીકૃત કર્યા છે મુગ્ધ લોકોને જેમણે તેવા જડો વડે વિતડાવાદમાં પાંડિત્યની ખણજપણાને કારણે ત્રણે લોક સંબંધી લોકો વિડંબિત કરાયા. ।।૧૪/૪।।**

**ભાવાર્થ :-**

જે જીવોમાં અસદ્ગ્રહ વર્તે છે, તેઓને અસદ્નો જ પક્ષપાત હોય છે અને તેના કારણે તેઓમાં ઘણો દર્પ હોય છે કે અમે જે માનીએ છીએ તે જ ખરેખર શાસ્ત્રાર્થ છે, પરંતુ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોવાને અનુકૂળ એવી નિર્મળ પ્રજ્ઞા તેઓને નથી હોતી, તેથી તેઓ જડ છે.

વળી, કાંઈક શાસ્ત્ર ભણવાને કારણે પોતાને પ્રાપ્ત થયેલ બોધલેશરૂપ બોધાંશથી તેઓ મુગ્ધ લોકોને પ્રભાવિત કરીને જાણે કે આંધળા બનાવી દે છે, અને મુગ્ધ

લોકોને પણ પોતાની જેમ અસદ્ગ્રહવાળા કરી દે છે, તેથી તેઓ જડ છે.

અને આવા જડ પુરુષો પોતાનામાં વર્તતા વિતંડા કરવાના પાંડિત્ય વડે કરીને બીજાને પણ વિતંડા કરવાની ખણજ પેદા કરે છે. આ રીતે અસદ્ગ્રહવાળા જીવો પોતાનામાં વિતંડા કરવાની જે કુત્સિત બોધશક્તિ છે, તેના વડે અન્ય જીવોને પણ કુત્સિત બોધશક્તિ પેદા કરાવીને તેઓનો વિનાશ કરાવે છે. **॥૧૪/૪॥**

**અવતરણિકા :-**

**અસદ્ગ્રહવાળા જીવોનું સ્વરૂપ અલગ અલગ ઉદાહરણોથી હવે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**विधोर्विवेकस्य न यत्र दृष्टि-**
**स्तमोघनं तत्त्वरविर्विलीनः ।**
**अशुक्लपक्षस्थितिरेष नून-**
**मसद्ग्रहः कोऽपि कुहूविलासः ।।५।।**

**અન્વયાર્થ :-**

**नूनम् कोऽपि कुहूविलासः असद्ग्रहः=ખરેખર કોઈક એવો અમાસનો વિલાસ અસદ્ગ્રહ છે, यत्र=જેમાં, विवेकस्य विधोः दृष्टिः न=વિવેકરૂપી ચંદ્રની દૃષ્ટિ નથી, तमोघनं=અંધકાર ગાઢ છે, तत्त्वरविर्विलीनः=તત્ત્વરૂપી રવિ વિલીન હોય છે, एषः अशुक्लपक्षस्थितिः=આ અશુક્લપક્ષની સ્થિતિ છે. ।।૧૪/૫।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર કોઈક એવો અમાસનો વિલાસ અસદ્ગ્રહ છે જેમાં વિવેકરૂપી ચંદ્રની દૃષ્ટિ નથી, અંધકાર ગાઢ છે, તત્ત્વરૂપી રવિ વિલીન છે, આ અશુક્લપક્ષની સ્થિતિ છે. ।।૧૪/૫।।**

❖ 'अशुक्लपक्षस्थितिः' એ સ્ત્રીલિંગ છે, અને તેનું વિશેષણ 'एषः' પુલ્લિંગ છે, તે અસદ્ગ્રહની પ્રધાનતા બતાવવા માટે છે.

**ભાવાર્થ :-**

અમાસની રાત્રિમાં આકાશમાં ચંદ્ર હોતો નથી અને તેને કારણે ગાઢ અંધકાર હોય છે. વળી, સૂર્ય પણ વિલીન હોય છે. અમાસની રાત્રિમાં અશુક્લપક્ષની પૂર્ણતાની સ્થિતિ હોય છે.

તે જ રીતે અસદ્ગ્રહ હોતે છતે જીવમાં વિવેક હોતો નથી અને તેને કારણે ઘણાં શાસ્ત્રોનો બોધ હોવા છતાં તત્ત્વના વિષયમાં ગાઢ અંધકાર હોય છે. તેથી તત્ત્વરૂપ સૂર્ય તેના હૈયામાં પ્રાદુર્ભાવ થઈ શકતો નથી અને અસદ્ગ્રહકાળમાં જીવ અશુક્લપાક્ષિક હોય છે.

જેમ અમાસની રાત્રિમાં ચંદ્રની ગેરહાજરી હોય છે, તેમ અસદ્ગ્રહવાળા જીવમાં વિવેકરૂપી ચંદ્રની ગેરહાજરી હોય છે.

જેમ અમાસની રાત્રિમાં સૂર્ય વિલીન હોય છે, તેમ અસદ્ગ્રહવાળા જીવે ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તોપણ તેનામાં તત્ત્વરૂપી સૂર્ય વિલીન હોય છે; કેમ કે અસદ્ગ્રહને કારણે આવા જીવને તત્ત્વનો લેશ પણ બોધ થતો નથી.

અમાસની રાત્રિ જેમ અશુક્લપક્ષની પૂર્ણતાની સ્થિતિ છે, તેમ અસદ્ગ્રહકાળમાં જીવ અશુક્લપાક્ષિક બને છે અર્થાત્ ધર્મ માટે અયોગ્ય બને છે; કેમ કે શુક્લપાક્ષિક જીવો જ ધર્મ માટે યોગ્ય છે. **॥૧૪/૫॥**

**શ્લોક :-**

**कुतर्कदात्रेण लुनाति तत्त्व-**
**वल्लीं रसात्सिञ्चति दोषवृक्षम् ।**
**क्षिपत्यधः स्वादुफलं शमाख्य-**
**मसद्ग्रहच्छन्नमतिर्मनुष्यः ॥६॥**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहच्छन्नमतिर्मनुष्यः=અસદ્ગ્રહથી છન્ન અર્થાત્ ઢંકાયેલી મતિવાળો મનુષ્ય, कुतर्कदात्रेण तत्त्ववल्लीं लुनाति=કુતર્કરૂપી દાતરડા વડે તત્ત્વરૂપી વલ્લીને છેદે છે, शमाख्यं स्वादुफलं अधः क्षिपति=શમ નામના સ્વાદુ ફળને નીચે ફેંકી દે છે, रसात् दोषवृक्षम् सिञ्चति=રસથી અર્થાત્ અંતરંગ દોષના પક્ષપાતરૂપ રસથી દોષરૂપી વૃક્ષને સિંચન કરે છે. ॥૧૪/૬॥**

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહથી છન્ન મતિવાળો મનુષ્ય કુતર્કરૂપી દાતરડા વડે તત્ત્વરૂપી વલ્લીને છેદે છે, શમ નામના સ્વાદુ ફળને નીચે ફેંકી દે છે, અંતરંગ દોષના પક્ષપાતરૂપ રસથી દોષરૂપી વૃક્ષને સિંચન કરે છે. ।।૧૪/૬।।**

**ભાવાર્થ :-**

કોઈ મનુષ્ય તત્ત્વનું શ્રવણ કરે છે ત્યારે તેનામાં તત્ત્વનો બોધ, તત્ત્વની રુચિ અને તત્ત્વસેવનની પ્રવૃત્તિ પ્રગટ થાય છે, અને તે તત્ત્વરૂપી વલ્લી પર શમ નામનું સ્વાદિષ્ટ ફળ આવે છે અર્થાત્ જીવમાં મોક્ષને અનુકૂળ એવો શમરૂપી પરિણામ પ્રગટ થાય છે, અને જીવમાં તત્ત્વનો પક્ષપાત વર્તતો હોય છે, ત્યારે આત્મામાં રહેલાં દોષના પરિણામરૂપી વૃક્ષો સુકાતાં જાય છે; પરંતુ કોઈ વિશિષ્ટ કર્મના દોષને કારણે અથવા તેવા કોઈક નિમિત્તને કારણે તે જીવમાં અસદ્ગ્રહ પેદા થાય તો તેની મતિ અસદ્ગ્રહથી ઢંકાઈ જાય છે, અને તેવો જીવ પોતાનામાં પેદા થયેલી તત્ત્વરૂપી વલ્લીને કુતર્કરૂપી દાતરડા વડે છેદી નાખે છે અર્થાત્ કુતર્કો કરીને તત્ત્વ પ્રત્યેના પક્ષપાતનો નાશ કરે છે. વળી, તત્ત્વવલ્લી પર પેદા થયેલા શમરૂપી ફળને ચાખવાને બદલે નીચે ફેંકી દે છે અર્થાત્ અસદ્ગ્રહવાળા જીવો શમના પરિણામનો ત્યાગ કરે છે. વળી, સુષુપ્ત રહેલા દોષના સંસ્કારરૂપ દોષવૃક્ષને દોષના પક્ષપાતરૂપ રસથી સિંચન કરે છે, જેથી સુકાયેલું દોષવૃક્ષ ફરી પલ્લવિત થયા કરે છે અર્થાત્ અસદ્ગ્રહને કારણે દોષોની ધીરે ધીરે વૃદ્ધિ થાય છે. **।।૧૪/૬।।**

**શ્લોક :-**

**असद्ग्रहग्रावमये हि चित्ते,**
**न क्वापि सद्भावरसप्रवेशः ।**
**इहाङ्कुरश्चित्तविशुद्धबोधः,**
**सिद्धान्तवाचां बत कोऽपराधः ।।७।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहग्रावमये हि चित्ते=અસદ્ગ્રહરૂપી પાષાણમય ચિત્તમાં, क्वापि**

**सद्भावरसप्रवेशः न=ક્યાંય પણ સદ્ભાવરસનો પ્રવેશ નથી અર્થાત્ સિદ્ધાન્તના અધ્યયનાદિથી અહોભાવરૂપી રસનો પ્રવેશ નથી, चित्तविशुद्धबोधः अङ्कुरः (न)=ચિત્તવિશુદ્ધબોધરૂપ અંકુરો નથી, इह=અહીંયાં=સિદ્ધાન્તવાણીના અધ્યયનથી સદ્ભાવરસનો પ્રવેશ થતો નથી કે વિશુદ્ધ બોધરૂપ અંકુરો થતો નથી, એમાં, सिद्धान्तवाचां बत कोऽपराधः=સિદ્ધાન્તવાણીનો શો અપરાધ છે ?=શાસ્ત્રવચનનો કોઈ દોષ નથી. ॥૧૪/૭॥**

❖ 'बत' એ ખેદવાચક અવ્યય છે. વળી, 'न'નો અન્વય 'सद्भावरसप्रवेशः' અને 'अङ्कुरः' એ બંને પદની સાથે છે.

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહરૂપી પાષાણમય ચિત્તમાં ક્યાંય પણ સદ્ભાવરસનો પ્રવેશ નથી. ચિત્તવિશુદ્ધબોધરૂપ અંકુરો નથી, એમાં સિદ્ધાંતવાણીનો શો અપરાધ છે ? ॥૧૪/૭॥**

**ભાવાર્થ :-**

જેમ મૃદુ ભૂમિમાં ઉત્તમ બીજનું વપન થયેલ હોય અને તે ભૂમિમાં સારાં ખાતર નાખવામાં આવે તો તે બીજમાંથી અંકુરો ફૂટે છે, તેમ જે જીવોનું ચિત્ત તત્ત્વને અભિમુખ ભાવવાળું છે, તે જીવોનું ચિત્ત કોમળ ભૂમિ જેવું છે, અને તેવા જીવોના ચિત્તમાં તત્ત્વની જિજ્ઞાસારૂપી બીજનું વપન થાય, ત્યારપછી કોઈ યોગી પુરુષ પાસેથી સંવેગરસથી યુક્ત તત્ત્વનું શ્રવણ થાય, ત્યારે તેના ચિત્તમાં તત્ત્વના અહોભાવરૂપી ઉત્તમ ખાતરનો પ્રવેશ થાય છે. તેના કારણે વિશુદ્ધ બોધરૂપ અંકુરો ફૂટે છે. તેથી તેવા જીવોને સિદ્ધાંતવાણી ઉપકારક બને છે.

તેના બદલે પથરાળ ભૂમિમાં બીજ વાવવામાં આવે અને તે ભૂમિમાં સારાં ખાતર નાખવામાં આવે તોપણ તેમાં તે ખાતર પ્રવેશ પામતાં નથી અને બીજમાંથી અંકુરો ફૂટતો નથી. તેમ જે જીવોનું ચિત્ત અસદ્ગ્રહવાળું છે, તેમનું ચિત્ત પથરાળ ભૂમિ જેવું છે. તેથી આવા જીવોને કોઈક નિમિત્તને કારણે તત્ત્વ જાણવાની જિજ્ઞાસા થાય, અને કદાચ તેવો જીવ તત્ત્વ સાંભળવા માટે યોગી પાસે આવે, તોપણ તે પથરાળ ભૂમિ જેવા ચિત્તમાં યોગીના વચનના શ્રવણથી પણ શાસ્ત્રવચનો પ્રત્યે સદ્ભાવ પેદા કરાવે તેવો રસ પ્રવેશ પામતો નથી. તેથી તત્ત્વજિજ્ઞાસારૂપી બીજમાંથી

વિશુદ્ધ બોધરૂપ અંકુરો ફૂટતો નથી, તેમાં સિદ્ધાંતવાણીનો કોઈ દોષ નથી. સિદ્ધાંતવાણી તો યોગ્ય જીવોના ચિત્તમાં વિશુદ્ધ બોધરૂપ અંકુરો પેદા કરાવે છે, પરંતુ જે જીવોનું ચિત્ત અસદ્ગ્રહથી દૂષિત છે, તેવા જીવોને વિશુદ્ધ બોધ પેદા થતો નથી. તેમાં અસદ્ગ્રહવાળા ચિત્તનો અપરાધ છે. **॥૧૪/૭॥**

**શ્લોક :-**

**व्रतानि चीर्णानि तपोऽपि तप्तं,**
**कृता प्रयत्नेन च पिण्डशुद्धिः ।**
**अभूत्फलं यत्तु न निह्नवाना-**
**मसद्ग्रहस्यैव हि सोऽपराधः ॥८॥**

**અન્વયાર્થ :-**

**व्रतानि चीर्णानि=વ્રતો આચરાયાં, तपोऽपि तप्तं=તપ પણ કરાયો, प्रयत्नेन च पिण्डशुद्धिः कृता=અને પ્રયત્નથી પિંડશુદ્ધિ કરાઈ, निह्नवानां यत्तु फलं न अभूत्=પરંતુ નિહ્નવોને જે ફળ ન થયું અર્થાત્ વ્રતઆચરણાદિ અનુષ્ઠાનોનું જે ફળ ન થયું, सो असद्ग्रहस्यैव हि अपराधः=તે અસદ્ગ્રહનો જ અપરાધ છે. ॥૧૪/૮॥**

**શ્લોકાર્થ :-**

**વ્રતો આચરાયાં, તપ પણ કરાયો અને પ્રયત્નથી પિંડશુદ્ધિ કરાઈ, પરંતુ નિહ્નવોને જે ફળ ન થયું તે અસદ્ગ્રહનો જ અપરાધ છે. ॥૧૪/૮॥**

**ભાવાર્થ :-**

નિહ્નવો પણ ભગવાનના વચનનું શ્રવણ કરીને, સંસારથી વિરક્ત થઈ સંયમ ગ્રહણ કરે છે, સારું સંયમ પાળે છે અને જ્યાં સુધી તેઓને અસદ્ગ્રહ થયો નથી, ત્યાં સુધી તેઓનું સંયમ મોક્ષનું કારણ છે.

જેમ જમાલિએ ભગવાનની દેશના સાંભળીને વૈરાગ્યપૂર્વક દીક્ષા ગ્રહણ કરી અને શાસ્ત્રો ભણીને ગીતાર્થ થયા. આમ છતાં કોઈક નિમિત્તને પામીને તેમના ચિત્તમાં અસદ્ગ્રહ પ્રગટ્યો અને તેઓ ભગવાનના વચનનો અપલાપ કરનારા

બન્યા, તેથી નિહ્નવ તરીકે પ્રસિદ્ધ થયા; અને નિહ્નવ થયા પછી વ્રતો પણ સારી રીતે આચર્યાં છે, તપ પણ સારી રીતે કર્યો છે અને પ્રયત્નપૂર્વક પિંડશુદ્ધિ કરીને નિર્દોષ સંયમનું પાલન પણ કર્યું છે. આમ છતાં તેઓના આ સર્વ ઉત્તમ આચારોનું મોક્ષને અનુકૂળ કોઈ ફળ પ્રાપ્ત થયું નહીં, પરંતુ દેવદુર્ગતત્વરૂપ હલકા દેવભવની પ્રાપ્તિ થઈ. આમાં તેઓમાં રહેલો અસદ્ગ્રહનો જ દોષ છે. જો અસદ્ગ્રહ વિના વ્રતાદિ પાળ્યાં હોત તો ઉત્તમ દેવાદિ ભવની પ્રાપ્તિ કરીને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરત. તેના બદલે સંયમ પાળીને પણ અસાર એવા દેવભવને પામીને દુર્ગતિની પરંપરાની પ્રાપ્તિ થઈ, તેનું કારણ અસદ્ગ્રહ જ છે. **॥૧૪/૮॥**

**શ્લોક :-**

**स्थालं स्वबुद्धिः सुगुरोश्च दातु-**
**रुपस्थिता काचन मोदकाली ।**
**असद्ग्रहः कोऽपि गलेग्रहीता,**
**तथापि भोक्तुं न ददाति दुष्टः ।।९।।**

**અન્વયાર્થ :-**

**स्वबुद्धिः स्थालं=સ્વબુદ્ધિરૂપી થાળી છે, सुगुरोश्च दातुः काचन मोदकाली उपस्थिता=અને સુગુરુ એવા દાતાની કોઈક મોદકની શ્રેણી ઉપસ્થિત છે, तथापि=તોપણ, गलेग्रहीता दुष्टः कोऽपि असद्ग्रहः=ગળાને પકડી રાખતો દુષ્ટ એવો કોઈક અસદ્ગ્રહ, भोक्तुं न ददाति=(જીવને) ભોગવવા દેતો નથી. ॥૧૪/૯॥**

**શ્લોકાર્થ :-**

**સ્વબુદ્ધિરૂપી થાળી છે અને સુગુરુ એવા દાતાની કોઈક મોદકની શ્રેણી ઉપસ્થિત છે, તોપણ ગળાને પકડી રાખતો દુષ્ટ એવો કોઈક અસદ્ગ્રહ જીવને ભોગવવા દેતો નથી. ॥૧૪/૯॥**

**ભાવાર્થ :-**

કોઈ બુદ્ધિશાળી પુરુષ તત્ત્વ સાંભળવા માટે આવેલ હોય ત્યારે તેનામાં તત્ત્વને ગ્રહણ કરી શકે તેવી મતિવિશેષ હોય તો તે સ્વબુદ્ધિરૂપી થાળી છે, અને

સુગુરુ પણ તેને તત્ત્વની પ્રાપ્તિ કરાવવા અર્થે અર્થાત્ તત્ત્વનો બોધ કરાવવા માટે ઉત્તમ વચનોરૂપ મોદકની શ્રેણી ગ્રહણ કરીને તેને આપવા તૈયાર થયેલ હોય; આમ છતાં તે જીવમાં કોઈ સ્થાનને આશ્રયીને અસદ્ગ્રહ પેદા થયેલો હોય તો તે જીવને તત્ત્વપ્રાપ્તિ થતી નથી. તેથી જેમ કોઈ થાળી લઈને જમવા બેઠેલો હોય અને પીરસનાર કોઈ ઉત્તમ મોદક પીરસતો હોય, છતાં કોઈ દુષ્ટ પુરુષ તે ભોજન કરનારને ગળું પકડીને ખાતાં અટકાવે, તેમ કોઈ સ્થાનમાં પેદા થયેલો દુષ્ટ એવો અસદ્ગ્રહ તેને મોદક જેવાં ઉત્તમ તત્ત્વવચનોના બોધને કરતો અટકાવે છે. એમાં દૃષ્ટાંત બતાવે છે –

બે ઉપયોગને એક સાથે માનનાર એક નિહ્નવ થયા, જે સુસાધુ હતા. તેમને એક વખત નદી ઊતરતી વખતે અધોભાગથી શીતનો અનુભવ અને ઉનાળાના તાપને કારણે ઉપરથી ઉષ્ણતાનો અનુભવ બંને ઉપયોગ એક સાથે થાય છે તેવો ભ્રમ થયો. તેથી એક સાથે=એક સમયમાં બે ઉપયોગ ન હોઈ શકે, તે પ્રકારના શાસ્ત્રવચનમાં સંદેહ થયો, અને તે મહાત્માને તે સ્થાનમાં અનિવર્તનીય અસદ્ગ્રહ થયો. ગુરુએ અનેક યુક્તિઓથી એક સમયમાં શીત-ઉષ્ણતાના અનુભવરૂપ બે ઉપયોગ એક સમયમાં ન થાય તે સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો, તોપણ અસદ્ગ્રહને કારણે તે મહાત્મા તત્ત્વને પામી શક્યા નહીં, તેથી ગુરુએ તેમને નિહ્નવ તરીકે જાહેર કર્યા. અહીં પણ ભગવાનના વચનના પરમાર્થને તેઓ પામી ન શક્યા, તેમાં અસદ્ગ્રહ જ બાધક થયો. **II૧૪/૯II**

**શ્લોક :-**

**गुरुप्रसादीक्रियमाणमर्थं,**
**गृह्णाति नासद्ग्रहवांस्ततः किम् ।**
**द्राक्षा हि साक्षादुपनीयमानाः,**
**क्रमेलकः कण्टकभुङ् न भुङ्क्ते ।।१०।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहवान्=અસદ્ગ્રહવાળો જીવ, गुरुप्रसादीक्रियमाणमर्थं न गृह्णाति= ગુરુની પ્રસાદીથી કરાતા અર્થને ગ્રહણ કરતો નથી. ततः किं=તેથી શું ? कण्टकभुङ् क्रमेलकः=કંટકને ખાનારો એવો ઊંટ, साक्षादुपनीयमानाः द्राक्षा**

**हि न भुङ्क्ते=સાક્ષાત્ ખાવા અપાતી એવી દ્રાક્ષાને ખાતો નથી. ॥૧૪/૧૦॥**

❖ અહીં 'हि' પાદપૂર્તિ માટે છે.

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહવાળો જીવ ગુરુની પ્રસાદીથી કરાતા અર્થને ગ્રહણ કરતો નથી. તેથી શું ? કંટકને ખાનારો એવો ઊંટ સાક્ષાત્ ખાવા અપાતી એવી દ્રાક્ષાને ખાતો નથી. ॥૧૪/૧૦॥**

**ભાવાર્થ :-**

સંયમી સાધુઓ કોઈક નિમિત્તને પામીને અસદ્ગ્રહવાળા થાય ત્યારે ગુરુ શિષ્યને પ્રસાદ કરવાના આશયથી શાસ્ત્રના પરમાર્થને યુક્તિથી કહે છે છતાં તે શિષ્ય શાસ્ત્રના અર્થો ગ્રહણ કરતા નથી. તેથી શું ? એમ કહીને ગ્રંથકારશ્રીને એમ કહેવું છે કે અસદ્ગ્રહવાળા જીવો ગુરુ વડે કરાતા અર્થને ગ્રહણ કરતા નથી, તેમાં ગુરુની પ્રરૂપણાની ખામી નથી કે પદાર્થની ખામી નથી, પરંતુ કોઈક પદાર્થને પામીને શિષ્યને પેદા થયેલ અસદ્ગ્રહ જ કારણ છે.

જેમ કાંટાને ખાનાર ઊંટને કોઈક સાક્ષાત્ દ્રાક્ષ ખાવા આપે તોપણ ઊંટ દ્રાક્ષ ખાતું નથી, તેમાં દ્રાક્ષનો દોષ નથી, પરંતુ ઊંટની પ્રકૃતિનો દોષ છે. તેમ ગુરુ વડે બતાવાતા યથાર્થ અર્થો પણ અસદ્ગ્રહવાળા સાધુ ગ્રહણ કરતા નથી, તેમાં અર્થની ખામી નથી, પરંતુ અસદ્ગ્રહવાળા જીવની ખામી છે.

અહીં પ્રશ્ન થાય કે અસદ્ગ્રહવાળા જીવો પ્રત્યે ગુરુનો પ્રસાદ કેમ થાય ? તેનું તાત્પર્ય એ છે કે કોઈ વિદ્વાન સાધુ હોય, પૂર્વમાં આરાધક હોય, તેથી તેમના પર ગુરુનો પ્રસાદ હોય, અને કોઈક નિમિત્તને પામીને તે સાધુ અસદ્ગ્રહવાળા બને ત્યારે તેમના અસદ્ગ્રહને દૂર કરવા માટે ગુરુ કરુણાબુદ્ધિથી તે શિષ્યને શાસ્ત્રના અર્થો કહે છે. આમ છતાં અસદ્ગ્રહના દોષવાળા તે શિષ્ય યથાર્થ અર્થને ગ્રહણ કરતા નથી, તેમાં અસદ્ગ્રહનો જ દોષ છે. **॥૧૪/૧૦॥**

**શ્લોક :-**

**असद्ग्रहात्पामरसङ्गतिं ये,**
**कुर्वन्ति तेषां न रतिर्बुधेषु ।**

विष्टासु पुष्टाः किल वायसा नो,
मिष्टान्ननिष्ठाः प्रसभं भवन्ति ।।११।।

**અન્વયાર્થ :-**

असद्ग्रहात् ये पामरसंगतिं कुर्वन्ति=અસદ્ગ્રહને કારણે જેઓ પામરની સંગતિ કરે છે, तेषां बुधेषु न रतिः=તેઓને બુધોમાં અર્થાત્ પંડિતોમાં રતિ નથી. विष्टासु पुष्टाः किल वायसा=વિષ્ટામાં પુષ્ટ થયેલા કાગડાઓ ખરેખર, प्रसभं मिष्टान्ननिष्ठाः नो भवन्ति=મિષ્ટાન્નની અત્યંત નિષ્ઠાવાળા થતા નથી. ।।૧૪/૧૧।।

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહને કારણે જેઓ પામરની સંગતિ કરે છે, તેઓને બુધોમાં રતિ નથી. વિષ્ટામાં પુષ્ટ થયેલા કાગડાઓ ખરેખર મિષ્ટાન્નની અત્યંત નિષ્ઠાવાળા થતા નથી. ।।૧૪/૧૧।।**

**ભાવાર્થ :-**

જે જીવો કલ્યાણના અર્થે સંયમ ગ્રહણ કરે છે, આમ છતાં જેઓમાંથી અસદ્ગ્રહ ગયો ન હોય તેવા જીવો, અસદ્ગ્રહને કારણે પોતાના જેવા અને પોતાની માન્યતાને પોષે તેવા પામર જીવો સાથે સંગતિ કરે છે; પરંતુ ભગવાનના વચનના પરમાર્થને જાણનારા બુધ પુરુષો સાથે સંબંધ કરવામાં તેઓને રતિ નથી હોતી; કેમ કે બુધ પુરુષોનાં વચનો તત્ત્વના પક્ષપાતને બતાવનારાં હોય છે, અને અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા જીવોની પોતાને મતિ જ્યાં જતી હોય તે જ તત્ત્વ દેખાય છે, અન્ય નહીં. તેથી બુધ પુરુષોનાં પરમાર્થને કહેનારાં વચનો પ્રત્યે તેમને રતિ થતી નથી.

જેમ કાગડાને સ્વભાવથી મિષ્ટાન્ન પ્રત્યે અત્યંત પક્ષપાત હોતો નથી, પરંતુ વિષ્ટા પ્રત્યે અત્યંત પક્ષપાત હોય છે, તેથી કાગડો મિષ્ટાન્ન ખાતો હોય તોપણ વિષ્ટા મળે તો મિષ્ટાન્નને છોડીને વિષ્ટા તરફ જ જાય છે; તેમ અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા જીવો કાગડા જેવી વિષમ પ્રકૃતિવાળા છે. અસદ્ગ્રહવાળા જીવો મિષ્ટાન્ન જેવાં શાસ્ત્રવચનો સાંભળે તોપણ તે વચનોમાં તેમને અત્યંત રુચિ થતી નથી, પરંતુ પોતાની મતિ જ્યાં જતી હોય તે મતિ અનુસાર પામર જીવો સાથે સંગતિ કરવામાં તેઓને

રતિ થાય છે. તેથી ઉત્તમ પુરુષોનાં વચનોથી તેઓ તત્ત્વને પામી શકતા નથી અને પોતાની વાંકી પ્રકૃતિને કારણે પોતાના જેવા અસદ્ગ્રહવાળા જીવોની સંગતિ કરીને પોતાના અસદ્ગ્રહને દૃઢ કરે છે. **॥૧૪/૧૧॥**

**શ્લોક :-**

**नियोजयत्येव मतिं न युक्तौ,**
**युक्तिं मतौ यः प्रसभं नियुंक्ते ।**
**असद्ग्रहादेव न कस्य हास्यो-**
**ऽजले घटारोपणमादधानः ।।१२।।**

**અન્વયાર્થ :-**

**अजले घटारोपणमादधानः यः=અજલમાં ઘટનું આરોપણ કરતો જે પુરુષ, असद्ग्रहात् एव मतिं युक्तौ न एव नियोजयति=અસદ્ગ્રહથી જ મતિને યુક્તિમાં જોડતો જ નથી, युक्तिं मतौ प्रसभं नियुङ्क्ते=યુક્તિને (પોતાની) મતિમાં અત્યંત જોડે છે, कस्य हास्यः न=(તે) કોને હાસ્ય નથી ? અર્થાત્ બધાને માટે હાસ્યાસ્પદ છે. ।।૧૪/૧૨।।**

**શ્લોકાર્થ :-**

**અજલમાં ઘટનું આરોપણ કરતો જે પુરુષ, અસદ્ગ્રહથી જ મતિને યુક્તિમાં જોડતો જ નથી, યુક્તિને પોતાની મતિમાં અત્યંત જોડે છે, તે કોને હાસ્ય નથી ? ।।૧૪/૧૨।।**

**ભાવાર્થ :-**

જે જીવોમાં અતત્ત્વ પ્રત્યેનો અનિવર્તનીય રાગ છે, તેઓમાં અસદ્ગ્રહની પરિણતિ વર્તે છે; અને તેવા જીવો પાણી વગરની ભૂમિમાં ઘટના આરોપણને કરનારા હોય તેમ યુક્તિને પોતાની મતિમાં અત્યંત યોજે છે. પરંતુ પોતાની મતિને યુક્તિમાં યોજન કરતા નથી.

વસ્તુતઃ પાણીના અર્થી પાણીમાં ઘટને નાંખીને પાણી ગ્રહણ કરવા પ્રયત્ન કરે તે ઉચિત પ્રવૃત્તિ કહેવાય, પરંતુ તેના બદલે પાણી વગરની ભૂમિમાં પાણી અર્થે

ઘટને નાખે તો જોનારને તેની પ્રવૃત્તિથી હાસ્ય આવે છે. તેમ જ્યાં યુક્તિ જતી હોય ત્યાં જ મતિ જતી હોય તો તત્ત્વની પ્રાપ્તિ થાય છે. તેના બદલે પોતાની મતિ જે સ્થાનમાં વર્તતી હોય તેને સાધવા માટે યુક્તિને જોડવા માટે જેઓ પ્રયત્ન કરે છે, તેઓ વિચારકને માટે હાસ્યાસ્પદ જણાય છે; કેમ કે સ્વમતિ પ્રમાણે યુક્તિને લઈ જવાથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી, પરંતુ યુક્તિ જ્યાં જતી હોય ત્યાં મતિને લઈ જવા માટે યત્ન કરવામાં આવે તો યુક્તિના બળથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આમ છતાં તત્ત્વને પ્રાપ્ત કરવા માટે મોક્ષનાં ઉપદેશક શાસ્ત્રોનું અવલંબન લઈને તત્ત્વને જાણવા માટે ઉદ્યમ કરનારા પણ કેટલાક જીવો, અસદ્ગ્રહરૂપ દોષને કારણે તત્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી; પરંતુ પદાર્થ અનેકાંતાત્મક હોવા છતાં સ્વમતિ અનુસાર એકાંતવાદને જોડીને તત્ત્વની પ્રાપ્તિ કરવાને બદલે અતત્ત્વને તત્ત્વરૂપે ગ્રહણ કરે છે, અને હિત સાધવાના અર્થી હોવા છતાં અહિતની પ્રાપ્તિ કરે છે. તે સર્વ અનર્થનું કારણ જીવમાં વર્તતો અસદ્ગ્રહ છે. **॥૧૪/૧૨॥**

**શ્લોક :-**

**असद्ग्रहो यस्य गतो न नाशं,**
**न दीयमानं श्रुतमस्य शस्यम् ।**
**न नाम वैकल्यकलङ्कितस्य,**
**प्रौढा प्रदातुं घटते नृपश्रीः ।।१३।।**

**અન્વયાર્થ :-**

**यस्य असद्ग्रहो नाशं न गतो=જેનો અસદ્ગ્રહ નાશ પામ્યો નથી, अस्य दीयमानं श्रुतं न शस्यम्=એને અપાતું શ્રુત પ્રશંસનીય નથી. वैकल्यकलङ्कितस्य नाम=જેમ (અંગના) વૈકલ્યથી કલંકિત એવા પુરુષને, प्रौढा नृपश्रीः प्रदातुं न घटते=પ્રૌઢ અર્થાત્ ઘણી એવી રાજલક્ષ્મી આપવી ઘટતી નથી. ।।૧૪/૧૩।।**

**શ્લોકાર્થ :-**

**જેનો અસદ્ગ્રહ નાશ પામ્યો નથી, એને અપાતું શ્રુત પ્રશંસનીય નથી. જેમ અંગના વૈકલ્યથી કલંકિત એવા પુરુષને ઘણી એવી રાજલક્ષ્મી આપવી ઘટતી નથી. ।।૧૪/૧૩।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ પુરુષ અંગની વિકલતાવાળો હોય તેને વિશાળ રાજલક્ષ્મી આપવી ઉચિત ગણાય નહીં; કેમ કે અંગની વિકલતાવાળો પુરુષ સમર્થ હોય તોપણ વિશાળ રાજ્યલક્ષ્મીનું પાલન કરી શકે નહીં. તેમ તત્ત્વની પ્રાપ્તિમાં પ્રબળ કારણરૂપ અસદ્ગ્રહનો નાશ જેનામાંથી થયો નથી, તેવો બુદ્ધિમાન હોય તોપણ તેને અપાતું શ્રુત પ્રશંસનીય બનતું નથી; કેમ કે જે શ્રુત પરમ કલ્યાણનું કારણ છે તે અસદ્ગ્રહવાળા માટે વિનાશનું કારણ બને છે. **॥૧૪/૧૩॥**

**શ્લોક :-**

**आमे घटे वारि धृतं यथा सद्**
**विनाशयेत् स्वं च घटं च सद्यः ।**
**असद्ग्रहग्रस्तमतेस्तथैव,**
**श्रुतात्प्रदत्तादुभयोर्विनाशः ।।१४।।**

**અન્વયાર્થ :-**

**यथा आमे घटे वारि धृतं सत्=જે પ્રમાણે કાચા ઘડામાં પાણી ધારણ કરાયું છતું, स्वं च घटं च सद्यः विनाशयेत्=પોતાનો=પાણીનો અને ઘટનો તત્કાળ નાશ કરે છે, तथैव=તે પ્રમાણે જ, असद्ग्रहग्रस्तमतेः प्रदत्तात् श्रुतात्= અસદ્ગ્રહથી ગ્રસ્ત મતિવાળાને અપાયેલા શ્રુતથી, उभयोर्विनाशः=ઉભયનો વિનાશ થાય છે અર્થાત્ શ્રુત અને શ્રુતને ગ્રહણ કરનાર એવા અસદ્ગ્રહથી ગ્રસ્ત મતિવાળા પુરુષ, બંનેનો નાશ થાય છે. ।।૧૪/૧૪।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે કાચા ઘડામાં પાણી ધારણ કરાયું છતું પાણીનો અને ઘટનો તત્કાળ નાશ કરે છે, તે પ્રમાણે જ અસદ્ગ્રહથી ગ્રસ્ત મતિવાળાને અપાયેલા શ્રુતથી શ્રુત અને શ્રુતને ગ્રહણ કરનાર અસદ્ગ્રહથી ગ્રસ્ત મતિવાળા પુરુષ, બંનેનો નાશ થાય છે. ।।૧૪/૧૪।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ પુરુષ કાચા ઘડામાં પાણીને ધારણ કરે તો ઘડો તત્કાળ વિનાશ

પામે છે અને ઘડાનો વિનાશ થવાથી પાણીનો પણ વિનાશ થાય છે તેમ જેની મતિ અતીન્દ્રિય પદાર્થોમાં આપ્ત એવા સર્વજ્ઞના વચનાનુસાર જવા માટે તત્પર નથી, પરંતુ પોતાની રુચિ પ્રમાણે પદાર્થોને જોડવાની મતિ છે, તેવા અસદ્ગ્રહવાળા જીવોને "આ બુદ્ધિમાન છે" તેવું જાણીને કોઈ અવિચારક ઉપદેશક શ્રુત આપે તો શ્રુત વિપરીત પરિણામ પામે છે. તેથી તે શ્રુતનો વિનાશ થાય છે અને તે શ્રુતને પ્રાપ્ત કરીને અસદ્ગ્રહવાળા જીવો દુરન્ત સંસારમાં ભટકે છે. તેથી શ્રુતને પ્રાપ્ત કરીને અસદ્ગ્રહવાળા જીવો પોતે નાશ પામે છે અને શ્રુતનો પણ વિનાશ કરે છે અર્થાત્ તેઓથી ગ્રહણ કરાયેલું શ્રુત વિપરીત પરિણમન પામેલું હોવાથી ઉપદેશ દ્વારા તેઓ જગતમાં મિથ્યાશ્રુતનો વિસ્તાર કરીને સમ્યક્ શ્રુતનો નાશ કરે છે. માટે આવા જીવોને શ્રુત અપાય નહીં. **॥૧૪/૧૪॥**

**શ્લોક :-**

**असद्ग्रहग्रस्तमतेः प्रदत्ते,**<br>
**हितोपदेशं खलु यो विमूढः ।**<br>
**शुनीशरीरे स महोपकारी,**<br>
**कस्तूरिकालेपनमादधाति ।।१५।।**

**અન્વયાર્થ :-**

**यो विमूढः=જે વિમૂઢ (ઉપદેશક), असद्ग्रहग्रस्तमतेः हितोपदेशं प्रदत्ते= અસદ્ગ્રહથી ગ્રસ્ત મતિવાળાને હિતોપદેશ આપે છે, स खलु=તે ખરેખર, शुनीशरीरे=કૂતરીના શરીર ઉપર, महोपकारी कस्तूरिकालेपनमादधाति= મહાઉપકારી એવી કસ્તૂરિકાના લેપને કરે છે. ।।૧૪/૧૫।।**

**શ્લોકાર્થ :-**

**જે વિમૂઢ ઉપદેશક અસદ્ગ્રહથી ગ્રસ્ત મતિવાળાને હિતોપદેશ આપે છે, તે ખરેખર કૂતરીના શરીર ઉપર મહાઉપકારી એવી કસ્તૂરિકાના લેપને કરે છે. ।।૧૪/૧૫।।**

**ભાવાર્થ :-**

કસ્તૂરી અનેક ગુણને કરનારી છે, તેમ હિતનો ઉપદેશ જીવને અત્યંત

ઉપકાર કરનારો છે. આમ છતાં જેમ કૂતરીના શરીર ઉપર કસ્તૂરીનો લેપ કરવામાં આવે તો, સહજ સ્વભાવથી ગંદા પદાર્થોમાં પ્રવેશ કરવાના સ્વભાવવાળી કૂતરી તે કસ્તૂરિકાના લેપનો નાશ કરે છે, તેમ જે ઉપદેશક યોગ્યાયોગ્યનો વિચાર કરવામાં વિમૂઢ છે તેવા ઉપદેશક જો અસદ્‌ગ્રહથી ગ્રસ્ત મતિવાળાને હિતોપદેશ આપે, તો વક્ર પ્રકૃતિવાળા અને અસદ્‌ગ્રહથી ગ્રસ્ત મતિવાળા એવા તેઓ હિતોપદેશનો વિનાશ કરે છે. તેથી અયોગ્ય જીવોને હિતોપદેશ આપનાર ઉપદેશક અનુચિત પ્રવૃત્તિ કરી રહ્યા છે; કેમ કે ઉત્તમ એવા હિતોપદેશને અયોગ્ય પાત્રમાં નાખીને તેઓ સ્વ-પરનો વિનાશ કરે છે. **॥૧૪/૧૫॥**

**શ્લોક :-**

**कष्टेन लब्धं विशदागमार्थं,**
**ददाति योऽसद्ग्रहदूषिताय ।**
**स खिद्यते यत्नशतोपनीतं,**
**बीजं वपन्नूषरभूमिदेशे ।।१६।।**

**અન્વયાર્થ :-**

**कष्टेन लब्धं विशदागमार्थं=કષ્ટથી પ્રાપ્ત એવા વિશદ આગમાર્થને, यो=જે સાધુ, असद्ग्रहदूषिताय ददाति=અસદ્‌ગ્રહથી દૂષિત એવા પુરુષને આપે છે, सः=તે સાધુ, ऊषरभूमिदेशे=ઊખર ભૂમિદેશમાં અર્થાત્ અસદ્‌ગ્રહથી દૂષિત એવા પુરુષરૂપ ઊખર ભૂમિદેશમાં, यत्नशतोपनीतं बीजं वपन्=શત યત્નથી ઉપનીત એવા બીજને અર્થાત્ સેંકડો પ્રયત્નથી પ્રાપ્ત થયેલા એવા આગમાર્થરૂપી બીજને, વપન કરતા, खिद्यते=ખેદને પામે છે. ।।૧૪/૧૬।।**

**શ્લોકાર્થ :-**

**કષ્ટથી પ્રાપ્ત એવા વિશદ આગમાર્થને જે સાધુ અસદ્‌ગ્રહથી દૂષિત એવા પુરુષને આપે છે, તે સાધુ ઊખર ભૂમિદેશમાં સેંકડો પ્રયત્નથી પ્રાપ્ત થયેલા એવા બીજને વપન કરતા ખેદને પામે છે. ।।૧૪/૧૬।।**

**ભાવાર્થ :-**

ભવથી વિરક્ત એવા સાધુ ગીતાર્થની નિશ્રામાં રહીને અતિગંભીર અને

સૂક્ષ્મ બુદ્ધિથી ગ્રાહ્ય એવા પરમાર્થને કષ્ટથી પ્રાપ્ત કરે છે, અને આવા ગંભીર અર્થને પ્રાપ્ત કર્યા પછી આરાધક પણ સાધુ કંઈક અવિચારકતાને કારણે અસદ્ગ્રહથી દૂષિત એવા અયોગ્ય શિષ્યને તે ગંભીર અર્થ સમજાવવા પ્રયત્ન કરે તો તેની પ્રવૃત્તિ કેવળ ખેદનું કારણ બને છે.

જેમ કોઈ પુરુષ કોઈ ઉત્તમ બીજને ઘણા પ્રયાસથી પ્રાપ્ત કરે, અને તે બીજથી ઉત્તમ ફળની પ્રાપ્તિ અર્થે ઊખર ભૂમિમાં વાવે તો તે બીજ ઊખર ભૂમિમાં નષ્ટ થાય છે અને ફળની પ્રાપ્તિ થતી નથી. તેથી તે બીજ વાવનાર પુરુષને ખેદ થાય છે કે "અતિ દુર્લભ એવા આ બીજને ઘણા કષ્ટથી મેં પ્રાપ્ત કર્યું અને અયોગ્ય સ્થાને તે બીજને વાવીને તે બીજનો વિનાશ કર્યો."

તેમ શાસ્ત્ર ભણીને પરમાર્થને પામેલા સાધુ ઘણા યત્નથી પ્રાપ્ત થયેલા આગમના ગંભીર અર્થરૂપ બીજને યોગ્ય જીવોને છોડીને અયોગ્ય જીવોને આપે, ત્યારે તે ઉત્તમ શ્રુતનો વિનાશ થાય છે; કેમ કે અયોગ્ય જીવોને તે ઉત્તમ શ્રુત સમ્યક્ પરિણમન પામતું નથી, પરંતુ વિપર્યાસરૂપે પરિણમન પામે છે, ત્યારે ઘણા શ્રમથી પ્રાપ્ત થયેલા ઉત્તમ આગમાર્થનો વિનાશ જોઈને આચાર્યને ખેદ થાય છે અર્થાત્ ભગવાનના શાસનના પરમાર્થને વિપરીત પરિણમન પમાડીને તે અયોગ્ય શિષ્ય ઉન્માર્ગ પ્રવર્તાવે છે, તે જોઈને આચાર્યને ખેદ થાય છે કે "ભગવાનનું આ શ્રુત અયોગ્ય જીવને આપવાથી વિનાશ થાય છે તે મારી જ ભૂલનું ફળ છે. જો અયોગ્યને આ શ્રુત આપવામાં ન આપ્યું હોત તો શ્રુતનો આ રીતે વિનાશ ન થાત." **॥૧૪/૧૬॥**

**શ્લોક :-**

**शृणोति शास्त्राणि गुरोस्तदाज्ञां,**
**करोति नासद्ग्रहवान् कदाचित् ।**
**विवेचकत्वं मनुते त्वसार-**
**ग्राही भुवि स्वस्य च चालनीवत् ।।१७।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहवान् गुरोः शास्त्राणि शृणोति=અસદ્ગ્રહવાળો પુરુષ ગુરુ પાસેથી**

**શાસ્ત્રોને સાંભળે છે, कदाचित् तु तदाज्ञां न करोति=પરંતુ ક્યારેય તેમની અર્થાત્ ગુરુની આજ્ઞાને કરતો નથી=આજ્ઞાનું પાલન કરતો નથી, असारग्राही च भुवि=અને અસારગ્રાહી એવો તે જગતમાં, चालनीवत् स्वस्य विवेचकत्वं मनुते=ચાળણીની જેમ પોતાનું વિવેચકપણું માને છે. ॥૧૪/૧૭॥**

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહવાળો પુરુષ ગુરુ પાસેથી શાસ્ત્રોને સાંભળે છે, પરંતુ ક્યારેય ગુરુની આજ્ઞાનું પાલન કરતો નથી, અને અસારગ્રાહી એવો તે જગતમાં ચાળણીની જેમ પોતાનું વિવેચકપણું માને છે. ॥૧૪/૧૭॥**

**ભાવાર્થ :-**

અસદ્ગ્રહવાળા સાધુ સંયમ લઈને ગુરુ પાસેથી શાસ્ત્ર સાંભળે, શાસ્ત્રાભ્યાસ કરે, તોપણ ગુરુ શાસ્ત્રના પારમાર્થિક ભાવો જે પ્રકારે બતાવે છે, તે પ્રકારે અવધારણ કરતા નથી; પરંતુ અસારગ્રાહી એવા તે સાધુ ચાળણીની જેમ પોતે ગુરુના વચનને વિવેચન કરી શકે છે તેમ પોતાને માને છે; તેથી ગુરુ જે કાંઈ બતાવે તેના પરમાર્થને ગ્રહણ કરવાને બદલે ગુરુના વચનના રહસ્યને ગ્રહણ કર્યા વગર તે શાસ્ત્રવચનો પોતાની મતિ પ્રમાણે ગ્રહણ કરીને અસારભાવોને પ્રાપ્ત કરે છે; કેમ કે વિપર્યાસથી છન્ન બુદ્ધિ હોવાને કારણે શાસ્ત્રવચનના પણ અર્થો સ્વમતિ પ્રમાણે જોડવાને અનુકૂળ તેની મતિ છે. વળી, આવા સાધુ ગુરુઆજ્ઞાનું પાલન કરનાર નથી; કેમ કે શાસ્ત્રના પરમાર્થને સમ્યક્ અવધારણ કરવાની, અવધારણ કર્યા પછી સ્થિર કરવાની અને સ્થિર કર્યા પછી જીવનમાં ઉતારવાની ગુરુઆજ્ઞા છે, જ્યારે અસદ્ગ્રહવાળા જીવો ગુરુના વચનમાંથી સારભૂત ભાવોને છોડીને અસારભાવોને ગ્રહણ કરે છે. તેથી ગુરુઆજ્ઞાનું પાલન કરનારા નથી. **॥૧૪/૧૭॥**

**શ્લોક :-**

**दम्भाय चातुर्यमघाय शास्त्रं,**
**प्रतारणाय प्रतिभापटुत्वम् ।**
**गर्वाय धीरत्वमहो गुणाना-**
**मसद्ग्रहस्थे विपरीतसृष्टिः ॥१८॥**

**અન્વયાર્થ :-**

**चातुर्यं दम्भाय=ચાતુર્ય દંભ માટે છે, शास्त्रं अघाय=શાસ્ત્ર પાપ માટે છે, प्रतिभापटुत्वं प्रतारणाय=પ્રતિભાપટુપણું ઠગવા માટે છે, धीरत्वं गर्वाय=ધીરપણું ગર્વ માટે છે. अहो=આશ્ચર્ય છે કે, असद्ग्रहस्थे गुणानाम् विपरीतसृष्टिः= અસદ્ગ્રહવાળામાં રહેલા ગુણોની વિપરીત સૃષ્ટિ છે. ॥૧૪/૧૮॥**

**શ્લોકાર્થ :-**

**ચાતુર્ય દંભ માટે છે, શાસ્ત્ર પાપ માટે છે, પ્રતિભાપટુપણું ઠગવા માટે છે, ધીરપણું ગર્વ માટે છે. આશ્ચર્ય છે કે અસદ્ગ્રહવાળામાં રહેલા ગુણોની વિપરીત સૃષ્ટિ છે. ॥૧૪/૧૮॥**

**ભાવાર્થ :-**

(૧) અસદ્ગ્રહવાળા પુરુષમાં ચાતુર્ય દંભ માટે થાય છે. તે આ રીતે –

પોતાને અસદ્ગ્રહ હોવાને કારણે મધ્યસ્થભાવ નથી, પરંતુ સ્વમતિ પ્રમાણે શાસ્ત્રોને જોડવાની વૃત્તિ છે. આમ છતાં ચાતુર્યને કારણે પોતે મધ્યસ્થભાવથી તત્ત્વની વિચારણા કરે છે તેવું લોકોને બતાવે છે.

(૨) અસદ્ગ્રહવાળા પુરુષમાં શાસ્ત્રબોધ પાપ માટે થાય છે. તે આ રીતે –

અસદ્ગ્રહવાળા જીવો શાસ્ત્રને સ્વમતિ પ્રમાણે જોડીને મહાપુરુષોની અને સત્શાસ્ત્રોની આશાતના કરે છે. તેથી શાસ્ત્રોનું અધ્યયન પણ પાપ માટે બને છે.

(૩) અસદ્ગ્રહવાળા પુરુષનું પ્રતિભામાં પટુપણું બીજાને ઠગવા માટે થાય છે. તે આ રીતે –

અસદ્ગ્રહવાળા જીવો પોતાની પ્રતિભાથી શાસ્ત્રોના અર્થો પોતાની મતિ પ્રમાણે કરીને બીજા લોકોને ઉન્માર્ગમાં લઈ જવાનું કાર્ય કરે છે. તેથી તેઓની પ્રતિભાનું પટુપણું પણ બીજાને ઠગવાનું કારણ બને છે.

(૪) અસદ્ગ્રહવાળા પુરુષનું ધીરપણું ગર્વ માટે થાય છે. તે આ રીતે –

અસદ્ગ્રહવાળા જીવો તપ, સંયમ આદિની આચરણામાં ધીરતાપૂર્વક યત્ન કરતા હોય તોપણ તે તપસંયમની આચરણાથી સંવેગની વૃદ્ધિ કરતા નથી, પરંતુ "હું તપસ્વી છું, હું સંયમી છું" એ પ્રકારના ગર્વને ધારણ કરે છે.

તેથી જે જીવોને શાસ્ત્ર સાંભળીને સંવેગ થતો નથી, પરંતુ સ્વમતિ પ્રમાણે આચરણા કરવાની મનોવૃત્તિ છે, તેવા જીવો અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા હોવાને કારણે તેઓમાં વર્તતા ચાતુર્યાદિ ગુણો પણ વિપરીતરૂપે પરિણમન પામે છે અર્થાત્ અનર્થની પરંપરાનું કારણ બને છે. તેથી ગુણોને કલ્યાણના કારણ બનાવવા માટે અને અનર્થકારી બનતા અટકાવવા માટે પણ અસદ્ગ્રહનો ત્યાગ આવશ્યક છે. **॥૧૪/૧૮॥**

**શ્લોક :-**

**असद्ग्रहस्थेन समं समन्तात्**
**सौहार्दभृद्दुःखमवैति तादृग् ।**
**उपैति यादृक्कदली कुवृक्ष-**
**स्फुटत्त्रुटत्कण्टककोटिकीर्णा ।।१९।।**

**અન્વયાર્થ :-**

**असद्ग्रहस्थेन समं सौहार्दभृत्=અસદ્ગ્રહસ્થની સાથે અર્થાત્ અસદ્ગ્રહવાળા પુરુષની સાથે મિત્રતાને ધારણ કરનાર એવો પુરુષ, कुवृक्षस्फुटत्त्रुटत्कण्टक-कोटिकीर्णा कदली यादृग् दुःखम् उपैति=કુવૃક્ષના અર્થાત્ દુષ્ટ એવાં વૃક્ષોના સ્પષ્ટ રીતે તૂટતા એવા કરોડો કંટકોથી આકીર્ણ એવી કદલી જેવા પ્રકારના દુઃખને પામે છે, समन्तात् तादृग् दुःखमवैति=સમન્તાત્ તેવા પ્રકારના અર્થાત્ સર્વથી તેવા પ્રકારના દુઃખને પામે છે. ।।૧૪/૧૯।।**

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહસ્થની સાથે મિત્રતાને ધારણ કરનાર એવો પુરુષ, દુષ્ટ એવા વૃક્ષના સ્પષ્ટ રીતે તૂટતા એવા કરોડો કંટકોથી આકીર્ણ એવી કદલી જેવા પ્રકારના દુઃખને પામે છે, સર્વથી તેવા પ્રકારના દુઃખને પામે છે. ।।૧૪/૧૯।।**

**ભાવાર્થ :-**

કદલીવૃક્ષ અતિ કોમળ હોય છે. કોઈક કર્મના ઉદયથી જો તે કદલીવૃક્ષ કોઈક કુવૃક્ષથી ઘેરાયેલ હોય અને તે કુવૃક્ષમાંથી સતત સેંકડો કંટકો તૂટતા

હોય, તો તે કદલીવૃક્ષ કાંટાઓથી સતત વીંધાય છે અને આખું કદલીવૃક્ષ ચારે બાજુએથી કાંટાઓથી વીંધાયેલું હોવાથી અતિ પીડાને અનુભવે છે.

તેમ જે પુરુષને અસદ્ગ્રહવાળા પુરુષની સાથે મિત્રતા છે, તેના કારણે તેની પ્રકૃતિમાં પણ અસદ્ગ્રહના સંસ્કારો પડે છે અને અસદ્ગ્રહના સંસ્કારને કારણે તત્ત્વમાર્ગથી વિપરીત રુચિ સ્થિર થાય છે, મિથ્યાત્વ દૃઢ થાય છે અને મિથ્યાત્વને વશ થઈને સંસારની પાપપ્રવૃત્તિઓ દૃઢ થાય છે; જેના કારણે અનેક પાપો બાંધીને દુરન્ત સંસારમાં ભટકે છે, તેથી ચારે બાજુથી દુઃખોને પ્રાપ્ત કરે છે. માટે દુઃખથી ભય પામેલા જીવોએ અસદ્ગ્રહવાળા પુરુષ સાથેની મિત્રતાથી પણ દૂર રહેવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે જેમ કદલીવૃક્ષ અતિ કોમળ છે, તેમ કેટલાક પુરુષો અતિ કોમળ પ્રકૃતિવાળા હોય છે. તેઓને સારા મિત્રોનો યોગ થાય તો તેના પરિચય અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધે છે અને અસદ્ગ્રહવાળા પુરુષ સાથે મિત્રતા થાય તો તેના ભાવોને ઝીલીને વિનાશની પરંપરાને પામે છે. તેથી તેવા પુરુષનો યોગ કરવો જોઈએ નહિ. **॥૧૪/૧૯॥**

**શ્લોક :-**

**विद्या विवेको विनयो विशुद्धिः,**
**सिद्धान्तवाल्लभ्यमुदारता च ।**
**असद्ग्रहाद्यान्ति विनाशमेते,**
**गुणास्तृणानीव कणाद्दवाग्नेः ।।२०।।**

**અન્વયાર્થ :-**

**विद्या विवेको विनयो विशुद्धिः सिद्धान्तवाल्लभ्यमुदारता च=વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાન્તવાલ્લભ્ય અર્થાત્ સિદ્ધાન્ત પરની પ્રીતિ અને ઉદારતા, एते गुणाः=આ બધા ગુણો, दवाग्नेः कणात् तृणानि इव=દવાગ્નિના કણથી તૃણની જેમ, असद्ग्रहात् विनाशं यान्ति=અસદ્ગ્રહથી વિનાશને પામે છે. ।।૧૪/૨૦।।**

**શ્લોકાર્થ :-**

**વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાન્ત પરની પ્રીતિ અને ઉદારતા : આ બધા ગુણો દવાગ્નિના કણથી તૃણની જેમ અસદ્ગ્રહથી વિનાશને પામે છે. ||૧૪/૨૦||**

**ભાવાર્થ :-**

કોઈ સાધક જીવ ભવથી વિરક્ત થઈને સંયમ ગ્રહણ કરે, શાસ્ત્રો ભણે અને ગીતાર્થ થાય તો તેનામાં વિશેષ પ્રકારની વિદ્યા પ્રગટ થાય છે, જે કલ્યાણની પરંપરાને કરાવે છે. વળી, શાસ્ત્રોના સૂક્ષ્મ બોધને કારણે સાધકમાં તત્ત્વાતત્ત્વનો વિવેક પ્રગટેલો હોય છે, જે મહાકલ્યાણનું કારણ છે.

વળી, તેને ગુણવાન એવા યોગીઓ પ્રત્યે વિનય પણ સારો વર્તતો હોય, સંયમની શુદ્ધિ પણ સારી વર્તતી હોય, ભગવાનના વચનરૂપ સિદ્ધાન્ત જેને પ્રિય હોય અને પ્રકૃતિ અતિ ઉદાર હોય તેવા જીવોને મોક્ષની પ્રાપ્તિ અતિ સુલભ હોય છે.

પરંતુ આવા જીવોમાં પણ કોઈક નિમિત્તને પામીને અસદ્ગ્રહ પ્રગટે તો તેના આ બધા ગુણો નાશ પામે છે.

જેમ ઘાસના ઢગલા પર દાવાનળનો કણ પડે તો તે ઘાસનો વિનાશ થાય છે.

તેમ આવા ગુણસંપન્ન જીવમાં પણ પ્રગટ થયેલો અસદ્ગ્રહ ઉપરમાં વર્ણન કરાયેલ સર્વ ગુણોનો વિનાશ કરે છે અર્થાત્ બાહ્યથી તે ગુણો દેખાતા હોય તોપણ અસદ્ગ્રહના દોષથી દૂષિત હોવાને કારણે તે ગુણો આત્મકલ્યાણનું કારણ બનતા નથી, પરંતુ સ્વ-પર અનર્થનું કારણ બને છે. **||૧૪/૨૦||**

**શ્લોક :-**

**स्वार्थः प्रियो नो गुणवांस्तु कश्चिन्**
**मूढेषु मैत्री न तु तत्त्ववित्सु ।**
**असद्ग्रहापादितविभ्रमाणां,**
**स्थितिः किलासावधमाधमानाम् ।।२१।।**

**અન્વયાર્થ :-**

**स्वार्थः प्रियो=(અસદ્ગ્રહવાળાને) સ્વાર્થ પ્રિય છે, कश्चित् गुणवांस्तु नो= વળી, કોઈ ગુણવાન (પ્રિય) નથી, मूढेषु मैत्री=મૂઢોમાં મૈત્રી છે, तत्त्ववित्सु तु न=વળી, તત્ત્વના જાણનારાઓમાં (મૈત્રી) નથી, असद्ग्रहापादितविश्रमाणां अधमाधमानाम्=અસદ્ગ્રહથી આપાદિત વિશ્રમ છે જેઓને તેવા અર્થાત્ અસદ્ગ્રહથી સ્વસાધનાની વિશ્રાંતિ છે જેઓને તેવા અધમાધમોની, किल असौ स्थितिः=ખરેખર આ સ્થિતિ છે અર્થાત્ પૂર્વમાં વર્ણન કર્યું એવી સ્થિતિ છે. ।।૧૪/૨૧।।**

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહવાળાને સ્વાર્થ પ્રિય છે, વળી કોઈ ગુણવાન પ્રિય નથી; મૂઢોમાં મૈત્રી છે, વળી તત્ત્વના જાણનારાઓમાં મૈત્રી નથી. અસદ્ગ્રહથી સ્વસાધનાની વિશ્રાંતિ છે જેઓને તેવા અધમાધમોની ખરેખર આ સ્થિતિ છે. ।।૧૪/૨૧।।**

**ભાવાર્થ :-**

જે જીવોમાં અતત્ત્વ પ્રત્યેનો અતિશય પક્ષપાત છે, તે જીવો અસદ્ગ્રહમાં જ વિશ્રાંતિવાળા છે, અને આવા જીવો અધમાધમ છે. આવા જીવોને હંમેશાં સ્વાર્થ પ્રિય હોય છે, પરંતુ કોઈ ગુણવાન પ્રિય હોતા નથી. મૂઢ જીવોમાં મૈત્રી હોય છે, પરંતુ તત્ત્વના જાણનારાઓમાં મૈત્રી હોતી નથી.

આશય એ છે કે જે જીવોને અતત્ત્વમાં ઘણો રાગ છે, તેથી ઉપદેશાદિ સામગ્રીથી પણ નિવર્તન પામે તેવો નથી, અને આવા જીવો સંસારમાં માત્ર સ્વાર્થવૃત્તિ સિવાય બીજી પ્રવૃત્તિ પ્રત્યે પ્રીતિ ધરાવતા નથી, અને પોતાની ક્ષુદ્ર પ્રકૃતિ હોવાને કારણે ગુણવાન પુરુષો સાથે તેમને પ્રીતિ થતી નથી.

વળી, તેમને મૈત્રી પણ પોતાની પ્રકૃતિ જેવા કદાગ્રહીઓ સાથે થાય છે. તત્ત્વના જાણનારાઓ સાથે તેઓને મૈત્રી થતી નથી. માટે આવા જીવો પોતાની અતત્ત્વ પ્રત્યેના પક્ષપાતવાળી પ્રકૃતિને કારણે દીર્ઘ સંસારમાં ભટકનારા છે.

અહીં વિશેષ એ છે કે જે જીવોને આત્મા, પરલોકાદિની વાતો ગમતી નથી,

માત્ર ભોગો પ્રત્યેનું અત્યંત વલણ છે, તેવા જીવોમાં ભોગ પ્રત્યેના અનિવર્તનીય રાગને કારણે પેદા થયેલા અસદ્‌ગ્રહથી તેઓને આવી સ્થિતિ થાય છે. તેને સામે રાખીને અહીં વર્ણન કરેલ છે, પરંતુ યોગમાર્ગમાં પ્રવૃત્ત અને કોઈક નિમિત્તને પામીને અસદ્‌ગ્રહવાળા થયેલા જીવોનું આ શ્લોકમાં વર્ણન નથી. **॥૧૪/૨૧॥**

**શ્લોક :-**

**इदं विदंस्तत्त्वमुदारबुद्धि-**
**रसद्ग्रहं यस्तृणवज्जहाति ।**
**जहाति नैनं कुलजेव योषिद्**
**गुणानुरक्ता दयितं यशःश्रीः ॥२२॥**

**અન્વયાર્થ :-**

**इदं तत्त्वं विदन् उदारबुद्धिः यः=આ તત્ત્વને અર્થાત્ પૂર્વમાં અસદ્‌ગ્રહની અનર્થકારિતાનું સ્વરૂપ બતાવ્યું એ તત્ત્વને, જાણતો ઉદાર બુદ્ધિવાળો જે પુરુષ, असद्ग्रहं तृणवज्जहाति=અસદ્‌ગ્રહને તૃણની જેમ છોડે છે, एनं यशः श्रीः न जहाति=એને યશરૂપી લક્ષ્મી છોડતી નથી. गुणानुरक्ता कुलजा योषिद् इव दयितं (न जहाति)=જેમ ગુણમાં અનુરક્ત એવી કુળવાન સ્ત્રી પતિને (છોડતી નથી.) ॥૧૪/૨૨॥**

**શ્લોકાર્થ :-**

**આ તત્ત્વને જાણતો ઉદારબુદ્ધિવાળો જે પુરુષ અસદ્‌ગ્રહને તૃણની જેમ છોડે છે, એને યશરૂપી લક્ષ્મી છોડતી નથી. જેમ ગુણમાં અનુરક્ત એવી કુળવાન સ્ત્રી પતિને છોડતી નથી. ॥૧૪/૨૨॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત અસદ્‌ગ્રહત્યાગ અધિકારમાં અસદ્‌ગ્રહનું કુત્સિત સ્વરૂપ બતાવ્યું. જે વિચારક બુદ્ધિવાળા જીવો અસદ્‌ગ્રહનું આવા પ્રકારનું સ્વરૂપ જાણે અને આવું

સ્વરૂપ જાણીને તૃણની જેમ અસદ્ગ્રહનો ત્યાગ કરે અર્થાત્ સંસારી જીવોને તૃણ ઉપયોગી નથી, તેથી તેનો સંસારી જીવો ત્યાગ કરે છે, તેમ અનાદિકાળથી પોતાનામાં સ્થિર થયેલા એવા અસદ્ગ્રહનો પણ તૃણની જેમ ત્યાગ કરે, આવા જીવો તત્ત્વને જોવા માટે ઉદાર બુદ્ધિવાળા બને છે અર્થાત્ વિશાળ બુદ્ધિવાળા બને છે. તેથી અસદ્ગ્રહને છોડીને સર્વજ્ઞએ કહેલા તત્ત્વને શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર જાણવા યત્ન કરે છે, અને શક્તિ અનુસાર તત્ત્વમાર્ગનું સેવન કરે છે. તેથી પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે, અને તેના કારણે આવા જીવો સદ્ગતિઓની પરંપરા દ્વારા પરમ એવા મોક્ષસુખને પામે છે. તેથી જેમ ગુણમાં અનુરાગવાળી કુળવાન સ્ત્રી પતિને છોડતી નથી, તેમ આવા ઉત્તમ જીવોને પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલી યશશ્રી છોડતી નથી. માટે કલ્યાણના અર્થીએ અસદ્ગ્રહના અનર્થકારી સ્વરૂપને પ્રસ્તુત અધિકાર દ્વારા યથાર્થ જાણીને તેના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ, જેથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય. **॥૧૪/૨૨॥**

।। इति अध्यात्मसारेऽसद्ग्रहत्यागाधिकारः ।।१४।।

## અનુસંધાન : અધ્યાત્મસાર ભાગ-૪

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩* |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્દગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| *ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં...* (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| *ભાગવતી પ્રવ્રજ્યા પરિચય* (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

---

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| *શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર* | **૨૦૭** |
| **'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર** | **૧૯૧** |
| *શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર* | **૨૦૮** |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


**संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब**


| | |
|---|---|
| **पाक्षिक अतिचार** | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| **'Rakshadharma' Abhiyaan** | **સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ** | **૬૩** |
| **Right to Freedom of Religion !!!!!** | **સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ** | **૬૧** |
| **'રક્ષાધર્મ' અભિયાન** | **સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ** | **૬૨** |
| **શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)** | **સંકલક : જ્યોતિષભાઈ શાહ** | **૪૮** |
| **શ્રી સમેતશિખરજીની સંવેદના** | **સંકલક : જ્યોતિષભાઈ શાહ** | **૪૭** |
| **સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)** | **સંકલક : જ્યોતિષભાઈ શાહ** | **૧૦૪** |
| **સેવો પાસ સંખેસરો (હિં.આ.)** | **સંકલક : જ્યોતિષભાઈ શાહ** | **૧૦૫** |
| **સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!** | **સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ** | **૫૯** |
| **સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)** | **સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ** | **૬૦** |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨*** | ***૧૯૭*** |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩*** | ***૧૯૮*** |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪*** | ***૧૯૯*** |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૮૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૮૨ |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭*** | ***૧૯૪*** |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮*** | ***૧૯૫*** |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯*** | ***૧૯૬*** |
| કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હુંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |

| | |
|---|---|
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| ***યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧*** | ***૧૯૨*** |
| ***યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨*** | ***૧૯૩*** |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |

| | |
|---|---|
| ***વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪*** | ***૨૦૦*** |
| ***વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫*** | ***૨૦૧*** |
| ***વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬*** | ***૨૦૨*** |
| ***વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭*** | ***૨૦૩*** |
| ***વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮*** | ***૨૦૪*** |
| ***વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯*** | ***૨૦૫*** |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| ***સમાધિશતક શબ્દશઃ વિવેચન*** | ***૨૦૬*** |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો


**આગમ પ્રકાશનસૂચી (હિન્દી)** **સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી** **૧૭૫**


## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

**૧. ધર્મતીર્થ ભાગ-૧** **૨. ધર્મતીર્થ ભાગ-૨** **૩. ધર્મતીર્થ ભાગ-૩**

# પ્રાપ્તિસ્થાન


**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**

C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

# નોંધ

स्वप्रयोजनसंसिद्धिः, स्वायत्ता भासते यदा ।
बहिरर्थेषु सङ्कल्पसमुत्थानं तदा हतं ॥

જ્યારે સ્વપ્રયોજનની સંસિદ્ધિ સ્વાધીન ભાસે છે,
ત્યારે બાહ્ય અર્થોમાં સંકલ્પનું ઉત્થાન હણાય છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com